THE

ZOROASTRIAN CALENDA[R]

FOR THE YEAR OF YEZDIJIRD 1284

...th September 1914 to 11th September 1915

ઝોરોસ્ટ્રીયન કેલેંડર

યાને

પારસી પંચાંગ

યઝદેજરદી ૧૨૮૪ નાં વરસનું

તારીખ ૧૨ મી સપટેમ્બર ૧૯૧૪ થી તે

તારીખ ૧૧ મી સપટેમ્બર ૧૯૧૫ સુધીનું

[illegible]

[illegible]

Printed by Sorabji Munchenji ... at the "Bombay Vartman" Press, ... No. 468, Proctor Road, ... Road, Bombay, and edited and published by Sorabji ... and Hormasji Muncherji Jagosh, ... Khetwadi ... Lane, and ... Chora Bazar respectively,

BOMBAY.

1914.

લીલા મેવાથી ઝુમાઇ પડતાં ઝાડો.

ખુશબોદાર ફુલોથી લચી પડતાં દરખતો.

"Gardening has been the inclination of kings, the choice of the philosophers, the common favourite of the public and private men; a pleasure of the greatest, and the care of the Meanest and indeed, an employment and a possession for which no Man is too high or too low." Sir William Temple.

ઇરાની બાગબાનની તારીફ લાયક હુનરમંદી–જે માટે ગયા ફેબરવારી ૧૯૦૬ નાં પ્રદરશનમાં ચાર, તથા ૧૯૦૭ માં આઠ મોટાં ઇનામો મળયા છે, અને ઘણી તારીફ થઇ છે.

સુકાઇ ગયલા વેરાન, તથા તદન નવા બગીચાઓને તાઝોતર–લીલોતરીથી ભરપુર—અને ફુલ ફળોથી ખેંચાણકારક બનાવી આપવાનું માથે લઇએ છીએ.

કેટલાક મોટા હીંદી રાજવંશીઓનાં તથા સદ ગ્રહસ્થોનાં બગીચાઓ અમારી જાતી દેખરેખ હેઠલ તઇયાર થયા છે, જે માટેની ઉંચી સરટીફીકેટો મોજુદ છે. ફુલ ફળનાં ઝાડોને લગતી સમજન હમેશાં ખરેખરી ને સેલાઇથી સમજ પડે તેમ જણાવામા આવશે.

જાત જાતની આંબાની કલમો, મોસંબી, સતરા, પપેનાસ, ચીકુ, લાચી, ગોલાબી ને સફેદ જાંબુર, સપરચંદ, નાસપતી, પીચ, શેતુર મીથી, દાદમ, નારંગી, માલુગા, ખાટા લીંબુ, આર૦૪ ને મીથી કમરખની કલમો, ગામથી, મલબારી ને શીંગાપુરી નાળીઅરી, (Lili put), સોપારી, બદામ, દરાખ, અખરોડ, જાયફળ, હીંગ, તજ, લવંગ, પેર, શીતાફળ ને રામ ને માયફળ વગેરે સરવે જાતનાં ફળ, ઝાડો, રંગરંગનાં સ્ટેનડર્ડ ગોલાપો, મેગનોલીઆ, બત મોગરા, ગારડનીઆ, સાએલી ચંપેલી, જાઇજુઇ, ચાંપા ને સરવે જાતનાં ફુલ ઝાડો ને સરસ પામસ, ડરેબીનાં કરોટનસ, મેડનહેર ફરનસ, એ વતરોગે બીજા તરેહવાર રોપાઓ ને વેલાઓ અની કીફાયતે પુરા પાડીએ છીયે. બાહારગામનાં આરડરપર તરત ધીયાન આપવામા આવશે ને ઝાડો V. P. થી મોકલવામાં આવશે.

તાજા ફુલનાં તુરા—હાર—બાસકીટ—બટનસ ફુલપાનનું ડેકોરેશન વરદી પ્રમાણે મનપસંદ કારીગીરીથી અંગ્રેજી ધપપર બનાવી આપવામાં આવશે.

યુરોપીયનો સારૂં લગન વગેરે માટે શાવર વગેરે તુરાઓ ને બટનો અને મરણ સારૂં સુધ સફેદ રીથસ ને ક્રોસીસ પણ બનાવી આપીએ છીએ.


તખ અને કુંડામાંનાં ઝાડો લગન મેલાવડા વગેરે ટાંકના સારૂ ભાડે આપવામાં આવશે.
કલેર રોડ ભાયખલાનાં બાગમાં હમેશાં મનપસંદ ફુલ ને ઝાડનાં કુનનો જથ્થો રહે છે.

સોરાબજી અ૦ મે૦ ઇરાની—ફ્લોરીસ્ટ

ઠે૦ કલેરરોડ, એડલજી ચેમબરસ,
કલેર રોડ, કોનવેંટ સ્કુલ પાસે, ભાયખલા,
મુંબઈ.

ખરાબ રોગ અથવા ચેપમાંથી બચાવે છે.

૫૦ વરસ થયા તબીબો એ સાબુ વાપરવાને ભલામણ કરે છે.



રાઈટનો કોલ ટાર સાબુનો સ્વચ્છ તથા તંદુરસ્તીવાળો વાસ એવો છે કે જેથી તે ઉપયોગમાં લેવો એવી ભલામણ કરવામાં આવે છે.

એ સાબુ વાપર્યા પછી સરીરની ચામડી સુવાલી થઈ ખરેખર તાજગી બક્ષે છે.

ગરમીથી થયલી ખુજલી સાફ કરવા માટે આ સાબુ ઉત્તમ છે તેમજ નાના જંતુના ડંખ દુર કરે છે.

એક ગોટીની કીંમત આના ૬

The Mercantile Bank of India Ld.

મરકનટાઈલ બેંક ઓફ ઈંડીયા લીમીટેડ.

૨૨, એસ્પ્લેનેડ રોડ, મુંબઈ.

સના આપેલી થાપણ..............................	પાઉંડ	૧,૫૦૦,૦૦૦
શેરો ભરાયલી થાપણ..............................	,,	૧,૧૨૫,૦૦૦
પુરી ભરાયલી થાપણ..............................	,,	૫૬૨,૫૦૦
રીઝર્વ ફંડ..............................	,,	૪૬૫,૦૦૦

વડી ઓફીસ—૧૫ ગ્રેસ ચેંચ સ્ટ્રીટ, લંડન ઈ. સી.

શાખાઓ અને આડતો.

બઈ.	કરાંચી.	સીંગાપોર.	બતેવીયા.
કતા.	રંગુન.	પીનાંગ.	હોંગકોંગ.
ઉરા.	કોલંબો.	કોટા બાહારૂ.	શેહેંગાહી.
હલી.	કાંડી.	કવાલા લમપુર.	મારીસ.
દ્રાસ.	ગોલ.		

આ બેંક પોતાની શાખા તથા આડતો ઉપર હુંડી આપે છે, તથા હુંડીના નાણા ઉતરાવી આપે છે, અને મુસાફરો માટે લટરસ ઓફ ક્રેડીટ આપે છે.

ચાલુ ડીપાઝીટો ઉપર સેંકડે બે ટકાનું વ્યાજ આપે છે.

બાંધી મુદતની બાર માસની અથવા તેથી ઓછી મુદતની ડીપોઝીટ માટેના વ્યાજના દર અરજ કરવાથી નક્કી થઈ શકશે.

બેંક, હીંદુસ્તાનની અથવા બીજી સરકારોની લોનો ખરીદ કરી અથવા વેચી આપે છે. તેમજ પગાર, પેનસન, વેહેચણી અને વ્યાજ વસુલ કરે છે અને જે વસુલ થયલી રકમ બેંકની મારફતે હુંડી લઈ મોકલવામાં આવે તો તે ઉપર કમીશન કશું લેતી નથી.

વળી સરકારી લોનો તથા કંપનીઓના શેરો વગેરે સલામત રાખવા લે છે, અને તે ઉપરનું વ્યાજ નીચલે ભાવે ઉતરાવે છે.—

કમીશન.

હીંદુસ્તાનમાં મળતું હોય તો દર સેંકડે..............................	૦। ટકો
સલામતી માટે રાખેલી લોનો કે શેરો પાછા આપતી વેળા સેંકડે.........	૦। ટકો
હીંદુસ્તાનમાં વેચેલા શેરો અથવા લોનોનું નાણું આપતી વેળા સેંકડે......	૦। ટકો

એ. સ્કોત સ્મીથ,

મેનેજર.

The Standard Bank Ld.

ધી સ્ટાંડર્ડ બેંક લીમીટેડ.

હેડ ઓફીસ,—હાદી હાઉસ, ચરચગેટ સ્ટ્રીટ, **કોટ, મુંબઇ.**

ભરાયલી થાપણ ...	...	...	રૂ. ૨૦,૦૦,૦૦૦
વસુલ કીધેલી થાપણ ...		...	રૂ. ૧૦,૦૦,૦૦૦
ભાગીદારોની રીઝરવ જવાબદારી...			રૂ. ૧૦,૦૦,૦૦૦

ચાલુ ખાતાંઓ—રૂ ૨૦૦ થી ૧૦૦૦૦૦ સુધી દર રોજની બાકી ઉપર દર વરસ દર સેંકડે ૨॥ ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે

બાંધી મુદ્દતની ડીપાઝીટો—બાર માસની બાંધી મુદ્દતની રકમ ઉપર દર વરસે દર સેંકડે ૪॥ ટકા આપવામાં આવે છે.

સેવીંગસ બેંક ડીપાઝીટ.

૧. કોઇપણ આસામી પોતાના નામનું ખાતું પડાવી શકે

૨. નાણા બે અથવા વધુ આસામીઓના નામ ઉપર મેલી શકાશે અને તે તેઓમાંના એક અથવા વધુ અથવા તેઓમાંથી હયાત રહેલાઓને આપી શકાશે.

૩. એક ડીપાઝીટર કોઇપણ એક વરસમાં વધુમાં વધુ રૂ ૨૦૦૦ સુધી જમે કરાવી શકશે પણ તેને ખાતે જમે થયેલી રકમ રૂ ૫૦૦૦ સુધી થઇ હોય તો બીજી વધુ રકમ જમે મુકી શકશે નહીં.

૪. કોઇપણ મહીનાની તારીખ ૭ મી સુધી પઇસા જમે થયા હશે તેના ઉપર આખા મહીનાનું વ્યાજ આપવામાં આવે છે

૫. દર મહીને ખાતામાં ઓછામાં ઓછી જે શીલક હશે તે રકમ ઉપર દર સેંકડે દર વર્ષે **ચાર ટકા** પ્રમાણે વ્યાજ આપવામાં આવે છે.

સેવીંગ બેંકના નિયમોની નકલ અરજ કરવાથી મળશે

લોન, ઓવરડ્રાફ્ટસ અને કેશ ક્રેડીટસ—આ બેંક પસંદ કરેલી **જામીન**ગીરીઓ ઉપર ગોઠવણ કરેલી શરતોએ નાણું ધીરે છે.

આ બેંક ઠરાવેલા દરે સરકારી લોન, શેરો વગેરે વેચવા તથા લેવાનું કામ કરી આપે છે, અને તે સલામત રાખવા માટે પણ લે છે અને જ્યારે પાકે ત્યારે તે ઉપરનું વ્યાજ ઉઘરાવી આપે છે.

હરેક જાતનું બેંકીંગને લગતું કામકાજ કરવામાં આવે છે.

હરીદાસ જીવરાજ,

મેનેજીંગ ડાયરેક્ટર.

THE BANK OF INDIA LIMITED.

ધી બેંક ઑફ ઈન્ડીયા, લીમીટેડ.

(તા૦ ૭ મી સપ્ટેમ્બર સને ૧૯૦૬ ના દીવસે સ્થાપવામાં આવેલી.)

કુલ્લે થાપણ	રૂ.	૧,૦૦,૦૦,૦૦૦.
ભરાયલી થાપણ	રૂ.	૧,૦૦,૦૦,૦૦૦.
પગાર થયલી થાપણ	રૂ.	૫૦,૦૦,૦૦૦.
અનામત ફંડ	રૂ.	૫,૦૦,૦૦૦.

વડી ઑફીસ:

ઓરીયેન્ટલ બીલ્ડીંગ્સ, મુંબઈ.

ડાયરેક્ટરો.

સર સાસુન ડેવીડ, બેરોનેટ (મેશર્સ સાસુન જે ડેવીડની કં૦ વાળા, મુંબઈ), સરનશીન.
સર કાવસજી જાહાંગીર, બેરોનેટ (મેશર્સ જે. કાવસજી જાહાંગીરની કં. વાળા, મુંબઈ)
ગોરધનદાસ ખટાઉ, એસ્કવાયર (મેશર્સ ખટાઉ મકનજીની કં. વાળા. મુંબઈ).
ધી ઓનરેબલ મા. **લલ્લુભાઈ સામલદાસ,** સી આઈ. ઈ. (ભાવનગરવાળા).
ખેતસી ખેસી, એસ્કવાયર (મેશર્સ હીરજી ખેતસીની કં. વાળા, મુંબઈ).
રામનારાયણ હરનંદરાય, એસ્કવાયર (હરનંદરાય રામનારાયણની પેઢીવાળા, મુંબઈ).
ધી ઓનરેબલ સર **ઈબ્રાહીમ રહેમતુલા,** સી આઈ. ઈ.
રોબર્ટ બારલો, એસ્કવાયર (મેશર્સ સીમન્સ, બારલો કં. વાળા).

ચાલુ ડીપોઝીટ ખાતાં—રૂ. ૩૦૦ થી રૂ. ૧૦૦૦૦૦ સુધી રોજના બાકી ઉપર દર વરસે દર સેંકડે અઢી ટકા લેખે વ્યાજ તા૦ ૧ લી ડીસેમ્બરથી તા. ૩૧ મી મે સુધી આપવામાં આવશે અને બાકીના છ મહીના માટે ૨ ટકા વ્યાજ આપવામાં આવશે. એક લાખ રૂપીઆથી વધુ રકમો ઉપર ખાસ ગોઠવણ મુજબ આપવામા આવશે. પણ છ માસનું વ્યાજ રૂ. ૩ ન થાય તો તે આપવામાં આવશે નહી.

બાંધી મુદતની ડીપોઝીટો.—બાર માસ માટેની અથવા તેથી ઓછી મુદત માટેના વ્યાજના ભાવો બેંકમાં તપાસ કરવાથી માલમ પડશે.

લોન, ઓવરડ્રાફ્ટસ અને કેશ ક્રેડીટસ.—આ બેંક પસંદ કરેલી જામીનગીરી ઉપર ગોઠવણ કરેલી શરતોએ નાણું ધીરે છે. આ બેંક તેના ઘરાકોની તરફથી શેરો તથા જામીનગીરીઓ સલામત રાખવા લે છે અને તે ઉપરની વહેંચણી તથા વ્યાજ ઉઘરાવે છે. વળી સરકારી કાગળ્યાં તથા સઘળી જાતના શેરો મધ્યમ દરે વેચી તથા ખરીદી આપે છે. વધુ વીગતો બેંકમાં તપાસ કરવાથી મળી શકશે.

એચ. પી. સ્ત્રીંગફેલો,
મેનેજર.

THE EASTERN BANK LIMITED.

ધી ઈસટરન બેંક લીમીટેડ.

વડી ઓફીસઃ—૪, ક્રાસબી સક્વેર, લંડન ઈ. સી.

શા ખા ઓ.

મુંબઈ, કલકતા અને બગદાદ.

મુંબઈની આફીસ—હોરનબી રોડ કોરનર અને ચરચગેટ સ્ટ્રીટ.

કલકતાની આફીસ—૯, કલાઈવ સ્ટ્રીટ.

ભરાએલી થાપણ	પાઉંડ	૧,૫૦૦,૦૦૦
વસુલ થએલી થાપણ	,,	૬૦૦,૦૦૦
શેર હોલડરોની રીઝરવ જવાબદારી ...	,,	૯૦૦,૦૦૦
રીઝરવ ફંડ	,,	૫૫,૦૦૦

ડાયરેકટરો.

લોરડ બાલફર ઓફ બરલી, કે૦ ટી૦ પ્રમુખ.

સર જેકબ ઈ. સાસુન, બેરોનેટ (મેસરસ ઇ૦ ડી૦ સાસુન એન્ડ કું૦)

મોંશયો એમીલ ફ્રેનકાઇ (સોસાયટી જેનરલ ડીએલજીકના ડાયરેકટર)

જેમસ લી ઉડ, એસકવાયર, સી૦ એમ૦ જી૦ (મેસરસ બ્રાઉન, સીપલેની કું૦)

જે૦ સી૦ જોરજીસ બોઇલાટ, એસકવાયર (સોસાયટી જનરલ ડી૦ પારીસના ડાયરેકટર.)

જે૦ એસ૦ હેસકેલ, એસકવાયર (મેસરસ ઇ૦ ડી૦ સાસુનની કંપની.)

જી૦ બરોમલે—મારતીન એસકવાયર (મારતીનસ બેંક લી૦ ના.)

મુંબઈની કમીટી.

સર જેકબ ઇ૦ સાસુન, બેરોનેટ.

એ૦ જે૦ રેમંડ, એસકવાયર.

સર દીનશાહ એમ૦ પીટીટ, બારોનેટ.

ચાલુ ખાતાંઓ ઉઘાડવામાં આવે છે અને બાંધી મુદતની ડીપાઝીટો સ્વીકારવામાં આવે છે જે માટેના દરો અરજ કરવેથી જણાવવામાં આવશે.

હુંડી—(બીલ ઓફ એક્ષચેંજ) ખરીદવામાં આવે છે. નાણાં મંજુર રહેલી જામીનગીરી ઉપર ધીરવામાં આવે છે અને દરેક પ્રકારનું નાણાવટનું તથા હુંડીનું કામકાજ માથે લેવામાં આવશે.

ગ્રાહકોને સરકારી જામીનગીરીઓ, નોટો અને શેરો ખરીદી અને વેચી આપવાનું તથા તે ઉપરની વેહેંચણી ભેગી કરી આપવાનું માથે લેવામાં આવે છે.

ડબલ્યુ. એમ. એન્ડરસન,

મેનેજર.

The Eastern Bank Limited.

SAVINGS BANK.

ધી ઇસટરન બેંક લીમીટેડ.

સેવીંગસ બેંક ખાતું.

વ્યાજ દર વરસે દર સેંકડે **સાડા ત્રણ ટકા પ્રમાણે** આપવામાં આવશે, અને વયાજ દરએક મહીનાની તા૦ ૬ ઠી પછીથી તે મહીનાની આખેર સુધીમાં ખાતામાંથી ઉપાડતાં જે ઓછામાં ઓછી રકમ બાકી જમા રહી હશે તે ઉપરજ અને વધતામાં વધની રૂ ૩૦૦૦) ની રકમ ઉપર આપવામાં આવશે.

નાણું બે અથવા તેથી વધારે આસામીઓનાં નામ ઉપર મેલી શકાશે, અને તેઓમાંના એક યા વધુને અથવા તેઓમાંથી જે હયાત રહે તેમને પગાર કરાય એમ કરી શકાશે.

ઓછામાં ઓછી રકમ એક વખતે આના ૪) ની ડીપોઝીટ કરી શકાશે.

કાયદા કાનુનોની નકલ બેંકને અરજ કરવાથી મલી શકશે.

ડબલ્યુ. એમ. એનડરસન,

મેનેજર.

The Bank of Baroda Ld.

શ્રી સરકાર ગાયકવાડના આશ્રય તળે સથાપાયલી અને શ્રી માહારાજા સાહેબની મોટી મદદ ધરાવતી.

ધી બેંક ઑફ બરોડા લીમીટેડ.

(સને ૧૮૯૭ ના બરોડા કંપનીના એક્ટ ત્રીજા પ્રમાણે રજીસ્ટર થયલી.)

હેડ ઓફીસ—માંડવી પાસે, વડોદરા.

શાખા ઓફીસો—અમદાવાદ, નવસારી, મેહશાના અને સુરત.

કુલ્લે થાપણ રૂ ૨૦,૦૦,૦૦૦

ભરાયલી થાપણ રૂ ૧૦,૦૦,૦૦૦

રીઝરવ ફંડ રૂ ૩,૦૦,૦૦૦

ડીરેકટરો.

(૧) શ્રીમંત સંપતરાવ ગાયકવાડ, ચેરમેન

(૨) સર વીઠ્ઠલદાસ દામોદર ઠાકરશી

(૩) રા० રા० ભાસ્કરરાવ વીઠ્ઠલદાસ મહેતા, એડવોકેટ, હાઇ કોર્ટ, મુંબઈ.

(૪) રાજરતન શેઠ મગનભાઈ પી० હરીભકત નગરશેઠ (વડોદરા.)

(૫) મી० મગનલાલ હરગોવીંદદાસ કાંટાવાળા, વડોદરા મહારાજા મીલ્સના એજન્ટ.

(૬) શેઠ મણીલાલ રેવાદાસ (વડનગર)

(૭) રા० બા० ગુનાજીરાવ રાજબા નીંબાલકર, વડોદરા.

ચાલુ ડીપોઝીટ ખાતાંઓ.—રૂ૩૦૦થી રૂ૧૦૦૦૦૦) ની દરરોજની સીલક ઉપર દર વરસે દર સેંકડે બે ટકાનું વ્યાજ આપવામાં આવે છે અને તેથી વધુ રકમ ઉપર ખાસ જુદી ગોઠવણ કરવામાં આવશે. અરધા વરસનું રૂપીઆ ત્રણથી ઓછું વ્યાજ થતું હશે તો તે આપવામાં આવશે નહી.

બાંધી મુદતનાં ડીપોઝીટ ખાતાં.—બાર મહીનાની બાંધી મુદતનું વ્યાજ દર વરસે દર સેંકડે સાડા ચાર ટકા વ્યાજ આપવામાં આવે છે તેથી વધારે અને ઓછી મુદત અને રૂ૫૦૦૦) ઉપરાંતની ડીપોઝીટ માટેના ભાવ અરજ કરવાથી જણાવવામાં આવશે.

સેવીંગસ બેંક.—આ બેંકમાં સેવીંગસ બેંકના ખાતાં ઉઘાડવામાં આવે છે અને તે ઉપર દર વરસે દર સેંકડે ૩॥ ટકા વ્યાજ આપવામાં આવે છે એક વરસમાં રૂ ૧૦૦૦) વ્યાજ સીવાય ને એકંદરે રૂ ૫૦૦૦) સુધી દરેક ખાતાંમાં છેલ્લાજ વરસના વ્યાજ સીવાય રાખવામાં આવે છે. એક કરતાં વધારે નામો ઉપર ખાતાં ઉઘાડી શકાય છે. પરંતુ એક નામ ઉપર એકથી વધારે ખાતું ઉઘાડી શકાતું નથી.

લોનસ વીગેરે.—હુંડી, અને એવાંજ બીજા કીમતી કાગળયા ઉપર, સધર જામીનગીરી ઉપર, તથા વાજબી રકમની મીલકત કબજામાં રાખી ખાસ ઠરાવેલા ભાવે તથા સરતે બેંક નાણા ધીરે છે. ઘરાકોના સ્ટોકસ, શેરો, જામીનગીરીનાં કાગળીયાં, ઘરેણાં, ઝવેરાત, વીગેરે કીંમતી તથા જોખમી ચીજો સહીસલામત રાખવાનું, પ્રોમીસરી નોટો, ડીબેનચરસ, સ્ટોકસ, શેરો વીગેરે વ્યાજ આપતાં કાગળ ઉપરનું વ્યાજ ઉઘરાવી આપવાનું તથા ગવરમેંટ પેપર અને બધી જાતના શેર સ્ટોક, ડીબેનચરસ ને તેવીજ જાતના કાગળીયાં વેચી તેમજ ખરીદી આપવાનું કામ બેંક કરે છે.

સી. ઇ. રેનડલ, મેનેજર.

National Bank of India, Ld.

નેશનલ બેંક ઓફ ઇંડીયા, લી.

વડી આફીસ: ૨૬, બીશપગેટ, લંડન ઇ. સી.

નામની થાપણ	... ...	પાઉંડ	૨૦,૦૦,૦૦૦
ભરાયલી થાપણ	... ...	,,	૧૦,૦૦,૦૦૦
રીઝરવ ફંડ	... ...	,,	૧૧,૦૦,૦૦૦

શાખાઓ.

કલકતા.	દીલી.	માંડલે.	મોમબાશા.
મુંબઇ.	કાનપોર.	કોલંબો.	નઈરોબી.
મધરાસ.	ટયુટીકોરીન.	કાંડી.	નાકુરૂ.
કરાંચી.	કોચીન.	નેવેરા ઇલીયા.	કીસુમુ.
લાહોર.	ચીતાગોંગ.	એડન, કેમ્પ.	જીનજા.
અમરીતસર.	રંગુન.	એડન, સ્ટીમર પોઇંટ	કેમપાલા.
		જનજીબાર.	એનટેબી.

ફીક્ષડ ડીપાજીટસ—આ બેંક બાંધી મુદતની બાર માસની અથવા તેથી ઓછી મુદતની ડીપોઝીટસ લે છે જેના વ્યાજના ભાવો અરજ કરવાથી જણાવવામાં આવશે.

ચાલુ ડીપાજીટ ખાતાંઓ—આ બેંક સાથે ચાલુ ડીપાઝીટ (અનામત) ખાતાં પસંદ કરેલા ગ્રાહકોને માટે ઉઘાડવામાં આવે છે અને તેઓને રૂપીઆ ૧,૦૦૦ થી રૂપયા ૧,૦૦,૦૦૦ સુધીની રકમો ઉપર દરરોજની બાકી કહાડતા જઇ, દર વરસે દર સેંકડે બે ટકાનું વ્યાજ આપવામાં આવે છે; પણ છ માસનું વ્યાજ રૂ. ૫ થી વધુ નહી થાય તો વ્યાજ આપવામાં આવતું નથી.

હુંડીપત્રીનું કામ—યુરોપ, આફ્રીકા, હીંદુસ્થાન, ચીન અને આસ્ટ્રેલીઆનાં મુખ્ય શેહેરો ઉપરની હુંડીઓ ખરીદવામાં અથવા તો ઉઘરાવી આપવામાં આવે છે.

બેંક પોતાની વડી આફીસ તથા શાખાઓપર અને યુરોપ, આફ્રીકા, અમેરીકા તથા આસ્ટ્રેલીઆનાં મુખ્ય શેહેરો ઉપર પણ હુંડી આપે છે. તારમાંથી નાણું વાળે છે.

આ બેંક સરકારી લોન, શેરો વગેરે વેચવા તથા લેવાનું કામ કરી આપે છે, અને તે સલામત રાખવા માટે પણ લે છે અને જ્યારે પાકે ત્યારે તે ઉપરનું વ્યાજ ઉઘરાવી આપે છે

લોનો તથા **કેશ ક્રેડીતસ** પસંદ કરેલી જામીનગીરીઓપર આપવામાં આવે છે

જેમ્સ સ્મીથ,
એકટીંગ મેનેજર.

પોસ્ટ બોક્ષ નંબર ૧૪૧.

Allahabad Bank Limited.

Established 1865.

અલાહબાદ બેંક લીમીટેડ.

સને ૧૮૬૫ માં સ્થાપેલી

સતા આપેલી થાપણ	રૂ. ૪૦,૦૦,૦૦૦
ભરાયલી થાપણ	રૂ. ૨૫,૦૦,૦૦૦
રીઝરવ ફંડ (સરકારી કાગળ્યાંઓમાં)	રૂ. ૩૬,૦૦,૦૦૦

વડી ઓફીસ—અલાહબાદ.

સાખાઓ—મુંબઇ, કલકતા, કાનપુર, દીલ્હી, લખનો, બરેલી, જહાનસી, જબલપોર, નાઇનીતાલ, મીરત, નાગપુર અને બાંકીપુર.

સબ એજનસીઓ—અમરીટસર, આમીનાબાદ પારક, લખનો, બનારસ, ચાનડોસી, હાથરસ, મોરાડાબાદ, સીતાપુર, લખનો ચોક અને લાયલપુર.

કોરેસપોનડટો આખા હીંદુસ્તાનનાં સઘળા મુખ્ય શેહેરોમાં છે.

લંડન બેંકરસ—ધી યુનીયન ઓફ લંડન અને સ્મીથસ બેંક લીમીટેડ.

ચાલુ ડીપાઝીટસ ખાતાંઓ—કાંઇપણ દામ લીધા વગર ઉઘાડવામાં આવે છે

આ બેંક ચેકોપર લગાડેલાં સ્ટેમપસનાજ ફકટ પૈસા લઇ ચેક બુકો તથા પાસ બુકો મફત પુરી પાડે છે. ચાલુ હીસાબપર રૂ૫૦૦ થી રૂ૧૦૦૦૦૦ સુધીની રકમોપર દરરોજની બાકી કાઢતા જઇ દર વરસે દર સેંકડે બે ટકાનું વ્યાજ આપવામાં આવે છે. પણ છ માસનું વ્યાજ રૂ ૫ થી વધુ નહી થાય તો વ્યાજ આપવામાં આવતું નથી. અગાઉથી ગોઠવણ કરયા વગર કાહબી ખતાંમાંથી જમે કરતા વધુ રકમ ઉપાડી શકાશે નહી.

આ બેંક ડ્રાફટ, ચેકસો વગેરે એકઠા કરે છે પણ ઉઘરાવવા માટેના સઘળા બીલો જે તારીખે પાકતાં હોય તેની અગાઉ મોકલાવવા જોઇએ અને બપોરના બાર વાગા પછી મોકલેલા બીજી બેંકોના ચેકો બીજે દીવસ સુધી ઉઘરાવવા માટે મોકલવામાં આવશે નહી

ફીક્ષડ ડીપાઝીટસ—લાંબી અથવા ટુંક મુદતની ડીપોઝીટસ લેવામાં આવે છે, જેની વીગત અરજ કરવાથી જણાવવામાં આવશે.

સેવીંગસ બેંક—સેવીંગ બેંકના ખાતાઓમાં નાખલી રકમોબી સ્વીકારવામાં આવે છે. કાયદાની નકલ અરજી કરવાથી મલી શકશે.

આ બેંક સરકારી લોન અને બીજી સીકયુરીટીઝો વગેરે વેચવા તથા લેવાનું કામ કરે છે અને તે બેંકમાં સલામત રાખવા માટે પણ લે છે, અને જયારે તે પાકે છે ત્યારે ને ઉપરનું વ્યાજ ઉઘરાવી આપે છે.

સોનો અને કેશ ક્રેદીતસ આપવામાં આવે છે.

કાઇબી સરકલની કરંસી નોટો, ચેકો અને હુંડીઓ, ફીક્ષડ ડીપોઝીટસના ખાતાઓમાં જમે કરવા માટે કાંઇ પણ દામ લીધા વગર સ્વીકારવામાં આવે છે.

દરેક જાતનુ બેંકને લગતું કામકાજ કરવામાં આવે છે.

કાયદાની નકલ વડી આફીસ અથવા કોઇબી બ્રાનચ ઓફીસમાં અરજ કરવાથી મલી શકશે.

એ. બોવી,

એજંટ.

મુંબઇની શાખા હાફીસ—૧૦૧ હોરનબી રોડ, કોટ—મુંબઇ.

કનફેકશનર એન્ડ કેટરર

ગોવીંદજી વસનજી

ઠાકોરદ્વાર અને ચીરાબજાર

ટેલીફોન. નં૦ ૧૯૫૬

TEL. ADD. "Sweetmeat" Bombay.

ઉત્તમ તક

શુધ મીણમાંથી બનાવેલી સેહેલી સાફ અને સસતી મીણબતી.

નંગ ૫૦નો ફકત ૧ એક રૂપિઓ.

કલાક ૪-૬ અને ૮ ચાલે તેવી સ્વદેશી બનાવટની.

મળવાનુ ઠેકાણું.

કાળબાદેવી	કે૦ એન૦ નારણજીની કુંપની હિન્દ સ્ટોર.	બોરીબંદર	એન્બે સ્વદેશી સ્ટોર.
વડગાદી	જેઠા રાઘવજી વાઘજી રામજી	જુમા મસીદ	મહમદઅલી પીરાઅલી દુલભદાસ શામજી તૈયબઅલી દાઉદખાન

સોલ એજન્ટ—ગોવિંદજી માધવજીની કુંપની, હમામ સ્ટ્રીટ, નંબર ૬.

ગાડીના રબર ટાયરસો.

એલીફંન્ટ બ્રન્ડ અને A ૧ મારકાનાં ઉપરનાં રબર ટાયર્સો ઘણાં મજબુત ટકાઉ અને લાંબી મુદતથી મુંબઈ તેમજ બહાર ગામની પ્રજા વાપરતી આવી છે. તે વિષે વિશેષ લખવા જરૂર નથી.

મોટરનો સામાન.

આ શીવાય અમારે ત્યાંથી મોટરને લગતો તમામ સામાન એટલે ટાયર્સો, ઓઇલો અને તે શીવાય નાનો મોટો જે સામાન જોઇતો હશે તે છુટક તથા જથાબંધ પુરો પાડી આપીએ છીએ.

ગોવિંદજી માધવજીની કુંપની,—હમામ સ્ટ્રીટ, નંબર ૬.

(અગત્યની ખબર.)

બરફ વિના થંડુ પાણી પીવાનું સુખ!

એક ઉમદા શોધ અને આશીર્વાદ!

આ એક એવી જડી બુટ્ટી છે, કે જેની માત્ર એક ચમટી ફાકવાથી તે પછી પીધેલું પાણી બરફ યા આઈસના પાણીના જેવું ઠંડુ તથા રાહત બખશનારૂં લાગે છે. બરફની ગેરહાજરીમાં, અને બરફ નહી ખરીદી શકે એવાં લોકોના હકમાં, એ એક આશીરવાદ છે, જેનો લાભ અવશ્ય લેવો જોઇએ છે.

કીંમત પંદર દહાડા ચાલી શકે એટલી ભુંકીના માત્ર આઠ આના. બાહેર ગામ મની ઓરડરથી નહી, પણ સેમપલ પોસ્ટથીજ મોકલવામાં આવે છે, જેનું ટપાલ ખરચ એક આનો વધુ છે. એટલે, મંગાવનારાંઓએ એકંદર નવ આનાની પોસ્ટની ટીકીટો (બબ્બે દોઢીઆંવાળી) નીચલે સીરનામે મોકલવી.


જેઓ નમુનાની ભુકી મંગાવે તેઓએ એકંદર બે આનાનો અવેજ પ્રથમ બીડી મોકલવો. તે શીવાય નમુનાની ભુંકી મોકલવામાં આવશે નહી.

ડાહ્યાભાઈ રામભાઈ.

ઠે० દાદા તટુનો મોહોલો—નવસારી.

(ગાયકવાડ તાબે.)

"MALTINE" WITH COD LIVER OIL.



The healing and special dietetic values of cod liver oil are too well known to need recapitulation. Suffice it to say that it has a peculiar and effectual action on nutrition and is particularly valuable in consumption and other wasting conditions of the body.

There are, however, many objections to plain cod liver oil. It is very indigestible, and its characteristic odour and flavour render it unpalatable to a large number of people.

In "**Maltine**" however, these difficulties are overcome by a scientific and high grade combination of the oil with "**Maltine**"

"The objectionable taste is quite masked by the pleasant nutty flavour of "**Maltine,**" and the oil is so broken up in the process of amalgamation that it at once becomes easily digestible, and readily assimilable, so that it is completely absorbed by the system

This preparation gives all the advantages of malt with the additional benefits of the oil, and is of untold, utility in all cases of malnutrition and incipient rickets.

The Oil is intimately blended with the Malt, and fulfils all the conditions of perfect digestion 'Maltine' is an excellent medium for the Oil besides aiding materially in its digestion It has the additional merit of converting it into an elegant and palatable preparation."—*Medical Press and Circular*

LADY ANNE MURRAY Loch Carron, Ross-shire writes "I have found it so wonderfully effective amongst the poor up here and have three or four bad cases who are simply kept alive on it.

Influence of Fat in Rickets Rickets is a disease mainly produced by the deficiency of fat (with phosphates) in the diet

Weakly, rickety children are cured by the use of foods suitable to the condition and "**Maltine**" with Cod Liver Oil is a thoroughly reliable preparation, and its use will be attended with the happiest results

"**Maltine**" and "**Maltines**" with **Cod Liver Oil** are prepared only by

THE MALTINE MANUFACTURING Co., Ltd.
24 & 25, HART STREET, BLOOMSBURY, LONDON.

કોડલીવર ઓઇલ સાથનું માલટાઈન.

કોડલીવર ઓઈલ ખોરાક તરીકે લેવાથી તેના ફાયદા અને ગુણો એટલા બધા જાણીતા છે કે તેનું વરણન કરવાની કાંઈ જરૂર નથી અને માત્ર આટલુંજ કહેવું બસ થશે કે તે નબળા બાંધા ઉપર ચમતકારીક રીતે ગુણ કરી શરીરમાં લોહી તથા માસ વધારે છે તેમજ શરીરના ઘટતા જતા હાલત અને ખઈના રોગ ઉપર વીશેશ કરીને ઘણોજ કામ આવતો છે સાફ કોડલીવર ઓઈલ અમસ્તુ લેવાથી જલદીથી પાચન થઈ શકતું નથી તેમજ તેનો વાસ અને સ્વાદ ઘણા લોકોને નહીં પસંદ પડે તેવા છે. માલટાઈન સાથે કોડલીવર ઓઈલને રસાયણ શાસ્તરોની રીત પ્રમાણે ઘણી સરસ રીતે ભેલી હોવાથી ઉપર કહેલી ખામીઓ દુર થઈ શકે છે માલટાઈનમાં કોડલીવર ઓઈલ ભેળવાથી તેનો અણગમતો સ્વાદ બદલાઈ જઈ તે સ્વાદીષ્ટ બને છે તેમજ તે એટલું બધું મળી જાય છે કે તે લેવાથી તરતજ પાચન થઈ શકે છે આ બનાવતથી ખુદ માલટાઈનના ફાયદા મળે છે તેમજ તેની સાથે વળી કોડલીવરના ફાયદા પણ માલમ પડે છે. જ્યારે બદહજમી અને સરૂઆતના વ્યાધીઓમાં ખાસ કરીને ઉપયોગી છે.

"કોડ લીવર તે માલટાઈન સાથે ઘણી સરસ રીતે ભેળવેલ હોવાથી જેથી તે સંપુરણ રીતે પાચન થઈ શકે છે, વળી કોડ લીવરને માટે માલટાઈન એક સારૂં સાધન છે અને તે પાચન કરાવવામાં મદદ કરે છે તેમજ તેનામાં વીશેશ ગુણ એ છે કે તે કોડ લીવરને સ્વાદીષ્ટ બનાવે છે" મેડીકલ પ્રેસ અને સરક્યુલર

લેડી એની મરે લખે છે કે—"તે ગરીબ વરગમાં, ઘણું વીચાર રીતે અસરકારક મને માલમ પડ્યું છે અને ત્રણ ચાર ગંભીર દરદીઓને તો તેના ઉપરજ માત્ર જીવાડવામાં આવ્યા છે"

રીકેટમાં ચીકાસની અસર—રીકેટ એક જાતનો વ્યાધી છે કે જે મુખ્યત્વ કરીને ખોરાકની અંદર ચીકાસના કમીપણાથી ઉતપન થાય છે નબળા અને રોગીષ્ટ છોકરાઓની તંદુરસ્તીને અનુસરતો ખોરાક આપવાથી તેઓ બદન સારા થયા છે, અને તે કોડ લીવર ઓઈલ સાથનું મેળવેલું માલટાઈન આપવાથી તેનું પરીણામ ઘણુંજ સારૂં આવે છે.

માલટાઈન અને 'કોડલીવર ઓઇલ સાથનું' માલટાઈન ફક્ત લંડનની
ધી માલટાઇન મેન્યુફેકચરીંગ કંપની લીમીટેડ, બનાવે છે.
૨૪ અને ૨૫ હાર્ટ સ્ટ્રીટ, બ્લુમસબરી—લંડન.

સ્ત્રીઓને શક્તી આપનારી દવા.

એલટ્રીસ કોર્ડીયલ રીઓ.

આ દવા સ્ત્રીઓને લાગુ પડતા સર્વે દરદોને દફે કરવાની અદ્‌ભુત શક્તી ધરાવે છે. પેટું અને તેના તમામ અવયવો ઉપર તે લેવાથી પુશકલ શક્તી આપે છે તેથી સ્ત્રીઓને એ દવા સઘળા રોગો ઉપર પછી તે રોગ **ડીસમેનોરેથા, મેનરેયા, લુકોરીયા, અમોનોરીયા** કે પછી સ્ત્રીઓને લગતું કોઇબી દરદ હોય તે માટે ઘણીજ ઉપયોગી માલમ પડી છે.

જોબનનાં વેશમાં આવતી છોકરીઓ તેમજ ગરભવતી સ્ત્રીઓને તેઓનું ગયેલું બળ અને કમી થતું તાકાતપણું આ દવા લેવાથી જલદીથી પાછું આવે છે.

એલટ્રીસ કોર્ડીયલ રીયો—તમામ મળમુત્રના બાંધાને મજબુત કરે છે તેથી ગરભ અધુરે જતો અટકે છે, જે સ્ત્રીઓ કમરના દુખાવાથી અથવા એવા બીજા દરદથી પીડાતી હોય અથવા સાંધાના સોજાની ફરીયાદ કરતી હોય તો તેઓને એ દવા જરૂર આપવી જોઇએ. આ દવા મુખય કરી સ્ત્રીઓને લાગુ પડતાં દરદો સાજા કરવા માટે જાણીતી છે તેથી ઘણાખરા તબીબો તેની ભલામણ કરે છે.

જે કુવારીકાઓ ૧૧ વરસથી ૧૮ વરસની હોય કે જે વખતમાં તેઓ કુવારીકા અવસ્થામાંથી સ્ત્રીની અવસ્થામાં જાય છે તેઓને **એલટ્રીસ કોર્ડીયલ રીયો** ખાસ ઉપયોગી છે કારણકે એ વાપરવાથી સ્ત્રીને પુશકળ તાકાત તથા શક્તી આપે છે.

દવા લેવાની રીત—ખોરાક ખાવાની અને બીછાને જવાના વખત વચ્ચે એક ચમચો દીવસમા ત્રણ વખત લેવી.

નર્વ તોનીક.

નર્વસનેસ, ઉંઘ નહી આવતી હોય તો તે માટે, આફરો, અને આળસપણું તથા નામરદાઈ માટે સીલેરીના જ શક્તી આપનારી દવા છે તે ખાવા પછી અને સુવા જતા પહેલા દીવસમાં ત્રણ વખત એક ચમચામાં લેવી તેમજ દારૂના વ્યસનમાં પડેલાઓને આરામ કરવા માટે આ દવા એક મજબુત ઉપાય છે

નર્વસ સીસ્તમ માટે આ એક ઉત્તમ શક્તી આપનારી દવા તરીકે સીલરી લગભગ ૪૦ વરસથી જાણીતી થયલી છે.

કેમીસ્ટો, ડ્રગીસ્ટો અને ઇન્ડીઆમાં દવા વેચનારાઓ
એલટ્રીસ કોર્ડીયલ રીયો અને સીલેરીના મોટા જથામાં રાખે છે.

આ દવાઓ ઘણીજ ઉપયોગી માલમ પડવાથી તેની નકલો ઘણી થઇ છે માટે આ કંપનીએજ બનાવેલી ખરી દવા છે એમ દવાની શીશી ઉપર **રીયો કેમીકલ કંપનીના** નામની નીશાની લગાડેલી છે તે જોઇ તેની પ્રથમ ખાત્રી કરી લેવી.

નમુનો અને એ સંબંધી જોઇતી વધુ વીગત માટે નીચે જણાવેલી કંપનીને લખો.

રીયો કેમીકલ કંપની,
૭૯, બેરો સ્ટ્રીટ, ન્યુ યોર્ક સીટી—યુ. એસ. એ.
Rio Chemical Co.,
79, Barrow St., New York City, U. S. A.

MAYPOLE SOAP FOR HOME DYEING.

The ART of DRESSING WELL is understood by most Ladies and MAYPOLE soap furnishes the means for all



What we wish to convey by this statement is:—that to buy new things for every change in colour dictated by fashion is extravagent, and for most people unpracticable. It is also unnecessary, when by use of **MAYPOLE** soap you can **DYE AT HOME** in **15 Minutes** to the most delicate shade or colour, your Blouses, Laces, Silks, Satins, Gloves Ribbons, Scarves Feathers, Lingerie, Curtains, &c.

NO MESS. NO TROUBLE.
WON'T WASH OUT OR FADE.

COLOURS STOCKED.

Ecru, Cream, Pink, Salmon pink, Scarlet, Cerise, Crimson, Cardinal, Terra cotta, Fawn, Nut brown, Dark brown, Canary, Orange, Heliotrope, Dark Green, Mauve, Light blue, Navy blue, Purple, Plum, Maroon, Aloe green, Black.

SOLD EVERYWHERE.

The MAYPOLE COMPANY (1899) Ltd.,
17 CUMMING STREET, KING'S CROSS, LONDON, N.
SEND FOR OUR FREE PAMPHLET, "THE PERFECTION OF HOME DYEING.

ઘરવતુ રંગવાનો "મેપોલ સાબુ."

ઘણી બાનુઓ ઘણી સરસ રીતે કપડાંનો શણગાર કરવાનો હુનર સમજે છે, જેને માટે **મેપોલ સાબુ** સઘળા સાધનો પુરા પાડે છે. જે રીતે અમે એટલુંજ કહીએ છીએ કે દરેક નવી સીઝનમાં કપડાની ફેશનમાં જે નુતન ફેરફારો થાય છે તેવી વખતે એવા ફેશનેબલ કપડાં ખરીદવા એ ઉડાઉપણું, મોટે ભાગે તેમ બનવું અશકય અને વળી બીન જરૂરનું છે. તેનું કારણ એ કે **મેપોલ સાબુ** વાપરવાથી તમો ઘરમાં ૧૫ મીનીટની અંદર જોઈએ તેવા નાજુક રંગો સારી, લેસ, રેશમી તથા સાટીનના કપડા, મોજા, ડગલા પાટલુન વગેરે કપડાંપર આપી શકશો.

કાંઈબી બગડતું નથી, જાજી ખટપટ તથા મેહનત પડતી નથી,
અને વળી રંગ નીકળી જઇ ઝાંખો પડતો નથી.

નીચલા રંગના સાબુઓ દરેક ઠેકાણેથી વેચાતા મળશે—

એક્રુ, ક્રીમ, ગુલાબી, સામાન ગુલાબી, કીરમજી, સેરાઇઝ, ગુલાબી, કારડીનલ, ટેરા કોટા, હરણના બચ્ચાંના રંગ, 'નટ બ્રાઉન' બુરો, ઘેરો બુરો, સેહજ પીળો, નારંગયા, હેલીયોટ્રોપ, બુરો લીલો, મોવ, સહેજ બ્લુ, નેવી બ્લુ, જાંબુરો, પ્લમ, મારૂન, ઘેરો લીલો, કાળો.

ધી મેપોલ કંપની (૧૮૯૯) લીમીટેડ,
૧૭, કમીંગ સ્ટ્રીટ, કીંગ્સ ક્રોસ, લંડન, એન.
"પરફેક્શન ઓફ હોમ-ડાઈંગ" ની બુક મંગાવવાથી મોકલાવામાં આવશે.

માલની ઉત્તમ બનાવત માટે ઘણાંક ચાંદો અને સરટીફીકેટો મલી છે.

મુંબઈ કોટવાલા

અરદેશર રૂસ્તમજી કનફેકશનર

ને ત્યાં મેવા બદામથી ખીચો ખીચ ભરેલા નાતાલના
કેકો, પેશતરી પઈ, પુડીંગ, દરેક જાતની બીસકીટો
અને મીઠાઇઓ દરરોજ તાજી બનાવવામાં
આવે છે. ફકત એકજ વેલા જંગી
કારખાનું નજરે જોવાથી
ખાતરી થશે.

બાહારગામની વરદીપર ખાસ ધ્યાન આપી
સારી પેકીંગ કરવામાં આવે છે.

એક પોસ્ટ કારડ લખવે
બાહારગામનો માલ સુંદર પેકીંગથી મોકલવામાં આવશે.

વીકટોરીઆ બેકરી

પારસી બજાર, કોટ, મુંબઈ.

બ્રાંચ—ગ્રાંટ રોડ, ટ્રામ ટરમીનસ.

તેલીફોન નંબર ૨૭૫૩

તેલીગ્રાફીક એડરેસ "કનફેકશન"—મુંબઇ.

ઝોરાસ્ટ્રીયન કેલેન્ડરમાં આવેલી જુદી જુદી બાબદોનું સાંકલયું.

ગયા વરસનો ઇનતેખાબ,

યાને

યઝદેજરદી સને ૧૨૮૩ ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણવાજોગ બનાવો.

—(:o:)—

સખાવત.

આ વરસે સામાનય સખાવતનો આંકડો લગભગ તેર લાખનો, ઉઠમણાની છપાયલી રકમ બે લાખ સતર હજારની, ધરમના મકાનોની કીંમત સુમારે ગણતાં લગભગ સાડાત્રણ લાખ રૂપીયા મળી આ વરસની કુલે સખાવત લગભગ પોણીઓગનીસ લાખ રૂપીઆની થવા ગઈ છે.

એ ઉપર જણાવેલી રકમ આ વરસની છપાયલી સખાવતની છે. પણ તેમાં એક સખાવત થવામાંથી, તથા ઉઠમણામાં જણાવેલી રકમમાંથી—બીજા ફંડોમાં અપાયલી, ધરમનાં મકાનોવાલી રકમ જે આગલાં વરશોમાં સખાવતોમાં ગણાઇ ચુકલી, વીગરેની રકમ સુમારે સાડાપાંચ લાખની બાદ થવા જેવી છે, તે બાદ કરીએ તો લગભગ રૂપીયા સવાતેર લાખ જેટલો આંકડો આ વરસની સખાવતનો થવા જાય છે.

સખી વજુદ બાઇ હમાબાઇ ફરામજી પીટીટે આ વરસમાં કરેલી રૂ ૭૫૦૫૦ ની સખાવતની વીગત —ગરીબ જરથોસતીઓનુ પોષણ કરવા, સદરો પહેરાવવા, મરણ ખરચ કરવા, વીમાનાં કોલો ભરવા, દવાદારૂ કરવા વીગેરે સારૂ આપયા રૂ૨૪૦૭૪, સાઉથ આફ્રીકામાં સત્યાગ્રહીની લડત ચલાવનારાઓનાં ગુજરાન બદલના ફંડમાં રૂ૫૦૦૦, ગ્રાંટ રોડના દવાખાના માટે થયલાં ખરચ વીગેરેનાં રૂ૨૬૭૬, ઝોરાસ્ટ્રીયન એસોસીએશનને ગરીબ જરથોસ્તી છોકરાંઓને દરેક જાતનું શીક્ષણ આપવા સારૂ આપયા રૂ૨૪૦૦ અને તહેરાન સ્કુલ ફંડમાં જાનેવારી માસથી દર માસના રૂ૧૦૦ લેખે આપયા રૂ૯૦૦.

સીકંદરાબાદવાલા સખી બાઇ રતનબાઈ જમશેદજી ચીનાઇએ રૂ૩૦૦૦૦ ની નાદર રકમ દેવલાલી ખાતે એક આતશ દાદગાહ સ્થાપી તે માટે એક મકાન બાંધવા આપ્યા હતા. એ રૂપ્યામાંથી જગા ખરીદી કુવો તથા બીજો જરૂર જોગો સઘળો ઘટતો ખરચ કરવામાં આવશે.

કવેતાના જાણીતા શેહેરી ખાન બહાદુર બરજોરજી દોરાબજી પટેલ સી. આઇ ઈ. એ સુરત જીલ્લાના રાંદેર ગામથી જવાની સડક કાચી હોવાથી લોકોને ઘણી હેરાનગતી પડે છે તે સડક પાકી બંધાવી આપવા માટે રૂ૧૫૦૦૦ ની રકમ આપવા ખુશી બતાવી છે. રાંદેરથી જે કાચી સડક આવેલી છે જેને દાંડી રોડ કહે છે અને એ રસ્તાને લગભગ ૨૨ ગામો લાગે છે જેથી લોકની સારી આવ-જાવ થયા કરે છે તેથી શેઠ પટેલે પાકી સડક બંધાવી આપવાનો વીચાર કીધો છે. વળી એવો સાહેબ રૂ૩૦૦૦ નું બ્યાજ કુદયાણા ખાતે શેઠ મનચેરજી પટેલે સ્થાપેલા દવાખાનાને મદદ તરીકે એ વરસ થયા આપે છે અને ઉપલી સડક પાકી થવે એ રૂપ્યા પણ એ સડકમાં આપવામાં આવશે.

ચીનમા આવેલા મકાઉનું પારસી પંચાયતનું મકાન તોડી પાડી નવેસરથી બાંધવા માટે તથા તેને લગતું ફરનીચર ખરીદવા માટે પંચાયતના ટ્રસટ ફંડમાંથી ડાલર ૧૧૦૦૦ ખરચવા માટે

તા૦ ૨૪ મી સપટેમબર સને ૧૯૧૩ ને દીને અનજુમનની મળેલી એક વીશેષ સભામાં ત્રસ્ટીઓને બહાલી આપવામાં આવી હતી. આ મકાન તઇયાર થયું છે અને એની પાછળ થયલો સરવે ખરચ મરહુમ સર હોરમસજી નવરોજી મોદીની પડેલી ત્રીજા સાલની બાજની યાદમાં મરહુમના વીધવા સખી વજુદ બાઈ લેડી માણેકબાઈ હોરમજી મોદીએ પોતાની ગીરોથી આપ્યો હતો.

અમદાવાદના જાણીતા શેહેરી શેઠ દાદાભાઇ દીનશાહ કરાકાએ એવણના પીતા શેઠ દીનશાહ હોરમસજી કરાકાની યાદમાં ૩૧૦૦૦૦ ની રકમના પોરટ ત્રસટ બોંડો સરકારનાં કેળવણી ખાતાંને એવી શરતે આપયા છે કે એના બ્યાજમાંથી અમદાવાદની એંગલો વરનાકયુલર મીડલ સકુલમાં ૩૪ અને ૩૩ ની માસીક સકોલરશીપ, રણછોડલાલ છોટાલાલ હાઈ સકુલમાં ૩૪ અને ૩૫ ની એકેક સકોલ-રશીપ અને સુરતની સર જમશેદજી જીજીભાઈ એંગલો વરનાકયુલર સકુલ માટે વારસીક ૩૧૯૨ ની રકમની સકોલરશીપ આપવી.

સખી વજુદ શેઠ બમનજી દીનશાહ પીટીટે આ વરસમાં ૩૯૧૨૭ની કરેલી સખાવતની વીગત:– સાઉથ આફરીકાં ઈનડીઅન રીલીફ ફંડમાં ૩૧૦૦૦, કોટની શેઠ બનાજીની અગીઆરીની પાસેનું ઘેર એ અગીઆરીના ત્રસતીઓએ લેવા ઉધરાનું કીધું તેમા ભરીયા ૩૨૦૦, દેવલાલીની ડુંગરવાડીના ફંડમાં ૩૧૦૧, મરહુમ શેઠ નાનાભાઈ બેરામજી જીજીભાઇ રોજ ૨૯ મો મારેસપંદ માહા ૫ મો અમરદાદ સને ૧૨૮૩ યઝદેજરદી, તા૦ ૭ મી ફેબરવારી સને ૧૯૧૪ ને દીને બેહસતનશીન થયાં તેવણુના ઉઠમણાની ક્રીયામાં ૩૫૦૦૦ ભરીયા હતા, એ રૂપીઆ શેઠ બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હાસપીતલમાં મરહુમને નામનું એક બીછાનું સથાપવા માટે આપીયા, દેવલાલીની ડા૦ બાહદુરજી સેનેતેરીઅમનાં ગરીબ દરદીઓને પુષ્તીકારક ખોરાક આપવાના ફંડમાં ૩૧૦૫૧, ગુજરાત પાટણમાં ગાયોને પાણી પીવાનો હવાડો બાંધવાના ફંડમાં ૩૨૦૦, ગરીબી હાલતને લીધે જુદા જુદા ધણીઓને મદદ કીધી તેના ૩૪૨૬, કેળવણી આપવાના કામમાં ગરીબોને મદદ કીધી તેના ૩૫૪૮, નવજોત તથા લગન કરવા જુદા જુદા ધણીઓને આપીયા તેના ૩૭૫, સોસાઈટી, હાસપીતલ, દીસપેનસરી વતરોગેના ફંડમાં ૩૩૦, પરચુતન ધણીઓની યાદગારી રાખવાના ફંડમાં ૩૨૫ અને પરચુતન ફંડોમાં ૩૪૭૧.

ભરૂચની જરથોસ્તી અનજુમનના ત્રસ્ટી શેઠ દીનશાહ ફરામજી હમાવાળાએ ગરીબ જરથો-સ્તીઓનાં છોકરાંઓને કેળવણી આપવાના કામમાં વાપરવા માટે ભરૂચની પારસી પચાયતને ૩૮૩૦૦ આપીયા હતા. એજ સખી ગ્રહસ્થે થોડા વખત ઉપરજ ૩૬૨૫૧ ની રકમ એજ કામ માટે ભરૂચની પંચાયતને અરપણ કરી હતી. ભરૂચની પારસી પંચાયતે બે ત્રણ વરષ ઉપર મોજે અડોલ તાલુકે અંકલેશ્વરની સીમની આશરે ૧૩૫ એકર જમીન ૩૮૩૦૦ માં ખરીદી હતી. એ રકમ શેઠ દીનશા જીએ ઉપર મુજબ પંચાયતને આપી છે અને એવી શરત કરી છે કે પંચાયતનો ખરચ જતાં એ જમીનનું જે દાણ ઉપજે તે દર સાલ છોકરાંઓની કેળવણી વગેરેના કામમાં વાપરવુ.

અતરેના જાણીતા સખી શેહેરી શેઠ જહાંગીર બમનજી પીટીટે આ વરસમાં કરેલી ૩૬૩૧૬ની સખાવતની વીગત:-ધી સાઉથ આફરીકન ઇંડીઅન ફંડમાં ૩૧૦૦૦, ધી જાલભાઇ અરદેશર શેઠ માથેરાન પારસી જમખાનાનાં ફંડમાં ૩૩૦૦, ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હોસ્પીટલના ફંડમાં ૩૧૬૬, કવેટાની યંગમેન્સ ઝોરાઆસત્રીઅન એસોસીએશનના ફંડમાં ૩૧૦૦, ધી સોસા-યટી ફોર ધી પ્રોમોશન ઓફ એડયુકેશન અમંગ ધી માસીસના ફંડમાં ૩૫૦, કરાંચી ખાતે મળેલી હીંદી નેશનલ કોનગ્રેસના ફંડમાં ૩૫૦, ધી નવરોજી માણેકજી વાડીઆ નારગોળ પારસી સ્કુલના ફંડમાં ૩૫૦, પરચુટન ફંડોમાં ૩૩૩૦૦ અને કેળવણી, ગરીબાઇ, લગણ, નવજોત વીગેરે માટે આપેલા ૩૧૩૦૦.

મહુના સખી વજુદ ગ્રહસ્થ શેઠ ફરામરોજ કેખશરૂ પટેલે મહુની મદરેસાળાને ૩૫૦૦૦ ની રકમ એવણના બેન બાઇ શીરીનબાઇ તે અતરેના જાણીતા ડાકટર એરચશાહ જમશેદજી હકીમની

ધણીયાણી ભયભીત માંદગીમાંથી સારા થયા તેની ખુશાલીમાં ભેટ આપી છે. એ રૂપ્યામાંથી જનાવરોને રાખવાનો એક શેડ બાંધવામાં આવશે જેથી મુગા જનાવરોની ત્યાં રાખવાની સવલતા થઇ પડશે અને આ મુગા જનાવરોની દુવા લેનાર આ સખી ગ્રહસ્થને ધન્યવાદ ઘટે છે.

મુબઈ તેમજ એડનના જાણીતા શેહેરી શેઠ હોરમજી કાવશજી દીનશાહ એડનવાલાએ પોતાના હમેશના સખી દીલશુરદા પ્રમાણે પારસી એસોસીએશનને રૂ૨૦૦૦ ની રકમ ગરીબ જરથોસ્તીઓને ધંધે લગાડવામાં મદદ કરવા માટે આ વરસે આપી હતી. એવો શેઠે આગળ એજ કામ માટે આપેલા રૂ૬૦૦૦ માંથી ગરીબ જરથોસ્તીઓને સસ્તો અનાજ તથા તેવોજ ધંધો કરવા માટે મદદ તરીકે આપવામાં આવે છે.

મુંબઈના તેમજ એડનના શાહ વેપારીઓ શેઠો કાવશજી દીનશાહ એડનવાળા તથા ભાઇઓએ ડાકટર પારખવાલી હાસપીટલમાં જાથુકના બે બીછાના, ગરીબ જરથોસ્તી બાઈઓ માટે રાખવા સારૂ રૂ૨૦૦૦ ની રકમ બ્યાજ વાપરવા માટે આપી હતી. એ રકમના ઝોરાસ્ટ્રીયન બીલ્ડીંગ સોસાયટીના વીસ સેરો ખરીદી આપ્યા હતા. તેમજ પુણાની આલબરટ એડવરડ ઇનસટીટયુટને પાંચ વરસ સુધી દર વરસે રૂ૧૫૦ ની નવી ચોપડીઓ ખરીદી આપવા કબુલ્યું છે.

સર દોરાબજી જમશેદજી તાતાએ લંડનના ઓલીમપીક ગેમ ફંડમાં ૧૦૦ પાઉન્ડ તથા શેઠ એદલજી દોરાબજી તલાતીવાલી દેવલાલી બોરડીંગ સ્કુલને રૂ૧૫૦૦ ભેટ આપ્યા હતા. વળી એજ સખી શેઠે નારગોલ ખાતેની ધી નશરવાનજી જમશેદજી તાતા હાસપીટાલ તથા ડીસપેનસરીના ઉપયોગ સારૂ જોઇતો સામણ ખરીદવા માટે રૂ૨૦૦૦ ની રકમ આપી હતી.

શેઠ પીરોશાહ પેસતનજી વાડીઆ તથા બીલીમોરવાલાએ રૂ૪૦૦૦ ના પોરટ ટ્રસ્ટ બોંડો બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટી સાહેબોને આપ્યા કે એનું બ્યાજ એવણના બાવા મરહુમ શેઠ પેસ્તનજી જમશેદજી વાડયા માકાબેહરામને નામનો ગહમબાર એક બીલીમોરામાં દર સાલ અરદીબેસ્ત મહીનાના મોહર રોજે કરવાના ખરચમાં વાપરવું.

શેઠ નશરવાનજી હોરમસજી ડાકટરે સુરત ગોપીપુરાની પારસી જરથોસ્તી અંજુમનના ઘંબાર ફંડમાં રૂ૩૫૦૦ ની સાડાત્રણ ટકાની લોનો એવી શરતોએ આપી છે કે એ રૂપ્યા અનામત રાખીને તેના વ્યાજમાંથી દર સાલ એવણના મરહુમ બાવાજી હોરમસજી બેરામજી ડાકટરના નામનો દેહ મહીનો ને રશના રોજને દીને સઘળી ધરમ ક્રીયાઓ સહીત વગર ફીનો તથા ઘર દીઠ ચાશણી સાથનો ઘંબાર કરવો. તે શરતો મુજબ ગોપીપુરાની પારસી જરથોસ્તી અંજુમનનાં ત્રસ્ટી સાહેબોએ એ લોનો કબુલ રાખી છે.

શેઠ ડોશાભાઈ લીમજીભાઈ મેગુશી બીલીમોરવાલાએ પોતાના બાવા મરહુમ શેઠ લીમજીભાઈના પુણ્ય માટે રૂ૨૦૦૦ નો પોરટ ટ્રસ્ટ બોંડ ટકા ૪ નો અને રોકડા રૂ૨૦૦ મલી રૂ૨૨૦૦ બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટી સાહેબોને આપ્યા કે એના વ્યાજમાંથી રોજ ૨૧ મો માહ ૧ લાને દીવસે મરહુમની બાજ પડે છે તે દીને બીલીમોરાના ગરીબ જરથોસ્તીઓને અનાજ અપાવવું તથા ત્યાંની દરેહમેહરમાં સુખડની માચી એક ચડાવવી, વળી એજ સખી શેઠે પોતાના માતાજી મરહુમ બાઈ રતનબાઇના પુણ્ય માટે પોરટ ટ્રસ્ટ બોંડ રૂ૧૦૦૦ નો ટકા ૪ નો અને રોકડા રૂ૨૦૦ મલી રૂ૧૨૦૦ બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપ્યા કે એના વ્યાજમાંથી રોજ ૧૪ મો માહ ૬ ઠાને દીવસે મરહુમની બાજ પડે છે તે દીને બીલીમોરાના ગરીબ જરથોસ્તીઓને અકેક મલમલ અપાવવી તથા ત્યાંની દરેહમેહરમાં સુખડની માચી એક ચડાવવી.

એક જરથોસ્તી ગ્રહસ્થે પોતાની વરસગાંઠની ખુશાલીમાં બાઇ આવાંબાઈ પીટીટ છોકરીઓની ઓરફનેજમાં રૂ૧૦૦૦, ડા૦ માસીનાની હોસપીટલમાં રૂ૧૦૦૦, ઝેરાસ્રીયન બીલડીંગ ફંડમાં રૂ૫૦૦, ગરીબ જરથોસતીઓને અનાજ આપવાના શ્રી મંડળનાં ફંડમાં રૂ૨૦૦, ડા૦ બહાદુરજી સેનેટેરી-

યમના ખોરાક આપવાનાં ફંડમાં રૂ૨૦૦ અને સર જમશેદજી સકુલનાં ભોજન ફંડમાં રૂ૧૦૦ મલી રૂ૩૦૦૦ આપ્યા હતા.

મરહુમ બાઇ નવાજબાઈ રૂસતમજી દીનશાહજી સાવકશાહ મુલ્લાંફીરોજની એસટેટમાંથી તેવણુના બાઇ રૂસતમજી માણેકજી મુલ્લાંફીરોજને મલેલા ફાલાની બાકી રેહેલી રકમ જે રૂ૨૮૨૬–૫–૨ ની એવણુને મલી હતી, એ બધા રૂપ્યા મજકુર બાઇના પુન માટે શેઠ રૂસતમજીએ મુલ્લાંફીરોજ મદરેસાના ચાલુ નીભાવના ફંડમાં આપીયા છે કે તેની આવક એ મદરેસાના ચાલુ નીભાવ માટે વાપડવી.

અતરેના જાણીતા શેહેરી મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇએ પોતાની હૈયાતીમાં વડોદરા ખાતે એવણે બંધાવેલી ધરમશાળા તથા અગીયારીનું મકાન બીસમાર હાલતમાં આવવાથી તેને રીપેર કરાની આપવા જણાવ્યું હતું અને એ માટેનાં ખરચ સારૂ રૂ૨૦૦૦ આપવાની પોતાની ખુશી જણાવી હતી. એ રૂપ્યા એવણુના મરણ પછી આપવામાં આવનાર છે.

મરહુમ શેઠ બેરામ ખરશેદજી ભેસાનીઆ રોજ ૧ લો માહા ૭ મો સને ૧૨૮૨ યઝદેજરદીને દીને હક થયા તેવણુની વરસ દહાડાની બાજની યાદમાં મરહુમનાં પુનને માટે તેવણુના પીતા શેઠ ખરશેદજી મનચેરજી ભેસાનીઆએ રૂ૨૦૦૦ ની રકમ નીચલાં ફંડમાં મુદ્દલ રકમ અનામત રાખી વયાજ વાપરવાની શરતે આપી હતી:—ડા૦ બાહદુરજી દેવલાલી સેનેટેરીયમમાં ગરીબોને ખાધ ખોરાકી આપવાને સારૂ રૂ૫૦૦, ઝોરાસ્ટ્રીયન એસોસીએશનના ગરીબોના છોકરાઓને કેળવણી આપવાના ફંડમાં રૂ૫૦૦, પારસી એમબયુલંસના ફંડમાં રૂ૫૦૦ અને ધી બમનજી પીટીટ પારસી જનરલ હાસપીટલના ફંડમાં રૂ૫૦૦.

કરાંચીના જાણીતા શેહેરી શેઠ કાવસજી હોરમસજી કાત્રકે રૂ૧૦૦૦ ની રકમ કરાંચીના પારસી જીમખાનાને ભેટ આપી હતી કે એના વ્યાજમાંથી સઉથી સરસ સકોર કરનારને ઇનામ આપવું. વલી એ સખી શેઠે સાડા ત્રણુ ટકાની રૂ૫૦૦ ની સરકારી પ્રોમીસરી નોટ મુબઇ સરકારની ચેરીટેબલ એનડાઉમેંટસના ત્રેઝરરને નામે એવી સરતે ચહડાવી આપી છે કે એનાં વયાજમાંથી સીંધની કોઇબી સરકારી અથવા સવીકારેલી સકુલમાંથી કોઇબી પારસી છોકરો અથવા છોકરી મેત્રીકયુલેશનની પરીક્ષા સઉથી વધુ મારકસ સાથ પસાર કરે, તેને રૂ૧૬ અથવા તેટલે આશરેની રોકડ રકમનું ઇનામ આપવું અને એને "ધી એ. ડી. યંગહસબંડ પ્રાઇઝ ફંડ" એવું નામ આપવું.

બીલીમોરાના જાણીતા શેહેરી શેઠ સોરાબજી શાપુરજી ગબાએ રૂ૧૫૦૦ બીલીમોરામાં મીડવાઇફ રાખવાના ફંડમાં આપ્યા હતા, અને રૂ૧૫૦૦ નામદાર ગાયકવાડ સરકારે આપવાથી તેમાંથી પાંચ વરસ સુધી નવસારીના સુબાના પ્રમુખપણા હેઠળ એ ફંડ તરફથી મીડવાઇફ રાખવામાં આવશે.

ખા૦ બા૦ ડાકટર બી. એચ. નાણાવતીએ મુંબઇની ગ્રાંટ મેડીકલ કોલેજમાં એલ. એમ. એન્ડ એસ. અને તે નીકલી ગયા પછી એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં જે છોકરો યા છોકરી પેહલો આવે તેને ચોપડીઓનું ઇનામ આપવા માટે "ધી ફીરોજ બી. એચ. નાણાવટી મેમોરીયલ બુક પ્રાઇઝ" સ્થાપવા માટે રૂ૧૦૦૦ની રકમ વ્યાજ વાપરવાની સરતે આપી હતી. વલી એઓ સાહેબે રૂ૫૦૦ સુરતની શેઠ કુકાવાલી આરફનેજમાં આપ્યા કે એના વ્યાજમાંથી એક રૂપાનો ચાંદ તથા બુકોનું ઇનામ આપવું.

ખાન બાહાદુર હોરમસજી માણેકજી બીમડીવાલાએ નારગોળ ખાતે એક તલાવ પુરવા માટે રૂ૧૫૦૦ આપ્યા હતા. એ તલાવથી ત્યાં ઘણી માંદગી ફેલાવવાથી પુરી નાખવામાં આવશે પણુ તલાવ બહુજ મોટો હોવાથી પુરવા માટે લગભગ રૂ૫૦૦૦ જેટલો ખરચ લાગશે તેથી એ કામ હાલ તરત પડી રહયું છે.

હૈદરાબાદવાળા શેઠ જહાંગીર જમશેદજી ચીનાઇએ નવસારી નજદીકના તવડી ગામની અંજુમનને રૂ૧૫૦૦ ના પોરટ ત્રસટના ૪ ટકાના બોંડ આપયા હતા કે એ રકમ અનામત રાખી એના વયાજમાંથી એ ગામના દોખમાં આગળની સગડીમાં આતશ હમેશાં રોશન રાખવો તથા રાત્રે બતી કરવી.

શેઠ હોરમજી માણેકજી ખજુરીનાને વાલનટીયરનો લોંગ સરવીસ મેડલ નામદાર સરકારે એનાયત કરવાથી એવણુને મુબારકબાદી આપવાને કરાંચીનાં પારસી જીમખાનાના સભાસદોએ ખાણુનો એક મેલાવડો કીધો હતો, એ વખતે શેઠ હોરમજીએ રૂ૧૦૦૦ ની રકમ પારસી જીમખાનાને આપી હતી કે એના વ્યાજમાંથી રમત ગમતમાં જે કોઇ સઉથી સરસ દેખાવ અને સ્કોર કરે તેને ઈનામ આપવું.

નવસારીના જાણીતા શેહેરી મરહુમ શેઠ રતનજી ફરામજી દાબુના સાહેબજાદાઓ તરફથી નવસારી ખાતેની ધી રતનજી ફરામજી દાબુ બોરડીંગમાં રેહેતા વીદયારથીઓને માટે એક લાયબ્રેરી સથાપવા સારૂ રૂ૧૦૦૦ ની રકમ એવી શરતે આપવાનું નકી થયું છે કે બીજા રૂપ્યા એક હજાર તથા પુસતકોની મદદ વડોદરા સેનત્રલ લાયબ્રેરી ખાતેથી આપવી. આ લાયબ્રેરીને શ્રીમંત મહારાજાનું નામ આપવામાં આવનાર છે.

શેઠ કાવશજી જમશેદજી મેધોરા બીલીમોરવાલાએ પોતાના બાવા મરહુમ શેઠ જમશેદજીના પુણ્ સાર રૂ૫૦૦ ની સાડા ત્રણુ ટકાની સરકારી લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટી સાહેબોને આપી કે એના વ્યાજમાંથી મરહુમ શેઠ જમશેદજીના નામથી બીલીમોરાના ગરીબ જરથોસ્તી છોકરાને શદરો પેહરાવવામાં ખરચવા અથવા અનાજ કપડા અપાવવા. વલી એજ સખી શેઠે પોતાના માતાજી મરહુમ બાઇ પીરોજબાઇના પુણ્ માટે રૂ૫૦૦ની સાડા ત્રણુ ટકાની સરકારી લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ટરસટી સાહેબોને આપી કે એના વ્યાજમાંથી બીલીમોરાના ગરીબ જરથોસ્તીઓને અનાજ અથવા કપડા અપાવવા.

ભરૂચની પારસી પંચાયતના ટરસટી ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલે ભરૂચમાં સેનેટરી એસોસીએશનની સ્થાપના કરવા માટે રૂ૧૦૦૦ ની રકમ ભેટ આપી હતી.

ભરૂચના જાણીતા શેહેરી ખા૦ બા૦ સોરાબશાહ હોરમજી સેક્રેટરીએ ૧૯૧૩ ના સાલમાં રૂ૭૦૦ ની સાડાત્રણુ ટકાની લોન નામદાર સરકારને આપી હતી કે ભરૂચની રૂશતમજી શોરાબજી દલાલ હાઇ સ્કુલમાં પારસી છોકરાંઓમાં ગણીતના શીક્ષણુને ઉતેજન આપવા સારૂ ચાર ઇનામો સ્થાપવા અને તેને એમના મરહુમ દીકરા નશરવાનજી સોરાબજી અને તે વખતના ભરૂચના કલેકટર મી૦ ઓટો રોથફીલ્ડનું નામ આપવું.

અતરેના જાણીતા શેહેરી શેઠ રૂશતમજી બેરામજી જીજીભાઇએ દેવલાલીના ધરમના ચાલુ ફંડમાં રૂ૫૦૦ નું પોરટ ટ્રસ્ટ બાંડ ભેટ આપ્યું હતું અને એ સખી શેઠના બેટા શેઠ બેરામજીએ રૂ૧૫૦ ઉપલાંજ કામ માટે આપ્યા હતા.

ભરૂચના રહીશ શેઠ પીરોશાહ બેરામજી કામાએ પોતાના પુત્ર નશરવાનજીની શેહાડીની ખુશાલીમાં ભરૂચની પારસી પંચાયતને રૂ૬૦૦ આપ્યા હતા.

મરહુમ બાઇ પીરોજબાઇ તે શેઠ શાપુરજી અરદેશર દીવેચાના ધણીયાણી રોજ ૨૩ મો માહ ૧ લો સને ૧૨૮૦ ને દીને હક થયાં તેવણુનાં પુનને સારૂ મરનારનાં ત્રીજા વરસની બાજને દીને રૂ૬૦૦ મુંબઇના અનજુમનનાં આતશબેહેરામનાં ટરસટી સાહેબોને આપ્યા કે મુદલ રકમ અનામત રાખી એનું વ્યાજ મરનારની દર વરસની બાજને દીને બાજની ક્રીયા કરાવવામાં વાપરવું.

હાંગકાંગમાં બાનુઓ માટે એક ઓસોસીએશન સ્થાપવામાં આવી છે. આ એસોસીએશનને હાંગકાંગના જાણીતા શેહેરીઓ શેઠો કાવશજી પાલનજીની કંપનીએ ડાલર ૨૦૦ અને શેઠો એદ. પી. તલાતીની કંપનીએ ડાલર ૨૦૦ ભેટ આપ્યા હતા.

શેઠ મેરવાનજી હીરજીભાઈ કાઠાવાલાએ રૂ૫૦૦ ની રકમ ગોધરા ટ્રેનીંગ હાઇ સ્કુલમાં ભણતા બાળકોનાં મગજમાં પોતાના રાજ્યકર્તા તરફની વફાદારીનો છાપ બેસાડવાના ઇરાદાથી એ લોયલટી મેડલો એ સ્કુલના બે વીધ્યારથીઓને આપવા માટે આપી હતી કે એના વ્યાજમાંથી દર વરસે જે વીધ્યારથીઓ રાજ્ય ભકતી યાને લોયલટી ઉપર સરવથી સરસ નીબંધ લખે તેને ચાંદો આપવા. વળી છોકરાઓમાં અંગબળની કસરતનો શોખ વધે તે માટે શેઠ મેરવાનજીએ એ સ્કુલને એક રૂપાનું શીલ્ડ એનાયત કીધુ છે અને એ સીલ્ડને "લોરડ હારડીગ એથલેટીક સ્પોરટીંગ શીલ્ડ" એવું નામ આપ્યુ છે

શેઠ ધનજીભાઇ બમનજીએ નારગોલ ખાતેની ધી એન. એમ. વાહાડયા પારસી સ્કુલના છોકરાઓને વોલંટીયરસ બનાવવા માટે જોઇતી જણસો ખરીડવા સારૂ રૂ૫૦૦ ની રકમ ભેટ આપી હતી.

પારસી થીએટ્રીકલ કંપનીએ લકનો ખાતે તા૦ ૧૭મી એપ્રીલે કરેલા ખેલની આવક રૂ૫૦૦ ત્યાંના દુકાળ ફંડમાં આપી હતી.

મરહુમ શેઠ હોરમજી માણેકજી મોદીના પુણ્ માટે મરહુમના કુટુંબીઓ તરફથી દમણની જરથોસ્તી અન્જુમનના ફંડમાં રૂ૫૦૦ની રકમ આપવામા આવી હતી.

શેઠ ફરામજી કાવશજી વખારીયાએ પોતાના બેટા મરહુમ શેઠ કાવસજીની બાજ કરવા તથા મુકતાદ ટાંકણે ખરચમાં લેવા માટે રૂ૫૦૦ ની ૩।। ટકાની લોન વ્યાજ વાપરવાની શરતે સુરતના આતશ આદરાન બાગે પારસાના બાજ આફ્રરગાન ફંડમા આપી હતી.

બીલીમોરાના જાણીતા શેહેરી શેઠ ધનજીભાઈ કુવરજી ગબાએ બીલીમોરા એ. વ. સ્કુલમાં સીખતા છોકરાઓ સારૂ બોરડીગની શરૂઆત કરવા માટે વીસ છોકરાઓની સગવડ સચવાય એટલા વાસણો તથા બેડીગ વગેરેનો ખરચ જે લગભગ રૂ૩૫૦ નો થવા ગયો હતો, તે એવણે આપ્યો હતો.

શેઠો હોરમજી તથા દીનશાજી શાપુરજી મીસનરીએ મરહુમ માતાજી કુવરબાઇની યાદમાં સુવાલી ગામના ગરીબ જરથોસ્તીઓને તથા હીદુઓને આશરે રૂ૨૫૦ના ચોખા વેહેચી આપ્યા હતા તથા ગરીબ પારસી છોકરીની નવજોત કરાવી આપી હતી

શેઠ શાપુરજી ધનજીશાહ હોરમજી વખારીયાએ પોતાની પુત્રી શીરીનબાઇની શેહાદીની ખુશાલીમાં ભરૂચની પારસી પંચાયતને હસ્તકના ગરીબ જરથોસ્તીઓને આશરો આપવા તથા કેળવણી આપવાનાં ફંડમા રૂ૧૨૫ આપયા હતા

શેઠ સોરાબજી એદલજી વોરડને જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળી હસ્તકની નીશાળોની ગરીબની છોકરીઓને જયાફત આપવા માટે રૂ૧૨૫ આપ્યા હતા તા૦ ૮ મી સપટેમબરને દીને બંને નીશાળોમાંથી ચુટી કાઢેલી ૨૦૦ છોકરીઓને તેઓના શીક્ષકોની બાંહેધરી હેઠળ મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહડયાજીના આબોલી મધેના "માલકમ બાગ"માં આખો દીવસ લઇ જઇને જયાફત આપવામા આવી હતી.

મરહુમ શેઠ પેસતનજી રતનજી ભુરાભાઇના પુણ્ માટે એવણના છોકરા શેઠ પીરોશાહે વલસાડની જરથોસ્તી અંજુમનના ટરસ્ટી સાહેબોને રૂ૧૦૦ આપ્યા કે મુદલ રકમ અનામત રાખી એનું વ્યાજ વાપરવું.

શેઠ મેરવાનજી હીરજીભાઈ બાટલીવાળા તરફથી બેસાન ગામની અગીયારીના અશો ફરોહરના ફંડમાં રૂ૧૦૦ આપવામાં આવ્યા હતા.

આંટરોડ પ્રોપ્રાયટરી એન્ડ ફોર્ટ હાઈ સ્કુલના છોકરાઓએ હમેશ મુજબ ભેગાં કરેલાં ફંડમાંથી બાઈ શીરીનબાઈ કામાવાલા વાંદરાના કોનવોલેસંટ હોમમાં રૂ૫૦ અને સેવાસદનના દવાદારના ફંડમાં રૂ૩૬ આપ્યા હતા.

શેઠ જમશેદજી દાદાભાઇ રમવાળાએ પોતાની ૨૦૦૦ ચોરસવાર જમીન ત્રોમબે ખાતેના રગત પીતમાંઓ માટેના આલબલેસ લેપર એસાઇલમને ભેટ આપી હતી.

ગોધરાની શેઠો આદરજી મનચેરજીની કંપનીએ મરહુમ બાઇ પીરોજા રતનજી દલાલની યાદમાં ગોધરાની ટેલંગ હાઇ સ્કુલમા વીદયારથીઓમાં ક્રીકેટનો શોખ વધારવા માટે એ સ્કુલને ક્રીકેટ શીલ્ડ ભેટ આપ્યું હતું.

અતરેના જાણીતા શેહેરી શેઠ પેસતનજી ડી. ખાને બાબુલા ટેંકની સોશીયલ સરવીસ લીગ ફ્રી ડીસપેનસરીને જોઇતી દવાઓ વેલાતથી મંગાવી પુરી પાડી હતી.

મરહુમ શેઠ નશરવાનજી કેકાશજી મેહતાની વરસીને દીવસે એવણુના ધણીઆણી બાઇ કુવરબાઇએ નવસારીના માણેક બાગમા લગન, જશન વગેરેના થતા જમણો વખતે વાપરવા સારૂ ૧૪ ટેબલો, ૩૫ ખુરસીઓ, તથા ટેબલ કલાથો અને ગલાસોની ભેટ કીધી હતી.

બાઇ માણેકબાઇ ફ્રામજી ભરૂચાએ પોતાના ધણી મરહુમ શેઠ ફ્રામજીના તથા બેટી મરહુમ બાઈ ડોશીબાઈ સોરાબજી હકીમના પુણ માટે દમણુની દરેમેહેરમાં વાપરવા સારૂ જરમન સીલવરનાં ખુમચાઓ ભેટ આપ્યા હતા.

જાણીતા એજયુકેશનીસ્ટ શેઠ એદલજી દોરાબજી તલાતીએ દેવલાલી ખાતે પારસી છોકરાઓ સારૂ સાત વરસ થયા એક બોરડીંગ સ્કુલ સ્થાપી ચલાવના હતા. એ દરમ્યાન એવણુને એ ખાતા માટે કાયમ મકાનની જરૂર જણાયાથી એક યોજના ઘડી દશ દશ હજારની દશ રકમો પારસી કોમ પાસે માગી હતી, જેથી મુબઇના ઝવેરી શેઠ અરદેશર ભીખાજી પટેલે રૂપ્યા દશ હજારની રકમ આપી હતી. (આ સખાવતની વીગત ગયા વરસના કાલેનડરમાં સખાવતમાં છપાઇ ગઈ છે) અને મરહુમ શેઠ અરદેશર હોરમારજી વાહાડયાના ટરસ્ટીઓએ બીજા રૂપ્યા દશ હજાર આપવા જણાવ્યા હતા. એ ઉપરાંત બીજા વધુ નાણા શેઠ એદલજીએ મેલવવા કોશેશ કરવા છતા નહીંજ મલવાથી મરહુમ શેઠ વાહાડયાના ટરસ્ટીઓની માગણી એવણે ના કબુલ કરી શેઠ અરદેશર ઝવેરીના મલેલા રૂપ્યા પાછા આપવા એવણુની સ્કુલના ટરસ્ટીઓને જણાવ્યુ હતુ. શેઠ એદલજીએ એ સ્કુલ સાથનો સંબંદ છોડી એવણુના મદદગાર શેઠ ધનજીશાહ માણેકજી જાલને એ સ્કુલનો બધો વહીવટ સોપ્યો હતો.

મરહુમ શેઠ નવરોજી મા. વાહાડયા સી. આઇ. ઇ. પોતા પાછલ ગજાવર દોલત ત્રસ્ટીઓને સોંપી ગયા છે, જેઓ દર વરસે સખાવતમાં ઘણી સારી રકમ આપે છે, આ ધરમખાતામાંથી આ વરસે કરેલી મદદની કેટલીક વીગત નીચે મુજબ છે.—લડાઈમાં ઘાયલ થયલાઓને મદદ કરવા માટે ઉઘાડેલાં ઇમપીરીયલ ઇંડીયન રીલીફ ફંડના મુબઇ ઇલાકાની શાખાના ફડમાં રૂ૧૦૦૦૦૦, કાઉનટેસ ઓફ ડફરીન ફંડની મુબઈની શાખાને રૂ૭૦૦૦, સોલાપુરના દુકાળ ફડમા રૂ૩૦૦૦, અલાહબાદની સંયુકત પ્રાંતની ફેમીન રીલીફ ફડને રૂ૨૫૦૦, સકરના આરામગાહના ફડમાં રૂ૩૦૦ અને કીંગ જયોરજ ધી ફીફથ એનટીટયુબર કયુલોસીસ લીગને રૂ૨૫૦

મરહુમ શેઠ ન. મા. વાહાડયાના ચેરીટી ફંડમાંથી ચાર વરસમાં કરવામાં આવેલી સખાવતની વીગત— વહાડયા ચેરીટીઝ ખાતાંના સ્થાપક મરહુમ શેઠ નવરોજજી માણેકજી વહાડયાની નેક યાદમાં તેવણુના ત્રસ્ટી સાહેબો તરફથી જમશેદી નવરોઝનાં દીવસે સાંજનાં ચાર વાગતે પરેલના ગવરમેંટ હાઉસ રોડ ઉપરનાં વહાડયા કુટુબનાં કુશાદે મકાનમાં વડા જજ સર બેસીલ સકોટનાં પ્રમુખપણાં હેઠળ એક મોટો મેળાવડો કરવામાં આવયો હતો. પારસી ઓરફનેજ અને જુદી જુદી સખાવતોથી ચાલતી સ્કુલોમાં ૩૫૦ છોકરા અને છોકરીઓને નોતરવામાં આવ્યાં હતાં, અને ૧૭૫ છોકરાંઓને બપોરના જમાડયાં હતાં જયારે હીંદુ ઓરફનેજનાં ૧૦૦ બાળકોને મીઠાઇનાં પડીકા આપયાં હતાં. શરૂઆતમાં સર જમશેદજી જીજીભાઇએ રીપોરટ વાંચી સંભળાવયો હતો. જે નીચે મુજબનો હતો.— મરહુમ શેઠ નવરોજજી માણેકજી વહાડયાએ પોતાની બોહોળી મીલકતનો વહીવટ કરવાને જે ફરમાનો

આપેલાં છે, તેને અનુસરીને અમે કામ લેવાની તજવીજ કરી છે. શેઠ વહાડયાની મરણ પછીનાં ચાર વરસમાં બજાવેલાં કામનો અહેવાલ ટુંકમાં જણાવીશ કે દર વરસે મીલકતની આવક સખાવત માટે રૂ૩ લાખ જેટલી થવા જાય છે. ગરીબ છોકરીઓનાં લગન કરવા પાછળ ૧૯૦૯–૧૦ માં રૂ૩૨૦૧, ૧૯૧૦–૧૧ માં રૂ૩૬૫૦, ૧૯૧૧–૧૨ માં રૂ૩૩૬૦, અને ૧૯૧૨–૧૩ માં રૂ૫૩૭૫, તેમજ પારસી છોકરા છોકરીઓની નવજોત કરવા પાછળ ૧૯૦૯–૧૦ માં રૂ૧૨૫, ૧૯૧૦–૧૧માં રૂ૨૫૦, ૧૯૧૧–૧૨ માં રૂ૩૭૫ અને ૧૯૧૨–૧૩માં રૂ૬૫૦ આપ્યા હતા. ઓરફનોનાં નીભાવ અને કેળવણી પાછળ ૧૯૦૯–૧૦ માં રૂ૧૯૮૦ ૧૯૧૦–૧૧ માં રૂ૯૮૦૧, ૧૯૧૧–૧૨ માં રૂ૪૭૬૦ અને ૧૯૧૨–૧૩ માં રૂ૧૪૯૨૨ આપ્યા હતા. આ મદદ મેળવનારાઓમાં અમદાવાદની મહીપતરામ રૂપરામ ઓરફનેજ, સુરતની વનીતા વીશ્રામ, પુના નેટીવ ઈનસ્ટીટયુશન, સેવાસદન અને પીટીટ ઓરફનેજ હતી. અહીં પારસી ઓરફન છોકરાઓને દર વરસ મદદ કરી હતી. આસ-પીટલ અને તબીબી મદદમાં ૧૯૦૯–૧૦ નાં સાલમાં રૂ૫૯૬૦૦, ૧૯૧૦–૧૧ માં રૂ૫૯૬૨૩, ૧૯૧૧–૧૨ માં રૂ૬૮૦૦૪, અને ૧૯૧૨–૧૩ માં રૂ૧૩૬૩૫૦ આપયા હતા. આ મદદ મેલવ-નારાઓમાં બેદમસ વાયલી આસપીટલમાંની બાઈ મોટલીબાઈ વાડીયા ડીસપેનસરી, વેસાવા મધેની ફલેર રોડ, કોનવેંટને લગતાં બાઇ મોટલીબાઈ વાડીયા કોનવેલેસંટ હોમ, મુલતાનની આંખની આસપીટલ, સીમલા નજદીકનાં ધરમપોરનાં ખહીનાં હોમ, યુનાઇટેડ ફ્રી ચરચ ઓફ્ સકોટલંડ મીશનના સંબંધમાં પુના મધેની ગરીબો માટેની એન. એમ. વાડીયા આસપીટલ, દેવલાલીની બહાદુરજી સેનેટોરીયમ, હીંદ અને પુરબ માટેનાં રગતપીતયાંઓ માટેનાં મીશનને, હીંદી નરસોની કેળવણી માટેનાં કાઉનટેસ ઓફ્ ડફરીન ફંડ, પારસી દીવાનાઓ માટેનાં એન. એમ. પીટીટ ચેરીટી ફંડ, ફ્લોરંસ નાઇનટીંગેલ વીલેજ સેનીટેશન ફંડ, મરાઠી મીશનનાં સંબંધમાં અહમદનગર ખાતેનાં નરસીસ હોમ, કુમાન મધેનાં ખહીના સેનીટેરીયમ, તવડીની ડીસપેનસરી, નાશકનાં રગતપીતયાંઓ માટેનાં આશ્રમ, બમનજી પીટીટ પારસી જેનરલ આસપીટલ, મરાઠી મીશનનાં સંબંધમાં વાઈ મધેની એન. એમ. વાડીયા આસપીટલ, લેડી હારડીંગ નરસીંગ ઇનસટીટયુશન, બોંબે પ્રેસીડનસી કીંગ એડવરડ મેમોરીયલ આસપીટલ, અને કીંગ એડવરડ ધી સેવનથ મેમોરીયલ આસપીટલ (અલાહબાદ ખાતેની) હતી. ગરીબ નીરાધારોનાં નીવારણ માટે ૧૯૦૯–૧૦માં રૂ૨૮૭૭૯, ૧૯૧૦ ૧૧માં રૂ૪૭૮૫૬, ૧૯૧૧–૧૨માં રૂ૫૪૭૩૬ અને ૧૯૧૨–૧૩માં રૂ૬૭૫૩૧ આપ્યા હતા. આ મદદ મેલવનારા નીચલા છેઃ– ચાર વરસમાં સેવાસદનને રૂ૩૮૦૦૦, ત્રાનસવાલનાં હીદીવાનોનાં સંકટ નીવારણનાં ફંડમાં રૂ૬૦૦૦, સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઈનસટીટયુટનાં ગરીબ બાળકોનાં ભોજન ફંડમાં રૂ૧૩૦૦૦, અને બોંબે લીગ ઓફ્ મરસીને રૂ૫૦૦૦ આપ્યા હતા. એ ઉપરાંત છુટક માણસને મોટે ભાગે મદદ કરવામાં આવી છે. જબરાં સંકટો વેળા નીચે મુજબ મદદ આપી છે ૧૯૦૯–૧૦માં રૂ૧૭૩૬૨, ૧૯૧૦–૧૧માં રૂ૫૧૭૦, ૧૯૧૧–૧૨માં રૂ૪૭૩૨ અને ૧૯૧૨–૧૩ માં રૂ૨૦૦૦૦. ૧૯૧૧–૧૨ નાં સાલનાં મોટા દુકાળનાં સંકટ વખતે ઉપલી રકમ ઉપરાંત રૂ૮૮૩૯૧ આપયા હતા. મોટા સંકટોમાં પેરીસ શેહેરની રેલ, ચીપલુનની આગ, અદાનામાં ખ્રીસતીઓની કતલ, નાગપોર મધેની મરકી, સીરોલીની આગ, નવસારી મધેની મરકી, દેરા ગાઝીખાન મધે આવેલી રેલ, ખંડવા અને મરદી અને શીકારપુરની આગ, ટીઇટેનીકવાળી સટીમરને લગતી હોનારતનાં સંબંધમાં ઉભાં કરેલાં લોરડ મેયરનાં ફંડમાં, ૧૯૧૨–૧૩નાં અહમદનગર જીલ્લાના દુકાળમાં, બાલકનની લડાઈ વેળા રેડ ક્રેસંટ ફંડમાં રૂ૫૦૦૦ અને પાલીતાણાની રેલમાં ૧૯૧૧–૧૨નાં દુકાળ વેળા મુંબઇ ઇલાકામાં તેમાં ખાસ કરીને ગુજરાત અને કાઠીયાવાડમાં મદદ આપી હતી. મનુસ્યજાતને ઉપયોગી થઇ પડે એવાં જાનવરોનું રક્ષણ કરવા માટે સખાવત કરવામાં આવી હતી. આ સખાવત ખાસ કરીને ઘોડા અને કુતરા માટે વપરાઇ છે. સરકારે ત્રસટીઓની સુચના સવીકારી છે કે મુંબઇ

ઇલાકામાં જરૂર પડે ત્યાં સીવીલ વેટરીનરી આસપીટલો બાંધવી અને તેને મરહુમ શેઠ વાડીઆનું નામ આપવું તથા સરકાર અને ત્રસટીઓએ ખરચમાં સરખો હીસ્સો આપવો. અત્યાર સુધી રૂ૩૦૦૦૦ આપયા છે અને હવે દર વરસે રૂ૧૫૦૦૦ આપવાના છે અને સરકારે પણ દર વરસ તેટલોજ ફાળો આપવાનો છે. આ મદદ દરેક જીલ્લામાં ગોઠવણ થાય ત્યાં સુધી ચાલુ રહેશે. કેળવણીના સંબંધમાં ખરચ કરયો છે તે માટે વીલમાં ખાસ ફરમાન નથી. ત્રસટીઓએ વીલમાં બખ્શવામાં આવેલી મુનસફીનો ઉપયોગ કરયો છે. કેળવણી પાછળ ૧૯૦૯–૧૦માં રૂ૧૭૮૧૨, ૧૯૧૦–૧૧ માં રૂ૮૩૪૧૮, ૧૯૧૧–૧૨માં રૂ૮૬૮૯૬ અને ૧૯૧૨–૧૩માં રૂ૧૦૦૬૨૭ ખરચ્યા છે. આ મદદ મેળવનારાઓમાં જુવેલની સેંટ જોસફ સ્કુલ, પુના મધેની પારસી કન્યાઓ માટેની દસતુર નોશેરવાન હાઇ સ્કુલ, મહાબલેસ્વર મધેના ગરીબો માટેનાં ઈંનડસ્ત્રીયલ હોમ, કરાંચીની વીરબાઇજી એંગલો વરનાકયુલર સ્કુલ પરેલની કોનવેંટ સ્કુલ, આંધળાઓ માટેની મીસ મીલારડની સ્કુલ, જરથોસ્તી શીક્ષણનો ફેલાવો કરનારી મંડળી, ફરગયુશન કોલેજ, સીરૂર મધેની સર દીનશાહ પીટીટ ઇન્ડસ્ત્રીયલ સ્કુલ, પારસી છોકરીઓ માટેની બાઇ મોટલીબાઈ વહાડયા વરક કલાસ, ભરૂચની બાઇ મોટલીબાઇ વહાડયા કન્યાશાળા, નારગોળના છોકરાઓ માટેની એન. એમ. વહાડયા સ્કુલ, પુનાની મહીલા વીદયાલય, વાંદરાની સેંટ જોસફ કોનવેંટ સ્કુલ, એલેકઝાનડરા નેટીવ ગરલસ ઇંગ્લીશ ઇન્સટીટયુશન, પંજાબના દેવસમાજ, અહમદનગરની ઇન્ડસ્ત્રીયલ સ્કુલ, અને મુંબઇ ઈલાકા માટેની વેપારી કોલેજ હતી. લાયક વીદયારથીઓને સ્કોલરસીપો આપી છે, તેમાં નવ જણ આઈ. સી. એસ. આઇ. એમ. એસ. અને સીવીલ એનજીનીયરીંગ માટે ઇંગલંડમાં અભ્યાસ કરે છે, જયારે બે જવાન બાનુઓ અમેરીકામાં તબીબી અભયાસ કરે છે. ગરીબ પારસીઓ માટે ચાલીઓ બાંધવાનું ફરમાન અત્યાર સુધી અમલમાં મેલાયું નથી. આ કામ માટે બાઈ મોટલીબાઇના પીતા મરહુમ શેઠ જહાંગીરજી નશરવાનજી વાડીયાની માલેકીની વડવાઓની મીલકત જાથુક માટે પટે લીધી છે. તે આંબોલીમાં માલકમબાગ એસ્ટેટને નામે ઓળખાય છે, અને તે બરતમાં ૩૫ એકર છે. નામના દરે ત્યાં ગરીબ વચલે વાંધેના અને ઉપલા વચલા વરગના માટે ચાલીઓ બાંધી તેમને ત્યાં વસાવવા ધારયા છે. વળી બીજાઓને પણ ત્યાં પટે જમીન આપી મકાન બાંધવા દેવામાં આવશે. પરચુટણ સખાવત પાછળ ૧૯૦૯–૧૦માં રૂ૧૪૦૧, ૧૯૧૦–૧૧માં રૂ૫૦૦૦, ૧૯૧૧–૧૨માં રૂ૩૬૫૪૨, અને ૧૯૧૨–૧૩માં રૂ૫૪૧૫૧ આપયા છે. અહમદનગરના જાહેર બાગ માટે રૂ૫૦૦૦, ઉદવાડાના બાઇ મોટલીબાઇ રોડ માટે રૂ૬૦૦૦, ઇન્છાપોર સુંવાલી રોડ માટે રૂ૩૦૦૦, યુનીયન જેક કલબને રૂ૧૦૦૦, ઉદવાડાના ધરમશાળાને રૂ૧૨૦૦૦, નામદાર શહેનશાહની તાજપોશી વખતે ગરીબોને ખવાડવા રૂ૧૦૦૦૦, પીઠાં સ્ટ્રીટમાં એક મકાન ખરીદવા રૂ૧૩૦૦૦, સર જે. જે. આરટ સ્કુલનાં જીમખાના માટે રૂ૧૦૦૦, કલકતાની અગીઆરીમાં એન. એમ. વાડીયા હોલ માટે રૂ૧૫૦૦૦, ઉદવાડાના આતશબેહેરામનાં મકાનના સમારકામ માટે રૂ૪૦૦૦, ઇંદોરની પારસી અંજુમનને રૂ૨૦૦૦, અને ભાયખલાની વાઇ. એમ. સી. એ. ની ઈમારત માટે રૂ૧૦૦૦૦ આપયા છે. અમો ત્રસ્ટીઓએ અમારી ફરજ ઉતમ રીતે બજાવવાને બનતી તજવીજ કરી છે. દર બુધવારે સભા મેળવીયે છીયે. કામ કાંઇ સેહેલું નથી, પણ સઘળા વરગના દીલસોજ મીત્રો તરફથી ઉતેજન અને ટેકા મળ્યા છે. માજી ગવરનર લોરડ સીડનહેમે એક ઉતમ સલાહકાર, રાહબર અને મીત્ર તરીકે મદદ કરી હતી જે માટે તેવણના મોટા આભારી રહીશું. રીપોટ વાંચી રહયા પછી રમતગમતના અખાડામાં ફતેહમંદ ઉતરેલાઓને સર બેસીલ સકોટે ઇનામો વેહેંચી આપયાં બાદ એવણે પ્રસંગને અનુસરતું વીવેચન કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

જરથોસ્તી અંજુમનના આતશબેહરામ સાહેબની રોજ ૩ જે માહા ૨ જાને દીને પડેલી સોળમાં વરસની સાલગ્રહને દીને વંચાયલા રીપોરટ મુજબ બાજ રોજગાર વગેરે કરાવવા માટે મળેલા

વલસાડ ખાતે મેટરનીટી ઈનસ્ટીટયુટનો પાયો નાખવાની થયલી ક્રીયા—વલસાડ ખાતે ત્યાંની સર દી. એમ. પીટીટ ડીસપેનસરીના કમપાઉન્ડમાં ખાનબાહાદુર કાવસજી ધનજીભાઇની સખાવતથી અને સરકારી ગ્રાંટથી બાંધવામાં આવનારી મેટરનીટી ઇનસ્ટીટયુટનો પાયો નાખવાની ક્રીયા એક મેળાવડા સનમુખ તા૦ ૯ મી નવેમબરે યાને રોજ ૨૯ મો માહ ૨ જાને દીવસે સુરતના કલેકટર મી૦ એનડરસને સાંજે કરી હતી. મી૦ ભગવાનદાસ વીજભુખણદાસે રીપોરટ વાંચતા જણાવયું કે સુવાવડ જેવા વખતે ઘણીજ અડચણ પડતી હોવાથી આવા ખાતાંની ઘણી જરૂર જણાઇ હતી. આથી ખા૦ બા૦ કાવસજી ધનજીભાઇ ધનભુરાએ તા૦ ૧૯ મી સપટેમબરે સને ૧૯૧૦ ને દીને પાસ થયલી એક દાયણને પોતાને ખરચે પેહેલવેહેલી રોકી હતી, જેથી લોકોને ઘણો ફાયદો થયો હતો. એ વખતે ખા૦ બા૦ કાવસજીએ ૩૮૦૦૦ આપવાથી અને વલસાડ મ્યુનીસીપાલીટીએ ૩૩૨૦ ની અને ડીસ્ટરીકટ લોકલ બોરડે ૩૧૬૦ ની વારસીક ગ્રાન્ટ આપવા કબુલ્યાથી સને ૧૯૧૦ થી આ ખાતું હસ્તીમાં આવ્યુ હતું. સુવાવડખાતાંની એક હાસપીટલ તરીકે ખાનગી ઘરમાં ચલાવવાથી એક સારા મકાનની જરૂર માલમ પડી હતી. આ ખાતાંને સ પુરણુ બનાવવાને અને સુવાવડ માટે યોગય સુવાવડખાતું પુરૂં પાડવાને ખાન બાહાદુર કાવસજીએ અગાઉ ઘણી કીમતી મદદ આ ખાતાંને આપી હતી. તે ઉપરાંત તેવણે બીજા વધુ ૩૪૫૧૯ ની મદદ કીધી છે અને નામદાર સરકારે તેટલીજ મદદ કરવાથી આ મકાન બાંધવામાં આવશે. એ પછી કલેકટર મી૦ એનડરસને પાયો નાંખવાની ક્રીયા કરવા બાદ એવણે પ્રસંગને અનુસરતું ભાશણ કરતાં ખા૦ બા૦ કાવસજીની સખાવતની સ્તુતી કરી જણાવ્યું કે આ મેટરનીટી ઈનસ્ટીટયુટનું મકાન બંધાયાથી કસબાની મુખ્ય હાજત તળશે અને ઉપયોગી ખાતું થઇ પડશે. એ પછી ખા૦ બા૦ કાવસજીએ મી૦ એનડરસન તથા તેમના બાનુનો તથા હાજર રહેલાઓનો ઉપકાર માની પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

પારડીમાં ખુલ્લું મુકાયલું કન્યાશાળાનું મકાન—શેઠ રૂસતમજી સોરાબજી પંચરઈવાળાએ કન્યાશાળા માટે આપેલું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા તા૦ ૧૧ મી નવેમબર યાને રોજ ૧લો માહા ૩ જાને દીવસે સુરત ડીસ્ત્રીકટના કલેકટર મી૦ એનડરસને એક મેલાવડા સનમુખ કરી

હતી. શરૂઆતમાં છોકરીઓએ ગીતો ગાયા પછી ડેપ્યુટી એડજ્યુકેશનલ ઇનસપેક્ટર મી૦ શાસ્ત્રીએ ભાષણ કરતા શેઠ રૂશતમજીની સખાવત માટે સ્તુતી કરી જણાવ્યું કે આ પારડી કન્યાશાળા ૧૮૬૭માં શરૂ થઇ હતી અને આજે શાળામાં ૧૧૪ છોકરીઓ કેળવણી લેય છે. આ કન્યાશાળા શરૂઆતથી ભાડેના મકાનમાં હોવાથી સગવડ ભરીયા મકાનની જરૂર જણાતી હતી. શેઠ રૂશતમજીએ આ સુંદર મકાન કન્યાશાળાને લગતા દરેક સુધારા વધારા કરી ફરનીચર સાથે તેમજ રમત ગમતને માટે પાસેનો એક ખુલ્લી જગાનો કટકો આ કન્યાશાળાને ભેટ આપી હમેશની હાજત દુર કરી મોટો ઉપકાર કીધો છે. એ પછી મકાન ખુલ્લું મુકવામાં આવ્યા બાદ મીસીસ એનડરસને શેઠ રૂશતમજી તરફના ઇનામો મીઠાઇ સાથે વેંહચી આપ્યા હતા. કલેકટર મી૦ એનડરસને પ્રસંગને અનુસરતું વીવેચન કરતાં પારસીઓની સખાવતની સ્તુતી કરી શેઠ રૂશતમજીની બક્ષેશ માટે ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો

લાહોરની દરેહમેહર—લાહોરની શેઠ અરદેશર બેરામજી લીંબુવાલાની દરેહમેહર જે શેઠ અરદેશર લીંબુવાળાએ તા૦ ૩૦મી મારચ ૧૯૧૩ થી ત્યાની અંજુમનને સંપુરણ કીધી છે. એ દરેહમેહરના ત્રસ્ટીઓએ મુબઇવાલા દસ્તુરજી કેખશરૂ જામાસ્પજી મીનોચેરજીની આગેવાની હેઠળ ચાર દીવસ સુધી ઇજવાની કીયા કરાવી રોજ ૨૭ મો માહ ૩ જાને દીને યાને તા૦ ૭ મી દીસેમ્બર ૧૯૧૩ને દીને જશનની કીયા કરાવી એ મકાનમાં જુના દાદગાહ પાછા સ્થાપ્યા હતા. જશન કરવા પછી અગીયારીના સેકરેટરી શેઠ મે. ધ. ખારાસે વાયજ કરી નવા ટરસટીઓએ કરેલા સુધારા વીષે કેટલુંક વીવેચન કીધુ હતુ. તેમજ શેઠ અરદેશર લીંબુવાલાએ તથા બીજા સાહેબોએ નાણાની કરેલી મદદ માટે ઉપકાર માન્યો હતો. દસ્તુરજી કેખશરૂએ લીધેલી તસ્દી માટે એવણનો ઉપકાર માની દસ્તુરજી કેખશરૂને એક શાળ તથા પરસ બાઇ નવાજબાઇ અરદેશર લીંબુવાલાએ અંજુમન તરફથી ભેટ કીધી હતી એ પછી આ અગીયારીને આતશ દાદગામાંથી આતશ આદરાનમાં ફેરવી નાખવા કામાદોર કુટ એ કરેલી ૩૩૦૦૦ ની સખાવત કેવી રીતે ધીલમાં પડી છે તે વીષે વીવેચન કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

બાલાઘાટની સ્કુલનું ખુલ્લુ મેલાયલું મકાન—નાગપોરના જાણીતા વેપારી શેઠ બેરામજી પેસતનજી કટરાકટરે ૩૮૦૦૦ને ખરચે બાલાઘાટ ખાતે એક સ્કુલનું મકાન બંધાવી તેમાના ફરનીચર સાથે બાલાઘાટની ડીસ્ત્રીકટ કાઉનસીલને ભેટ આપ્યું છે. એ મકાન ખુલ્લું મેલવાની કીયા તા૦ ૨૨ મી નવેમબરે યાને રોજ ૧૨ મો માહા ૩ જાને દીવસે મધ્ય પ્રાંતો તથા બીરારના ચીફ કમીશનર સર બેનજામીન રોબરટસને એક મેલાવડા સનમુખ કીધી હતી. શેઠ બેરામજીએ એ સ્કુલને લગતું કેટલુંક વીવેચન કરતા જણાવ્યુ કે આ સ્કુલનો પાયો તા૦ ૧૫ મી સપટેમબર ૧૯૧૨ને દીને બાલાઘાટનાં ડેપ્યુટી કમીશનર મી૦ એફ. ડીવેરના ધણીયાણી મીશીશ ડીવેરે નાખ્યો હતો અને મી૦ ડીવેરના નામ ઉપરથી આ સ્કુલને "ડીવેર સ્કુલ"નું નામ આપ્યું છે. ભરવેલીની મેગેનીઝ માઇનસ ઉપર કામ કરતા મારા લગભગ બે હજાર મજુરો પોતાના બચ્ચાંને કેલવણી આપવાને ઇંતેજાર હોવાથી એ સ્કુલ સ્થાપવાનો વીચાર મેં કીધો અને મારા ધણીયાણી તથા બીજાઓએ ઉતેજન આપવાથી તથા તેનો ચાલુ નીભાવ કરવાનું ડીસ્ત્રીકટ કાઉનસીલે કબુલ કરવાથી આ મકાન બંધાવી તેમાના ફરનીચર સાથે ડીસ્ત્રીટ કાઉનસીલને અરપણ કીધુ છે. સ્કુલ ઉઘાડયા પછી લગભગ ૫૦ છોકરાઓ દાખલ થશે એ પછી સર બેનજામીને સ્કુલનું મકાન ખુલ્લુ મેલાયલું જાહેર કરી શેઠ બેરામજીએ કરેલી સખાવત માટે એમનો ઉપકાર માની પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

જાહાંબોરડીની દરેહમેહરનો પાયો નાખવાની થયલી કીયા—જાહાંબોરડી ખાતે બાંધવામાં આવનારી નવી દરેહમેહરના મકાનનો પાયો નાંખવાની કીયા રોજ ૮ મો માહા ૬ ઠાને દીને

સવારના સાત વાગે એક મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. જશનની કીયા ખલાસ થવા પછી એક ત્રસ્ટી શેઠ ફરામજી નશરવાનજી જાંહીવાલાએ કેટલુંક વીવેચન કરતાં જણાવ્યુ કે આશરે નવ વરસ ઉપર અતરેના રહીશ મરહુમ શેઠ રૂશતમજી ભીમજીભાઇ જાંહીવાળાના ઉઠમણામાં ભરાયલા નાણામાંથી અગીયારી બાંધવી એવો અંજુમને ઠરાવ કીધો હતો. અગીયારી માટેના મકાનની જમીન મરહુમ શેઠ રૂશતમજીના વારેસોએ અંજુમનને ભેટ આપી છે. મકાન બાંધવા માટે રૂ૭૦૦૦નું ફંડ અંજુમને ભેગું કીધું છે. એ ઉપરાંત કુવો અને આગલી તરફની કમપાઉડની દીવાળ અને દરવાજો મરહુમ શેઠ રૂશતમજીના વારેસોએજ બંધાવી આપયો છે. પાયાનું ઉપર સુધીનું બાંધકામ અતરેવાળા શેઠ બમનજી શાપુરજી કેનારવાળાએ કરાવી આપવા કબુલ્યું છે અને કંમપાઉંડની બાકીની ત્રણ બાજુની દીવાલ વગેરે કોઇ સખી ગૃહસ્થ બંધાવી આપશે એવી આશા છે. નીભાવ માટે અંજુમન પાસે કાંઇબી નાણુ ન હોવાથી અને લગભગ રૂ૨૦૦૦૦ જેટલી રકમ જોઈતી હોવાથી સખી જરથોસ્તીઓ આ ધરમના કામમાં મદદ કરશે એવી આશા છે. એ પછી ચાશની કરી મેલાવડો વીસરજન થયો હતો.

મઉની દરેમેહેરમાં બંધાયલો નવો હોલ—મઉની દરેહમેહરની સાલગ્રહ રોજ ૯મો માહા ૬ઠાને દીને પડી તે દીવસે એક મેલાવડા સનમુખ એ દરેહમેહરને લગતો નવો હોલ ખુલ્લો મેલવાની કીયા કરવામાં આવી હતી શરૂઆતમાં જશનની કીયા કરવા પછી દસ્તુરજી નોશેરવાનજીએ પ્રસંગને અનુસરતું વીવેચન કરી હોલ બાંધવાના કામમાં મદદ કરનારાઓનો ઉપકાર માન્યો હતો. એ પછી અન્જુમન તરફથી શેઠ જમશેદજી ભરૂચાએ શાલ, ચાંદીનુ એક ફ્લાવર વાઝ તથા પરસ દસ્તુરજી નોશરવાનજીને એનાયત કીધા હતા.

કરાંચી ખાતે બાઈ ગુલબાઇ નશરવાનજી મેહતા પારસી ચોલનો પાયો નાખવાની થયલી કીયા—કરાંચીના જાણીતા શહેરી ખાનબહાદુર નશરવાનજી રૂશતનજી મેહેતાના લાયકીવાળાં ધણીઆણી મરહુમ બાઇ ગુલબાઈએ ગુજરવાની બે મહીના આગળ રૂ૨૫૦૦૦ની કીંમતે કરાંચી ખાતે પારસી પંચાયતની વાડીના કમપાઉંડમાં એક ચાલ બાંધવાની પંચાયતના ત્રસટીઓ પાસે પરવાનગી માગી હતી. ત્રસ્ટીઓએ એ માટે કોરટની પરવાનગી માંગી અને તે તેમને મળવાથી રોજ ૧૧મો માહા ૬ઠા ને દીને એ મરહુમ બાઇના ગુજરવાનો દીવસ હોવાથી એ ચોલનો પાયો નાંખવાની કીયા કરવામાં આવી હતી. જશનની કીયા કરવા પછી કરાંચીના દસ્તુર ડાકટર માણેકજી નશરવાનજી ધાલા એમ. એ., પી. એચ. ડી. એ. પાયો નાખવાની કીયા કરવા બાદ મરહુમ બાઇના ભલા ગુણોની સ્તુતી કરી હતી. આ ચોલ ત્રણ ગાળાની એક માળની થશે જેમાં છ કુટુંબ ઘણી સારી રીતે સગવડતાથી રહી શકશે. એ ચાલી ખુલ્લી હવાવાલી જગામાં આવેલી છે અને મધ્યમ વર્ગના પારસીઓને ભાડે આપવામાં આવશે. એ ચોલનું ભાડું દર મહીને આસરે રૂપ્યા એકસો ઉપજશે એમાંથી સમારકામ માટે દશ ટકા કાપી લઇ બાકીના નાણા ત્રસ્ટીઓની નજરમાં આવશે તેમ કેળવણી ખાતાના કામમાં વાપરવામાં આવશે એ ચોલનો વહીવટ જુદા પાંચ ત્રસ્ટીઓ કરશે જેમાના ત્રણ જણાઓને પારસી પંચાયતના ત્રસ્ટીઓ નીમશે અને બાકીના બે જણાઓને ખા૦ બા૦ નશરવાનજી રૂ. મહેતા નેમશે. આ ચાલીની બાજુમા બીજી એક ચાલ પારસી પંચાએતની વાડીમાં શેઠ એદલજી અસપદીઆરજી ખંભાતા તરફથી પારસીઓ માટે બાંધવામા આવે છે. બહેસ્તનશીન શેઠ અસપદીઆરજી ખંભાતાના પુણ માટે એવણના ઉઠમણામાં ભરાએલા આસરે રૂ૧૨૦૦૦ માંથી આ ચાલ બાંધવાનો ખરચ કરવામાં આવશે અને એને "અસપંદીયારજી ખંભાતા ચોલ" એવુ નામ આપવામાં આવશે. આ ચાલીની સામે પારસી પંચાએતની જગા ઉપર શેઠ બરજોરજી દુબાસ તરફથી એવણના મરહુમ ધણીઆણીના પુણ માટે એક ચોલ બાંધવામા આવે છે અને એને "બાઈ આવાબાઇ બરજોરજી દુબાશ ચોલ" એવું નામ આપવામાં આવશે.

વલસાડની ધી માણેકજી ધનભુરા વેટરનરી હાસપીટલનો પાયો નાખવાની ક્રયલી કીયા—વલસાડના જાણીતા શેહેરી ખા૦ બા૦ માણેકજી ધનજીભાઇ ધનભુરાની સખાવતથી ત્યાં બાંધવામાં આવનારી “ ધી માણેકજી ધનભુરા વેટરનરી હાસપીટલ ” નો પાયો નાંખવાની ક્રીયા રોજ ૭ મો માહા ૭ માંને દીને સુરતના કલેકટર મી૦ એનડરસન અને તેમના બાનુના હાથે એક મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. વેટરનરી હાસપીટલના ચેરમેન મી૦ કરસનજી દેશાઇએ રીપોરટ વાચતાં જણાવ્યું કે તા૦ ૧ લી અકટોબર ૧૯૦૯ થી એ ડીસપેનસરી નામદાર સરકાર તરફથી ચાલુ કરવામાં આવી છે અને હવે પછીબી સરકાર તરફથીજ ચલાવવામાં આવશે વલસાડ, પારડી અને ચીખલી તાલુકાઓમાના પ્રાણીઓની ઘણી સારી રીતે સારવાર કરવામાં આવી હતી. એ પછી કલેકટર મી૦ એનડરસને પાયો નાંખવાની ક્રીયા કરવા બાદ એત્રણે ભાષાણ કરતાં એ હાસપીટલ મુગા પ્રાણીઓ માટે ઘણીજ ઉપયોગી થઇ પડશે એમ જણાવયુ હતું, તેમજ એ મકાન બાંધવા સારૂ ખરચવામાં આવનારી એક દર રકમમાંથી અરધી રકમ એટલે રૂ૫૩૨૨ ખા૦ બા૦ માણેકજીએ આપ્યા તે માટે એવણુને સાબાશી આપી ઉપકાર માન્યો હતો. જે પછી મેલાવડો વીસરજન થયો હતો.

ગરીબ પારસીઓ માટે સસતા ભાડાંની ચાલી—અતરેના જાણીતા શેહેરી મરહુમ શેઠ નવરોજી ધનજીભાઈ ગોળવાળાની અસકયામતમાંથી ત્રસ્ટીઓ ડા૦ ફરામરોજ સોરાબજી જોશી, શેઠ ભીમજીભાઇ બરજોરજી મીસતરી અને શેઠ ધનજીશાહ ભીમજીભાઈ મીસતરીએ રૂપ્યા એક લાખની નાદર રકમ ખરચી ખેતવાડી ૮ મી ગલીમાં ગરીબ પારસીઓ માટે સસતાં ભાડાંની એક ચાલી બાંધીને તઇયાર કરી છે, જે ખોહલી મુકવાની ક્રીયા જમશેદી નવરોઝને દીને યાને રોજ ૧૧ મો માહા ૭માં ને દીવસે મજકુર ત્રસ્ટી સાહેબોની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. ગરીબો માટેની સસતાં ભાડાંની આ ચાલી ચાર મજલાની છે, અને તેમાં બધા મળીને ૧૯ બલોક છે. દરેક કુટું-બને ૨ ઓરડા અને ૧ રાંધણીની સગવડ આપવામાં આવશે, જે માટે ભાડું રૂ૬ મુકરર કરવામાં આવ્યું છે. ભાડાંની ઉપજની રકમ ગરીબ વરગના પારસી ખાતાંઓ પાછળ વાપરવામાં આવશે. આ મકાન ઉપર નીચલી તખતી કોતરવામાં આવી છે:—“મરહુમ શેઠ નવરોજી ધનજીભાઈ ગોળવા-ળાની અશો યાદમાં આ મકાન તેવણુના ત્રસ્ટીઓએ બંધાવ્યું છે યઝદેજરદી ૧૨૬૩.”

સકર ખાતેની આરામગાહની જગામાં બંધાયલું એબાદતગાહનું મકાન-સકર ખાતે ત્યાંની આરામગાહની જગ્યા ઉપર જમશેદી નવરોઝને દીને યાને રોજ ૧૧મો માહા ૭ માને દીવસે રવાનની ચોકસ ક્રીયા કામ કરવા માટે તથા રવાનની સાથે આવનારાઓને બંદગી કરવા માટે બાંધવામાં આવેલુ એબાદતગાહનું મકાન જશનની ક્રીયા કરી ખુલ્લું મેલવામાં આવ્યું હતું. જશનની ક્રીયા કવેતાની અગીયારીના પંથકી એરવદ જાહાગીરજી બરજોરજી સંજાણાએ કીધી હતી. આ મકાનનો ખરચ સકરની આરામગાહના ફંડમાંથી કરવામાં આવ્યો છે જે પાછલ લગભગ રૂપ્યા પાનસો સુધીનો ખરચ થવા ગયો હતો

આકોલા ખાતે ખુલ્લી મુકાયલી ડીસપેનસરી—આકોલા ખાતે લાંબો વખત થયા એક દવાખાના વગર ત્યાના રહીશોને ઘણીજ હાડમારી ખમવી પડતી હોવાથી અને એક દવાખા-ણાની જરૂર માલમ પડવાથી કારવારના જાણીતા રહીશ ખાનસાહેબ દાદાભાઇ રતનજી બલસારા તરફથી આકોલા ખાતે એક ડીસપેનસરી ચાલુ કરી તા૦ ૧૦ મી એપ્રીલે યાને રોજ ૧લો માહા ૮માને દીવસથી જાહેર પ્રજા માટે ખુલ્લી મુકવામાં આવી છે જેથી ત્યાં ઘણી સગવડ થવા પામશે. આ ડીસપેનસરીને “ખાન સાહેબ દાદાભાઈ રતનજી બલસારા ડીસપેનસરી” એવુ નામ આપયું છે. ખાન સાહેબ દાદાભાઇની ઉદારતા માટે આકોલાની પ્રજાએ એવણુનો તેમજ નામદાર સરકારનો ઉપકાર માન્યો હતો.

ઉડવાડા નંજદીકના વટાર ગામની સ્કુલનું ખુલ્લું મેલાયલું મકાન—મુંબઇના જાણીતા વેપારી શેઠ ઉકરજી કાવસજી ઉમરીગરે ઉડવાડાના રેલવે સ્ટેશનથી ચાર માઇલ દુર વટાર

ગામમાં સ્કુલ માટે બંધાવી આપેલું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૧૯ મો માહા ૮ માને દીને એક મેલાવડા સનમુખ ખેતીવાડી ખાતાંના સુપ્રીનટેનડંટ ખા૦ બા૦ પી. આર. મેહતાના પ્રમુખપણા હેઠળ કરવામાં આવી હતી. શરૂઆતમાં જશનની ક્રીયા કરવા બાદ શેઠ ઉમરીગર તરફથી મકાન કેવા સંજોગ વચ્ચે બાંધવામાં આવ્યું તે વીશે વીવેચન કરવા બાદ પ્રમુખે મકાન ખુલ્લુ મેલાયલું જાહેર કરી શેઠ ઉમરીગરે કરેલી સખાવત માટે ઉપકાર માની આ સખાવતથી ગામના લગભગ બસો બાળકોને કેળવણીના રૂડા ફળ ચાખવાનો લાભ મલશે તે માટે વીવેચન કરીને ગામલોક તરફનું માનપત્ર ચાંદીના કાશકેટ શાથ શેઠ ઉકરજી ઉમરીગરને એનાયત કીધું હતું. શેઠ ઉકરજી તરફથી એવણના વડા બેટા શેઠ સોરાબજીએ ગામના લોકો તરફથી આપવામાં આવેલા માન માટે ઉપકાર માની જણાવ્યું કે અમોએ અમારી ફરજ બજાવી હતી. આ સ્કુલમાં લગભગ દોઢસો છોકરા છોકરીઓ ગુજરાતી ૭ માં ધોરણ સુધી કેળવણી લેયછે. એનુ મકાન બીસમાર થવાથી સરકારી કેળવણી ખાતાએ નવું મકાન બાંધવા જણાવવાથી અને ગામના ખેડુત વરગના લોકોની સ્થીતી સારી નહીં હોવાથી શેઠ ઉકરજી ઉમરીગરે સુરતના કલેકટરને રૂ૩૫૦૦ આપ્યા કે એમાંથી મકાન બાંધી એ સ્કુલનું નામ "શાવકશાહ સોરાબજી ઉમરીગર સ્કુલ" એવું નામ આપવું.

માડવીખાતે સ્કુલના મકાનનો પાયો નાખવાની થયલી ક્રીયા—સુરત જીલ્લાના માંડવી કસબામાં લગભગ ૨૨ વરસ થયા એક એંગલો વરનાક્યુલર સ્કુલ ચાલે છે. એ સ્કુલ માટે બાંધવામાં આવનારા મકાનનો પાયો નાંખવાની ક્રીયા એક મેલાવડા સનમુખ સુરત જીલ્લાના કલેકટરના પ્રમુખપણા હેઠળ તા૦ ૨૮મી એપ્રીલ યાને રોજ ૧૯મો માહ ૮માને દીને કરવામાં આવી હતી. હાજર રહેલા કેટલાક ગ્રહસ્થોએ પ્રસંગને અનુસરતુ વીવેચન કરવા પછી પ્રમુખે પાયો નાખવાની ક્રીયા કરી ખા૦ બા૦ કાવશજી ધનજીભાઇ ધનભુરાની સખાવત માટે સ્તુતી કરી હતી. એ મકાન બાંધવા પાછલ લગભગ રૂ૫૦૦૦ નો ખરચ થશે તેમાં ખા૦ બા૦ કાવશજી ધનભુરાએ રૂ૨૦૦૦ ની મદદ કીધી છે. વળી મેલાવડામાં હાજર રહેલાઓએ સ્કુલને નાણાની મદદ કીધી હતી તેમા ખા૦ બા૦ બમનજી એદલજી મોદીએ રૂ૧૦૧ ભેટ આપ્યા હતા.

તેહરાનમાં ખુલ્લી મેલાયલી જરથોસ્તી છોકરીઓની સ્કુલ—ઇરાનના પાયતખત તેહરાન શેહરમાં મુબઇના બે સખી વજુદ બેહનો બાઇ જરબાઇ સોરાબજી ખંબાતા અને બાઇ સુનાબાઈ જાહાંગીર કટેલી તરફથી જરથોસ્તી છોકરીઓ માટે બાંધવામાં આવેલી કન્યાશળાનું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા પેગમબર સાહેબ અસો સપેતમાન જરથુસ્તના દીસાના પવીત્ર દીવસે યાને રોજ ૧૧ મો માહા ૧૦ માને દીને સાંજે ઇરાની ઉમરાવો તથા જરથોસ્તીઓના એક મોટા મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. શરૂઆતમાં ત્યાની અંજુમનના સરનશીન અરબાબ કેખશરૂ શાહરોખ કેરમાની તે ઇરાની પારલામેંટના મેંબરે એ કન્યાશાળા બંધાવનાર બેઉ સખી બેહનોનો ઉપકાર માની શાળાને લગતી વીગત કહેતા જણાવ્યું કે યઝદેજરદી સને ૧૨૮૩ના ફરવરદીન મહીનાના હોરમજદ રોજે આ શાળાનાં તથા અગીયારીના પાયાની ક્રીયા થઇ હતી. તે પછી આ શાળાનું મકાન બંધાઇ તૈયાર થયું છે જે આજે ખુલ્લું મુકવામાં આવશે. તેહરાનના જરથોસ્તીઓએ પોતાના છોકરાંઓને આઠ વરસ અગાઉ પારકા પંથની સ્કુલમાં મોકલવાના બંધ કરી,પોતા માટે એક જુદી સ્કુલ સ્થાપી હતી. હીંદુસ્તાનના સખી જરથોસતીઓની મદદથી બની શકયુ તેમ કેળવણી આપવામાં આવતી હતી અને યઝદ તથા કેરમાનમાં પણ સ્કુલો ખોલવામાં આવી હતી. સખી બેનો બાઈ જરબાઇ સો. ખંબાતા તથા બાઇ સુનાબાઇ જાહાંગીર કટેલીએ પોતાના મરહુમ બાઈ એરચશાહ રતનજી દુબાશના પુણ્ય માટે આ સ્કુલનું મકાન બાંધવાને હીંદુસ્તાનના સીકાના રૂપ્યા દશ હજાર આપ્યા હતા. મરહુમ એરચશાહની સબી આ મકાનમાં મુકી છે. જે જગા ઉપર આ મકાન બંધાયું છે તે જગા તેહરાનની જરથોસ્તી અંજુમને ખરીદેલી જગાનો એક ભાગ છે. શેઠ બેહરામ બીખાજી જેવણ

આ કામ માટે બહુ મેહનત કરે છે. તેવણે આપેલા પલાન મુજબ મકાન બાંધ્યું છે. આ મકાનના ત્રસ્ટીઓ અરબાબ શેહેરીયાર બેહરામ અને મીરઝાં અસપંદીયાર રૂસતમ છે અને મેનેજર તરીકે મારાથી બનશે તેટલી સેવા બજાવતો રહીશ. આ સ્કુલનું જુનું મકાન મરહુમ શેઠ અસપંદીયાર ખોદા-દાદે ભેટ આપ્યું હતું અને એ નાનુ હોવાથી ૩૮ છોકરીઓ અભીયાસ કરતી હતી. પણ હમણાનું મકાન મોટું હોવાથી વધુ છોકરીઓ લેવામાં આવશે. એવોને ફારસી ઉપરાંત ખગોળ, એરીથમેટીક, ઓલજીબ્રા અને ધરમનું જ્ઞાન આપી ગુથણ તથા ભરવાનું કામ શીખવવામાં આવે છે. તેમજ ગલીચા વણવાનો હુનર પણ શીખવવાનો ઇરાદો છે. ૭ વરસ અગાઉ છોકરીઓની કેળવણીનું નામ પણ ન હતું. છોકરાઓ તથા છોકરીઓની બેઉ શાળાનું ઉપરીનું કામ ભાઈ મુરતઝુંમ હુમાયુન કરે છે. છોકરાઓ માટે હાલમાં ૫૨ ઇનામો સ્થાપ્યા છે. તેહરાનમાં વસતા જરથોસ્તી છોકરાંઓમાં ૯૫ ટકા કેળવણી લેછે. ઘણા માબાપો ગરીબ હોવાથી કાંઇપણ પગાર લેવામાં આવતો નથી. છોકરાંઓની કેળવણીનો ખરચ તેહરાનની અંજુમન કરે છે. બે વરસ થયા ચીન તથા હીંદુસ્તાનમાં વસતા જરથોસ્તીઓ મદદ કરે છે તે માટે તેઓનો ઉપકાર માન્યે છીએ. દરેમેહરનું મકાન જે તખને જમશીદના આકાર જેવું બંધાય છે તે હજી પથરો મલવાની અડચનોને લીધે બધાઇ તૈયાર થયું નથી. એ પછી પરદેશખાતાંના પ્રધાને ભાષાણ કરતાં જણાવ્યું કે વખાણવા જેવા કામો જરથોસ્તીઓ કરે છે. તેઓ અસલ આપણા ઇરાનીઓ છે. તેઓનું અસલ પારસી લોહી તેઓને ઉશકેરે છે અને પોતાના અસલ વતનમાં વસતા જરથોસ્તીઓને વીસ-રતા નથી ને મદદ કરે છે. એવા ઉમદા ખવાસના આપણા પારસી ભાઇઓ છે. ઈરાની સરકાર તેઓના આવા સારા કામો સંભાળથી જોઈ પરગજુ ખવાસને વખાણે છે અને ઉમેદ રાખે છે કે ઈરાન અને ઇરાનીઓ તરફ તેઓની લાગણી એવી કાયમ રહે ઇરાની સરકાર વધુ ઉમેદ રાખે છે કે તેઓ પોતાના અસલ વાહાલા વતન તરફ પાછા ફરશે. કેળવાયલાં ઉમદા ઈરાની બચાંઓ જેઓ બહુ લાંબો વખત થયા પોતાને વતનથી દૂર છે તેઓ પોતાને વતન પાછા ફરી વતનને ઉધારશે. સખી બેનોએ આ મકાન બંધાવ્યુ છે તેઓનો ઉપકાર માન્યે છીએ અને બીજા સખી સાહેબો આ દેશના પોતાના ભાઈબંદોને ફાયદો થાય તેવા બીજા કામો કરશે. એ પછી જાહેર કેળવણીખાતાનાં પ્રધાન હકીમ ઉલમુલક તરફથી તેઓના નાયબ વજીરે જણાવ્યું કે આ મકાન થોડા વખતમાં તૈયાર થયું તે જોતા મને ખુશાલી પેદા થાય છે અને એમાં કેળવણી માટે સરવે સરંજામબી ગોઠવવામાં આવ્યો છે. આપણા અસલ પારસી ભાઈ બેહનો જેઓ આ દેશના વતની હતા અને જેઓએ પોતે જ્ઞાનની રોશનીનો ફાયદો મેળવ્યો છે તેઓ તેજ રોશની પોતાના અસલ વતનમાં વસતા ભાઇ બેહનો તરફ ફેંકવાને અને તેઓને તેમાં ફતેહ મેળવવાને મદદ કરશે. તેઓએ યઝદ અને કેરમાનમાં વસતા જરથોસ્તીઓ માટે ઘણું કરયું છે. આ બેઉ સખી બાઇઓને મુબારક બાદી આપુછું, તેમજ અરબાબ કેખશરૂના વખાણ કરૂછું કે એવણની જેહમતથી ઘણી નીશાળો ઇરાનમાં ઉઘડી છે અને શેઠ બેરામજી ભીખાજીએબી આ કામ પાછળ જે મેહનત લીધી છે તેઓનોબી ઉપકાર માનવો જોઇએ. હવે આપણા શેહેનશાહ સુલતાન અહમદશાહના બખતાવર નામના આશીરવાદથી અને અંતઃકરણના સંતોશ અને વખાણ સાથે આ મકાનના દરવાજાઓ હું ખોલુંછું. એ પછી વજીર સાહેબે મકાન ખુલ્લું મેલાયલું જાહેર કીધા બાદ હાજર રહેલાઓએ રીફ્રેશમેન્ટ લીધું હતું. સ્કુલમાં અભીયાસ કરતી ૩૮ છોકરીઓ ભેગી મળેલી મીજલસ સનમુખ આવીઓ હતી, તેઓમાંથી એક ૧૩ વરસની છોક-રીએ હીમતથી કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે, આદમ જાતનું તારણ કરવાનો રસ્તો કેળવણી માત્ર છે. સખી બાનુઓએ કરેલી કીમતી મદદ માટે ઉપકાર માન્યે છીએ વગેરે વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો. આ કન્યાશાળાના મકાનમાં બધા મળી આઠ ઓરડાઓ, અને પાછલા ભાગમાં ગયાલરી માફક એક મોટો ઓરડો છે.

બાહરકોટની શેઠ જમશેદજી પીટીટ લાયબ્રેરી—બાહારકોટની જમશેદજી નશરવાનજી પીટીટ બહારકોટ ઇમપરૂવમેંટ લાઇબ્રેરીના સભાસદોની એક સભા ગયા ડીસેમ્બર માસમાં ડા૦ બેજનજી દાદાભાઇ કાપડયાનાં પ્રમુખપણાં હેઠળ મળી હતી. જે વખતે ડા૦ દીનશાહ બમનજી માસ્તરે જણાવ્યું કે બહારકોટની પારસી વસ્તી બહાર જવાથી આ જુનું ખાતું બંધ કરવામાં આવે છે. ૧૮૫૮ માં મરહુમ શેઠ હોરમસજી શેઠનાની અને બીજા જરથોસ્તીઓની કાળજીથી આ ખાતું ચલાવવામાં આવયું હતું. મરહુમ બાઈ દીનબાઈ પીટીટે રૂ૧૨૦૦૦ વયાજ વાપરવાની શરતે આપ્યા હતા કે લાઇબ્રેરી બંધ થાય તો ઓરફનેજમાં લેવા. આ બાબત ઉપર સર દીનશાહ માણેકજી પીટીટ સાથ મને વાત થઇ છે. જો લાઇબ્રેરી બીજે ઠેકાણે લઇ જવામાં આવે અને જુનું નામ ચાલુ રહે તો તેને વ્યાજ આપવાનુ ચાલુ રાખવાની ઉમેદ બતાવી છે, માટે હું ઠરાવ રજુ કરૂં છુ કે બહારકોટ જરથોસ્તી વસ્તીનો અનીઘણો ઘટાડો થવાથી શેઠ જ. ન. પીટીટ લાઇબ્રેરીના મેમબરોની સંખ્યામાં ઘટાડો થયલો હોવાથી લાઇબ્રેરી પછવાડે થતો ખરચ નકામો જવાને લીધે આ લાઇબ્રેરી તા૦ ૧ લી જાનેવારી ૧૯૧૪ થી બંધ કરવાનો ઠરાવ આ સભા કરે છે. આ લાઇબ્રેરીની ચોપડીઓ તથા ફરનીચર બીજે કોઈ ઠેકાણે ઉપલેજ નામની લાઇબ્રેરી ઉઘાડવા અથવા તો કોઇ હઇયાત લાઇબ્રેરીને આપવા અથવા કોઇ બીજી જગાએ નવી લાઇબ્રેરી ઉઘાડવાને માટે બંદોબસ્ત કરવાની સઘળી સતા હાલની લાઇબ્રેરીની કારોબાર મંડળીને આ સભા આપે છે. બીજો ઠરાવ નીચે મુજબ પસાર કરયો હતો કે આ લાઇબ્રેરીને મરહુમ શેઠ ફરામજી દીનશા પીટીટે ૨૧૦૦૦ નુ પોરટ ટ્રસ્ટ બોંડ ભેટ આપયુ છે તે શેઠ ન. મા. પીટીટ ચેરીટી ફંડના ટ્રસ્ટી સાહેબોને નીચલી શરતે હવાલે કરવુ —હવે પછી જો મુંબઇમાં કોઇ બીજે ઠેકાણે બીજી લાઇબ્રેરી શેઠ જ. ન. પીટીટ બ. ઈ. લાઇબ્રેરીને નામે ઉઘાડવામાં આવે તો તેને આ બોંડનું વીયાજ તેના ખરચને માટે ત્રસટીઓ આપે એ પછી એ લાઇબ્રેરીનો કારોબાર જરથોસતી કોમના લાભ સાચવનારી મંડળી હસતક મેલવામા આવયો છે અને એ લાઇબ્રેરી જુલાઇ માસથી ખુલ્લી મુકવામાં આવી છે. મજકુર લાઇબ્રેરીના નીભાવ માટે એ લાઇબ્રેરીના ત્રસટીઓએ પોતાના હસતકના એ લાઇબરેરી માટેના અનામત ફંડની ૩૪૧૦ને આશરેની વારસીક ઉપજ તેમજ "બાહરકોટ બચાવ ફંડ"ના ત્રસટીઓએ ૩૩૫૦૦ ની ગવરનમેંટ પ્રોમીસરી નોટ તથા વયાજના આશરે ૩૪૦૦ જેટલી રકમ જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીને આપી છે. તેમાંથી ખરચ વગેરે એ મંડળી તરફથી કરવામાં આવશે લાઇબ્રેરીનો રીડીંગ રૂમ બરૂચા બીલ્ડીંગ, પ્રીનસેસ સ્ટ્રીટમાં સવારે ૮ થી સાંજે ૭ સુધી ખુલ્લો ગખવામા આવ્યો છે. એ મંડળીને બહારકોટ બચાવ ફંડના નાણા મલ્યા તેના સબંધમાં એ બહારકોટના પારસીઓના બચાવ ફંડને લગતી ફરીથીની સભા તા૦ ૧૭મી મેને દીને ડા૦ બેજનજી કાપડયાના પ્રમુખપણા હેઠળ મલી હતી, જયાં નીચલો ઠરાવ પસાર થયો હતોઃ—"બહારકોટ બચાવ ફંડમાં નાણાં ભરનારાઓ અને તેમના વારેસો તથા બહારકોટના હાલના તથા અગાઉ વસ્તા જરથોશતીઓની એક સભા જે તા૦ ૧૪ મી ડીસેમબર સને ૧૯૧૩ ને દીને બહારકોટ ખાતે ડા૦ બે. દા. કાપડયાનાં પ્રમુખપણા નીચે મળી હતી તે વખતે એ બચાવ ફંડને માટે ઠરાવ પસાર કરી તેનાં નાણાં પંચાયત ફંડના ત્રસ્ટીઓને હવાલે કરવાનો ઠરાવ પસાર થયો હતો, તે ઠરાવ આ સભા રદ કરે છે અને તેને બદલે આજની તા૦ ૧૭ મી મે ૧૯૧૪ ને દીને મળેલી સભામાં થયલો નીચલો ઠરાવ પસાર કરે છે —બહારકોટ બચાવ ફંડના નાણાં ૩૩૯૦૦ આશરે જે હાલ મુંબઇ બેંકમાં ડા૦ બેજનજી દાદાભાઇ કાપડયા, મી૦ ફકીરજી રતનજી હાડવઈદ તથા ડા૦ દીનશાહ બમનજી માસ્તરના નામે સરકારી નોટોમાં રાખવામાં આવયાં છે તે નાણાં જરથોશતી કોમના લાભ જાળવનારી મંડળીના ત્રસ્ટીઓને નીચલી શરતે સપુરદ કરવાંઃ—આ રૂપયા ૩૩૫૦૦ની નોટો હમેશા અનામત રાખવી અને તેનું જે વયાજ આવે તે બહારકોટ ખાતેની "ધી જમશેદજી નશરવાનજી પીટીટ બહારકોટ ઈમપરૂવમેંટ લાઇબ્રેરી" જે આ મંડળીએ પોતાને સ્વાધીનમાં લીધી છે તેના ખરચ માટે વાપરવું અને મંડળીને વાજબી લાગે તેટલી સંખયામાં આ લાઇબરેરીનો ગરીબ જરથોશતીઓને મફત લાભ આપવો વગેરેના ઠરાવો પસાર થયા હતા.

કુડયાણાખાતેની ચેરીટેબલ ડીસપેનસરીનું ખુલ્લું મેલાએલું મકાન—હાંગકાંગના જાણીતા શેહરી શેઠ મનચેરજી જમશેદજી પટેલ જેવણ કુદીયાણાના રહીશ હોવાથી ૧૯૧૦ માં કુદીયાણા ખાતે પધારયા હતા ત્યારે એ ગામનાં રહીશોને ડાકટરની સલાહ તથા દવાની મદદ વગર ઘણી અડચન પડવાથી એવો સાહેબે પોતાના ખરચે એક દવાખાનું ખોલી ચાલુ કરયું હતું. દર વરસે પંદર સતર હજાર માણસો એ દવાખાનાનો લાભ લઇ જવાથી શેઠ મનચેરજી ૧૯૧૪ માં પાછા કુડયાના ખાતે પધારયા ત્યારે એ દવાખાનાની ખરી જરૂર જણાયાથી એક મકાન એ દવાખાના માટે આપાવ્યું છે. એ ઉપરાંત ડાકટરને રહેવા સારૂ ત્રણ ઓરડા અને ઓપરેશન રૂમ તથા એકઝામીનેશન રૂમસો મળી પાંચ રૂમસનું એક મકાન લગભગ રૂ૩૧૦૦ નો ખરચ કરી બંધાવી આપ્યું છે, અને રૂ૪૦૦ ના ઓજારો વગેરે ખરીદી આપ્યા હતા. એ દવાખાનાનું નામ "કુડયાણા ચેરીટેબલ ડીસપેનસરી" રાખ્યુ છે આ મકાન કુડયાના તાલુકાના ફરસટ કલાસ મેજીસ્ત્રેટ મી૦ એલ. પી. મહેતાએ તા૦ ૨૦ મી જુલાઇ યાને રોજ ૧૨ મો માહ ૧૧ માને દીવસે ખુલ્લું મુકવાની ક્રીયા એક મેલાવડા સનમુખ કીધી હતી. શેઠ મનચેરજી તરફથી ધરમાદા તરીકે નાતજાતના તફાવત વગર સરવેને મુફ્ત દવા આપવામાં આવે છે. એના નીભાવ માટે શેઠ મનચેરજીએ ચીનમા આવેલા કાલુન શેહરમાં રૂપ્યા ૩૫૦૦૦ ની કીમતે એક મોટું મકાન ખરીદી એ ડીસપેનસરીના લાગતા વલગંતાઓને સ્વાધીન કીધુ છે એ મકાનના ભાડાની ઉપજ વરસે લગભગ રૂ૨૦૦૦ આવેછે તેમાથી એ ડીસપેનસરીનો આખા વરસનો ખરચ કરવામાં આવે છે. આ ડીસપેનસરીવાળું મકાન જે ગયે વરસે શેઠ મનચેરજી તરફથી કુડયાનાની સ્કુલ માટે ભેટ આપવામાં આવ્યું હતું પણ સ્કુલ બરાબર નહી ચાલવાથી સ્કુલવાલું મજકુર મકાન ઉપર જણાવવા મુજબ ડીસપેનસરીના ઉપયોગ માટે આ વરસે આપવામાં આવ્યુ છે.

જનરલ વીલીયમ બુથ ટકરની યાદમાં બાંધવામાં આવનારા મકાનનો પાયો નાખવાની થયલી ક્રીયા—મુકતીફોજના સ્થાપક મરહુમ જનરલ વીલીયમ બુથ ટકરની યાદગારીમાં ભાયખલા તરફ બાંધવામાં આવનારા મકાનોનો પાયો નાખવાની ક્રીયા તા૦ ૨૩ મી મારચે યાને રોજ ૧૩ મો માહા ૭ માને દીને નામદાર ગવરનર લોરડ વીલીંગડને એક મેલાવડા સનમુખ કીધી હતી. એ પાછલ લગભગ રૂપ્યા બે લાખનો ખરચ થવા જશે. એ મુકતી ફોજનાવડા કમીશનર બુથ ટકરે કેટલુક વીવેચન કરતા જણાવ્યુ કે મરહુમ સ્થાપક વીલીયમ બુથની દુન્યામાં બધેબધ સ્થાપવામાં આવેલી યાદગારીમાની આ એક છે. અતરેના સખી શેઠયા શેઠ રતન જમશેદજી તાતાએ હીદમાં મરહુમ વીલીયમ બુથની યાદગારી જાલવવા ફંડ ઉભુ કરવા જણાવી એક લાખ રૂપ્યાની નાદર રકમ ભેટ આપી છે તે માટે એવો શેઠનો મોટો ઉપકાર માન્યે છીએ. એ પછી નામદાર ગવરનરેબી શેઠ તાતાની સખાવત માટે સ્તુતી કરી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

સેનેટરી એસોસીએશન માટે બાંધવામાં આવનારા મકાનનો પાયો નાખવાની થયલી ક્રીયા—મુબઇના સેનેટરી એસોસીએશન માટે પ્રીનસેસ સ્ત્રીટમાં નવા મકાનનો પાયો નાખવાની ક્રીયા નામદાર ગવરનર લોરડ વીલીગડને તા૦ ૨૫ મી મારચે યાને રોજ ૧૪ મો માહાં ૭ માને દીને એક મેલાવડા સનમુખ કીધી હતી. શરૂઆતમાં રીપોરટ વાચવામાં આવ્યો હતો. તેમા જણાવ્યું હતું કે એ એસોસીએશનની સ્થાપના સને ૧૯૦૩ માં થઈ હતી. એની મુળ નેમ એ છે કે ગરીબ વરગોમાં ભાષણો કરી તથા ચોપાન્યા છાપી સુખ સાંનતીની બાબદોમાં સારી સહલા તથા સમજણ આપવી. નામદાર ગવરનરે પાયો નાખવાની ક્રીયા કરી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો. ઉપલી ઇમારત બાંધવા માટે ઉઘાડેલાં ફંડમાં પારસીઓના ભરાયલા રૂ૨૧૩૮૦ માની મુખ્ય રકમો:—શેઠ રતન જ. તાતા રૂ૧૦૦૦૦, શેઠ સી. એન. વાડીઆ રૂ૫૦૦, સર દોરાબ જે. તાતા રૂ૧૦૦૦, શેઠ જમશેદજી એ. વાડીઆ રૂ૫૦૦, સર જમશેદજી જીજીભાઇ બારોનેટ રૂ૩૦૦, શેઠ ફીરોઝ સી. શેઠના રૂ૫૦ અને મરહુમ શેઠ એન. એમ. વાડીઆના ટ્રસ્ટીઓ રૂ૫૦૦૦, આ ફંડમાં બધી ન્યાતના મલી રૂ૭૦૩૭૬-૮ ભરાયા હતા.

સુરતની ડા૦ બાલીવાલાની ખુલ્લી મેલાયલી આંખની હાસપીટલ—ડા૦ કેખશરૂ કુવરજી બાલીવાલા તરફથી સુરત ખાતે આંખના દરદીઓ માટે એક ખાનગી હાસપીટલ ચાલુ કરવામાં આવી છે તે ખુલ્લી મેલવાની ક્રીયા તા૦ ૭ મી એપ્રીલે એક મેલાવડા સનમુખ મુંબઇના જાણીતા ડાક્ટર જમશેદજી એન. ડગન ડી. ઓ. એ કીધી હતી. એ હાસપીટલ સારૂ ચાર ઓરડાઓ રાખ્યા છે અને દરેક રીતની સગવડ કીધેલી જણાય છે. ડા૦ ડગને કેટલુંક વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો. વળી ડા૦ ડગનને એક શીયાલ એનાયત કરવામાં આવી હતી.

નાદોદ ખાતે ખુલ્લી મુકાયલી સ્કુલ—નાદોદ ખાતે નામદાર શહેનશાના જનમ દીવસની ખુશાલીમાં રાજપીપળાના નામદાર મહારાજા સાહેબે ધી ધનજીશાહ એદલજી એંગલો વરનાકયુલર સ્કુલ ખુલ્લી મુકવાની ક્રીયા કરી હતી. તે વખતે ત્યાંના વકીલ મી૦ છગનલાલ બક્ષીએ આ મકાનની સથાપનાના સંબંધમાં વીવેચન કરતાં જણાવયું કે મરહુમ ખાન બહાદુર ધનજીશા એદલજી જેવણ લગભગ ૧૭ વરસથી આ સ્ટેટની દીવાનગીરી ભોગવતા હતા તેવણ ગુજરી જવાથી દરેક માણસને તેવણના ગુણો તથા ભલી યાદદાસતમાં અને તેવણે બજાવેલી જનસમાજની અસાધારણ સેવા માટે એક સ્કુલ બાંધવાને વીચાર કીધો કારણકે મરહુમ દીવાન સાહેબ પણ પોતાના રાજયના દરેક ગામમાં કેળવણીનો ફેલાવો જોવાને બહુ આતુર હતા તથા તેને માટે પોતે તન, મન, અને ધનથી કેળવણીનો ફેલાવો કરતા. વળી મરહુમની અંદર દરેક જાતના માણસો માટે ભાઇચારાની લાગણી હોઇને દરેક માણસને તે પ્રીય થઇ પડયા હતા અને તેથી કરીને દરેક ભાઇઓએ આ સ્કુલનું મકાન તેવણની નામદારીને ધ્યાનમાં લઇને ઉભું કરવામાં મદદ કરી છે. તે પછી નામદાર મહારાજાએ કેટલુંક વીવેચન કરતાં પોતાના મરહુમ દીવાનની યાદગીરી રાખવા માટે ચાલુ કીધેલી આ સ્કુલ બાબે વખાણ કરી આ સ્કુલના વીદ્યારથીઓ મરહુમ દીવાન જેવાજ નીવડ એવુ ઈચછાયું હતું.

ખેતાબો.

રાજ કરતી કોમના નવા વરસની ખુશાલીમાં અપાયલા ખેતાબોમા નીચલા પારસીઓનેબી મલ્યા હતાઃ—

અતરેના જાણીતા શેહેરી અને પારસી સુવાંવડખાનાના વડા તબીબ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાનને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

ખાન બહાદુરનો ખેતાબ પુણાના આસીસટંટ સરજયન ડા૦ એરચજી શેહરયારજી ભરૂચાને અને રજપુતાનાના ગવરનર જનરલના એજંટના માજી એટેશી શેઠ દારાબશાહ નવરોજી મોદીને, જ્યારે ખાન સાહેબનો ખેતાબ પુણા ડીવીઝનના સપલાઇસ એંડ ત્રાનસપોર્ટના મદદનીશ વડા શેઠ જાહાંગીર ડોશાભાઈ ગયારાને અને જી. આઇ. પી. રેલેવેના કોલાબાના ત્રાફીક ડીપારટમેંટના હેડ ફોરમેન શેઠ નશરવાનજી સોરાબજીને એનાયત કરવામા આવ્યા હતા.

નામદાર શેહેનશાહ જોર્જ પાંચમાની ૪૯ મી સાલગ્રેહનો તેહવાર હીંદુસ્તાનમાં તા૦ ૨૨ મી જુને ઉજવવામાં આવ્યો હતો તેની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા પારસીઓનેબી એનાયત થયા હતાઃ—ખાન બહાદુરનો ખેતાબ મુંબઈ ઇલાકાના કામચલાઉ એસીસટંટ સરજયન ડા૦ બી. કે. અંકલેસરીયા અને બરોડા રેલવેના એસીસટંટ સરજયન ડા૦ નાનાભાઈ કુવરજી મોદીને, જયારે ખાન સાહેબનો ખેતાબ ધારવાડવાલા શેઠ બરજોરજી માણેકજી પટેલ, બરોડા રેલવેના પરમેનંટ વે ઇનસપેકટર શેઠ પાલનજી એફ. રબાદીના અને નોરથ વેસટરન રેલવેના ઓનરરી એસીસટંટ ત્રાફીક સુપ્રીનટેનડંટ શેઠ માણેકજી બરજોરજીને એનાયત કરવામાં આવ્યા હતા. અમલદારોએ બજાવેલી કીમતી સેવા માટે નામદાર શેહેનશાહ તરફથી ચાદો એનાયત કરવામાં આવ્યા હતા, તેમાં વડોદરા રેલવે પોલીસના ઈનસપેકટર શેઠ રતનજી રૂશતમજી મીરઝાને કીંગસ પોલીસ મેડલ મલ્યો હતો.

ડા૦ ધનજીભાઇ એફ. મુલાફીરોઝે ગયા જુલાઈ માસમાં ઇંગલાંડમાં કોલશાની ખાણમાં થયલી હોનારત વખતે મજુરોને બચાવવામાં બતાવેલી બહાદુરીની પીછાનમાં નામદાર શેહેનશાહે પોતાના હાથે બકીંગહામનાં મેહલમાં ડા૦ ધનજીભાઇને આરડર ઓફ સેંટ જોનનો ખેતાબ આપ્યો હતો.

ઓધા—નેમણુંક—વગેરે.

ઓ૦ સર દીનશાહ ધનજીભાઇ દાવર નાઇટ, બેરીસટરને મુંબઇની હાઇ કોરટના ચીફ જસ્તીસનો માનવંત ઓધો વડા જડજની ગેરહાજરી દરમ્યાન એનાયત કરવામાં આવ્યો હતો.

ઓનરેબલ શેઠ એમ. બી. દાદાભાઇ સી. આઈ. ઇ. મધ્યપ્રાંતો તરફથી કલકત્તાની વડી ધારાસભાના સભાસદ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા.

શેઠ પાલનજી નવરોજી દાવર. મુંબઈ સરકારના જનરલ, એજ્યુકેશનલ, મરીન અને ઇકલેસીએસટીકલ ડીપારટમેંટના આસીસટંટ સેક્રેટરી નેમાયા હતા.

ખા૦ બા૦ ફરદુનજી એમ. દસ્તુરને યુનીવરસીટીના રેજીસટાર તરીકે ફરીથી ચુંટી કાઢયા હતા.

શેઠ કેકોબાદ કાવસજી દીનશાહ એડનના કામચલાઉ પોરચુગીઝ એલચી અને એડનના પોરટ ટરસ્તી નેમાયા હતા.

શેઠ સોરાબ માણેકશાહ ભરૂચા બીજાપુરના કલેકટર અને જાઠ સ્ટેટ તથા દફ્લાપુર સ્ટેટના પોલીટીકલ એજન્ટ નેમાયા હતા.

શેઠ જમશેદજી એજનજી વાછા પંચમહાલનાં ડીસ્ટ્રીકટ ડેપ્યુટી કલેકટર, શેઠ રૂસતમ પેસતનજી જાહાંગીર નાસક અને અહમદનગર જીલ્લાના આસીસટંટ એકસાઇઝ કલેકટર અને શેઠ ડોશાભાઇ ધનજીભાઇ બીલીમોરીયા ખેડાના ડેપ્યુટી જીલ્લા કલેકટર નેમાયા હતા.

શેઠ માણેકજી દોરાબજી કાંગા મુંબઇની સ્મોલકોઝ કોરટનાં કામચલાઉ જડજ નેમાયા હતા.

શેઠ કાવશાહ ખરશેદજી સુનાવાલા સાવંતવાડીના ચીફ જસતીસ નેમાયા હતા.

શેઠ અરદેશર જમશેદજી સુનાવાલા કાઠયાવાડમાના સીહોરના ન્યાધીશ નેમાયા હતા.

શેઠ જેહાંગીર દાદાભાઇ નાણાવટી જંબુસરના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નેમાયા હતા.

સરદાર ખા૦ બા૦ રૂસતમજી જહાંગીર વકીલ અમદાવાદ જીલ્લાના, ખા૦ બા૦ સોરાબશાહ હોરમસજી અને શેઠ જમશેદજી રૂસતમજી વખારીયા ભરૂચ જીલ્લાના, ખા૦ બા૦ બમનજી એદલજી મોદી સુરત જીલ્લાના, શેઠ બેહરામજી જહાંગીરજી તારાપોરવાળા થાણાના, શેઠ એરચશાહ ફરામજી શેઠના સોલાપુર જીલ્લાના, શેઠો જહાંગીર દીનશાહ દલાલ, અને સોરાબજી ફરામજી કાપડીયા ભરૂચ શેહેરના, શેઠ મેરવાનજી હીરજીભાઇ કોઠાવાળા ગોધરાના, શેઠો બાપુજી કાવસજી દીવેચા અને મેરવાનજી નવરોજજી આંટીયા થાણાના, શેઠ દારાબશાહ એદલજી નગરવાળા અહમદનગરના, મેજર ખા૦ બા૦ દીનશાહ ડોસાભાઇ ખંભાતા અને શેઠ દીનશાહ ડોસાભાઇ સાંગા પુણાના, શેઠ ધનજીશાહ બમનજી કુપર સતારાના, શેઠ જમશેદજી ફરામજી ખરાસ પંચગનીના, ખા૦ સા૦ અરદેશર નવરોજજી અને શેઠ જહાંગીર નવરોજજી આઠીયા બેલગામના, ખા૦ બા૦ ધનજીશાહ સી. પેસતનજી મઉના, શેઠ જમશેદ નશરવાનજી મેહતા કરાંચીના, શેઠ કાવશજી નશરવાનજી મીસતરી કાનાનોરના અને શેઠ કુંવરજી દારાશાહ દલાલ નડયાદના ઓનરરી મેજીસ્ટરેટ નેમાયા હતા.

મુબઇના ઓનરરી પ્રેસીડનસી મેજીસ્ટરેટ તરીકે નીચલા પારસીઓને નેમવામાં આવ્યા હતાઃ—ઓ૦ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, ખા૦ બા૦ જમશેદજી રૂશતમજી દેશાઈ, ડા૦ અરદેશર દાદાભાઈ મોદી, ડા૦ નાદીરશાહ એચ. ઇ. સુખ્યા, ડા૦ નાનાભાઈ નવરોજી કાતરક, ડા૦ રૂશતમજી નાનાભાઇ રાણીના, ડા૦ શયાવક્ષ સોરાબજી બાટલીવાલા, શેઠો બેરામજી નવરોજી ગામડયા, બેરામજી રૂશતમજી બેહરામજી જીજીભાઇ, ધનજીભાઇ બમનજી પાટીટ, ફરદુનજી જમશેદજી પારખ, ફરદુનજી મેરવાનજી બનાજી, ફરામજી દોરાબજી રૂ. પાંડે, ફરામરોઝ રૂસતમજી જોશી, હોરમજી લીમજીભાઇ બાટલીવાલા, હોરમજી મનચેરજી કામા, જાહાંગીર એદલજી દાવર,

જાહાંગીર રતનજી દુબાશ, જમશેદજી માણેકજી ફ. પટેલ, નવરોજી સોરાબજી બંગાલી, ફીરોઝ ખરૂ શેદજી શેઠના, ફીરોઝશાહ બી. આર. મોદી, રૂસતમ પેસતનજી મસાની, રૂશતમ સોરાબજી પાઉવાલા, શયાવક્ષ રતનજી બમનજી, અને સોરાબજી એદલજી વોરડન.

જાણીતા પારસી ક્રીકેટર તથા બીકાનેરના નામદાર મહારાજાના આગલા ખાનગી સેક્રેટરી શેઠ આર. ડી. કુપરને નામદાર મહારાજાએ પોતાના રાજયના નાણાંખાતાંના પ્રધાન તરીકે નેમથા છે. નામદાર મહારાજાએ લડાઇમાં બ્રીટીશ સરકાર તરફથી ભાગ લેવાની માગણી કરવાથી અને તે માંગણી નામદાર સરકારે સ્વીકારવાથી તેઓની ગેરહાજરીમાં શેઠ કુપર નાણાંખાતાંના પ્રધાન તરીકેની પોતાની ફરજો બજાવવા ઉપરાંત બીકાનેરના ગાદીવારેસ પ્રીનસના ગારડીઅન તરીકે પણ કામ બજાવશે.

સરદાર દસ્તુર ફીરોઝ હોશંગ રાજપીપલા સ્ટેટના દીવાન નેમાયા હતા.

શેઠ હોરમજી જે. આંટયા જામનગરના નાયબ દીવાન નેમાયા હતા.

શેઠ જાહાંગીર હોરમજી ખરાની જુનાગઢ સ્ટેટના કનઝરવેટર નેમાયા હતા.

નવા જસ્ટીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદારો તરીકે નીચલા પારસીઓને નેમવામાં આવ્યા હતા:—શેઠ જમશેદજી મેરવાનજી આંટીયા, ડા૦ કેખશરો ડોશાભાઇ કુપર અને શેઠ સોરાબજી માણેકજી ભરૂચા

મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીઅલ કોરટના ડેલીગેટ તરીકે શેઠ બેહરામજી નવરોજી ગામડયા અને શેઠ ધનજીભાઇ બમનજી પીટીટને નેમવામાં આવ્યા હતા.

શેઠ ફકીરજી એદલજી ભરૂચા પુણાની ઇજનેરી કોલેજના મીકેનીકલ એનજીનયરીંગના પ્રોફેસર, શેઠ મેરવાનજી જમશેદજી આંટીયા પુણાની દખણ કોલેજના અંગ્રેજી સાહીત્યના પ્રોફેસર, શેઠ જાહાંગીર સોરાબજી ગંભીર એલફીનસ્ટન કોલેજના ફારસીના પ્રોફેસર, અને શેઠ નાદરશાહ શાપુરજી કાયાજીને અજમેરની સરકારી કોલેજના ઇંગ્રેજી તથા તવારીખના પ્રોફેસર નેમવામાં આવ્યા હતા.

યુનીવરસીટીના ઓરડીનરી ફેલોઝ તરીકે પ્રોફેસર કે. એસ. ફરામજી અને શેઠ એસ. એમ. ભરૂચાને નેમપામાં આવ્યા હતા.

શેઠ નવરોજી જાહાંગીરજી ગામડયા મુંબઇના પોરટ ટ્રસ્ટી નેમાયા હતા.

સર દોરાબ જમશેદજી તાતા ગયા દીસેમબરમાં કરાંચી ખાતે ભરાયલા હીંદી ઉદ્યોગ હુનરના પ્રમુખ નેમાયા હતા.

શેઠ જાહાંગીર બમનજી પીટીટને મીલ ઓનરસ એસોસીએશનના ઉપપ્રમુખ નેમવામાં આવ્યા હતા તથા એવણ મુંબઇની વીકટોરીયા જુબીલી ટેકનીકલ ઈનસટીટયુટની બોરડમાં પોતાના પ્રતીનીધી તરીકે મીલ માલેકોની મંડળીની કમીટી તરફથી ચુટી કઢાયા હતા.

ડા૦ એમ. ડી. ગીલડરની ઇંગલંડ જતા વીદયારથીઓને સલાહ આપનારી કમીટીમાં નેમણુક થઈ હતી.

શેઠ એચ. એ. વાહાડયા મુંબઇ ઇલાકાના દુકાળ સંકટ નીવારણ ફંડ કમીટીના સભાસદ નેમાયા હતા.

ઇંડીયન મરચંટસ ચેમબર એંડ બયુરોની કમીટીએ શેઠ દીનશાહ એદલજી વાચ્છાને મુંબઇની કોલેજ ઓફ કોમરસની સલાહકારી બોરડમાં આ ચેમબરના પ્રતીનીધી તરીકે ચુંટી કહાડયા હતા.

શેઠ ફીરોઝશાહ સી. લેનટીન મેનચેશટરની ટેક્ષટાઇલ ઇનસ્ટીટયુટના મેમબર નેમાયા હતા.

શેઠ અરદેશર કેકોબાદ મોદી ઇલેકટ્રીકલ એનજીનયરને વેલાતની ઇનસટીટયુટ ઓફ ઇલેકટ્રીકલ એનજીનીયરસે પોતાના ગ્રેજ્યુએટ ચુંટી કાઢયા હતા.

શેઠ નશરવાનજી બેરામજી ગનડર બેરીસ્ટર પોરબંદર રાજ્યના પબલીક પ્રોસીકયુટર નેમાયા હતા.

શેઠ શીયાવકશાહ આદરજી ઘોઘાવાળા બેરીસ્ટર ભાવનગર સ્ટેટના જુડીશીઅલ એશીસટંટ નેમાયા હતા.

શેઠ બમનજી બરજોરજી પટેલ રેસીડનસીની ચંદરઘાટની વડી ચાવડી (થાનાના) કોટવાલ તરીકે નેમાયા હતા.

શેઠ બેરામશાહ એચ. કોટવાલ જામનગર સ્ટેટના દરયાઈ ઉપજ બાબતમાં જનરલ એડવાઇસર નેમાયા હતા.

શેઠ દોરાબજી દાદાભાઇ ભાભાને સંખેડા મેવાસના થાણાદાર નેમયા હતા.

શેઠ દાદીબા ખરશેદજી મેહતા ખેડા તથા પંચમહાલ જીલ્લાનાં ડીસટ્રીકટ ગવરમેન્ટ પલીડર અને ખેડા જીલ્લાનાં પબલીક પ્રોસીકયુટર નેમાયા હતા.

શેઠ ખુરશેદચેહેર તેહમુરસ અંકલેસરયા મુંબઈના સરકારી સેનટરલ પ્રેસના ડેપ્યુટી સુપ્રીનટેનડંટ નેમાયા હતા.

મેજર ખાનબાહાદુર દીનશાહ ડોશાભાઇ ખંબાતા વી. ડી. આગસ્ટ ૧૯૧૩ થી રીટાયરડ થવાથી એવણુની ૩૦ વરસની સેવટની પીછાનમાં લશકરી સતાવાળાઓએ એવણુને લફટનંટ કરનલની ઉચી પદવી એક ઓનરરી રેંક દાખલ આપી હતી.

હીંદી સનદી તબીબી નોકરીવાળા સરજયન કેપટન બહેરામ બરજોરજી પેમાસ્તરને સરજયન મેજરની પદવીએ ચડાવ્યા હતા.

ડા૦ આર. ડી દલાલને ગુજરાત રેજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટના ડેપયુટી સેનેટરી કમીશનર નેમયા હતા, અને એવણુ બેલગામના સરકારી વેકસીન ઇનસટીટયુટના વડા તથા સધરન રેજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટના ડેપયુટી સેનેટરી કમીશનરના ઓધાની જે ચાલુ ફરજ બજાવતા હતા, તે પર કાયમ કીધા હતા.

ડા૦ જમશેદ ડી. મુનસીફને ગુજરાત રેજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટના ડેપયુટી સેનેટરી કમીશનર નેમયા હતા.

ડા૦ સોરાબજી ફરદુનજી ગાંધી નામદાર વાઇસરાયના ઓનરરી આસીસટંટ સરજયન નેમાયા હતા.

ધી બોંબે હાસપીટલ ફોર વીમેન એંડ ચીલડ્રન નામની એક ખાનગી હાસપીટલ દરેક કોમના બાનુઓ તથા બાળક દરદીઓ સારૂ ગ્રાંટરોડ તરફ તા૦ ૨૫ મી એપ્રીલથી ઉઘાડવામાં આવી છે. આ હાસપીટાલનો વહીવટ એક કમીટી ચલાવશે અને એના ઓનરરી ડાકટર તરીકે લડનની સઉથી ચડતામા ચડતી ડીગરી મેલવનાર પારસી બાનુ ડા૦ ડોશીબાઈ આર. પટેલ નેમાયા છે. જેવણુ પોતાની કુશલતાનો લાભ આપશે તેથી હાસપીટલને ફાયદો થશે.

ડા૦ એન. જે. વજીફદાર સરકારી રશાયણશાસ્ત્રીના બીજા મદદનીશ તરીકે કામચલાઉ નેમાયા હતા.

એસીસટંટ સરજયન અરદેશર કાવશજી ટરનર ગ્રાંટ મેડીકલ કોલેજના મેડીકલ જુરીસ્પુડંસના પ્રોફેસર નેમાયા હતા.

ડા૦ કે. એસ. ઘાસવાલા ગ્રાંટ મેડીકલ કોલેજના ફેલો અને સર કાવશજી જાહાંગીરની આંખની હાસપીટલના કલીનીકલ રેજીસ્ટ્રાર નેમાયા હતા.

ડા૦ ભીખાજી એદલજી ઘાસવાલા સીંધના કેમીકલ એનેલાઈઝર અને કરાંચીના બારાંના હેલ્થ ઓફીસર તરીકે કામચલાઉ નેમાયા હતા.

શેઠ સોરાબજી બમનજી પેસતનજી માસ્તરને પારસી પંચાયતના ત્રસ્ટીઓની ચુંટણી કરનારી અંજુમન કમીટીના ૧૦૦ ના મંડળમાં 'ડી.' રેજીસ્ટરમાં ચુંટી કાઢવામાં આવયા હતા.

શેઠ ખરશેદજી હીરજીભાઇ માણેકજી રૂશતમજી કલકતાની જરથોસ્તી અંજુમનના નવા ટ્રસ્ટી નેમાયા હતા.

શેઠ મનચેરજી પેસતનજી ખરેઘાટ આઈ. સી. એસ. ને નામદાર સર જમશેદજી જીજીભાઇએ પારસીઓને વાસ્તે કરેલી સખાવતના ધરમખાતાંની કારોબારી મંડળીના એક અધીકારી નેમયા હતા.

શેઠ શાપુરજી બી. બીલીમોરીયા મુંબઇની પારસી પંચાયતના ઓડીતર નેમાયા હતા.

શમસુલ ઓલમાં એરવદ ડાક્ટર જીવણજી જમશેદજી મોદી, શેઠ હોરમજી જેહાંગીર ભાભા અને શેઠ પેશતનજી અરદેશર વાહાડયાને નામદાર સરકારે શાળાઓમાં નીતીનું શીક્ષણ આપવાની રૂઢી દાખલ કરવા માટે સલાહકાર કમીટીના મેમબરો નેમયા હતા.

મીસ ભીખાઇજી લી. પાલમકોટને લંડનની ત્રીનીટી કોલેજ ઓફ મ્યુઝીકની એકેડમીના મેમબર નેમવામાં આવ્યાં હતાં.

શેઠો રતનજી ફરદુનજી ગોળવાળા અને ખોદાબક્ષ એદલજી પુનેગરને સર જમશેદજી જીજીભાઇ મદરેસાના શીક્ષકો તરીકે મુંબઇની પારસી પંચાયતના ટ્રસ્ટીઓએ નેમયા હતા.

એરવદ બમનજી નશરવાનજી ધાલરની મુંબઇ તથા દેશાવરોની જંદ અવસ્તાની નીશાળોનાં ઉપરી તરીકે મુંબઇની પારસી પંચાયતના ટ્રસ્ટીઓએ નેમણુક કીધી હતી.

શેઠ પેસતનજી દીનશાહ દસ્તુર સીંધ કોલેજની બોરડના મેમબર નેમાયા હતા.

શેઠ ફરદુનજી દોરાબજી મેહતા સુરતની સોરાબજી જ. જીજીભાઈ સરકારી હાઇ સ્કુલના હેડ માસતર નેમાયા હતા

શેઠ શેરીયારજી દાદાભાઇ કંટ્રાક્ટર કરાંચીની નારાયણ જગનનાથ હાઈ સ્કુલના હેડ માસતર નેમાયા હતા

પોર્ટુગિઝ હિંદુસ્તાનના ગવરનર જનરલ તા૦ ૧૨ મી ડિસેંબરે દમણ ખાતે ગયા હતા. એ નામદારને જાહેર આવકાર આપવાને નેમાયલી કમીટીમાં મેમબર તરીકે દમણના જાણીતા જરથોસતી પ્રોફેસર અરદેશર સોહરાબજી પોષ્ટવાળાને નેમયા હતા. તા૦ ૧૨ મી ડિસેંબરે દમણના સરકારી મેહેલ આગળ ગવરનર જનરલની હજુરમાં ગરીબોને અનાજ તથા વસ્ત્રો વહેંચી આપવાનું કામ પ્રો૦ પોષ્ટવાળાને સોંપવામાં આવ્યુ હતુ જે માટે એ નામદારે પ્રો૦ અરદેશરનો ઉપકાર માનયો હતો.

મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની સ્ટેનડીંગ કમીટીના ચેરમેન તરીકે શેઠ કાવશજી જાહાંગીર રેડીમની અને સભાસદો તરીકે ડા૦ નાદીરશાહ એચ. સુખ્યા અને ડા૦ શાવકશાહ હો બાટલીવાલા ચુટીં કઢાયા હતા.

ડા૦ બરજોરજી સોરાબશાહ મુનસફ ભરૂચ મ્યુનીસીપાલીટીના વાઇસ પ્રેસીડંટ નેમાયા હતા.

શેઠ એરચશાહ જાહાંગીરજી તાલ્યારખાન રાંદેરની, શેઠ ડોશાભાઇ ધનજીભાઇ બીલીમોરીયા ખેડા જીલ્લાની ડાકોરની અને ખા૦ સા૦ અરદેશર નવરોજી બેલગામની મ્યુનીસીપાલીટીના પ્રેસીડંટ નેમાયા હતા.

શેઠ દાદીબા સી. મેહતા અમદાવાદ મ્યુનીસીપાલીટીની સનેટરી કમીટીના ચેરમેન નેમાયા હતા.

શેઠ નશરવાનજી રતનજી પોરબંદર સ્ટેટના મ્યુનીસીપલ કમીશનર નેમાયા હતા.

ડા૦ જે. એચ. રાઇટર બીહાર અને ઓરીસા મધે આવેલાં ગયા ખાતેની મ્યુનીસીપાલીટીના હેલ્થ ઓફીસર નેમાયા હતા.

શેઠ એદલજી હોરમજી પારડીવાલા ભરૂચ સીટી મ્યુનીસીપાલીટીના ચીફ આફીસર નેમાયા હતા.

શેઠ એચ. એસ. જસાવાળા પોસ્ટ ઓફીસોના કામચલાઉ સુપ્રીનટેનડંટ નેમાયા હતા.

શેઠ જાહાંગીર એદલજી રીપોરટર, પુણા ડીવીઝનની પોસ્ટ આફીસોના સુપરીનટેંડન્ટ નેમાયા હતા.

શેઠ શાપુરજી દારાશાહ અમદાવાદના ડેપ્યુટી પોલીસ કમીશનર નેમાયા હતા.

શેઠ સોરાબજી કુવરજી પસતાકીયાને પરશીયન ગલ્ફ સેકસનના ઈંડો યુરોપીયન ટેલીગ્રાફના એસીસટંટ ત્રારીક સુપ્રીનટેનડંટ નેમયા હતા.

નામદાર સરકારે નીચલા પારસીઓને એક વરસ સુધી ઓડીટરોની સરટીફીકેટો આપી હતી:— શેઠો શાપુરજી બમનજી બીલીમોરીયા અને બાપુજી પેસતનજી વાડયા (અનરીસ્ત્રીકટેડ), બા૦ બા૦ જમશેદજી અરદેશર દલાલ, શેઠો નશરવાનજી બાપુજી તચકરા, રૂશતમજી એદલજી મીસતરી, નશરવાનજી સોરાબજી, ખરશેદજી કુવરજી મોદી, બમનજી એદલજી પુનેગર, રૂશતમજી કેરશાસપજી મોદી, મેરવાનજી હોરમશજી નીકલસન, રૂશતમજી નશરવાનજી મેહેતા, સોરાબ ખરશેદજી વહાડીયા, હોરમસજી નશરવાનજી ગીસતા, ફરદુનજી એ. ખરશેદજી ફરદુનજી, દોરાબજી હોરમસજી એશબરનર, હોરમસજી દીનશાહ જસુબાઇ, કેખશરૂ નશરવાનજી ચાંદાભાઇ, નશરવાનજી ખરશેદજી ચીનાઇ, માણેકજી હોરમસજી દાવર, જેહાંગીર ધનજીભાઇ હોરમસજી વહાડયા અને રતનજી રૂસતમજી મેહેતા. (રીસત્રીકટેડ.)

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો વગેરે.

લંડનની આઇ. સી. એસ. યાને ઇંડીયન સીવીલ સરવીસની પરીક્ષામાં મેસરસ ફીરોઝશાહ મેરવાનજી પેસતનજી ખરેગાટ અને ફીરોઝ બાપુજી એદલજી ચીનાઇ પસાર થયા હતા. જયારે એ સીવીલ સરવીસની પરીક્ષામાં ફતેહમંદ નીવડેલા ઉમેદવારો અનુક્રમે જેઓ નીચે આવે તેમને સંસથાનો મધે સનદી નોકરી બજાવવાનો ઓધો કોલોનયલ સીવીલ સરવીશનો મલે છે તે મુજબ મેસરસ નવરોજી માણેકજી ભરૂચાને અને શાવકશાહ ધનજીશાહ ધોંડીને એ ઓધો આપવાને માગણી થઇ હતી તે એવોએ સ્વીકારી છે.

મી૦ ફીરોઝ બાપુજી ચીનાઇએ લંડનની આઇ. એમ. એસ. યાને ઈંડીયન મેડીકલ સરવીસની અને એમ આર સી. એસ ની પરીક્ષાઓ પસાર કીધી હતી.

મી૦ ધનજીભાઇ પેસતનજી શેઠનાએ મુંબઇ યુનીવરસીટીની એમ. ડી. ની પરીક્ષા પસાર કીધી હતી.

ડા૦ એસ. એસ. વ_દ્દારે વેલાતની એમ. આર. એસ., એલ. આર. સી. પી. સી. ની પરીક્ષાઓ પસાર કીધી હતી.

લંડનની ડી. ટી. એસ. યાને ડાકટર ઓફ ટ્રોપીકલ મેડસીનની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા—ડા૦ કૈકોબાદ બમનજી દસ્તુર, ડા૦ કેખશરો સોરાબજી શેઠના અને ડા૦ સી. આર. અવારી.

મી૦ જે. ડી. બાટલીબોઇએ લંડનની ચેમબર ઓફ કોમરસની બુક કીપીંગની પરીક્ષા લંડનમાં પસાર કીધી હતી.

લંડનની ડી. પી. એચ. યાને પબલીક હેલ્થના ડીપલોમાની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:— ડા૦ કેખશરૂ સોરાબજી શેઠના અને ડા૦ નરીમાન બેજનજી કોલસાવાળા.

મી૦ એન. આર. શેઠનાએ અમેરીકાની કોલંબીયા યુનીવરસીટીની એનજીનીયરીંગની ઇ. એમ. યાને એનજીનીયર ઓફ માઈનિસની ડીગ્રી મેલવી છે. એવણને અમેરીકન ઈનસટીટયુટ ઓફ માઇનીંગ એનજીનીયરસના સભાસદ નેમવામાં આવ્યા હતા.

ડા૦ જમશેદ રૂશતમજી જાગોશે વેલાતની રોતનડા હાસપીટલમાં લાંબો વખત રહી તેનો ડીપલોમાં મેલવી સીનીયર એક્ષટરન મેટરનીટી એસીસટંટ તરીકે કામ બજાવ્યું હતું, તેમજ સુવાવડ અને બઇરાઓને લગતાં દરદોનો ખાસ અભયાસ કરી આયરલેંડની રોયલ કોલેજ ઓફ

રીઝીશયનનો ડીપલોમાં મેલવ્યો છે એ ઉપરાંત ગરમ દેશના ખાસ દરદોની માહેતી મેળવી ત્રોપીકલ મેડસીનનો ડીપલોમાંબી એવણે મેલવ્યો હતો.

મી૦ બરજોર જમશેદજી રૂશતમજી બીલીમોરીયા ઇગલંડના કોરનવાલ પ્રગણાની ખાણમાં પાંચ વરસ થયા અભ્યાસ કરતા હતા, અને બે વરસ થયા પાસ થવા છતા વધુ અભ્યાસ માટે રોબયા હતા તે પછી એવણને ત્યાની બોરડે માઇનીંગના કામની પેહલા વરગની સરટીફીકેટ આપી હતી.

મી૦ જાલ અરદેશર માસતરે એડીનબરો યુનીવરસીટીની ફોરેસ્ત્રીની બી. એસ. સી. ની છેવટની પરીક્ષા આ વરસમાં પસાર કરવા પછી ઇંડયન ફોરેસ્ટ સરવીસની ઇમપીરીયલ બ્રાંચની સરવીસ માટે કવોલીફાઇ થવા સારૂ એડીનબરો યુનીવરસીટીની પ્યુઅર સાયનસની બી. એસ. સી. ની પરીક્ષામાં જીઓલોજી અને મીનરલોજીમાં ઓનરસ સાથે એવણ પસાર થયા હતા. એવણને ઈંદી વજીરે ઇંડીઅન ફોરેસ્ટ સરવીસ માટે પ્રોબેશનર તરીકે ચુટી કાઢ્યા છે. મી૦ જાલને સરકાર તરફથી એકંદર ૨૭૦ પાઉંડની સ્કોલરશીપ મલશે અને એવણ બે વધુ વરસ વેલાતમાં રહી અભ્યાસ કીધા બાદ હીંદુસ્તાનમાં રૂ૩૮૦ ના દરમાએ નેમવામાં આવશે

ડા૦ કેખશરૂ પીરોશાહ મોદીએ લંડનની હાસપીટલમાં રહી એક્ષ રે અને મેડીકલ ઇલેકત્રીસીટી તથા સાયનટીફીક મેસાઝનો અભ્યાસ કરી લંડન ઇનસ્ટીટયુટ ઓફ મેસાઝની પરીક્ષા આનરસ સાથ પસાર કરીને ડીપલોમાં મેલવ્યો છે.

મી૦ સોરાબ નાનાભાઈ મુસે કેમબ્રીજની કીંગસ કોલેજમાથી સાયનસના ડબલ ત્રાઇપોઝની પરીક્ષા આનરસ સાથ પસાર કીધી હતી.

એમ. બી. બી. એસ. ની ડીગ્રી માટેની છેવટની તબીબી પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા હતાઃ—બાઇ શીરીન રતનજી સીગારા અને મેસરસ જાહાંગીર માણેકજી તલાતી, પેસતનજી બેરામજી ડાકટર, ફરામજી કાવશજી ખરાડી, હોરમજી ટેમુલજી પારડીવાળા, નશરવાનજી સોરાબજી પારખ, દાદાભાઇ દીનશાહ વરીઆવા, ગુસતાદ શાપુરજી એનજીનીયર, અરદેશર દાદાભાઇ શરાફ, કેખશરૂ હોરમજી કંટરાકટર, રૂશતમજી મનચેરજી પોસ્ટવાલા, રૂશતમજી બરજોરજી સ્પેનસર, સોરાબ બેરામજી વારડન, હોમી નશરવાનજી ખરાસ, જમશેદ નશરવાનજી ચોકસી, સોરાબ ખરશેદજી કનટરાકટર, ફીરોઝ ફરામજી લશકરી, બેરામજી સોરાબજી ધોંડી, સોરાબ હોરમજી સંતોક, અને અરદેશર દાદાભાઇ કારખાનાવાલા. આ પરીક્ષામા પસાર થયલા મી૦ જાહાંગીર માણેકજી તલાતીને જે. સી. લીસબો અને લૉર્ડ સેંડરહરસટ ગોલ્ડ મેડલો મલ્યા હતા.

એલ. એમ. એન્ડ એસ. ની પરીક્ષા જે વરસમાં બે વાર લેવાય છે તેમાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ—બાઇ પેરોચીસ ફીરોઝશાહ દલાલ, મેસરસ દારાબશાહ રૂશતમજી ખરાસ, વનજીશાહ બમનજી લવંગીયા, નાદીરશાહ ડોશાભાઇ મુલ્લા, કેખશરૂ અરદેશર નાદીરશાહ, કેખશરૂ હોરમજી એલચીદાના, શીયાવક્ષ અરદેશર પેમાસતર, જાહાંગીર દોરાબજી રોમર, ફીરોઝ ધનજીભાઇ સરકારી, જાલ દીનશાજી દારૂવાળા, કેખશરૂ અરદેશર દારૂખાનાવાળા, નવરોજી નશરવાનજી લામ, કેખશરૂ એદલજી માદન, સાવકશાહ ડોશાભાઇ શરાફ, નશરવાનજી હોરમજી વકીલ, ફેરોઝાબાદ રૂશતમજી માદન, કેકુ બેરામજી ભરૂચા, જેહાંગીર અરદેશર કેલાવાળા, અને એમ. સોરાબજી કાપડયા.

બેચેલર ઓફ હાઇજીનની પરીક્ષામાં મી૦ કેખશરૂ સોરાબજી શેઠના પસાર થયા હતા.

મુંબઇના વેટરનરી કોલેજના ગ્રેડયુએટો તરીકે મી૦ નરીમાન કેખશરૂ વાછા પસાર થયા હતા.

મુંબઇની મ્યુનીસીપાલીટીના તનદરોસ્તી ખાતાના વડાની દેખરેખ હેઠળ સેનેટરી સરવેઅરોનો એક વરગ ચાલે છે તેમી લેવાયલી પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ— મેસરસ જમ-

શેદજી અસપંદયારજી, સોરાબજી ખરશેદજી ભાયા, ફીરોજશાહ ડોશાભાઇ પ્રીંટર અને કેખશરૂ હીરજી-ભાઇ પ્રીંટર જ્યારે મી○ જમશેદજી અસપંડયારજી એલ. સી. ઇ. ને સ્કોલરશીપ મલી હતી.

બેરીસટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ—મેસરસ જાલ જાહાંગીર મુગાશેઠ, અરદેશર પેસતનજી સબાવાળા, બેજનજી વાછા, ખુરદાદ રૂશતમજી પ. કનફેકશનર, દોરાબ આદરજી ઘાસવાલા, બમનજી ડોશાભાઇ આલબલેસ, મેરવાનજી જમશેદજી આંટીયા, જાહાંગીર કેખશરૂ મુનશી અને શાપુરજી મનચેરશાહ ચોથીયા.

મી○ જાહાંગીર હોરમજી ખેરગામવાળાએ વેલાતમાં એલ. એલ. ડી. ની કાયદાની પરીક્ષા પસાર કીધી હતી.

સોલીસીટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ—મેસરસ ધનજીશાહ એચ. નાણાવટી, પાલી મનચેરજી કલબવાળા, નોશીરવાન જે. કોહીયાર અને ફ્રામરોજ જમશેદજી જીનવાળા.

બીજી એલ. એલ. બી. ની પરીક્ષા જે વરસમાં બે વાર લેવાય છે તેમાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ—મેસરસ ફીરોઝ મેરવાનજી દલાલ, મેહરજીભાઇ અરદેશર દોતીવાળા, સોરાબ રૂસતમજી ખરાસ, દાદાભાઇ ધનજીભાઇ મીસતરી, પાલનજી પીરોશાહ નાણાવટી, રૂસતમ પેસતનજી થાણેવાળા, જમશેદ દીનશાહ બેદવાર, માણેક હોમી એનજીનીયર, માણેક અરદેશર કરંજાવાળા, દોરાબજી અરદેશર પટેલ અને પેસોતન સોરાબશાહ ડાકટર. આ પરીક્ષામાં પસાર થયલા મી○ જાલ પાલનજી ધીવાળાને મનચેરજી એન બનાજી સ્કોલરશીપ મલી હતી.

એમ. એ. યાને માસ્તર ઓફ આરટસની પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા હતાઃ- મેસરસ અરદેશર માણેકજી મોદી, ફીરોઝ કાવશજી દાવર, જમશેદજી દીનશાહ બેદવાર અને મનચેરશાહ બેરામજી સનજાણા. આ પરીક્ષામાં પસાર થયલા મી○ જમશેદ દીનશાહ બેદવારને જે. એન. પીટીટ સ્કોલરશીપ મલી હતી

બી. એસ. સી. ની પરીક્ષામાં ૩૬ માંથી ૨૫ ઉમેદવારો ફતેહમંદ નીવડયા હતા, તેમાં નીચલા ૫ પારસીઓ પસાર થયા હતા·- મેસરસ હીરજીભાઇ દોરાબજી વોરડન, નાદીર પેસતનજી સનજાણા, કેરસાસપ મનચેરજી દોરડી, રતનશાહ સોરાબજી માસતર અને હીરજીભાઇ બેરામજી વોરડન.

ઇનટરમીડયટ સાયન્સ જુના કાનુનો મુજબની પરીક્ષામાં ૫૧ માંથી ૩૦ ઉમેદવારો ફતેહમંદ નીવડયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—બાઈ માણેકબાઇ મેહેરવાનજી મેહતા અને મેસરસ રૂશતમજી રતનશાહ વખારીયા, મીનોચેર હોરમજી દસ્તુર અને હોમી અરદેશર દલાલ.

ઈનટરમીડયટ સાયન્સ નવા કાનુનો મુજબની પરીક્ષામાં ૫૧ માંથી ૨૯ ઉમેદવારો ફતેહમંદ નીવડયા હતા, તેમાં નીચલા ૯ પારસીઓ હતાઃ—મેસરસ ફ્રામરોઝ અરદેશર નાદીરશાહ, સોરાબ હોશંગશાહ નાણાવતી, નાદીરશાહ પેસતનજી તલાટી, જાલ ફીરોઝશાહ દારૂવાળા, બમનજી ક્યાની મેજર, કેકોબાદ પાલનજી પટેલ, મનચેરજી નશરવાનજી કામા, જાહાંગીર નાદીરશાહ વકીલ, અને કેખશરૂ રૂશતમજી ભરૂચા.

બી. એ. યાને બેચેલર ઓફ આરટસની પરીક્ષામાં ૯૭૫ માંથી ૩૩૪ ઉમેદવારો ફતેહમંદ નીવડયા હતા, તેમાં નીચલા ૪૩ પારસીઓ હતાઃ—બાઇઓ શીરીન ધનજીશાહ ડાલાલ, મનીજેહ કેખશરો કામા, હોમાય સોરાબજી કેપટન, પીરોજા દીનશાહ સબજા, શીરીન નવરોજી ગીલડર, અને મેસરસ રૂશતમ કે. આર. બમનજી, ફીરોઝશાહ હોરમજી દારૂવાળા, જાહાંગીર પેસતનજી વાલેશા, ફ્રેદુન અરદેશર ડોડીવાળા, ટેમુરસપ પેસતનજી ઇરાની, જાહાંગીર જામાસ્પજી આશાના, એરચ બેરામજી પટેલ, જાલ નવરોજી પટેલ, બમનજી મનચેરજી ભરૂચા, હીરજી કાવશજી ડરાઇવર, જાહાંગીર ખરશેદજી ફ્રારબસ, પાલનજી અરદેશર કરંજીઆ, કેકાઉસ મેહરજીભાઇ માદન, રૂશતમ હોરમજી

મોદી, કેખશરૂ ફરામરોઝ શરાફ, ખરશેદજી સોરાબજી વારડન, કેખશરૂ ડોસાભાઇ ભરૂચા, દોરાબ નશરવાનજી આદરીઆનવાળા, કેખશરૂ મેરવાનજી આંટયા, ફરામરોઝ બરજોરજી બીલીમોરીઆ, જાહાંગીર અરદેશર કામા, રૂશતમ ફીરોઝશાહ દમરી, માણેકજી અરદેશર દાવર, ફીરોઝ એદલજી કુમાના, સોરાબ આદરજી મારસલ, સોરાબજી ખરશેદજી મીસતરી, ખુરશેદ ટેહમુરસ્પ પાવરી, કેખશરૂ પેશતનજી શરાફ, દારાશાહ માણેકજી દારૂવાળા, જમશેદજી રતનજી ખંબાતા, હોરમજી મનચેરજી માદન, હીરાજી હોરમજી ભરૂચા, દોરાબજી પેસતનજી દારૂવાળા, દીનશાહ દાદાભાઇ ડરાઇવર, કાવશજી દીનશાહ દુમસયા, ફરદુનજી દોરાબજી કાંગા, કેખશરૂ મહીયાર કુતાર, જાલેજર મેરવાનજી મરચંટ, દીનશાહ બરજોરજી મીસતરી, મનચેરશાહ હોરમજી ઉમરીગર. આ પરીક્ષામાં પસાર થયલા મી૦ કેખશરૂ મહીયાર કુતારને શેઠ પીરોશાહ મેરવાનજી અવસ્તા,પેહલવી સ્કોલરશીપ મલી હતી.

ઉપલી બી. એ. ની પરીક્ષા જેનુ પરીણામ ગયા જુલાઇ માસમાં જાહેર કરવામાં આવ્યું હતું તેમાં નીચલા પારસીઓ પસાર થયા હતા:— બીજા વરગમાં મેસરસ રૂશતમ દાદાભાઈ વાડયા, કેકોબાદ નશરવાનજી શરાફ અને પાસ વરગમાં મેસરસ નરીમાન સોરાબજી પટેલ, એરચ ધનજીભાઇ સોનાવાળા, પાલનજી એદલજી ગોળવાળા, માણેકશાહ દીનશાજી ગારડા અને દારા ખરશેદજી કાપડયા.

મી૦ મેરવાનજી કાવશજી જાલભાઇ શેઠનાએ કેમબ્રીજની બી. એ.ની પરીક્ષા પસાર કીધી હતી.

ઇનટરમીડયટ આરટસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૦૪૬ ઉમેદવારોમાંથી ૬૮૭ પસાર થયલા તેમાં ૫૫ પારસીઓ હતા જેમા ૩ નીચલી પારસી બાનુઓ પસાર થઈ હતી:— બાઇઓ આલીબાઇ સોરાબજી કાપડયા, હીરાબાઈ નાનાભાઇ કાતરક અને તેહમીના અરદેશર દાવર. આ પરીક્ષામાં પસાર થયલા મી૦ હકીમજી એદલજી કુમાનાને શેઠ ફરામજી સોરાબજી ભાવનગરી સ્કોલરશીપ મલી હતી.

પ્રીવીયસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૭૧૪ ઉમેદવારોમાંથી ૧૬૫ પસાર થયલા, તેમાં ૧૪ પારસીઓ હતા, એમાં નીચલી ૨ પારસી બાનુઓ હતી:— બાઈઓ રોદાબે ખરશેદજી દેશાઈ અને તેહમી હોરમજી પેસીકાકા. આ પરીક્ષામાં પસાર થયલા બાઇ તેહમી હોરમજી પેસીકાકાને લેડી રે મેડીકલ સ્કોલરશીપ, મી૦ ટેહમુરસ્પ નવરોજી દસ્તુરને બાઇ આઈમાય કે. આર. કામા સ્કોલરશીપ અને મી૦ મેરવાન ફરેદુન ઇરાનીને શેઠ બેરામજી નશરવાનજી કોયાજી સ્કોલરશીપ અને એક રૂપાનો ચાંદ મલ્યો હતો.

મેટ્રીકયુલેશનની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૪૮૪૬ ઉમેદવારોમાંથી બધા મલી ૨૭૯૨ ઉમેદવારો પસાર થયા હતા, જેમાં ૨૫૧ પારસીઓ ફતેહમંદ નીવડયા હતા. ફતેહમંદ નીવડેલા પારસી ઉમેદવારોમાં નીચલી પારસી બાનુઓ હતી:— બાઈઓ ખોરશેદ સોરાબજી કેપટન, મની એમ. ચીચગર, ટેહમીના ધનજીશાહ દારૂવાળા, શેરબાનુ જેહાગીર દોધી, શીરીન મેહરજીભાઇ એનજીનીયર, ખુચી ધનજીભાઇ ગીલડર, મમઇ ખરશેદજી ગજડર, તેહમીના ખરશેદજી ગજડર, મનીજેહ રતનજી હોરસડીલર, નાજા માણેકજી કાલાપેસી, ગાયમાય કાપડયા, શીરીન માણેકજી લાહેવાળા, પીરોજા કાવશાહ મેહતા, બાનુ હોરમજી મોતીવાળા, ફરેની ફીરોઝ મુલ્લાફીરોઝ, શીરીન નરીમાન, આવાંબાઇ પેસતનજી પાંડે, નવાજબાનું રૂસતમજી પંથકી, તેહમીના રૂશતમજી પંથકી, પીરોજા સોરાબજી શેઠના, જરબાનુ ફરદુનજી તારાપોરવાળા, કુવરબાઇ ધનજીશાહ વકીલ, ધન શાપુરજી પુનાવાળા, જરબાઇ મેરવાનજી વાહાડયા, ફરેની અરદેશર બાબેકાન, ખોરશેદ નશરવાનજી જાબુલી, ગુલબાનુ નરીમાન કોઠાવાલા, પુતલીબાઈ ફરામજી મેહતા અને મેહરાં જમશેદજી શેઠના. આ પરીક્ષામાં પસાર થયલા મી૦ જમશેદ કાવશજી કાતરકને સર દીનશાહ માં. પીટીટ પેહલા બારોનેટ સ્કોલરશીપ મલી હતી.

સ્કુલ ફાઇનલની પરીક્ષામાં બધા મળી ૭૫૮ ઉમેદવારોમાં ફતેહમંદ નીવડેલા નીચલા પારસીઓ હતાઃ—મેસરસ જાલેજર દીનશાજી આરસીવાળા, નાદીર ધનજીશાહ બીલીમોરીઆ, રૂસતમજી મનચેરજી મોદી, શાવકશા નવરોજી પદર, ફ્રામરોજ હોરમસજી ચાવડા, નરીમાન કાવશજી દસ્તુર, નશરવાનજી મેરવાનજી દસ્તુર, સોરાબજી રૂશતમજી ગાંધી, રૂસતમજી ખરશેદજી કામા, નરીમાન આદરજી કાપડીઆ, રતનશા અસપંદીઆરજી લાહેર, બરજોરજી માણેકશાહ લાકડાવાળા, રૂસતમ જહાગીર બોટવાલા, પીરોજશા ધનજીશા ફીરોઝપુરવાલા અને રૂસતમ નશરવાનજી ખુરશીગરા.

બી. એ. જી. યાને બેચેલર ઓફ એગ્રીકલચરની ડીગ્રી માટે ખેતીવાડીને લગતી પરીક્ષામાં મી૦ માણેકશાહ મેરવાનજી મસાની પસાર થયા હતા.

એલ. સી. ઇ. ની પરીક્ષામાં મી૦ ડી. આર. કોલાબાવાળા પસાર થયા હતા.

બી. ઈ. (સીવીલ) ની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ— મેસરસ દીનશાહ હોરમજી દારૂવાલા, એરચ જે. દીવેચા, એરચશાહ બમનજી ગીમી, જહાંગીર રૂશતમજી જશાવાલા, શાવક હોરમજી મેહતા, અરદેશર કુવરજી મોટીવાળા, જાહાંબક્ષ ફ્રામરોઝ સીરવઇ, મીનોચેર ખરશેદજી સરવેયર અને શાવકશા માણેકજી સરવેયર.

મીકેનીકલ ઈજનેરની ફરસ્ટ કલાસની સરટીફીકેટની પરીક્ષામાં મેસરસ પીરોશાહ એદલજી ચીચગર, રતનજી માણેકજી દારૂવાળા, જેહાંગીર નશરવાનજી માસતર, નોશરવાન અરદેશર બેબીકોન, જાહાંગીર ફરામજી ઉધનવાળા અને પીરોશાહ રૂશતમજી હોમાવજીરના.

મીકેનીકલ ઈજનેરની સેકન્ડ કલાસની સરટીફીકેટની પરીક્ષામાં મેસરસ જાલ દીનશાહ મોટાશાપુર, કેખશરૂ શાપુરજી હોમાવજીર, અને મીનોચેર અરદેશર બેબીકોન.

મીકેનીકલ ઈજનેરની થરડ કલાસની સરટીફીકેટની પરીક્ષામાં મેસરસ બરજોરજી દીનશાહ અંકલેસરીયા, પીરોશાહ હોરમજી દારૂવાલા, ફીરોઝશાહ દીનશાહ હાંસોટીયા, નશરવાનજી એદલજી ડુમસીઆ, એદલજી બેરામજી પટેલ, ફ્રામજી જમશેદજી ગોદીવાલા, રૂશતમજી જમશેદજી નાવા, શાવકશાહ દીનશાહ બરડી, ધનજીશાહ રૂશતમજી ભાઠેના, ફ્રામજી ફકીરજી ફીટર, જાલેજર અરદેશર મીસતરી, સોરાબજી મનચેરજી પટેલ, આદરજી ફીરોઝશાહ ફોજદાર અને દારાબશાહ મેરવાનજી ઉમરીગર.

નાશકની સેંત્રલ પોલીસ ત્રેનીંગ સ્કુલની છેવટની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ— મેસરસ કેકોબાદ ફીરોઝશાહ અંકલેસરીઆ, કેખશરૂ નવરોજી ખંડાલાવાળા, ગુસ્તાદ હોરમસજી અંકલેસરીઆ, અને ધનજીશા રતનજી મીરઝાં.

મી૦ જીવણજી ખરસેદજી તારાપોરવાલાએ મરાઠી ભાશાની પરીક્ષા પસાર કીધી હતી.

મધ્ય પ્રાંતોના હોશંગાબાદના સેશનસ જડજ મી૦ કામાજી બેહરામજી નવરોજી કામાએ ઉરદુ ભાષાની પરીક્ષા પસાર કરી ડીગ્રી ઓવ ઓનર મેલવી છે, જેથી એવણને રૂ૩૦૦૦નું ઇનામ મલ્યું હતું.

મી૦ ફીરોઝશાહ રતનજી ઉદવાડીયાને આરકીટેકચર (સીલ્પ વીદ્યા) અને ઇમારતના બાંધકામની તાલીમ હીન્દુસ્તાનમાં ૨ વરસ સુધી અને યુરોપ ૧ વરસ લેવા માટે ચાલુ વરસની સ્ટેટ ટેકનીકલ સ્કોલરશીપ હીંદી સરકારની મંજુરીયાત મેલવી નામદાર મુંબઈ સરકારે આપી હતી.

મી૦ દીનશાહ મેરવાનજી જ અમલસાડવાળાને સાઇઝીંગ અને વીવીંગનો ઈંગલંડ ખાતે વધુ અભ્યાસ કરવા માટે હીંદી સરકારની સ્ટેટ ટેકનીકલ સ્કોલરશીપ મધરાસની સરકારની ભલામણથી ત્રણ વરસ માટે આપવામાં આવી છે. મી૦ દીનશાહને ઇંગલાંડ જવા આવવાના સેકંડ કલાસનો ખરચ અને ત્રણ વરસ સુધી દર વરસે ૧૫૦ પાંઉડની રકમ મલશે.

ગયે વરસે બનેલા પરચુટણ જાણવાજોગ બનાવો.

જરથોસ્તીઓના શેહેનશાહી નવાં વરસને દીને મુંબઈ તેમજ જુદા જુદા દેશાવરો ખાતે જાહેર રમતગમતના મેલાવડાઓ, ખાનીપીણીઓ હમેશ મુજબ કરવામાં આવી હતી. કલકતા ખાતે પારસી એમેચ્યુઅરસ કલબના મેમબરોએ ફારસો ગીતો વગેરેનો મેલાવડો કરી બાલકોને ઇનામો વેહેંચી આપ્યાં હતાં.

શેહેનશાહી જરથોસ્તીઓના ખોરદાદ શાલને દીવસે પારસી વેજીટેરીયન એન્ડ ટેમપરંસ સોસાયટી, તેમજ બીજી મંડલીઓએ મુંબઇમાં જાહેર જશનો તથા વાયજો કરી હતી. વળી ગાયન ઉતેજક મંડળી તરફથી તારદેવ ખાતેના પોતાના મકાનમા ગાયનનો એક જલશો કરી જાણીતા લેખક મી૦ ગુલફામે લખેલો રમુજી ફારસ બજી બતાવવામાં આવ્યો હતો. કરાંચી ખાતે ઝોરાસ્ત્રીયન કલબે રમત ગમતના મેલાવડા કરી ઇનામો આપ્યાં હતાં. એ મુજબ અમદાવાદ, પુણા, ભરૂચ વગેરે ઘણા દેશાવરો ખાતેબી મેલાવડાઓ કરવામાં આવ્યા હતા.

વડોદરાના નામદાર ગાયકવાડની તા૦ ૧૭ મી મારચે પડેલી જનમ દીવસની ખુશાલીમાં રાજ મહેલમાં ભરાયલી દરબાર વખને મુબઇના જાણીતા શેહેરી મરહુમ શેઠ બેહેરામજી નશરવાનજી સોરવાઇને એવોની સખાવત માટે "દાતાર મંડળ" નો સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો. મહારાજાના માનકરી (અંગરક્ષક) શેઠ જમશેદજી મેરવાનજી મોરીનસને સારી સેવા બજાવવા માટે સોનાનું ઘડીયાલ અને છેડો એનાયત કરી સરદારની પદવી આપી તે સાથે છત્રી મસાલનું માન આપવામાં આવ્યુ હતુ.

ઇરાનના શાહ વેપારી અરબાબ કેખશરૂ ઇરાનમાં કેળવણીના વધારા માટે હમેશા પોતાથી બનતી મદદ કરતા હોવાથી તેની પીઝાનમાં જાહેર કેળવણીખાતાંના વજીરે એવણુને "ઓનરરી ઓફીશયલ ડાકયુમેંટ અને એક સુનાનો પેહલા વરગનો ચાંદ" એનાયત કીધા હતા.

નીચલા પારસી વોલંટીયરોને ૨૦ વરસની સારી વોલટીયર નોકરી માટે "લોંગ સરવીસ મેડલ" મળયા હતા.—સરજન કેપટન કે. દી ખબાતા, કવોરટર માસતર સારજંટ એચ ડી. થાણેવાલા, કલર સારજંટ જે. દી. ગયારા, કલર સારજટ આર એચ નીમચવાળા, સારજંટ એ. એમ. જાલ, સારજંટ બી. એન. ખંબાતા, સારજંટ એચ. એન. મરચટ, કોરપોરલ દી. એસ. કેપટન, હોરમજી ખજુરીના, નાદીરશાહ શાપુરજી કોયાજી અને કલર સારજટ ફરામરોજ મેરવાન ઈરાની.

પુના વોલંટીયરસ રાઇફલસવાળા સારજટ આર. એચ. નીમચવાળાએ ઇંડયા વોલંટીઅર એશોસીએસન તરફથી કરવામાં આવેલી આખા હીદના વોલટીયરોની વાઇસરાયના કપ માટેની નીસાનબાજીની હરીફાઇમાં નામદાર વાઇસરાયનું ચેમપયનશીપ કપ તથા તે સાથે સુના ચાંદી ને કાસાના મલી ત્રણ ચાંદો અને રૂ૫૦૦ નું ઇનામ જીટી ગયા હતા. વળી એવણે ઇગલંડમાં બીજલી ખાતેની બ્રીટીશ શેહેનશાહતમાથી ભેગા થયલા નીશાનબાજો વચેની હરીફાઈની મેચોમાં એસોસીએશન કપ જીતી કેટલાંક પરસટ પ્રાઇઝો મેલવ્યાં હતાં

વોલંટીયર અરદેશર નવરોજી ગીલડરે તા૦ ૧૯મી એપ્રીલે સાનટાકરૂઝ ખાતે રમાયલી મેચમાં નીસાનબાજીમાં સઉથી ચઢતો સ્કોર કરવાથી ડા૦ ધનજીભાઇ પટેલવાલો "હીરજીભાઇ કપ" એવણુને મળયો હતો, જે એક વરસ સુધી એવણુ પાસ રાખવામાં આવશે. એવણુને એક ઇનામબી મળયું હતું.

શેઠ એરચશાહ પેસતનજી આરટીસ્ટને માઈસોર ખાતે ઉધ્યોગ તથા ખેતીવાડીના તા૦ ૩ જી અકટોબરે ભરાયલા પ્રદરશનમાંથી પીકચર માટે સોનાનો ચાંદ મલ્યો હતો.

ભોપાળ ખાતે તા૦ ૮ મી મારચે ભરાયલા ઓલ ઇંડયા લેડીઝ આરટ એકઝીબીશનમાંથી બાઈ ધનબાઈ કાવશજી બાટલીવાલાને ઓઇલ પેટીંગ પીકચર માટે સોનાનો ચાંદ, બાઈ કુમા

તારાપોરવાલાને પેનટીંગ માટે સોનાનો ચાંદ, અને બાઈ શીરીનબાઇ ડી. મેહતાને વેટરકલર માટે કાસાનો ચાંદ મલ્યો હતો.

બોંબે આરટ સોસયટીના ટાઉન હાલમાં ચીત્રોના ભરાયલા એકઝીબીશનમાંથી શેઠ પી. એસ. બાટલીવાલાને ફોટોગ્રાફી માટે સોસાયટીનો રૂપાનો ચાંદ અને ફોટો ચીત્ર માટે રૂ૫૦ નું ઇનામ અને શેઠ જે. એ. લાલકાકાને ઓઇલ પોરટરેટ માટે શેઠ બમનજી પીટીટનું રૂ૫૦નું ઇનામ મલ્યા હતા.

પુના ખાતેના મેન્યુઅલ આરટ સોસાયટીના તા૦ ૯ મી સપટેમબરે ભરાયલા ફાઇન આરટ એકઝીબીશનમાંથી શેઠ એરચશાહ પેશતનજી આરટીસ્ટને પીકચર માટે સોનાનો ચાંદ, શેઠ મનચેરજી ફ પીઠાવાલાને પોરત્રેટ માટે સોનાનો ચાંદ, અને શેઠ એ. ડી. તવડયાને પેનટીગનાં પીકચર માટે રૂપાનો ચાદ મલ્યો હતો.

શેઠ ધનજીશાહ દીનશાહ મહેતા અજમેરના ત્રેઝરરી આફીસર તથા જુડીશીયલ એસોસટ ટ કમીશનરના ઓધા ઉપરથી રીટાયરડ થવાથી અને નામદાર સરકારે એવણુને આઈ એસ ઓ નો ખતાબ એનાયત કરવાથી યઝદેજરદી સને ૧૨૮૩ ના ખોરદાદ શાલને દીવસે અજમેર, બીયાવર વગેરે ઠેકાણેના જરથોસ્તીઓએ અજમેરની દરેહમેહરમાં મેલાવડો કરી એક માનપત્ર એનાયત કીધુ હતું.

હીંદુસતાનની દરયા વરધી ખાતાની ગોદીના મદદનીશ કનસ્ત્રકટર ખા૦ સા૦ બમનજી સોરાબજી વહાડીયા ૩૪ વરસની નોકરી પછી સને ૧૯૧૩ ના સપટેમબર માસમાં રીટાયરડ થવાથી તેવણુના માનમાં એ ગોદીના સબોરડીનેટ ઓફીસરો તથા કામદારોએ મેલાવડો કરી એક પરસ સાથે માનપત્ર એનાયત કીધું હતુ.

શેઠ સોરાબજી મનચેરજી દસ્તુર બરોડા રેલવેમા અમદાવાદ તરફના ગારડ તરીકેની નોકરીપરથી રીટાયરડ થવાથી રેલવેના સ્ટાફે અમદાવાદના સ્ટેશન ઉપર સ્ટેશન માસ્તરના પ્રમુખપણા હેઠળ એક મેલાવડો કરી એવણુને સોનાનુ ઘડીયાલ ભેટ આપ્યુ હતું.

નારગોલના એકસાઇસ કલેકટર શેઠ રૂશતમ પી જાહાંગીર તાલયારખાન વેલાતની સફરેથી પાછા ફરવા પછી એવણુના માનમાં તા૦ ૨૨ મી દીસેમબરે નારગોલ ખાતે ધી એન. એમ. વાહાડયા સ્કુલના મકાનમા એ સ્કુલના માસ્તરો તથા ચેલાઓએ એક મેલાવડો કરી કાસકેટ સાથે માનપત્ર એવણુને એનાયત કીધુ હતુ.

શેઠ સોરાબજી પેસતનજી કાગા નામદાર નીઝામ સરકારના આસીસટટ ફીનાનસીયલ સેકરેટરીના ઓધાપરથી પેનસનપર રીટાયરડ થવાથી તા૦ ૨૪ મી ફેબરવારીએ એવણુના માનમાં ફીનાનસ હાફીસના મકાનમાં એટહોમનો મેલાવડો કરી એક સોનાનુ ઘડીઆલ ફીનાનસ હાફીસના અમલદારોએ ભેટ આપ્યું હતું.

મુબઇના જાણીતા આંખના તબીબ ડા૦ જમશેદજી એન ડગન, ડી. ઓ જેવણુ સર જે. જે. હોસ્પીટલ તથા કાવશજી જાહાગીર હોસપીટલના આંખના દર્દોને લગતા ખાતામાં ટયુટર તથા લેકચરર તરીકેના ઓધો છેલ્લાં કેટલાક વર્ષ થયાં ભોગવતા હતા. તે ઓધા ઉપરથી રીટાયરડ થવાથી એવણુના માનમાં ગ્રાંટ મેડીકલ કોલેજના વીદયારથીઓ તથા સટાફે એક મેળાવડો ગ્રાંટ મેડીકલ કોલેજના એનેટોમીકલ હોલમાં લફટનંટ કરનલ કીલકેલીના પ્રમુખપણા હેઠળ તા૦ ૨૭ મી ફેબરવારીએ કરી ડા૦ ડગનને એક સુદર કાસકેટમાં મેલી માનપત્ર એનાયત કીધુ હતુ. પ્રમુખે ડા૦ ડગનને બજાવેલી કીમતી સેવાની ધટતા સબદોમા સ્તુતી કરી હતી.

ડા૦ જાહાગીર પેસતનજી કેનતીનવાલા ઇંગલાંડ જવાથી તા૦ ૯ મી મારચે મેદાનની યંગ ઝોરાસ્ટરીયન ક્રીકેટ કલબે એક મેલાવડો કરી કલબના તબુમાં ખાણુ આપી રૂપાનુ કપ ભેટ આપ્યુ હતુ

શેઠ ખોદાબક્ષ એદલજી પુનેગર જેવણુ અથોરનાનોને ધરમ ભાષાનું જ્ઞાન આપનારા ખાતાના ઓનરરી શીક્ષક છે. એવણે એ ખાતાની બીનસવારથી અને ખતીલી બજાવેલી સેવાઓની પીછાનમા એવણુના માનમાં એ ખાતાના શીખતા વીદયારથીઓ તરફથી જમશેદી નવરોઝના મુબારક દીવસે યાને રોજ ૧૧ મો માહા ૭ માને દીને અજુમનના આતશબેહરામમાં એક મેલાવડા સનમુખ એવણુને રૂપાના કાસકેટ સાથે માનપત્ર એનાયત કરવામાં આવ્યુ હતું. શેઠ ખોદાબક્ષે પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો. અને પોતા તરફથી એ ખાતાના વીદયારથીઓને અકેક રૂપાનો ચાદ આપ્યો હતો. વળી નીચલા અહરથોને એ ખાતા તરફથી સરટીફીકેટો

આપવામાં આવી હતીઃ–શેઠ કેખશરૂ બરજોરજી ચોકસી, એરવદ ફરેદુન સોરાબજી પંથકી, એરવદ ફીનશાહ બીખાજી ઉનવાળા, એરવદ નેરયોસંગ દાદાભાઈ મીરઝાં, એરવદ સોરાબજી જામાસજી પંથકી, એરવદ જામાસજી મોટાભાઇ બીલીમોરયા, શેઠ ફરેદુન ફેરસાસપજી દાદાચાનજી અને એરવદ જામાસજી ડોશાભાઇ એલાવયા.

દાવરસ કોલેજ ઓફ કોમરસનાં પ્રીનસીપલ પ્રો૦ સોહરાબ દાવર યુરોપની મુસાફરીએ જવાથી એવણુના માનમાં ચેલાઓએ તા૦ ૫ મી એપ્રીલે એક મેલાવડો કરી એવણુને રૂપાના કાસકેટ સાથ એક માનપત્ર એનાયત કીધુ હતુ.

શેઠ કાવશજી પાલનજી ખટાઉ તરફથી તા૦ ૩૧ મી મે ને દીને કલકતાખાતે ત્યાની ઓલ્ફ્રેડ થાયેટરમાં કરવામા આવેલા ખેલ વખતે ઓ૦ મી૦ જસટીસ સરકુદીન તરફથી એક હીરા જડીત સોનાનો ચાંદ, એવણુને એનાયત કરવામાં આવ્યો હતો.

સુરત નજદીકના ઉમરા ગામના પટેલ શેઠ હોરમશાહ શાપુરજી ને સારી નોકરી માટે ગયા જુન માસમાં એક શાળ ભેટ આપવામા આવી હતી

બરોડા રેલવેના પરેલના વરકશોપના ચારજમેન શેઠ રૂશતમજી એદલજી તજુવાલા રીટાયરડ થવાથી એવણુના માનમાં તા૦ ૧ લી જુને વરકશોપના કામદારોએ એક મેલાવડો કરી એવણુને રૂપાના કાસકેટ સાથ માનપત્ર એનાયત કીધુ હતું.

મેસરસ કીલીક નીકસનની કંપનીના વડા કેશીયર શેઠ દાદાભાઇ જમશેદજી મીસતરી રીટાયરડ થવાથી એવણુના માનમા એ પેહેડીની હાફીસમાં એ ખાતાનાં વડા મી૦ ડોનાલ્ડ વીલસનના પ્રમુખપણા હેઠળ ગયા જુલાઇ માસમાં મેલાવડો કરી શેઠ દાદાભાઇને માનપત્ર એનાયત કીધું હતુ.

જરથોસ્તી કોનફરંસની ચોથા સાલની બેઠક મુંબઈમા તા૦ ૭ મી અને તા૦ ૮ મી દીસમબર શેઠ હોરમજી જેહાંગીર ભાભાના પ્રમુખપણા હેઠળ મળી હતી. બેઉ દીવસોએ એ ઘણી બાનુઓએબી પોતાની હાજરી આપી હતી એ દીવસોની બેઠક વખતે ઘણા ગ્રહસ્થોએ પ્રસંગને અનુસરતા ભાષણો, નીબંધો વાચ્યા હતા તેમજ કેટલાક ઠરાવો પસાર કરવામાં આવયા હતા

નવસારીની શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઇ અંગ્રેજી સ્કુલની ૫૦ મા વરસની ગોલ્ડન જુબીલીનો દીવસ નવસારી ખાતે ભારે ધામધુમથી તા૦ ૧૯ મી ફેબરવારીને દીને પાલવામા આવ્યો હતો. સવારના જશનની ક્રીયા કરવા પછી વડા દસ્તુરજી કેકોબાદજી દારાબજીએ કેટલુક વીવેચન કરવા બાદ છોકરાંઓને મીઠાઇ આપવામાં આવી હતી વળી સાંજે નવસારીના સુબા રા૦ બા૦ માણેકલાલ શાકરલાલ દેશાઈના પ્રમુખપણા હેઠળ એક મોટો જાહેર મેલાવડો કીધો હતો. જે વખતે સ્કુલના હેડ માસતર શેઠ મંચેરશાહ કુવરજી ચારનાએ સ્કુલને લગતો ૫૦ વરસનો રીપોરટ વાંચયો હતો. એ પછી સુરતના વકીલ મી૦ ગોલાબદાસ ભાઇદાસે કેટલુંક વીવેચન કરી પોતા તરફથી ૩૫૦૦૦ ની રકમ સ્કુલના મકાન પાસે એક ઇમારત બાંધવા સારૂ આપી હતી. સેવટે પ્રમુખ સુબા સાહેબે સર જમશેદજી તથા શેઠ રૂશતમજીની સખાવત માટે સ્તુતી કરી પ્રસંગને અનુંસરતુ ભાષણ કરવા પછી છોકરાઓને ઇનામો વેચ્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

વલસાડ ખાતેબી ત્યાંની શેઠ રૂશતમજી જ. જીજીભાઇની સ્કુલની પચાસમા વરસની જુબીલીનો દીવસ તા૦ ૧૯ મી ફેબરવારીએ ઘણી સરસ રીતે પાલવામાં આવ્યો હતો. એ દીને વલસાડની સઘલી સ્કુલોના છોકરાંઓને મીઠાઇ આપી હતી સાંજે સ્કુલના મકાનમાં જશન કરવા પછી સ્કુલ કમીટીના ચેરમેન ખા૦ બા૦ ડા૦ દાદાચાનજીએ તથા ખા૦ બા૦ કાવશજી ધનજીભાઈએ ભાષણો કીધાં હતાં. એ પછી હેઠેના હોલમાં સરવે કોમના જાણીતા ગ્રહસ્થોનો એક ભેગો મેલાવડો કરવામાં આવ્યો હતો જ્યાં કેટલાક ગ્રહસ્થોએ સર જમશેદજીની તથા શેઠ રૂશતમજીની સખાવત માટે સ્તુતી કરી પ્રસંગને અનુસરતા વીવેચનો કીધાં હતાં. જે પછી મેલાવડો વીસરજન થયો હતો.

જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળીની ૫૦ માં વરસની જુબીલીનો મોહોત્સવ તા૦ ૫ મી એપ્રીલે સાંજનાં અંજુમનનાં આતશબેહેરામ પાદશાહનાં પાક મકાનમાં કોનત્રેકટર હોલમાં ઉજ-

વવામા આવયો હતો. આ પ્રસગે જરથોસ્તી બાનુઓ અને અહસથોની એક સારી સખ્યા હાજર થઇ હતી. પ્રથમમાં શમસુલ ઓલમા ડા૦ જીવનજી જમશેદજી મોદીએ શુકરગુજારીનાં જશનની ક્રીયા માંડી હતી, અને બણુતરમાં તેવણુ સાથ મંડળીના એરવદ સભાસદો જોડાયા હતા. આ ધારમીક ક્રીયા પુરી થયા પછી શમશુલ ઓલમાં ડા૦ જીવનજી જમશેદજી મોદી, બી. એ. એ આ મડળીની ૫૦ વરસની તવારીખનો ટુંક ઇનતેખાબ કહી સંભળાયો તે પછી મેલાવડો વીસરજન થયો હતો.

કરાંચીના વડા દસ્તુરજી ડાકટર માણેકજી નશરવાનજી ધાલા એમ. એ., પી. એચ. ડી. જેવણુ પોતાના ધણીયાણી સાથ ખાસ આમંત્રણથી અમેરીકા જવાને કરાંચીથી ઉપડી ગયા હતા, એવો સાહેબ તા૦ ૩૧મી મે ને દીવસે ન્યુયોરક ખાતે જઇ પુગયા હતા. ત્યારે બદર ઉપર લેવાને પારસીઓ તરફથી શેઠ નશરવાનજી ફરામજી ભમગરા અને કોલમબીયા યુનીવરસીટીવાળા પ્રોફેસર જેકસન તથા મીસીસ જેકસન વગેરે હાજર થયા હતા. એવોના માનમાં જુદે જુદે ઠેકાણેથી ખાણાના મેલાવડાઓ કરી સારો આવકાર આપવામાં આવ્યો હતો. તા૦ ૩ જી જુને દસ્તુર ધાલા યુનીવર-સીટીના વારસીક સભાના પરોણા તરીકે હાજર થયા હતા એવણે ન્યુયોરક ખાતે જુદી જુદી બાબતો ઉપર ભાષણો કીધાં હતા, જે ઘણા વખણાયાં હતા

નામદાર વાઇસરાય લોરડ હારડીગના મોહરદાર લેડી હારડીગના તા૦ ૧૧ મી જુલાઇને દીને લડન ખાતે થયલા ઘણા દલગીરી ભરયા અને અકાળ મરણ માટે આખા હીંદુસ્તાનમા બધેબધ ઘણીજ દલગીરી પેદા થઈ હતી મુંબઇ તેમજ દેશાવરો ખાતે જુદી જુદી કોમોએ સભાઓ ભરી મરહુમના અકાળ મરણ માટે દલગીરી દેખાડનારા ઠરાવો પસાર કરી નામદાર વાઇસિરાય ઉપર મોકલાવ્યા હતા પારસી કોમ તરફથી નામદાર ઓ૦ સર જમશેદજી જીજીભાઇ બારોનેટે તારનો સદેસો મોકલાવ્યો હતો, જેનો જવાબ નામદાર વાઇસરાયના ખાનગી સકરેટરી તરફથી પાછો મલ્યો હતો એ મુજબ પુણા, અમદાવાદ, મઉ, સુરત વગેરે દેશાવરો ખાતેથી પારસી કામ તરફથી દલગીરી દર્શાવનારા જુદા જુદા તારના સદેશાઓ મોકલવામા આવ્યા હતા.

આપણી નામદાર બ્રીટીશ સરકાર ગયા આગસ્ટ માસમાં જરમની સામે લડાઇમા ઉતરેલી હોવાથી નામદાર સરકારને દરેક રીતની મદદ આપવાને સઘલે ઠેકાણેથી માગણીઓ કરવામા આવી હતી તા૦ ૬ ઠી આગસ્ટે મુબઇની પારસી પચાયતના ત્રસ્ટી સાહેબો તરફથી એક કાગળ નામદાર સરકાર ઉપર લખવામાં આવ્યો હતો, કે લડાઇનો સમો ધ્યાનમા લઇ પોતાથી બનતી મદદ સરકારની સેવામાં રજુ કરવાની રજા લેછે અને પોતાની કોમને પણ તેમ કરવાની અપીલ કીધી છે. એના જવા-બમાં નામદાર સરકાર તરફથી જણાવવામાં આવ્યુ હતુ કે તમારી વફાદાર માગણી સરકાર ધ્યાનમાં રાખશે. વળી હીંદના માહાન બુઝરગ નર શેઠ દાદાભાઇ નવરોજીએ હીંદી પ્રજા જોગો એક સદેશો બહાર પાડી નામદાર સરકારને વફાદાર રહી એ રાજયમા સરવેને જે જે સુખો મલ્યાં હતાં તે ધ્યાનમાં રાખી દરેક જણને પોતાની બનતી મદદ આપવા જણાવ્યુ હતુ.

આપણી નામદાર સરકારને લડાઈ દરમ્યાન અહુરમઝદ ફતેહ ફીરોઝી બખશે અને જલદીથી સઘળે સુલેહ પથરાય તે માટે બદગી કરવા કાજે શેઠ હોરમજી બમનજી વહાડીઆના ધોબીતલાવ ખાતેનાં આતશબેહરામ સાહેબનાં મકાનમાં મુંબઇની પારસી પંચાયતના ટરસ્ટી સાહેબો તરફથી બોલાવવામાં આવેલી જરથોસ્તી અનજુમનની એક મોટી મીજલસ મંગળવાર, તા૦ ૧૧ મી ઓગસ્ટે સાંજે ૬ ને અમલે ભેગી મલી હતી. શરૂઆતમા સઘલાઓએ બદગી કરવા બાદ સમસુલ ઓલમાં દસ્તુર દારાબ પેસોતન સજાણાએ વાયજ કરતાં બ્રીટીશ રાજયમા પારસીઓને મલેલા સુખ તથા માન માટે વીવેચન કરી વફાદારીથી મદદ કરવા જણાવ્યું હતુ. એ પછી પારસી પચાયતના સેકરેટરી સમસુલ ઓલમાં એરવદ ડાકટર જીવણજી જમશેદજી મોદીએ જાહેર કીધું કે આજે આપણે બદગી કરીને જે વફાદારી દેખાડી છે, અને અંગ્રેજી રાજ તરફ લાગણી જાહેર કરનારો તારનો સંદેશો પારસી કોમના વડા સર જમશેદજી પારસી કોમ તરફથી મુંબઇના નામદાર ગવરનરની મારફતે હીંદુસ્તાનની સરકાર ઉપર મોકલી આપશે. વળી આજની બંદગીમાં શામેલ થવાને નારગોલ તથા ઇંદોરની પારસી અંજુમને તાર મોકલી આપયા છે. એ પછી મેલાવડો વીસરજન થયો હતો. એ મુજબ સુરત, ઉડવાડા, પુણા,

અમદાવાદ વગેરે ઘણા દેશાવરો ખાતેબી પારસી કોમ તરફથી બંદગી કરવામાં આવી હતી, અને વફાદારી દેખાડનારા તારના સંદેશાઓ નામદાર સરકાર ઉપર મોકલવામાં આવ્યા હતા.

નામદાર શેહનશાહ અને બ્રીટીશ રાજ્ય તરફ પોતાની અખંડ વફાદારીની અને ફીદાગીરીની લાગણી જાહેર કરી હીંદી પ્રજાના દરેક સાધનો તથા અંગત સેવા અને મદદ તે નામદાર પાસે રજુ કરવાની પોતાની લાગણીઓ જાહેર કરવા માટે મુંબઇના સઘલા રહીશોની એક મોટી જાહેર સભા તા૦ ૧૩ મી આગસ્ટે ટાઉન હાલમા ઓનરેબલ સર ફીરોજશાહ મેહરવાનજી મેહતા, બેરીસટરના પ્રમુખપણા હેઠળ સાંજે સાડા પાંચ વાગે મળી હતી. નામદાર ગવરનર તથા બીજાઓના સદેશાઓ વાચયા પછી ઓ૦ સર ફીરોજશાહે હમેશની છટાથી પ્રસગને અનુસરતુ ભાષણ કરવા પછી નામદાર સર જમશેદજીએ રાજભકતી જાહેર કરવાને લગતો ઠરાવ રજુ કરયો હતો. એ પછી કટલાક ગ્રહસથોએ ભાષણો કરવા બાદ સેવટે આખી સભાએ ઉભા રહી "પ્રભુ રાજાને સલામત રાખો" એ રાજગીત ગાયુ હતું. ભાષણો દરમ્યાન તમાશબીનોએ બેહદ ઉલટ અને ઉમગની લાગણી દેખાડી હતી અને બ્રીટીશ રાજ તાજ તરફની ફીદાગીરી સ્પસ્ટ માલમ પડી આવતી હતી. નામદાર શહેનશાહનું નામ ઓચરવામાં આવતુ ત્યારે તાલીઓ અને હુરરેથી દીવાનખાનુ ગાજી રહેતુ હતું. નામદાર શહેનશાહની ફતેહ માટે દુવા ગુજારવામા આવતી હતી ત્યારે દરેક તમાશબીનો તેમાં હરખભરયો ભાગ લેતા હતા. સભામા બાનુઓનીબી મોટી સખ્યા નજરે પડતી હતી.

લડાઇમાં ઘાયલ થયલા સીપાહોના સકટ નીવારણ કરવાને મુબઇ ઇલાકા તરફથી નામદાર ગવરનર લોરડ વીલીંગડને ઉભાં કીધેલા ફંડના બાનુઓના વીભાગ તરફથી નામદાર લેડી વીલીગડને તા૦ ૨૧ મી આગસ્ટે મુંબઈ શહેરની સઘલી કોમની બાનુઓની બોલાવેલી એક સભા સાંજે ટાઉન હાલમા ભેગી મલી હતી. જયાં દરેક બાનુએ કેવી રીતે મદદ કરવી જોઇએ તે વીષે ભાષાણો કરવામા આવ્યા હતા અને સભામાં બાનુઓ તરફથી એક ફંડ ખોલવામા આવ્યુ હતુ જેમા સારી જેવી રકમ ભરાયલી જાહેર કરવામા આવી હતી.

હીંદના જાણીતા મહાન નર શેઠ દાદાભાઇ નવરોજીની તા૦ ૪ થી સપટેમબરે પડલી ૯૦ મી શાલગ્રેહની ખુશાલીમાં હમેશ મુજબ એવણને અભીનદન દેવા માટે વેસાવા ખાતે હીંદી સ્ત્રીઓનું એક ડેપ્યુટેશને જઇને મુબારકબાદી ઇચ્છી કેટલુક વીવેચન કીધું હતુ. જેનો શેઠ દાદાભાઇએ માયાકુલ જવાબ દેઈ સરવેનો ઉપકાર માન્યો હતો. યુનયન સોસાયટીની એક જાહેર સભા રાત્રે ૯ વાગે વરસગાંઠની જયંતી ઉજવવા સોસાયટીના હોલમાં મી૦ દેવજી ત્રીકમદાસના પ્રમુખપણા હેઠલ મલી હતી. તેમજ બોમબે નેશનલ યુનીયન તરફથીબી સભા સાંજે મલી હતી એ ઉપરાંત જુદે જુદે ઠેકાણેથી મુબારકબાદી આપનારા તારો, કાગલો શેઠ દાદાભાઇને મલ્યા હતા

સીમલાવાલા શેઠ નશરવાનજી એન મુનશીએ એક પોસટ કારડ ઉપર નામદાર શેહેનશાહ જયોરજનુ આખુ જનમવરતાંત ઝીણા હરફે લખ્યુ છે. કોઇબી જાતના કાચની મદદ વગર એ પોસત કારડ ઉપર ૧૪૭ લીટીઓ લખી છે એ લીટીઓમાં ૩૦૭૬ શબદો છે, જે ૧૪૨૮૦ અક્ષરોના બનેલા છે. એવણે એ પોસટકારડ નામદાર વાઇસરાય લારડ હારડીજ ઉપર ભેટ મોકલીયો હતો જે માટે નામદાર વાઈશરાય તરફથી આભાર માનવામાં આવ્યો હતો.

ફોર્ટ કોચ ફેકટરીના માલેક શેઠ પેશતનજી બી. પ્રેસને નામદાર ગવરનરના કોચ બીલડર તરીક નેમણુક કરવાનો ડીપલોમા મળયો છે. નામદાર લોર્ડ સેંડહરસટ અને તેમના પછી આવનારા સઘળા ગવરનરોના અમલ દરમયાંન મુબઇના સરકારી મહેલની માનવંત પેત્રતેજ ભોગવવાનું માન એવણ ચાલુ ધરાવતા આવયા છે.

સીમલાની જાણીતી મેસરસ ફરામજીની કંપની અરધી સદી થઇ ઓહોળો વેપાર કરે છે અને એના માલેકોએ પોતાના મલતાવડા સ્વભાવથી સરવેના દીલ જીતી લીધાં છે. એ ફરમને નામદાર ગવરનર જનરલ લોરડ હારડીંગે પોતાનું લેટર ઓફ એપોઇંટમેંટ એનાયત કરયુ હતું તેમજ પંજાબના

નામદાર લેફ્ટનંટ ગવરનરે તથા હીંદના નામદાર કમાનડર ઇન ચીફના પણ લેટર ઓફ અપોઇંટમેંટ એનાયત થયા હતા.

નામદાર શેહનશાહે તા૦ ૧૭ મી ફેબરવારીએ લંડન ખાતે સેંટ જેમસીસ પેલેસમાં ભરેલી લેવીમાં શેઠ બમનજી ડોશાભાઇ આલબલેસ બેરીસટર, અને શેઠ મેરવાનજી જમશેદજી આંટીયાબી હાજર થયા હતા.

મરહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીનું બાવલું જે શેઠ સોરાબજી એદલજી વારડને ભેટ આપ્યું હતુ, તે બાવલુ રેવરંડ ડા૦ મેકીકને કોટની બાઇ ભીખાઇજી બંગાલીવાલી સ્કુલમાં મરહુમ શેઠ બંગાલીની એકવીસમા વરસના મરણ દીવસે યાને તા૦ ૩ જી એપ્રીલે એક મેલાવડા સનમુખ ખુલ્લું મેલ્યુ હતુ

મરહુમ ખા૦ સા૦ કાવશજી હોરમજી દાદાચાનજીની સબી જે નવસારીના મીનોચેરહોમજી વાળા આદરીયાના મકાનમાં યોજદાથરેગીરીનું કામ કરનારાં અથેરનાનોએ પોત પોતામાં એક ફંડ કરી તેમાથી બનાવી હતી, તે સબી મરહુમની પેહલા વરસની બાજને દીને યાને રોજ ૨ જો માહ ૮ માને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

જુબીલી મીલના ચીફ એનજીનીયર શેઠ રૂશતમજી હોરમજી પ્રીંટરે પાણી બહાર નહી ઢોલાય એવા વાસણ માટે તથા પોતાની મેજે બુજાઇ જાય એવી બતી માટે હીંદુસ્તાન, ફ્રાનસ અને ઈંગલંડમાં પેટંટ મેલવ્યુ હતુ.

પુસ્તકોની પહોંચ.

શાહનામુ ભાગ ૩ જો—તરજુમો કરનાર નાયબ દસ્તુર મીનોચેહેર જામાસ્પજી જામાસ્પઆસાના-વજીરેઆઝમ ૧૨૮૨ અને ૧૨૮૩ ના સાલોમા આ નાયબ દસ્તુરજીના શાહનામાના પહેલા અને બીજા ભાગની તપાસ લીધી હતી અને તે પછી હાલમા આ ભણેલા દસ્તુરજાદા તરફથી ટકોગાબ ત્રીજુ વોલ્યુમ બાહાર પડેલુ જોઇ ખુશી ઉપજે છે. શાહનામાનો તરજુમો બાહાર પાડવાનું કામ કાંઇ વાયુ શેહલ નથી કારણ કે તે પાછલ વખતનો અને ખરચનો મોટો ભોગ આપવો પડે છે. આગળ શાહનામાનો તરજુમો બાહાર પાડવાનુ કામ ફારસી ભાષાના ત્રણ ચાર કાબેલ અભ્યાસીઓએ વખતો વખત ઉઠાવ્યુ હતુ પણ તેઓને જેવુ જોઈએ તેવુ ઘટતુ ઉત્તેજન મળેલુ નહી હોવાથી એ કામ છોડી દેવામાં આવ્યુ હતુ. જયારે એ કામ ઉઠાવવાને આ હીમતવાન દસ્તુરજાદાને બાહાર પડલા જોઇ મોટી ખુશાલી ઉપજે છે. આગળ તેના થોડા ભાગનો પણ તરજુમા થવા પામ્યા હતો નહી પણ દસ્તુરજી મીનોચેહેરે ફકટ કીર્તિને ખાતર શાહનામાના પોણા ભાગનો તરજુમો છપાવી બાહાર પાડીને પરવારીઆ છે. તે માટે એવણને શાબાસી ઘટે છે. હવે ફકટ પા ભાગ બાકી રહયો છે જે થોડા મહીનાની મુદતમાં બાહાર પડેલો જોવાને આપણે સામર્થવાન થઈ શકીશુ એ રીતે એ ભલા અને એકમાર્ગી દસ્તુરજાદાને શાહનામાનો સંપુર્ણ તરજુમો પેહેલવેહેલો છપાવી પ્રગટ કરવા માટેનુ મોટુ માન ઘટે છે

ખોરશેદ નામુ—યાને ખોરશેદ-તેની જાહોજલાલી, તેની ખુબી, તેનો મહીમા, તેની કીરતી. એ નામની ચોપડી શેઠ દીનશાહ દાદાભાઈ દોરડી તરફથી રચી પ્રગટ કરવામા આવી છે. શેઠ દોરડીએ જુદા જુદા પુસ્તકોમાંથી ફકરાઓ તારી કાઢી તેનો ગુજરાતીમા તરજુમો કરી એક ચોપડીનાં આકારમાં પ્રગટ કીધી છે. આ એક વાંચવા લાયક રસીલો રેસાલો છે.

બીલીમોરાની જરથોસ્તી અન્જુમને ઉભા કીધેલા ફંડના, મરહુમ શેઠ ખુરશેદજી નોશરવાનજી કામાજીની યાદગારીના, જરથોસ્તી વીદયારથીઓને ઉત્તેજન આપવાના ફંડનો, નવસારીની વડી દરેહમેહેરને તાબેના ભગરીઆ સાથનાં મોબેદોના ઘહમબાર તથા ધરમખાતાનાં ફંડના અને સુરતના શેઠ પેસ્તનજી કાલાભાઈવાલા કદમી આતશબેહરામમાં થતા બાજ, આફરગાન, જશનોના ફંડના હીસાબોના તેમજ બીજા ઘણા ધરમના ફંડોના હીસાબના ચોપડી, ચોપાનીયા મલ્યા છે. જેની પોંહચ ઉપકાર સાથ સ્વીકારીએ છીએ.

જાણીતા જરથોસ્તીઓનાં મરણો.

શેઠ પેસતનજી જીજીભાઇ કુમાના ૮૫ વરસની વયે ઉદવાડા ખાતે રોજ ૨ જો માહ ૧ લાને દીને મરણ પામ્યા હતા. મરહુમની ઉદવાડા ખાતે પોતાની જાગીરીની ખેતીઓ હતી. એવણ ઉદવાડાની અંજુમનની કમીટીમાં મેમ્બર હતા અને પોતાની કીમતી સલાહનો લાભ હમેશા આપતા હતા. ઉદવાડાના લગભગ દજન અથોરનાન છોકરાઓને એવણે પોતાના ખરચે નાવર મરાતબ કરાવ્યા હતા તેમજ નીરંગ દીન વગેરેની ક્રીયાઓ બી કરાવતા હતા. એવણ પોતાની ખંત અને પ્રમાણીકપણાથી આગળ વધ્યા હતા. મરહુમે ઘણા વરસો થયા મુંબઇમાં એક હોટેલ ઉઘાડયું છે જે હાલ સારા પાયા ઉપર ચાલે છે. મરહુમ અવારનવાર સખાવતો કરતા તેમાં ગયે વરસે પોતાની માલેકીની ઉદવાડા ખાતેની ૧૧ ગુંઠા જમીન તથા રોકડા રૂ ૨૦૦૦ ઉદવાડા લોકલ બોરડની ગુજરાતી શાળાનું મકાન બાંધવા નામદાર સરકારને આપ્યા હતા. મરહુમનાં ઉઠમણા વખતે વારસોએ ઉદવાડા અંજુમનના ઉપયોગ માટે સરઅવસરે વાપરવા રૂ ૪૦૦ ના વાસણો આપવા જણાવ્યું હતું.

વીકટોરીયા નાટક કંપનીના માલેક શેઠ ખરશેદજી મેરવાનજી બાલીવાળા ૬૧ વરસની વયે રોજ ૬ ઠો માહ ૧ લાને દીને મરણ પામ્યા હતા. ૧૮૬૨ માં શેઠો ડો. ફ. મગોલ અને ફ. દા. અપુ વગેરે સાથે મરહુમ શેઠ બાલીવાળાએ ભાગમા વીકટોરીયા નાટક મંડળી ચલાવી હતી અને કલકતા, બનારસ વીગેરે ઘણા શેહેરોમાં નાટક કરવા ગયા હતા. ૧૮૮૧ માં બરમાહના રાજાએ એ મંડળીને માંડલે ખાતે બોલાવી ૩૫ ગુજરાતી ખેલો હીંદુસ્તાની બાશામાં કરાવી રૂ ૪૩૦૦૦ ભેટ આપ્યા હતા તથા દરેક એકટરોને નાણાંની સારી રકમ આપી હતી. ૧૮૮૫ માં ભરયલાં ઈંડીયન એંડ કોલોનીકલ એકઝીબીશનમાં લંડન ખાતે ખેલો કરવા એવણ પોતાની મંડળીને લઇ ગયા હતા. એવણની મંડળીએ સખાવતી કામો માટે ઘણાક નાટકો તથા ખાસ ખેલો કરી તેની આવક મુંબઇના તેમજ જુદા જુદા દેશાવરોના ધરમખાતાંઓ તથા ફંડોમાં આપી હતી. તા૦ ૩ જી ડીસેમબર ૧૮૯૪ ને દીને શેઠ ખુરશેદજીને વખાણનારાઓએ દેશી નાટક તરફની તેમની સેવા માટે રૂ ૮૪૬૫ની પરસ વગેરે તેમને ભેટ આપી હતી. વળી લંડનનાં ધી સક્ય પત્રમાં એવણની જીંદગીનો અહેવાલ સબી સાથે પ્રગટ કરવામાં આવ્યો હતો. ૧૯૦૪ માં કરાંચી ખાતે એવણની ટોળી ખેલો કરવા ગઈ હતી ત્યારે કરાંચી અને લાહોરના દોસ્તોઓએ અકેકો સોનાનો ચાંદ એનાયત કીધો હતો. ૧૯૦૫ માં એવણને લાહોરના સોનેરી મંદીરના પુંજારી મી૦ રકતબીશનસીંગે ખરા કસબનો એક કલગીદાર હાર તથા શીયાલ ને પાઘડી ભેટ આપ્યા હતાં તથા બીજા ગ્રહસ્થોએ બી શીયાલો વીગેરેની ભેટ આપી હતી. એ પછી કાશમીરના માહારાજાએ જમુ શેહરમાં ખેલો કરવાને બોલાવ્યા હતા જ્યાં મહારાજાએ શેઠ બાલીવાલાને એક સોનાનો ચાંદ, શાલ અને ચાંદીના ટી શટ ભેટ આપી દરેક એકટરને શાલ આપી હતી. ૧૯૦૬ માં તારદેવ ઉપર એવણની બાંધેલી નવી નાટકશાળા ખુલ્લી મુકાઇ હતી. મરહુમ ઘણાખરા ખેલોમાં રમુજી પારટ ભજવતા હતા અને એવણની એકટીંગથી તમાશબીનોને ઘણીજ રમુંજ ઉપજતી હતી. ૧૮૭૨ માં રાગબાગ નામના ગાયનની ચોપડી તેમજ બીજા ઘણા ગાયનો તથા નાટકો રચી પ્રગટ કીધા હત. ૧૮૯૯ માં ભાગયા શેઠ મંગોલના મરણ બાદ શેઠ ખરશેદજી મજકુર કંપનીના એખલા માલેક થયા હતા. ઇસલામી

ધરમખાતાંઓના લાભો માટે નાટક કરી મદદ કરવાથી ટરકીના નામદાર સુલતાને એવણને આરડર ઓફ મેરીતનો સુનાનો ચાંદ એનાયત કીધો હતો. એવણ એક ફ્રીમેશન હતા અને મીઠા સ્વભાવના, સભ્યતાવાલા તથા ખુશ મીજાજી હતા.

શેઠ જીવનજી નવરોજી ભીલાડવાળા રોજ ૯ મો માહા ૧ લા ને દીવસે ભીલાડના પોતાનાં મકાનમાં મનની અસથીર હાલતમાં માથામાં રીવોલવર ફોડી આપઘાત કીધો હતો. મરનારનાં રવાનને તેજ દીને સરોડા લાવી અત્રલમંજલ પોહોંચાડવામાં આવ્યું હતું. ભીલાડ તથા તેની આજુબાજુના ગામમાં એવણની જમીનો તથા મીલકતો આવેલી છે. સરકારમાં મરનાર સારૂ માન ધરાવતા હતા. સરકાર પ્રત્યેની સારી સેવાઓ માટે એવણને સારી સરટીફીકેટ મલી હતી અને હથીયારબંધીના કાયદાની તેમને છુટ બક્ષી હતી. મરનારે ભીલાડ ખાતે પોલીસ સ્ટેશન અને પોસ્ટ ઓફીસનાં મકાનો પોતાને ખરચે બંધાવી સરકારને સ્વાધીન આપેલાં છે. એવણ મેસોનીક લોજનાં મેમ્બર હતા.

ખા૦ બા૦ ધનજીશાહ એદલજી કોઠાવાલા ૫૯ વરસની વયે રોજ ૧૧ મો માહા ૧ લા ને દીને નાદોદ ખાતે મરણ પામ્યા હતા. ત્યાંથી મરહુમના રવાનને અંકલેસ્વર લાવી અત્રલમંજલ પોહચાડવામાં આવ્યું હતું. મરહુમ રાજપીપલા સ્ટેટ હસ્તકના નાદોદના દીવાન હતા. એવણે આડત્રીશ વરસ સુધી સરકારી અને દેશી રાજ્યની નોકરી પ્રમાણીક અને બાહોશીથી બજાવી સરકાર તથા લોકોનો ચાહ અને વીસવાસ જીતી લીધો હતો. ૧૮૭૧ માં મેટ્રીક થઇ ૧૮૭૫ માં બ્રીટીશ સરકારની નોકરીમાં જોડાઈ ૧૮૮૬ સુધીમાં એવણે સુરત, અમદાવાદ, વગેરે જીલ્લાઓમાં કેળવણી તથા મેહેસુલ ખાતાંઓમાં ઓધાઓ ભોગવ્યા હતા. ૧૮૮૬ માં છઠી ગ્રેડના ડેપ્યુટી કલેકટર અને ૧૮૯૦ ની તા૦ ૩ જી મારચે રાજપીપલા સ્ટેટના સીનીયર મદદનીશ એડમીનીસ્ટ્રેટર નેમાયા હતા. તે પછી એ રાજ્યના દીવાનના જોખમ ભરેલા ઓધા ઉપર મરહુમને માહારાજાએ નેમ્યા હતા. દેશી રાજ્યની નોકરીમાં ચાલુ રહી સરકારી નોકરીમાં પાયરી દર પાયરીએ ચહડી ફર્સ્ટ ગ્રેડ ડેપ્યુટી કલેકટરની ગ્રેડમાંથી બે વરસ ઉપર એવણ પેનસન ઉપર રીટાયર્ડ થયા હતા. પણ દીવાન તરીકે એવણે મરણ સુધી ઓધો ચાલુ બજાવ્યો હતો. મરહુમ એકમારગી ને નીખાલેશ દીલના હતા. એવણને ખાન બહાદુરનો ખેતાબ નામદાર સરકારે એનાયત કીધો હતો.

શેઠ મનચેરશાહ બમનજી માસતર ૫૧ વરસની વયે રોજ ૧૧ મો માહા ૧ લા ને દીને મરણ પામ્યા હતા. એવણ મેત્રીક થયા પછી ૧૮૮૧ માં પ્રીવીયસ અને ૧૮૮૫ માં બી. એ. થયા હતા. એ પછી સરકારી નોકરીમાં સેક્રેટરીએટ ખાતામાં જોડાઇ તેના જનરલ ડીપારટમેંટના સુપ્રીંટેનડંટ નેમાયા હતા. એવણે જોડ્યા પ્રાંતનાં ટરમીનલ ટેક્સ બાબે કરેલો રીપોરટ ઘણો ઉપયોગી માલમ પડયો હતો. મરહુમ ઘણા મેહેનતુ અને અછા તરનાર હતા. અત્રેની ફ્રીમેશન પંથના એવણ પ્રેસીડંટ હતા, અને એ ઓધા ઉપરથી ઘણા ભાષણો કીધા હતા. એવણને મુસાફરીનો શોખ હોવાથી આખા હીંદુસ્તાનની મુસાફરી કીધી હતી.

શેઠ અરદેશર જમશેદજી ઉમરીગર જે. પી., ૪૯ વરસની વયે રોજ ૧૪મો માહા ૧લાને દીને મરણ પામ્યા હતા. એવણ નાની ઉમરથી પોતીકા બાપીકા દારના ધંધામાં દાખલ થઇ, પોતાના ભલા ખવાસ અને લાયકીથી સરકારમાં તેમજ આ શેહેરની સરવે કોમમાં ઘણા લોકપ્રીય થઇ પડયા હતા. મરહુમ બીજાઓ જોડે લશકરી જાહેર પ્રસંગો વખતે થતી મોટી પારટીઓ તેમજ

બીજા જાહેર મોટા મેલાવડાઓ વખતે રીફ્રેશમેન્ટ પુરૂં પાડવાનું કંટ્રાક્ટ લેતા હતા. કલ્યાણી તાલુકાના આબકારી કોનત્રાક્ટરનું કામ ભાગમાં કરતા હતા. મુંબઇની પોલીસ ફોજના મરનાર એક ઘણા વીશ્વાશુ અને ઉપયોગી સલાહકારક હતા. આપણા શેહેરમાં થતાં હુલડ અને તોફાન વખતે પોતાના જીવની દરકાર ન રાખતાં ઘણી કીમતી મદદ આપી સરકારની ઘણી સેવાઓ બજાવવાથી તેની જાબજા તારીફ સરકારી દફતરોમાં નોંધાયલી છે. ૧૯૦૬માં એવણને સુલેહના અમલદાર નેમયા હતા. પોતે એકમારગી હતા, પણ સરવેને નાણાંની સારી મદદ આપતા હતા, અને કોઇબી દુખી માણસ તરફ એવણ હમેશ દીલસોજી રાખતા હતા. મરહુમ અસલી ઢબના ભણનાર ગણનાર અને દીન ચુસ્ત હતા. મરનારની પાયદસ્ત ક્રીયા વેલા પોલીસ ખાતાના કેટલાકો ખાસ બંદોબસ્ત સાથ એવણને સેવટનું માન આપવા હાજર થયા હતા.

શેઠ એદલજી ડોશાભાઇ ભરૂચા ૭૩ વરસની વયે રોજ ૨૩ મો માહા ૧ લાને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જન્મ ભરૂચમાં થયો હતો. મુંબઇથી થાણા સુધી જી. આઇ. પી. ની લાઇન બંધાઇ હતી ત્યારે બોરીબંદરના સ્ટેશન માસતર નેમાયા હતા. તે પછી જામખંડીના રાજાના સ્ટેટ કારભારી તરીકે રહયા હતા. એવણની તબીયત ઠીક નહી ચાલવાથી એ નોકરી છોડી મીલ ઉદ્યોગમાં પડયા હતા. કુરલા મીલ, કોલાબા મીલ તથા બીજી કેટલીક મીલોમાં મેનેજર તરીકે મરહુમે કામ કીધું હતું. છેલ્લે મરહુમે દારૂના ધંધામાં બી જીપલાવ્યું હતું અને કેટલોક વખત સુધી એ ધંધો કીધો હતો. લોરડ રેના વખતમાં નેમાયલા આબકારી કમીશનમાં એવણની જમાની લેવામાં આવી હતી. મુંબઇના દારૂવાળાઓએ પોતાની એસોસીએશન સ્થાપી હતી, તેના એવણ સરનશીન નેમાયા હતા. ડા૦ બલેનીની યાદગારી રાખવા માટે ઉબા કીધેલા ફંડમાં નાણાં ભરાવવાને મરહુમે ઘણી મેહેનત કીધી હતી. ચીરાબજાર તરફની બોમ્બે બેનીવોલંટ લાયબ્રેરીના સેક્રેટરી તરીકે ઘણા વરસ સુધી કામ કીધું હતું.

ડા૦ સોરાબજી ફરદુનજી ગજદર રોજ ૨૪ મો માહા ૧લા ને દીને વલસાડ ખાતે મરણ પામ્યા હતા. મરહુમનો જનમ ગણદેવીમાં થયો હતો અને ત્યાંની સ્કુલમાં કેળવણી લઇ ૧૮૭૨ માં મેત્રીકમાં પસાર થઇ ગ્રાંટ મેડીકલ કોલેજમા જોડાઇ ૧૮૭૮ માં એલ. એમ. એન્ડ એસ. ની ડીગ્રી મેલવી હતી. કોલેજમાં અભીયાસ દરમ્યાન એવણને ત્રણ વખત સ્કોલરશીપો મળી હતી. મરહુમને નામદાર ગાયકવાડ સરકારે કડી, અમરેલી વગેરે ઠેકાણે સીવીલ સરજ્યન નેમ્યા હતા. એ પછી વડોડરા વગેરે ખાતેની જુદી જુદી હાસપીટલોમાં કામ કીધું હતું. એવણે જેલ સુપ્રીંટેનડંટ તરીકે મેડીકલ સ્ટોરમાં તેમજ લેડી ડફરીન હાસપીટલમાં સીવીલ સરજ્યનનો ઓધો ભોગવ્યો હતો અને લાંબો વખત વેર ચીફ મેડીકલ હાફીસરબી નેમાયા હતા. મરહુમે ૩૨ વરસ સુધી નામદાર ગાયકવાડની વફાદારીભરી નોકરી બજાવી ગયે સાલ રીટાયરડ થયા હતા. પોતાની નોકરી દરમ્યાન એવણે માહારાજાના તેમજ મરહુમ પ્રીન્સ ફતેહસીંહરાવના ફીઝીસીયન તરીકે ઘણી કાળજીથી કામ કીધું હતું. ૧૮૯૮ માં માહારાજા ગાયકવાડના છોકરાંઓની સાથે ચીન જાપાનની મુસાફરીએ ગયા હતા. મરહુમના ઉપર રાજ કુટુંબનો પુરનો વીસવાસ હતો. એવણ નવસારીની મેહરજીરાણા લાયબરેરીની કારોબાર મંડળીના મેમબર હતા.

શેઠ જાહાંગીર હોરમજી મેહતા ૨૬ વરસની વયે રોજ ૨૮ મો માહા ૧ લાને દીને મરણ પામ્યા હતા. મરહુમ ૧૯૦૨ માં મેત્રીકમાં પસાર થઇ ૧૯૦૬ માં ગ્રેજ્યુએટ થઇને પુણાની એનજીનીયરીંગ કાલેજમાં જોડાયા હતા. ૧૯૦૯ માં એલ. સી. ઇ. થયા પછી એવણે સરકારી

પબલીક વરકસ ખાતાંમાં ઓધો મેળવ્યો હતો. એ પછી વધુ અભીયાસ કરવા માટે એડીનબરોની યુનીવરસીટી કાલેજમાં જોડાયા હતા. એવણે દરેક પરીક્ષા ચહડતા માન સાથ પસાર કરી પોતાના પ્રોફેસરો પર પોતાની કાબેલીયતનો ઉંચો છાપ બેસાડયો હતો. ગયા મારચ મહીનામાં છેવટની પરીક્ષામાં બેસનાર હતા પણ તેની બે મહીના અગાઉ સીક પડવાથી હીંદુસ્તાન પાછું ફરવાની મરહુમને ફરજ પડી હતી. એવણુની લાયકાત અને હુશીયારીની કદર પીછાની એડીનબરો યુનીવરસીટીના પ્રોફેસરોએ એક ખાસ ઠરાવ પસાર કરી હીંદુસ્તાન આવ્યા અગાઉ એવણુની એખલાનીજ પરીક્ષા એક મહીનો આગમજથી લીધી હતી. જેમાં મરહુમ પસાર થવાથી યુની-વરસીટીનું કાનવોકેશન ખલાસ થતાં એવણુની ઇજનેરી બી. એસ. સી. ની ડીગ્રી મુંબઇમાં મોકલાવી હતી. આ એક અસાધારણ બનાવ હતો. એવણુ રાંક તથા મીલનસાર હોવાથી સરવેમાં લોકપ્રીય થયા હતા. એડીનબરોથી નીકલતી વખતે ત્યાના પારસી યુનયને એવણુના માનમાં ખાણાનો મેલાવડો કીધો હતો. એવણુ લંડનના બાદશાહી સેનીટરી ઇનસટીટયુટનાં એક મેમબર હતા.

ડા૰ રૂશતમજી પેસતનજી ભરૂચા ૬૪ વરસની વયે રોજ ૩જો મહા ૨જા ને દીને મરણ પામ્યા હતા. શેઠ ફરામજી પાંડેને ત્યાં મરહુમના બાવા રહેલા હોવાથી એવણુબી ત્યાંજ રહેતા હોવાથી અને એવણુ જાતે ચચલ તથા હોશીયાર હોવાથી શેઠ ફરામજી પાંડેએ ડા૰ રૂશતમજીને સ્કુલ તથા કોલેજમાં અભયાસ કરવામાં ઘણી મદદ આપી હતી. ૧૮૬૯માં એવણુ મેત્રીક થઇ મેડીકલ કોલેજમાં જોડાઇ ૧૮૭ માં ડાકટરની એલ. એમ.ની પરીક્ષા પસાર કરી સરકારી નોકરીમાં રહયા હતા. મરહુમને મેડીકલ કોલેજના અભીયાસ દરમ્યાન બે સ્કોલરશીપો બી મલી હતી. ૧૮૭૮માં એવણુને કોલાબાની પાંડેની સેનેટરીયમમાં બીમારોને તતકાલીક મદદ મલે તે માટે રાખ્યા હતા. એવણે પોતાના મરણ સુધી લગભગ ૩૬ વરસ વેર એ સેનેટરીયમમાં રેસીડંટ ફીઝીશીયન અને મેડીકલ સુપ્રીંટેનડંનટ તરીકે ઓધો ભોગવ્યો હતો. પોતાની હોશીયારીથી કોલાબાના લતા ઉપર સારી ખાનગી ગરાકી મેલવી હતી. મરહુમે પોતાના માતાજીને નામનું ખાતું પડાવી રૂ. ૫૦૦૦ પાટીટ હાસપીટલમાં આપ્યા હતા.

ખા૰ બા૰ મનચેરજી રૂસ્તમજી ઘોલુ સી. આઈ. ઇ ૬૯ વરસની વયે રોજ ૨૦ મો માહા ૨ જાને દીને મરણ પામ્યા હતા. ૧૮૪૫માં મરહુમ એડનમાં સરકારી નોકરીમાં જોડાયા પછી ૧૮૬૯ માં એડનની રેસીડંટની કોરટના એકાઉનટંટ નેમાયા હતા. એડનની પારસી લાઇબરેરીના ૧૮૭૧ થી ૧૮૮૮ સુધી મરહુમ સરનશીન હતા. ૧૮૭૧ માં એડન મ્યુનીસીપાલીટીના એકાઉનટંટ અને ૧૮૭૩ માં ત્યાંની રેસીડંટના કોરટના રેજીસ્ટ્રાર નેમાયા હતા. ૧૮૭૫ માં નામદાર મરહુમ માહારાણી વીકટોરીયાના પાટવી કુંવર પ્રીન્સ ઓફ વેલસે એડનમાં ભરેલી લેવીમાં મરહુમને હાજર થવાનું માન મળ્યું હતુ. ૧૮૭૮ મા એવણુને એડનના પોલીટીકલ રેસીડંટની કોરટના રેજીસ્ટ્રાર નેમી બીજા વરગના મેજીસ્ટ્રેટ અને સ્મોલ કોઝ કોરટનાં જડજની સતા આપી હતી. ૧૮૮૪ માં એવણુને એડનની જેલના સુપ્રીટેનડંટ, ૧૮૮૫ માં પહેલા વરગના મેજીસ્ટ્રેટ અને ૧૮૮૮ માં કામચલાઉ ચોથા મદદનીશ રેસીડંટ નેમયા હતા. ૧૮૮૭ માં મરહુમને ખાનબહાદુરનો ખેતાબ અને સને ૧૮૯૭ માં સી. આઇ. ઇ. નો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. ૧૮૮૯ માં એવણુને એડનના બારાના પોરટ ટ્રસ્ટી, અને ૧૮૯૦ માં કામચલાઉ છઠા મદદનીશ પોલીટીકલ રેસીડંટ નેમયા હતા. એડનની પારસી અંજુમનનાં ઓનરરી સેક્રેટરી તરીકે મરહુમે લાંબો વખત સુધી સારી સેવા બજાવી હતી. ૧૯૦૩ માં રીટાયરડ થઇ

એવણુ મુંબઇ આવી રહયા હતા. ૧૯૦૪ માં એવણુને જે. પી. નેમ્યા હતા. મરહુમ ક્રીમેશન હતા અને અરબીક ભાષા સારી રીતે જાણુતા હતા.

સરજ્યન મેજર રૂશતમજી બેહરામજી પારખ ૭૮ વરસની વયે રોજ ૨૪ મો માહા ૨ જાને દીને લંડન ખાતે મરણુ પામ્યા હતા. એવણે મુંબઇની વઇદાંની કોલેજમાં જોડાઇ જુદી જુદી સ્કોલરશીપો મેલવી હતી. તે પછી મરહુમને ૧૮૫૩ માં તબીબી ધંધો ચલાવવાની સનદ મલી હતી. કોટના ધરમના દવાખાનાની મેનેજીંગ કમીટીના એવણુને મેંબર ચુંટી કહાડયા હતા. ૧૮૫૫ માં સનદી નોકરીની પરીક્ષા આપવા માટે એવણુ લંડન ગયા હતા ત્યારે એપેલો બંડર ઉપર ઘણા લોકો એવણુને માન આપવા હાજર થયા હતા કારણુ કે આ પરીક્ષા આપવા માટે એવણુ પહેલાજ દેશી ગ્રહસ્થ તરીકે જતા હતા. વળી એવણુને એક માનપત્ર તથા પરસ દેશીઓ તરફથી આપવામાં આવી હતી. ૧૮૫૭ માં સનદી નોકરીની પરીક્ષા પસાર કરી મુંબઇ આવ્યા બાદ લશકરી ખાતામાં રહેવા પછી સીવીલ ખાતાંમાં એમની બદલી થઈ હતી. ૧૮૬૮ માં રતનાગીરીના કામચલાઉ સીવીલ સરજ્યન નેમાયા હતા. ૧૮૬૯ માં એવણુને સરજ્યન મેજરની પદવી મળી હતી. ૧૮૭૪ માં નામદાર મહારાણી વીકટોરી-આએ સેંટ જેમસીસ પેલેસમાં ભરેલી લેવીમાં મરહુમને હાજર થવાનું માન મલ્યું હતું. એવણુ રીટાયરડ થવા પછી લંડન જઇ રહયા હતા.

એરવદ હીરજીભાઇ અસપંડયારજી ખંબાતા ૭૨ વરસની વયે રોજ ૩૦ મો માહા ૩જા ને દીને વાંદરા ખાતે મરણુ પામ્યા હતા. ૧૮૫૭ માં મરહુમને એલફીનસટન ઇનસ્ટીટયુટમાંથી વેસ્ટ સ્કોલરની પદવી મલી હતી અને એવણુ એલફીન્સતન કોલેજના શરૂઆતના ઝળકતા ચેલાઓમાંના એક હતા. એવણે પોતાની જીંદગીનો મોટો ભાગ વેપારી લાઇનમાં ગુજાર્યો હતો, તોપણુ એવણુ ઉંચાં સાહીત્યના પુજારી હતા, અને અગતના સવાલો ઉપર વરતમાનપત્રોમાં પોતાની વીદવત્તા અને અનુભવનો લાભ આપતા હતા. "હીંદી પંચ"ના શરૂઆતથી એવણુ તેના અંગ્રેજી વીભાગના મુખ્ય લેખક હતા. મરહુમ અંગ્રેજી ભાષા અને અંગ્રેજી કવીતા લખવામાં કુશલતા ધરાવતા હતા. મરહુમે યુરોપની મુસાફરી કીધી હતી તેમજ સખાવતી ખાતાંઓમાં પોતાથી બનતી નાણુંની મદદ આપતા હતા.

શેઠ મનચેરજી અરદેસર ભરૂચા ૬૮ વરસની વયે રોજ ૧૨ મો માહ ૪ થા ને દીને સક્કર ખાતે મરણુ પામ્યા હતા. એવણુ સક્કરમા લગભગ ચાલીસ વરસ થયા રહ્યા હતા. પેહલાં થોડાં વરસ એવણુ કોમેસરીએટ ખાતામાં ચાકરીએ રહયા પછી નોરથ વેસ્તરન રેલવેમાં ગારદ તરીકે રહયા ને સરકારની વફાદારીથી લગભગ ૨૭ વરસ નોકરી કરી હતી. છેલ્લા થોડાં વરસ થયા રીટાયરદ લાઇફ ગુજારતા હતા. એવણુ સકરના પારસી તથા પરકોમમાં લોકપ્રીય થઇ પરયા હતા ને નમરતાવાલા તથા પરોપકારી ગ્રહસ્થ હતા.

અવસ્તાના જાણીતા અભીયાસી મરહુમ એરવદ એદલજી કેરસાસપજી આંટીયા ૭૦ વરસની વયે રોજ ૧૭ મો માહા ૪ થાને દીને નવસારી ખાતે મરણુ પામ્યા હતા. મરહુમનો જનમ નવસારીમાં થયો હતો અને એવણુ ૧૬ વરસની વયે મુંબઇમાં આવ્યા હતા. સર જ. જી. પહેલા બારોનેટની યાદમાં ઉભી થયલી મદરેસામાં એવણે અવસ્તા અને પહેલવીનો સંપુરણુ અભયાસ કરી ઇંગ્રેજી અને સંસકરતની કેળવણી લઇ સ્કોલરશીપો તથા ચાંદો મેલવ્યા હતા. એ પછી એ મદરેસાના અવસતાના શીક્ષક તરીકે જોડાઇ ૫૧ વરસ સુધી એ મદરેસા

સાથે સબંધ રાખ્યો હતો. ૧૯૧૩ ની તા૦ ૪ થી માર્ચે સર જમશેદજી ઇનસ્ટીટયુટમાં મુંબઇના નામદાર ગવરનરની કાઉનશીલના મેમબર ઓ૦ સર કલોડ હીલના પ્રમુખપણા હેઠળ સર જ. જી. મદરેસાની જુબીલીના થયલા મેલાવડામાં મરહુમને જુબીલી મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. સર જમશેદજી જીજીભાઇ બેનીવોલંટ ઇનસટીટયુશન ખાતે અપાતી ધરમનીતીની કેળવણીના ખાતાંના ઉપરી હતા અને દર વરસ પારસી પંચાયત હસ્તક ચાલતી નિશાળોનાં છોકરાંઓની ધરમ કેળવણીની પરીક્ષા લેવાને ગુજરાતના જુદા જુદા ગામો ખાતે જતા હતા. મરહુમે ૧૮૭૭ માં જરથોસ્તી ધરમ શીક્ષકની ચોપડી પ્રગટ કીધી હતી, જેની ११ આવૃતીઓ નીકળી છે. ૧૯૦૦ માં કારનામે અરદશીર બાબકાન નામની કેતાબ પહેલવી અને ઝંદ ભાષામાં અને ૧૯૦૧ માં વંદીદાદનો ટેકસટ અવસ્તા હરફે મુંબઇની પારસી પંચાયતના ટરસ્તી સાહેબોની ફરમાસથી છપાવી પ્રગટ કીધો હતો. યજદેજરદી સને ૧૨૭૭ માં વલસાડ ખાતે શેઠ ધનજીરાને નામે બંધાયલા દખમાની થયલી શરૂઆતની ક્રીયા વખતે મરહુમને એક શીયાલ એનાયત થઇ હતી. જરથોસ્તી દીનની ખોજ કરનારી મંડળીના ખજાનચી તથા રાહનુમાએ માજદયસનાન મંડલીના કારોબારી સભાસદ હતા. મરહુમ નમાના તથા ઘણા સાલેશ હતા. મરહુમના મરણ માટે પારસી પંચાયતના ટરસ્ટી સાહેબોએ તેમજ જરથોસ્તી ધરમ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળીની કારોબાર મંડળીએ દલગીરીના ઠરાવો પસાર કીધા હતા.

ખા૦ બા૦ રૂસતમજી હોરમસજી કોટવાલ ૫૫ વરસની વયે રોજ ૨૯ મો માહા ૪ થાને દીને અહમદનગર ખાતે મરણ પામ્યા હતા. મરહુમનો જન્મ સુરતમાં થયો હતો અને ૧૮૭૫ માં મેત્રીક થઇ ૧૮૭૮ માં બ્રીતીસ સરકારની પોલીસ ખાતામાં જોડાયા હતા અને ખેડા, ભરૂચ પુણા વગેરે ઠકાણે નોકરી કીધી હતી. ૧૮૮૯-૯૦મા ખાનદેશ ખાતે મદદનીશ પોલીસ સુપરીન્ટેડંટના ઓધા ભોગવ્યા હતા. ૧૮૯૩ની જાનેવારીથી ૨૦ મહીના સુધી વડોદરા રાજ્યના પોલીશ નાયબ સુબા નેમાયા હતા, પાછા બ્રીતીશ નોકરીમાં જોડાઇ ૧૮૯૫-૯૭માં બીજાપોરનાં કામચલાઉ પોલીશ સુપ્રીનટેનડંટ અને ૧૮૯૮મા કોલાબા તથા થાણા જીલ્લાના પોલીશ ઇન્સપેકટર થયા હતા. ૧૯૦૧ માં થાણા જીલ્લાના ત્રીજી ગ્રેડના સુપરીનટેનડંટ નેમાયા હતા અને ૧૯૦૨ માં કચ્છભુજના પોલીસ કમીશનર નેમાયા હતા જે ઓધો ૧૨ વરસ સુધી યાને મરણ સુધી ભોગવ્યો હતો. ૧૮૯૭ માં મરહુમને ખાન બહાદુરનો ખેતાબ એનાયત કીધો હતો. સુરત નાનપરા રીડીંગ રૂમ અને લાયબ્રેરીની કમીટીમાં મરહુમની નેમણુક થઇ હતી.

શેઠ દીનશાહ બમનજી આંટયા ૬૭ વરસની વયે રોજ ૩૦મો માહા ૪થાને દીને વાંદરા ખાતે મરણ પામ્યા હતા. મઉની જરથોસ્તી સ્કુલમાં શીક્ષક તરીકે એવણ થોડો વખત રહયા પછી ૧૮૭૪માં મઉમાં રેલવે ખાતામાં એકાઉનટંટ નેમાયા હતા. ૧૮૮૨માં રજપુતાના સ્ટેટ રેલવે બંધાયા પછી એવણને અજમેરના એસટેબલીશમેંટ વીભાગના વડા નેમયા હતા, તે પછી રજપુતાના માળવા રેલવે બરોડા રેલવે સાથ જોડાઇ ત્યારે એવણની નોકરી ૧૮૯૩માં મુંબઇમાં માગવામાં આવી અને એવણને આખી બરોડા અને રજપુતાના લાઇનના એસટેબલીશમેંટ ઓડીટ વીભાગનું વડપણ આપ્યું હતું. ૧૯૦૩માં સરકારી નોકરીમાંથી રીટાયર થયા ત્યારે બરોડા રેલવેએ તેમની નોકરીનો લાભ મેલવયો અને એવણે ૬૦ વરસની ઉમર પુરી કરવા છતા ખાસ અપવાદ તરીકે રેલવે અમલદારોએ વેલાતની બોર્ડ પાસ શેઠ આટયા માટે બાહાલી મેલવી ૧૯૦૮ સુધી એવણને પોતાના ઓધા ઉપર રાખ્યા હતા. એવણની કીમતી સેવાના બદલમાં મરહુમ

રીટાયર્ડ થયા ત્યારે જીંદગી સુધીની એવણને કારડ પાસ આપી હતી. મરહુમને રેલવેને લગતા હીસાબી તરીકે બહુ અનુભવ હતો અને પોતાના ઉપરી અમલદારોનો સારો ચાહ મેલવ્યો હતો.

શેઠ જમશેદજી પેસતનજી દસ્તુર સોલીસીટર ૩૮ વરસની જવાન વયે રોજ ૪ થો માહા ૫ માને દીને જલંદરની બીમારીથી મરણ પામ્યા હતા. મરહુમે ભરૂચ હાઇ સ્કુલમાં કેળવણી લઇ ૧૮૯૨ માં મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરી જેમસ ગ્રોવસ સ્કોલરશીપ મેળવી એલફીન-સ્ટન કોલેજમાં જોડાયા હતા. ૧૮૯૯ માં બી. એ. અને ૧૯૦૨ માં એલ. એલ. બી. અને ૧૯૦૯ માં સોલીસીટર થયા હતા. એ પછી અતરેની મેસરસ બીકનેલ મેહરવાનજી અને રોમરની પેઢીમાં જોડાઇ સોલીસીટરનો ધંધો કરતા હતા.

શેઠ ફરામજી ધનજીભાઇ હાડવઇદ ૭૩ વરસની વયે રોજ ૨૯ મો માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ શેઠ ફરામજી પ્રખ્યાત ભીમજી ખાનદાનના કુટુંબના હતા. એવણ કોટમાં દાદીશેઠની અગીયારી સામે ભીમજી બ્રધરસ હાડવઇદ નામની પેઢીમાં પોતાના વડા ભાઇ શેઠ મેહરજીભાઈ સાથે લગભગ ૧૫ વરસ થયા હાડવઇદનો ધંધો કરતા હતા. નાનપણથીજ એવણ પોતાના બાવાના હાથ તળે હાડવઇદની તાલીમ લઇ હુશયાર થયા હતા. એવણે પોતાના ધંધાની કુશળતાથી ઘણા દરદીઓને રાહાત આપી હતી. પારસી પંચાયત હસતકથી ચાલતું ધરમનું હાડવઇદ ખાતું પોતાના ભાઇની સાથ ચલાવતા હતા.

મરહુમ શેઠ નશરવાનજી મેરવાનજી પાંડે ને મરહુમ શેઠ મેરવાનજી પાંડેની ચેરીટીની ટ્રસ્ટ બોર્ડના મેનેજીંગ ટ્રસ્ટી ૬૩ વરસની વયે રોજ ૩૦ મો માહા ૫ માને દીને હરદય એકાએક બંધ પડવાથી મરણ પામયા હતા. મરનાર પોતાના બાપના મરણ પછી પાંડેના ધર્મખાતાંનો વહીવટ અચ્છી કાબેલીઅતથી ચલાવતા હતા. મરહુમ શેઠ મેરવાનજીનાં મરણ પછી તેવણના એક માંગનારા શેઠ મનચેરજી હોરમસજી કામાએ હાઇ કોર્ટમાં લખો રૂપીઆની ફર્યાદી માંડી એવી દાદ ચાહી હતી કે જે વખતે શેઠ મેરવાનજી પાંડેએ ધર્મખાતાં સ્થાપ્યાં તે વખતે તેવણ કરજદારી હાલતમાં હોવાથી તેવણે સ્થાપેલાં ધર્મખાતાં રદ કરી કોર્ટે તેવણના માગનારાઓને રૂપીઆ અપાવવા. નજદીક બે અઠવાડયાં સુધી નામદાર સર ચાર્લસ સારજંટ આગળ એ કેસ ચાલ્યો હતો. જે વખતે મરહુમ શેઠ નશરવાનજીએ પોતાના મુરબીનું ધર્મખાતુ કયદાસર છે એમ પુરવાર કરી આપવાને ભારે રંજ અને મેહેનત કીધી હતી. આજે એ ધરમખાતાંઓ જે હયાતીમાં છે તે મરનારની તે વખતની અથાગ મહેનતને આભારી છે. ગુજરાતી તથા અંગ્રેજી સાહીતયના તેવણ સારા અભયાસી હતા. એવણના હાથમાંના જે ધર્મ-ખાતાં હાલ છે તે પાંડેની કોલાબા ખાતેની સેનીટેરઅમ, કરેલવાડીની પાંડેની ધર્મશાળા અને ગહંબાર ફંડ છે. મરનાર ગરીબ લાચાર જરથોસ્તીઓ પર સારી રેહેમ રાખતા હતા. મરહુમ શેઠ નશરવાનજીની નવજોતની ખુશાલીમાં એવણના બાવા શેઠ મેરવાનજીએ ટ્રસ્ટડીડ કરીને લગ-ભગ દોઢ લાખ રૂપ્યો ધરમખાતે આપ્યો હતો. ૧૮૭૬ માં મરહુમ ઇરાન દેશમાં રહેનારા જરથોસ્તીઓને મદદ કરવાના ધરમખાતાની પુંજીના મેનેજીંગ ટ્રસ્ટી હતા. મરહુમે ધરમખાતા-ઓમાં નાણાની સારી મદદ કીધી હતી. મરહુમ એક ફ્રીમેશન હતા. શેઠ મેરવાનજી પાંડેના ધર્મખાતાના ટ્રસ્ટ ડીડની શરત પ્રમાણે મરહુમ શેઠ નશરવાનજીની જગયાએ એવણના વડા દીકરા શેઠ ફરામજી હવે ટ્રસ્ટ બોર્ડના ચેરમેન તથા મેનેજીંગ ટ્રસ્ટી થયા હતા.

ભાવનગરના માજી વડા ન્યાયાધીશ મરહુમ શેઠ મનચેરશાહ નાનાભાઇ રાણીના ૫૧ વરસની વયે રોજ ૧ લો માહ ૬ ઠાને દીને મુંબઈમાં મરણ પામ્યા હતા. મરહુમ ૧૮૮૧ માં મેત્રીક થઈ ૧૮૮૮ માં ડીસટરીક પલીડરની પરીક્ષામાં પસાર થયા હતા. ૧૮૮૯ માં ભાવનગર રાજ્યના સબજડજ અને ૧૯૦૦માં જોઇંટ સર ન્યાયાધીશ નેમાયા હતા જે ઓધો ૧૩ વરસ વેર ભોગવ્યો હતો. એવણુ મરણુની ૧૦ મહીના આગમચ પોતાની લઠડતી તબીયતને લીધે રીટાયર થયા ત્યારે ત્યાંની પ્રજાએ એવણુના માનમાં કરેલા મેલાવડા વખતે ભાવનગરના નગરશેઠ મી૦ પરભુદાસ ભગવાનદાસે મરહુમ શેઠ મનચેરશાહની સ્તુતી કરતા જણાવ્યું હતું કે એવણે પોતાની પચીસ વરસની કારકીરદીમાં વીવેક, દીલસોજી અને દયાના ઉતમ ગુણોથી રાજા તથા પ્રજાનું મન જીતી લીધાં હતાં. તેમનો પવીત્ર ન્યાય હમેશા દયાથી રહેતો હતો અને નીરદોષ માણુસ દોષ પાત્ર ન બને તેને માટે તેઓ પુરતી કાલજી રાખતા હતા. એવણુ સેવટે સર ન્યાયાધીસની માનવંતી પદવી મેલવવાને ભાગયશાળી થયા હતા. એવણુ સાહીતયના પુંજારી હતા તેમજ સ્વભાવે હસમુખા, શાંત અને સાલેસ હતા.

જાણીતા શેઠ ખાનદાનના મરહુમ લક્ષાપતી શેઠયા જાલભાઇ અરદેશર શેઠનાનાં વીધવા બાઇ આઇમાએ ડાયાબીટસની બીમારીથી ૫૦ વરસની વયે રોજ ૧૦ મો માહા ૬ ઠા ને દીને મહાબળેશ્વર ખાતે મરણ પામ્યાં હતા. તેવણુ આજ કેટલીક મુદ્દત થઇ બીમારી ભોગવતાં હતાં અને મહાબળેશવર વગેરે સીતલ સથળો ઉપરજ રહેતાં હતાં. મરનાર બહુજ સાલેશ, ઉદાર મનોવરતીના તથા સંસાર મંડળમાં માનીતાં હતાં. તેવણુના સ્વાનને મુંબઇ લાવવામાં આવ્યું હતું. મરહુમ બાઇ આઇમાય અતરેના જાણીતા શેહેરી મરહુમ શેઠ દાદાભાઇ માણેકજી શેઠનાના દીકરી થતાં હતાં.

શેઠ અરદેશર ખુરશેદજી કામા ૭૧ વરસની વયે રોજ ૧૯ મો માહા ૬ ઠાને દીને મરણુ પામ્યા હતા. ૧૮૫૬ મા એવણ ઈંગ્લંડ ઉચી કેળવણી લેવા ગયા હતા. ૧૮૬૧ માં નામદાર માહારાણીના ભરથાર પ્રીનસ આલબરટનાં નીપજેલા મરણુ માટે દીલસોજીના પત્ર મોકલ્યો તે મધે શેઠ અરદેશર પણુ સામેલ થયા હતા. એવણે મુંબઇ આવી પોતાના ભાઇઓ સાથ થોડો વખત વેપાર ચાલાવ્યા પછી ચીન જઈ પોતાની બાપીકી પેહેડીનો વહીવટ ચલાવ્યો હતો. એ પેહેડી બંધ થવા પછી મરહુમ મુંબઇ આવી ઘણીક મીલોમાં મેનેજર તરીકે રહયા હતા. ૧૮૪૫ માં ચીનના જરથોસ્તીઓએ સર અવસરે મદદ કરવા ઉઘાડેલા ફંડના મરહુમ એક ત્રસ્ટી હતા. મરહુમે ઘણાક ફંડોમાં નાણુાની સારી મદદ કીધી હતી. મરહુમ શેઠ ખુરશેદજી નશરવાનજી કામા વીધ્યા અભીયાસને ઉતેજન આપવાને ત્રસ્ટ કાઢી ગયા છે જેના મરહુમ શેઠ અરદેશર પોતાની જીંદગી સુધી એક મેનેજીંગ ત્રસ્ટી હતા. વળી એવણુ બાળ કેળવણીની ખીલવણી માટે બહુ ઉલટથી ભાગ લેતા હતા.

. પુણાના જાણીતાં વેપારી શેઠ હોરમઝદ્યાર અસપંદીઆર ઇરાની ૭૫ વરસની વયે રોજ ૨૨ મો માહા ૬ ઠાને દીને પુણા ખાતે મરણુ પામ્યા હતા. મરહુમ અતરે ઇરાનથી પેહલ વેહલા આવ્યા હતા. એવણુ શરૂઆતમાં થોડો વખત નોકરી કરવા પછી વેપાર કરવા તથા કંત્રાકટો લેવા લાગા હતા. મરહુમે પોતાની લાયકી તથા નમનતાઇથી સારૂ માન મેળવ્યું હતું. એવણે પુનાની અંજુમનની દરેહમેહર બંધાવવામાં અને તેને લગતાં ફંડ માટે સારી મદદ કરવાથી

મરહુમના થયલા ઉઠમણા વખતે એવણનું નામ એ દરેહમેહરમાં થતાં જશનો વગેરેમાં દેવાને ઠરાવ કરવામાં આવ્યો હતો.

શેઠ નશરવાંનજી દીનશાહ વકીલ ૨૫ વરસની વયે રોજ ૨૨ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. એવણે અત્રે પ્રીવયસની પરીક્ષા પસાર કરી ૧૯૦૭ માં આયરલેંડ મધે જાનવરી વઇદાના અભયાસ માટે ગયા હતા અને ત્યાંથી પરીક્ષાઓ પસાર કરી ૧૯૧૧ માં અતરે પાછા આવ્યા હતા. એવણના પીતા જેવણ સ્કોટના તબેલાના માલેક છે તેવણ સાથે ધંધો કરવા લાગા હતા. એવણે એમ. આર. સી. વી. એસ. ની ડબલીનની ડીગ્રી મેલળી હતી અને ઘોડા માટેની સરટીફીકેટ અપવાનો પરવાનોબી એવણ ધરાવતા હતા. મરનાર ચાલાક અને હીમતવાન વેટરીનરી સરજીયન હતા અને તોફાની ઘોડાઓને જેર કરતા હતા. મરણની થોડો વખત અગાઉ ગાડી હાંકી જતા હતા તે વખતે થયલા અકસમાતથી ભેજું થપકાવાથી એવણનું મરણ નીપજ્યું હતું.

લેફ્ટેનંટ કરનલ એદલજી પાલનજી ફ્રેનચમેન ૫૮ વરસની વયે રોજ ૯ મો માહા ૭મા ને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ પુણા ખાતે થયો હતો. ૧૮૭૩ મા મેટ્રીકમાં પસાર થઇ ૧૮૭૮ માં એલ. એમ. એન્ડ એસ. ની ડાકટરની સેવટની પરીક્ષા પસાર કરી મેકલીનન સ્કોલરશીપ તથા રૂપાનો ચાંદ મેળવ્યો હતો. એજ શાલમાં વેલાત જઇ બીજે વરસે ઈંડીયન મેડી-કલ સરવીસની પરીક્ષા પસાર કીધી હતી. એવણ પેહેલ વહેલા મદરાસ ઇલાકામાં નેમાયા હતા. ૧૮૮૫માં એવણની નોકરી બરમાહની સરકારને સવાધીન કરવામાં આવી અને ત્યાં સીવીન સરજયન તરીકે ઘણા વરસ નોકરી કીધી હતી. ૧૮૯૧માં એવણને સરજયન મેજરની પદવીએ અને ૧૮૯૯ માં એવણની ૨૦ વરસની નોકરી પુરી થવાથી સરજયન લફ્ટનંટ કરનલની પદવીએ ચઢાવ્યા હતા. એવણ બરમાહ વોલંટીયર ટુકડીમાં જોડાયા હતા અને વરસો સુધી તેના તમીબ હતા. ૧૯૧૧મા મરહુમને સી. આઇ. ઇ. નો ખેતાબ એનાએત કીધો હતો અને દીહલી દરબાર વખતે બરમાહ સરકારના ગેસ્ટ તરીકે ગયા હતા. ૧૯૦૨માં એવણ બરમાહ ખાતે ઇનસપેકટર જનરલ ઓફ પ્રીઝનર્સ અને ડેપ્યુટી ઇનસપેકટર જનરલ ઓફ સીવીલ આસપીટલના ઓધા ઉપર નેમાયા હતા. બરમાહ પ્રાંતની જેલોમાં મોટા સુધારા કરી તથા કદીઓની હાલત સુધારવાની યોજના રચી જે ફતેહમંદીથી પાર પડવાથી સરકારની શાબાસી મેલવી હતી. ૧૯૦૩ માં બરમાની મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ અને ૧૯૦૭ માં બરમાની હાસપીટલના ઇનસપેકટર જનરલ તરીકે નેમાયા હતા. ૧૯૧૦ માં એવણ રીટાયર થયાં હતા. બરમાના લેફ્ટનન્ટ ગવરનરે તથા ચીફ જસતીસે મરહુમના મરણ માટે દીલસોજના સંદેસાઓ મરહુમના કુટુંબ પર મોકલાવ્યા હતા.

શેઠ આદરજી મનચેરજી જોશી સુરત ખાતે ૮૨ વરસની વયે રોજ ૧ લો માહ ૮ માં ને દીને મરણ પામ્યા હતા. એવણ સુરતી રેશમી કાપડ વણાવવાંનો ધંધો ચલાવતા હતા જે એવણના બાપદાદાથી ચાલતો આવેલો છે. એવણ સુરતના શેહેનશાહી આતશબેહરામના ક્રિયા કામના ફંડનો તથા છાસતીપરાના આદરયાનનો તથા બીજા ઘણા ફંડોનો વહીવટ બીજાઓ સાથ કરતા હતા અને આગેવાંની ભરયો ભાગ લેતા હતા. સુરત ખાતેના જરથોસ્ત સાહેબના દીસાનું ફંદ વધારવામાં મરહુમે જાતી ખંત અને મહેનત લીધી હતી. વળી મરહુમ ધરમ ચુસ્ત અને સ્વભાવે ઘણા રાંક હતા.

આ૦ બા૦ પેસતનજી જાહાંગીર તાલીયારખાન સી. આઇ. ઇ. ૮૩ વરસની વયે રોજ ૯ મો માહા ૮ માને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જન્મ સુરતમાં સને ૧૮૩૧ માં થયો હતો. એવણે અત્રેની એલફીનસટન ઇનસટીટયુશનમાં ૧૮૪૯ માં જોડાઈ સને ૧૮૫૦ માં કલેર સકોલરની અને બીજે વરસ વેસટ સકોલરની અને ૧૮૫૩ માં નોરમલ સકોલરની ચહડતી પદવી મેળવી હતી. એવણે દર વરસ ઇનામો તવારીખ, તરકશાસ્ત્ર અને ફીનસુફી જેવી બાબદોમાં વારા ફરતી મેળવયાં હતાં. ૧૮૫૪ માં ઉપલાંજ ઇનસટીટયુશનની ટાઉનહોલમાં મળેલી સભામાં સર અરસકીન પેરીવાલો સોનાનો ચાંદ ગવરનર લોરડ એટકીનસનને હાથે શેઠ પેસતનજીને "ખ્રીસતી અને મુસલમાનો વચે થયલી લડાઇના કારણો અને તેથી સુધારાં ઉપર થયલી અસરો" એ બાબદ ઉપર નીબંધ લખવા માટે મલ્યો હતો. મરહુમ રાસ્ત ગોફતારમાં લખાન કરતા હતા, તેમજ ૧૮૫૯ માં સ્ત્રી ગ્નાન માળા નામનાં પ્રગટ થયલાં પુસ્તકમાં બી સંસારી બાબદો માટે લખાણ કીધું હતું અને એવણે જાહેર ભાષણો બી આપ્યાં હતાં. સટુંડસ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટી, ગ્નાન પ્રસારક મંડળી તથા જુદી જુદી મંડલીઓના એવણ કારોબારી નેમાયા હતા. શેઠ પેસતનજી ૧૮૫૭ માં ઉતર વીભાગના સબ એસીસ્ટંટ કમીશનર, ૧૮૬૩ માં કામચલાઉ સેટલમેંટ ઓફીસર, ૧૮૬૫ માં ઉતર વીભાગના એલીએનેશન સેટલમેંટ ઓફીસર અને ૧૮૬૮ માં દક્ષીણ વીભાગના કામચલાઉ એલીએનેશન સેટલમેંટ ઓફીસર નેમાયા હતા. એવણે પોતાનો ઓધો ઘણી ચાલાકીથી બજાવવાથી એવણને પોતાના ઉપરીઓ તરફથી ઘણી સાબાસી મલી હતી. ૧૮૭૪ માં વડોદરા ખાતે સેટલમેન્ટ ઓફીસર એવણ નેમાયા હતા અને બીજે વરસ વડોદરાના માહારાજા મહલારાવને ગાદીએથી ઉઠાડી મેલી ત્યાંનો રાજ કારોબાર થોડુંક સુધી હીંદુસ્તાનનાં વાઇસરાયે પોતાના એજંટ કરનલ સર લુઇ પેલીની મારફતે ચલાવયો હતો. તે અમલદારે સરવેના દાવા અને હકો વીશે તપાસ કરવને એક કમીટી નેમી તેના સરનશીન તરીકે શેઠ પેસતનજીને નેમયા હતા. એવણને ૧૮૭૭ માં ખાનબહાદુરનો અને ૧૮૮૨ માં સી. આઇ. ઇ. નો ખેતાબ એનાયત કીધો હતો. આશરે પંદર વરસ ઉપર કીરતીભરેલી નોકરી બજાવી રીટાયરડ થયા હતા. મરહુમ મીલનસાર, સાદા અને રાંક હતા. મરહુમના ઉઠમણાની કીયા નારગોલ ખાતે થઇ હતી અને મરહુમના કુટુંબ ઉપર દીલાસા પત્ર મોકલાવી આપ્યું હતું.

અખબારે સોદાગરના માલેક શેઠ કાવસજી દાદાભાઇ ૬૮ વરસની વયે રોજ ૧૨ મો માહા ૮માને દીને મરણ પામ્યા હતા. એવણે ઘણા વરસો સુધી અખબારે સોદાગર નામનું ન્યુસપેપર મુંબઈમાં ચલાવ્યું હતું જે પત્ર એવણનાં બાવાના વખતથી ૧૮૫૨ થી નીકલવા માંડયું હતું. મરહુમે પોતાના પીતાનાં હાથ હેઠલ પ્રેસ ચલાવવાની અછી તાલીમ મેલવી હતી અને એ પત્રની કિર્તી જાલવી રાખવાનો સારો પ્રયાસ કરયો હતો, પરંતુ એમની નાદુરસ્ત તમીયતને લીધે એ પેપર કેટલાક વરશ સુધી ચલાવ્યા બાદ મરહુમ શેઠ નાનાભાઇ રતનજી ચીચગરને વેચાતું આપ્યું હતું. એ પછી મરહુમ રીટાયરડ જીંદગી ગુજારતા હતા. એવણ ઘણા રાંક તથા સાલેસ સ્વભાવના હતા તેથી સરવેનો ચાહ જીતી લેતા હતા અને કોઇનુ બી કામ કરી આપવાને હમેશ તતપર રહેતા હતા. મરહુમે પાક ખોરદેહ અવસ્તાનાં દલદાર દફતરો છાપી કેટલીક વખત પ્રગટ કીધાં હતા.

મરહુમ શેઠ ફરામજી કેખશરૂ પાટક ૬૬ વરસની વયે વાંદરા ખાતે રોજ ૨૨ મો માહા ૮ માને દીને મરણ પામ્યા હતા. ૧૮૭૪માં મરહુમે હાઈ કોરટ પલીડરની પરીક્ષા પસાર કરી

અત્રેની સ્મોલ કૉઝીઝ કોરટમાં લગભગ ૩૫ વરસ સુધી વકીલનો ધંધો કીધો હતો. વળી એવણુને કોરટ તરફથી હીસાબ તપાસવા તથા લવાદીનું કામ મલતું હતું. એવણુ સમોલ કૉઝીઝ કોરટના વકીલોની એસોશીએશનના પ્રમુખ હતાં. મરહુમ ૧૮૮૨થી ૩ વરસ સુધી એલેક્ઝાંડરા સ્કુલના ઓનરરી સેક્રેટરી હતાં. એવણુ ફ્રીમેસન હતા અને વેલાતની મુસાફરીએ બી ગયા હતા. દુકાળના ફંડોમાં તથા બીજા ધરમખાતાંઓમાં સારી મદદ કીધી હતી.

મરહુમ શેઠ દાદાભાઇ નશરવાનજી કેરાવાલા, જે. પી., ૭૦ વરસની વયે રોજ ૨૪ મો માહા ૮ માને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ સુરતમાં થયો હતો. મરહુમ સેક્રેટરીયટમાં કલારકની નોકરીએ રહયા હતા અને તે પછી થોડો વખત સુધી શેર દલાલનો ધંધો કીધો હતો. એ પછી એવણે વીકટોરીયા ગાડીઓ શહેરમાં ફરતી રાખી હતી અને પોતાની અક્કલ હુશીયારીથી ગાડીના લેસનો આપનાર પોલીસ અમલદારોના દીલ જીતી લીધાં હતાં. લેસનો બાએ તકરારો ઉભી થતી ત્યારે એવણુ બાહોશીથી નીવેડો લાવતા હતા. અને એ ગાડીઓમાં કેટલાક સુધારા તથા વધારા મરહુમે કીધા હતા. ૧૮૭૧ માં મુંબઇની પોલીસના ડેપ્યુટી કમીશનર મી૦ આલફ્રેડ એડજીંગટન રીટાયરડ થવાથી ભાડુતી ગાડીવાલઓ તરફથી આગેવાની લઇ એવણુને આપવામાં આવેલું માનપત્ર મરહુમે વાંચી સંભલાવ્યું હતું. ૧૮૯૩ અને ૧૮૯૮ માં મુંબઇમાં થયલા હુલડ વેળા પોલીસને સારી મદદ આપી હતી. ૧૮૯૬ માં એવણુને સુલેહના અમલદાર નેમ્યા હતા. ૧૮૯૭ થી ૧૮૯૯ સુધી મુંબઇમાં ચાલેલી મરકી વેલાએ શેઠ દાદાભાઇએ સરકારને આપેલી મદદની પીછાનમાં નામદાર સરકારના ચીફ સેક્રેટરીએ તા૦ ૭ મી જુન ૧૮૯૯ ને દીને "સરટીફીકેટ ઓફ મેરીટ" એનાયત કીધી હતી.

કરાંચીના વડા અકાબર અને સખી શેહયા શેઠ એદલજી દીનશાહ સી. આઇ. ઇ. ૭૩ વરસની વયે રોજ ૨૯ મો માહા ૮ માને દીવસે વેલાત જતા મારગમાં પોરટ સેડથી થોડે દુર દરીયામાં મરણ પામ્યા હતા. મરણની થોડો વખત અગાઉ એવણુ ઉપર મુંબઇમાં ઓપરેશન કરવામાં આવ્યું હતું. પણ ફરીથી બીજી વખત ઓપરેશન કરવાની જરૂર જણાયાથી તે માટે એવણુ વેલાત જવ કરાંચીથી તા૦ ૨૯ મી એપ્રીલે ઉપડયા હતા. એવણે કરાંચી ખાતે કરેલી સખાવતો માટે તેમજ સફર સફળ ઇચ્છવા સારૂ કરાંચીના જરથોસ્તીઓએ તા૦ ૨૮ મી એપ્રીલે શેઠ ફરામરોઝ એ. પંથકીની આગેવાની હેઠળ એવણુને એક માનપત્ર એનાયત કીધું હતું. મરહુમ કરાંચીની બાળશાળાના એક કારોબારી હતા અને એ શાળાને આગળ રૂ. ૩૦૦ ઇનામો આપવા માટે આપ્યા હતા. ૧૮૭૫ માં એવણુને કરાંચીની લેંડીંગ એંડ શીપીંગ કંપનીના ડીરેકટર, ૧૮૮૯ માં કરાંચીની પારસી મેટ્રીમોનીયલ કોરટના ડેલીગેટ, અને ૧૮૯૪ માં કરાંચીના પોરટ ટ્રસ્ટી નેમવામાં આવ્યા હતા. એવણુ ૧૮૮૭ માં ફ્રીમેશન થયા હતા. શેઠ એદલજીને ૧૮૯૯ ની તા૦ ૧ લી જાનેવારીએ સી. આઈ. ઇ. નો ખેતાબ નામદાર સરકારે એનાયત કીધો હતો. એવણુ પાંચ વરશ સુધી યુરોપમાં રહી કરાંચી પાછા આવ્યા ત્યારે એવણુની ચાલીમાં વસનારાઓએ તા૦ ૧૨ મી ડીસેમબર ૧૯૦૪ને દીને એક માનપત્ર એનાયત કીધું હતું. ૧૮૮૨ માં કરાંચી ખાતે જરથોસ્તી રવાનોને અવલમંજલ પોંહચાડવાનું ફંડ સ્થાપી તેમાં એવણે રૂ. ૧૦૦૦૦ ની ભેટ આપવાથી તા૦ ૧૭ મી દીસેમબર ૧૮૮૨ને દીને એવણુને માનપત્ર તથા શીયાલો ત્યાંનાં જરથોસ્તીઓએ એનાયત કીધાં હતાં. એ ફંડમાં બીજા રૂ. ૨૦૦૦ સને ૧૮૮૮માં આપ્યા હતા. એવણે સ્થાપેલાં સમદી અને નસેસાલારના ફંડો સને ૧૮૮૩ માં જોડી નાંખી તેમાં બીજા રૂ. ૪૬૦૦ પોતા તર-

ફંડથી આપ્યા હતા. ગરીબોને મદદ કરવા, ગહમબાર કરવા માટે બીજા ચાર ફંડો એવણે સ્થાપ્યા હતા જેને હાલમાં એવણે ઘણી સારી સ્થીતીમાં લાવી મેલ્યા છે. ૧૮૮૬ માં એવણના ઘણી-યાણી બાઇ બચુબાઇના ઉઠમણા વખતે ધરમપોરનો રૂ. ૮૦૦૦ ની કીંમતનો બંગલો આપી તેમાંથી ગરીબોને મદદ કરવા અને બીજા રૂ. ૫૨૫૧ ના વ્યાજમાંથી કરાંચીમાં કદમી ગહમબાર કરવાની તંદેરોસ્તી ભણાવી હતી. શેઠ એદલજીએ ૧૮૮૭ માં એવણના ઘણીયાણી બચુબાઇના નામથી કરાંચીના કેમારી આગળ એક હાસ્પીટલ બાંધવા માટે રૂ. ૫૦૦૦, ૧૯૧૦ માં એવણના બેટાના નામ ઉપરથી "નાદરશાહ એદલજી દીનશાહ ડીસપેનસરી" મકાન બાંધવા માટે રૂ. ૧૦૦૦૦ અને કરાંચીની ડફરીન આસપીટલનાં ફંડમાં રૂ. ૧૦૦૦૦ આપ્યા હતા. શેઠ એદલજીએ પોતાની ૭૧ મી સાલગ્રેહની ખુશાલીમાં વાંદરાના બાઇ શીરીન-બાઇ કામાના કોનવેલેસંટ હોમમાં રૂ. ૧૦૦૦, ઝોરાસ્ટ્રીયન બીલ્ડીંગ ફંડમાં રૂ. ૧૦૦૦ અને કરાંચીના બાઇ બચુબાઇ એ. દીનશાહ ધંબાર ફંડમાં રૂ. ૫૦૦૦ આપ્યા હતા. વળી પુણામાં ગહંબાર કરવા માટે આગળ રૂ. ૨૦૦૦૦ની કીમતનો બંગલો આપેલો તે ઉપરાંત બીજો બંગલો રૂ. ૨૫૦૦૦ની કીમતનો આપ્યો હતો. તેમજ કરાચીની વાહાડયાવાળી દરેહ-મેહરમાં લાદી જડાવવા રૂ. ૨૦૦૦ આપ્યા હતા. એની થોડા વરસ અગાઉ એવણે વાહાડયાવાલી દરેહમેહરમાં રૂ. ૧૦૦૦ તથા ગાડીખાતાની અગીયારીમાંબી રૂ. ૧૦૦૧ આપ્યા હતા. એવણે કરાંચીની સીંધ કોલેજને રૂ. ૩૦૦૦, બાઇ બચુબાઇ એ. દીનશાહ ધંહબાર ફંડ સ્થાપી તેમાં રૂ. ૪૦૦૦ અને ૧૮૮૮માં કરાંચીના ફ્રીયર હોલના કંમપાઉન્ડમાં એવણને નામનો ફુવારો મુકવા માટે રૂ. ૧૫૦૦ આપ્યા હતા. એ ઉપરાંત એઓ શેઠ તરફથી બીજા ઘણા ફંડો તેમજ ધરમ-ખાતાંઓમાં નાણાંની સારી મદદ કરવામાં આવી હતી. મરહુમ શેઠ એદલજીના કરાંચી ખાતે થયલાં ઉઠમણા વખતે એવું જાહેર કરવામાં આવ્યું હતું કે મરહુમ પોતાના વીલ મારફતે રૂપ્યા બેથી ત્રણ લાખની સખાવત કરી ગયા છે અને એજ વખતે એવણનુ નામ ભણતરની ક્રીયામાં લેવાનો ઠરાવ કરાંચીની જરથોસ્તી અંજુમને કીધો હતો. વળી મરહુમના મરણ માટે તા૦ ૩ જી જુને મલેલી કરાંચી મન્યુસીપલ કોરપરેશન સંભામાં દલગીરી દરસાવનારો ઠરાવ પસાર કરી મરહુમનાં કુટુંબ ઉપર મોકળી આપ્યો હતો. તેમજ કરાંચી પારસી જીમખાના વગેરે મંડલોએ બી દલગીરીના ઠરાવો પસાર કરી મોકળી આપ્યા હતા.

શેઠ બેરામજી દીનશાહ પાંડે ૬૨ વરસની વયે માથેરાન ખાતે રોજ ૬ ઠો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. માથેરાનથી મરહુમના રવાનને મુંબઇ લાવી અવલ મંજલ પોહચાડવામાં આવ્યું હતુ. એવણની આગેવાની હેઠળ ૧૮૮૬ માં વાંદરાના કસઇવાડામાં જાનવરોને ચારોપાણી આપવા માટે ફંડ ઉગાડવામાં આવ્યું હતું તેમજ તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૮૭ ને દીને મુબઇમાં ગાય ભેંસોના રક્ષણ માટે ગઉરક્ષક મંડળી સ્થાપાઇ હતી અને તેના એવણ ૧૫ વરસ સુધી સેક્રેટરી નેમાયા હતા. કેશમીરમાં ૧૮૯૨ માં પડેલા દુકાલ વખતે તે માટે ફંડ ભરાવી સારી મદદ ત્યાં મોકલાવી હતી. મરહુમે ૧૮૯૦ માં અંનફળશાકની પકવાંન પોથી તથા ૧૯૦૫ માં વેજીટેરીયન કુકરી નામે ચોપડી રચી છપાવી પ્રગટ કીધી હતી. એવણ એક ચુસ્ત થીઓસોફીસ્ટ તથા વેજીટેરીયન હતા. મરહુમે અનફળ ચરચા ચલાવવામાં આગેવાની ભરયો ભાગ લીધો હતો. એવણ રીચી સદુઅગ્ટની આફીસમાં લાંબો વખત સુધી સેલસમેન તરીકે હતા. મરહુમના માનમાં કાપડ બજાર બંધ રાખવામાં આવ્યું હતું.

શેઠ શેરીયાર અસ્પંડીઆર ઇરાની રોજ ૭ મો માહ ૯ માને દીને માથેરાન ખાતે મરણ પામ્યા હતા. મરહુમના સ્વાનને માથેરાન ખાતેજ ક્રુતીહ કરવામાં આવ્યું હતું. એવણ પોતાને સ્વદેશથી નાની વયે મુંબઇ આવી નોકરીએ રહ્યા હતા. શરૂઆતમાં ઓઇલમેન સ્ટોરસની દુકાન કાહડવા પછી મોટાં પાયા ઉપર વાજીંત્રો વેચવાની દુકાન કાઢી હતી. એવણ ઘણીક વાર યુરોપ અમેરીકાની મુસાફરીએ ગયા હતા ત્યાં નજર ઉગડવાથી બોહલા પાયા ઉપર પોતાનો ધંધો વધારયો હતો. મરહુમ સપોરટસના સોખીન હતા અને પોતાનો ધંધો બંધ કરી દેશ પરદેશની મુસાફરી કરતા હતા.

વલસાડના જાણીતા વકીલ શેઠ હોરમસજી ફકીરજી બીલપુડીવાળા રોજ ૭ મો માહા ૯ મ ને દીને ૪૨ વરસની વયે ગુરદાની બીમારીથી નવસારી ખાતે મરણ પામ્યા હતા. એવણે વકીલની પરીક્ષા પસાર કરી ૧૮૯૮ માં વલસાડ જઇ વકીલનો ધંધો શરૂ કરયો હતો, જે અગાઉ એવણ ગંદેવી હાઇ સકુલના હેડમાસતર હતા. એવણે પોતાના કાયદાના બોહોળાં જ્ઞાનને લીધે બારમાં આગેવાન દરજ્જો મેળવયો હતો; તેમજ એવણના વખતમાં વલશાડ આવી ગયલા સઘળા માજીસ્ત્રેટ અને સબજજો એમને માટે ઘણું ઉંચું મત દરસાવતા હતા. એવણે વલસાડના મ્યુનીસીપલ કાઉનસીલર તરીકે તેમજ મ્યુનીસીપાલીટીના વાઇસ પ્રેસીડંટ તથા સકુલ કમીટીના ચેરમેન દાખલ બાહોશીથી કામ કરયું હતું.

શેઠ કુવરજી કાયાજી રાજકોટવાલા ૭૩ વરસની વયે રોજ ૧૨ મો માહા ૯ માને દીને મુંબઇમાં મરણ પામ્યા હતા. એવણનો જનમ ભરૂચમાં થયો હતો અને સુરત હાઇ સ્કુલમાં કેલવણી લઇ મુંબઇ આવી ૧૮૬૯માં ડીસ્ટ્રીકટ પીલીડરની પરીક્ષા પસાર કરી કાઠયાવાડ ખાતે વકીલનો ધંધો કરવા લાગા હતા. ૧૮૭૦મા રાજકોટની કાઠયાવાડ એજંસી કોરટોના તરજુમો કરનાર તરીકે એવણ નેમાયા હતા. ૧૮૮૩માં ધરાંગધરાના રાજાએ પોતાના રાજ્યના દીવાન નેમ્યા હતા. ૧૮૭૫માં રાજકોટની દરેમેહરમાં અફરગાન્યું ચીપીયા વગેરે ભેટ આપ્યા હતા અને દુકાળ રેલ વગેરેના ફંડોમાં પોતા તરફથી નાણાની સારી મદદ કરતા હતા રાજકોટ ખાતે બધાયલા દખમાં માટે એવણે સારી સહલા તથા મદદ કીધી હતી. એ વખતે અપાયલા માનપત્રો એવણે વાચ્યા હતા, તેમજ એવણને એક શીયાળ શેઠો એડનવાલા તરફથી એનાયત કરવામાં આવી હતી. મરહુમ રાજકોટની અંજુમનના શરનશીન નેમાયા હતા અને એવણ એક ફ્રીમેશન હતા. એવણને ફારસી ભાષાનું જ્ઞાન સારૂ હતું. છેલ્લા બે દાહેકા થયા વકીલાતના ધંધામાંથી રીટાયરડ થયા હતા અને રાજકોટ ખાતે રહેતા હતા.

શેઠ હોરમજી માણેકજી મોદી ૬૮ વરસની વયે રોજ ૧૭ મો માહા ૯ મા ને દીને મરણ પામ્યા હતા. મરહુમ નાધલી ઉમરે જી. આઇ. પી. રેલવેમાં નોકરીએ રહયા હતા. એ પછી ભાયખલા પર આવેલા મરહુમના સગા શેઠ પાલનજીના એડેલફી હાટલમાં જોડાઇ પાછલથી એ હાટલના ભાગયા થયા હતા. જે પછી વીકટોરીયા ફેમીલી અને વીકટોરીયા હોટલ કાડયું હતું. સને ૧૮૮૭ માં એપોલો હોટલ સ્થાપ્યું હતું જે મરણ સુધી મરહુમની માલેકી હેઠળજ રહયું હતું. જોકે એવણે ૧૯૦૪ માં રીટાયરડ થઇ પોતાના બેટા જાહાંગીરને બધો કારોબાર સોપ્યો હતો. મરહુમે દમણ નજદીક જાગીરી ગામ ભીમપોર ખરીડયું હતું. એવણ ઉદાર દીલનાં અને ભલા હતા. ડા૦ અલેનીને કેટલોક વખત સુધી પોતાના હોટલમાં રાખી તેમની સારી મહારત કીધી હતી. મરહુમના દમણ ખાતે થયલા ઉકમણા વખતે ત્યાંના ફંડોમાં રૂ. ૫૦૦ આપવાનું જાહેર કરવામાં આવ્યું

હતું. તેમજ મરહુમના કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલવાનો ઠરાવ તથા મરહુમનું નામ તયાં થતા ભણુતર કીયામાં લેવાનોબી ઠરાવ દમણુની જરથોસ્તી અંજુમને કીધો હતો.

શેઠ દાદી એદલજી તારાપોરવાલા ૪૬ વરસની વયે રોજ ૨૧ મો માહા ૯ માને દીને મુંબઇમાં મરણુ પામ્યા હતા. મરહુમ એક જાહેર લેખક, કવી તથા વારતા લખનાર તરીકે ઘણા પંકાયલા હતા. મરહુમ પોતાના વતન તારાપોરમાં જાગીર ધરાવતા હતા અને ત્યાં રહેતા હતા. એવણે ગુજરાતી સાથ મરાથી અને સંસકરતની કેળવણી લીધી હતી અને નાની વયથી લખાણો કરવા માંડયા હતા. જુદા જુદા ચોપાન્યાઓ તેમજ ન્યુસપેપરોમાં એવણુ વારતાઓ તથા કવીતા વગેરેના લખાણો વારનવાર લખતા હતા, વળી "દીલજાન"ના તખલ્લુસ હેઠળ કવીતાઈ લખાણુ કરતા હતા. આશરે ૩ ત્રણુ દાહેકા ઉપર મરહુમ શેઠ સોરાબ લી. પાલમકોટ તરફથી પ્રગટ થતા માસીક મજાહના અધીપતી તરીકે શેઠ તારાપોરવાલા હતા. પહેલ વહેલી ૧૮૮૬ માં પતિવરતા બાયડીનો વેહેમી ભરથાર નામની વારતા છપાવી પ્રગટ કીધી હતી. તે પછી મરહુમે ઘણાક કવીતાના, વારતાના તથા નાટકના પુસતકો લખ્યાં હતાં. ગયે સાલ દુઃખી દાદીબા નામની મોટી કેતાબ છપાવી પ્રગટ કીધી હતી. મરહુમને થોડા વરસપર પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળી તરફથી રૂ. ૧૦૦ નું ઇનામ મલવાથી પશુરક્ષક નામની ચોપડી રચી હતી. મરહુમ એક અચ્છા લખનાર તરીકે લાંબા વખત સુધી યાદગાર રહેશે. એવણુ પોતાનાં બોહળા વાંચન તથા અભયાસને લીધે કોઇબી વખતે કવીતા લખી કાઢતા હતા. વળી સ્ત્રી વાંચક વરગને રીજવવા અને બોધ દેવાને ઘણું કીધું છે.

મરહુમ શેઠ પેશતનજી ડોશાભાઇ મુસ તથા ફોટોગ્રાફર ૭૫ વરસની વયે રોજ ૨૩ મો માહા ૧૦ માને દીને લંડન ખાતે મરણુ પામ્યા હતા. પેહલ વેહલા નીઝામ સરકારના કસટમસ ખાતાંમાં એવણુ નોકરીએ રહયા બાદ હૈદરાબાદની કસટમના વડા તરીકે મરહુમને નેમવામાં આવ્યા હતા. ૧૩ વરસ સુધી એ ઓધો ચલાવ્યા પછી એવણુ રૂ. ૮૦૦ ને પગારે પેહલી ગ્રેડના ડેપ્યુટી કમીશનર નેમાયા હતા. જે બાદ કમીશનર થઇ ૨૯ વરસ સુધી નીઝામ સરકારની નોકરી કરી થોડુંક થયું પેનશન ઉપર રીટાયરડ થયા હતા. એવણુ ચુસ્ત થીઓસોફીક હતા અને ય. સને ૧૨૭૫ માં નીઝામ હૈદરાબાદ ખાતે થીઓસોફીકલ સોસાયટી માટે બંધાયલા મકાનના ફંડમાં રૂ. ૮૦૦૦ આપ્યા હતા. એવણુની આ સખાવત માટે મકાન ખુલ્લું મેલવાની થયલી કીયા વેલાએ મીસીસ એની બીઝંટે એવણુને મેડમ બલેવટસકીના પુસ્તક "સીક્રેટ ડોકત્રીન"નો સટ ભેટ આપ્યો હતો. મરહુમ ત્રણુ મહીના ઉપર વીલાત ગયા હતા જ્યાં એવણુનું મરણુ નીપજ્યું હતું.

મરહુમ શેઠ જમશેદજી દોશાભાઇ સેક્રેટરી ૭૮ વરસની વયે સુરત ખાતે રોજ ૩ જો માહા ૧૧ માને દીને મરણુ પામ્યા હતા. મરહુમે મુંબઇની એલફીનસટન ઇનસટીટયુટમાં કેળવણી લઇ ૧૮૫૭ માં ક્લેર સ્કોલરશીપ મેલવી હતી. ૧૮૬૬ માં સુરતની જાફરઅલી મીલમાં સેક્રેટરી તરીકે ૮ વરસ નોકરી કરવા બાદ જુદી જુદી મીલોમાં સેક્રેટરી તરીકેનો ઓધો ભોગવ્યો હતો. એ પછી મુબઇમાં ઓડીટર તરીકે ધંધો કરવા લાગા હતા. સુરતમાં ૧૮૬૧ માં કેટલાક પારસી જવાનીઆઓએ ઉભી કીધેલી નાટક મંડલીમાં મરહુમ જોડાયા હતા. મરહુમે નાનપણુમાં અંગબળની તાલીમ લેવાથી પોતાની ૭૫ વરસની વયેબી લાંબી મંઝલ પગે ચાલી કરતા હતા.

મુંબઈની માણેકજી પીટીટ મીલસના બુઝોરગ હેડ સટોરકીપર શેઠ બેહેરામજી કુંવરજી

દારૂખાનાવાળા ૭૮ વરસની વયે રોજ ૪ થો માહા ૧૧ માને દીને મરણ પામ્યા હતા. મરહુમે મધયમ કેળવણી લઇને જવાન વયે મુંબઇ સરકારના સરજ્યન જનરલની ઓફીસમાં ક્લાર્ક તરીકે પોતાની કારકીરદી શરૂ કરી હતી. પાંચ વરસ એ સરકારી નોકરી બજાવયા પછી એવણુ મુંબઇની માણેકજી પીટીટ મીલસમાં સ્ટોરકીપર તરીકે નોકરીએ રહયા હતા. માણેકજી પીટીટ મીલસ મોટી મીલોમાંની એક છે તેના સ્ટોરકીપરનો જોખમ ભરયો ઓધો મરનારે અરધી સદીથી પણ વધુ મુદ્દત યાને લગભગ એકાવન વરસ સુધી ભોગવયો હતો. તેવણુના કબજામાં હમેશ દોઢથી બે લાખનો સટોર રહતો હતો. એ મીલમાં દર વરસ લગભગ રૂ ૬ લાખનો સટોર ખપે છે. તેનો સઘળો વહીવટ મરનાર કરતા હતા અને વીલાયતથી આવતા મશીનરીના છુટા ભાગો બાદ કરતાં બાકીના લગભગ રૂ. ૪॥ લાખના સટોરની ખરીદી છેલ્લાં થોડાંક વરસ અગાઉ તેવણુ પોતેજ કરતા હતા.


શેઠ માણેકજી મનચેરજી હીરામાણેક ૭૩ વરસની વયે રોજ ૨૯ મો માહા ૧૧ માને દીને મરણ પામ્યા હતા. એવણુ પોતાના ભાઇઓ શેઠો કેખશરૂ અને નશરવાનજીની સાથે શેર અને હુંડીની દલાલીનો બાપીકો ધંધો કરવા લાગ્યા અને ત્યારબાદ તેઓએ રૂના ધંધા તરફ ધ્યાન દોડાવ્યું અને તેથી તેઓનું દાહેકો શુધી બહુ ધીકયું હતું. મરહુમ શેઠ માણેકજી તથા તેમના બીરાદરોને મેશરસ ગેહમ બીઠલની કુંપનીના મુકાદમ તરીકે નેમવામાં આવ્યા હતા. એ પછી એવણુના ભાઇ મરહુમ શેઠ કેખશરૂએ ક્વીનમીલ અને બોમબે કોટન પ્રેસ સ્થાપી અને તેને લગતો સરવ કારોબાર શેઠ માણેકજી સાથે ભાઇઓ મેશરસ કે. એન. હીરામાણેક એનડ કંપનીને નામે ચલાવતા હતા. ત્યારબાદ એજ, પેહડીએ સટાર ઓફ ઇંડયા મીલ તથા બ્રીટનયા મીલની એજનસી લીધી. છેલ્લી બે મીલોની એજનસી ૧૮૯૩ ના સાલમાં શેઠ કેખશરૂના મરણથી ગઇ હતી અને કવીન મીલ તથા બોમબે કોટન પ્રેસ કંપની મરહુમ શેઠ માણેકજીએ આંઠ વરસ વધુ ચાલુ રાખી ૧૯૦૧ માં તેમણે નાદરૂસ્ત તબીયતને લીધે તે સાલમાં સંબંધ છોડી દીધો અને છેલ્લા ૧૩ વરસ તેવણુ એવીજ તબીયત સાથ એકાંત જીંદગી ગુજારતા હતા.

શેઠ દોરાબજી નાનાભાઇ શેઠના ૮૩ વરસની વયે કરાંચી ખાતે રોજ ૨૯ મો માહ ૯ માને દીને મરણુ પામ્યા હતા. મરનાર કરાંચીમાં નયુસ પેપરના પ્રેસો કાડવામાં પહેલવહેલા હતા અને છેલ્લી ઘડી સુધી કરાંચીના સીંધ ગેઝેટ પ્રેસમાં શામેલ હતા. પોતાને હીસાબે મરહૂમ ઉનનો વેપાર કરતા હતા. કરાંચીની ગાડી ખાતાંની વાડીઆજીની અગીઆરીના મરહુમ ઓનરરી સેકરેટરી અને ખજાનચી તરીકે વરસો સુધી કામ કરી છેલ્લાં બે વરસ થયાં તે ઓધો છોડયો હતો. કરાંચીની પારસી વીરબાઇજી સ્કુલની મેનેજીંગ કમીટીના મેમબર હતા તેથી એવણુનાં માનમાં એ સ્કુલ બંધ રાખવામાં આવી હતી.

ડા૦ બેજનજી માણેકજી કાતરક ૪૨ વરસની વયે રોજ ૨૫ મો માહા ૧૨ મા ને દીને મરણુ પામ્યા હતા. એવણે ૧૯૦૨ માં એલ. એમ. એંડ એસ. ની છેવટની ડાકટરની પરીક્ષા પસાર કરી ડાકટરનો ખાનગી ધધો ચલાવવા લાગા હતા. શરૂઆતમાં કોટ મધેનું વોહરા બજાર-માનું એવણુના મમાવાનું દવાખાનું ચલાવતા હતા, અને સાથે સાથે ધોબીતલાવ પરબી મરહુમ પોતાનું બીજુ દવાખાનું કાઢી ચલાવતા હતા. ધોબીતલાવ પરનું દવાખાનું એવણે મરણ સુધી ચાલુ રાખ્યું હતું. મરનાર ડાકટર એકમારગી તથા ધરમી હતા અને પોતાના ધરમગુરૂ વરગના દરદીઓ તરફ ખાસ મેહરબાની રાખતા હતા.

શેઠ નાનાભાઈ બેરામજી જીજીભાઈ.

ઉમર વરસ ૭૨.



જનમ—રોજ ૧૬ મો માહ ૨ જો શેહેનશાહી સને ૧૨૧૧ યઝદેજરદી,
તારીખ ૧૩ મી નવેમબર સને ૧૮૪૧ ઈસ્વી,
સવત ૧૮૯૮ ના આસો વદ ૩૦ ને વાર સનેઊ.

મરણ—રોજ ૨૯ મો માહ ૫ મો શેહેનશાહી સને ૧૨૮૩ યઝદેજરદી,
તારીખ ૭ મી ફેબરવારી સને ૧૯૧૪ ઈસ્વી,
સવત ૧૯૭૦ ના માહા સુદ ૧૨ ને વાર સનેઊ.

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇ

તેમની સાહસીક કારકીરદી.

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇનું ગુજશતે સાલમાં નીપજેલું મરણ, પારસી કોમનો એક દુખ:દાયક બનાવ છે, અને તેટલાં માટે અમે તેમની કારકીરદીની નોંધ તેમની મુબારક તશવીર સાથે અમારાં આ ઝોરાસ્ત્રીયન કેલેંડરમાં લઇએ છીએ. તેઓ પાછળથી પોતાના પીતાશ્રીનાં ટ્રસ્ટની રૂએ તથા તેમના ગાદીનશીન તરીકે "શેઠ બેરામજી જીજીભાઇ બીજા" નાં નાંમે ઓલખાતા હતા. તેઓ મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇ મુગાના જેવા નામીચા શેહરી શેઠયા તથા પારસી અકાબરના નબીરા હતા, અને તેવાજ નામીચા પોતાના પાંતા મરહુમ શેઠ બેરામજી જીજીભાઇ સી० એસ० આઇ० ની પેઠે પોતાના તે વડીલના જેવું સાહસીક, ઉમંગી તથા સખી તબે ખમીર ધરાવતા હતા, અને તેઓની મોટાઇ તથા આતબરીનો પાયો એજ મરહુમ શેઠ જીજીભાઇથી પડયો હતો, જેથી તેમની કારકીરદીનું મંડાણુ આપણે તેજ શેઠ જીજીભાઇની કારકીરદીના આધારે કરીશું. મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇ કેવા નામીચા નર થઇ ગયા છે તેનો ટુકો પણ મોતેબર બયાન, તેમના મરણ ટાણે મુબઇનાં પ્રખ્યાત ચાબૂક પત્રે તેમનાં મરણ માટે વીલાપ કરતાં જાહેર કીધેલા નીચલા વિચારોથી વાંચનારાઓને આવશે :—

"શઘલાં પનડોમો વખણાંએલા અને શઘલા મહજબોમો બુજરોગી અને માન પામેલા માજદીઅશની ટોળાનો એક નામીચો આલીશાંન દોલતનીશાંન શેઠ જીજીભાઇ દાદાભાઇ મુંગાના... આએ ફાંની બેમતા અને વગર ભરોશાની દુનીઆંને પોતાનો મીટીથી શીનગારેલો જામો શોકી હેનાં અશોઇ ભરેલાં રૂઉએ જાવેદાની અને ખરા ભરોશાના ફલકઉલ અફલાકમો હેનાં પાકીજે પેગમબરની બગલમો જાઇ વાંશો કીધો. એ મરનારની પીછાન તેહકીક કરવામો—એ નાંમવરે પોતાની ઘણીખરી વએ અતરેના નામીચા યુરોપીઆંન તુજારો અને પેહેડીવાળાઓને તાહાં મોહોટી આબરૂ ભારે હોરમત અને અટીશે આંતથી દલાલીનું કામ કરતો હતો, તેથી કરી શું યુરોપીઅન, શું હીનદુ—મુસલમાન અને હમજાતી વેપારી વેહેવારીમો એ મરનાર સારી ઓલાખાન અને જાનપીછાન રાખતો હતો. એટલુંજ નહી પણ તે સાથે ચીન અને યુરોપ અને બીજા દેશોમો પોતાનો ખાસ વેપાર ચલાવતો હતો તેથી અતરેની શઘળી શોશાઇતી અને મંડળીઓમો જીજીભાઇ એક પેહેલા દરજાના વેપારીઓની તેક અને તેજ ધરાવતો હતો. આપણી અંજુમનનો એ એક અકાબર હતો. તે હેવો તો નીવરેઓ અને દીપી નીકલેઓ કે ગોએઆ ગરીબ લાચારોનો ખરો પીતા હતો. પહરેજગારી—એબાદત અને રીઆજતમો જીજીભાઇની પીછાંન લેવી હોએ તો એક દરમહેરનો ખાસ મુતવલી અને મોબેદોનો એક નમનતાઈ ભરેલો તાબેદાર—દીનદારીમો કોઇ ખરો જરથોસતીઓનો ઇઆર—દસતુર અને દાવરો ઉપર હમેશે એ કરતો હતો પીઆર તકલુફ—તાજો વ તવાજોમો જીજીભાઇ એક અછો ઉમરા અને કોઇ ખરો નેકરાહા જરથોસ્તી હતો. મરનાર નમનતાઈ હેવી તો ધરાવતો હતો કે એક વેળાએ કમાન તેહેની આગળ શરમંનગી હાંશેલ કરતી હતી. ધરમાતમાં અને સખાવતમો લાચારોનો શવાલ શમપુરન કરનાર, શુધી દીઆ-

નત, ચોખ્ખાં વેહેવાર, ખરી આંત અને વેપારીઓને કરતો હતો રાહાત. દોશતી, ખેરખાહ અને મોહોબતમો એ મરનાર ખોશરો અને શીરીનની ખવાશનો હતો. પારશીમો શાહેબે શલતનતની ખવાશ ધરાવતો હતો, તોપણુ જાણે એક માહાજનના શેઠીયાની ખુબીનો દેખાતો હતો...શોદા-ગર હતો પણુ એક શાદો અને અમીરી મીજાજનો દરદી અને ગરજીઓનો દાદખ્વાં...દુખીઆરાં-ઓનો નેધાખાંન...અને ગરીબોની ફરીઆદો ઉંપર કરતો હતો હમેશે કાંન. અકલ અને હોશી-આરીમો કોઇ હતો ચતુરશજાન. એ મરનાર હંમેશ દાંનેશમંદો શંઘાથે દોશતી રાખતો હતો અને હેનો જાંન હેકમત અને ખોદા તાલાની પેદાએશની પીછાન ઉપર કુરબાન હતો. જીજીભાઇ પોતાની છેલી ઘડી સુધી દોલતથી ભરપુર—એક ભાએગવંત અને પુતરવાંન થાઇ ગયો. એ મરનાર હજારોસે વહેવાર રાખતો...સેંકડોનું પાલન કરતો હતો તેથી આએ ટાપુમો એ મરનાર એક બારી કીરતી અને અતીશે વખાણુ અને બારે માન ધરાવતો હતો. જીજીભાઇ એક રહેમ દીલનો—ખરી દેઆંનત—એટલુંજ નહીં પણુ આએ આબાદ વશતીમો હેની એટલી તો ખુબી હતી કે તે સરવેને ઇઆદ રહેશે કેઆમત—એ મરનાર ગરીબ અને તવંગીરની મોટાઇને એક કરી જાંનતો—મીશકીન હાલ ઉપર બારે દયા આનતો અને મોહટાઇ તો કસી તરેહથી નહી જાંનતો.”

એક આગેવાન શેહરી, એક કોમી અકાબર, એક સાહસીક વીર્લો તથા એક સખી દાતા ગ્રહસ્થ માટે આ કરતાં સરસ સર્ટીફીકેટ બીજી શું હોય? માત્ર ત્રણુ દજન લીટીના ટુંક ફકરામાં મરહુમ શેઠ જીજીભાઇની કીર્તિમાન કારકીરદીનો એક અતી અસરકારક અર્ક ખેંચી રજુ કર-વામાં આવ્યો છે. એમાં જે જે સદગુણો મરહુમ શેઠ જીજીભાઇને લાગુ પાડેલા છે તે તે સદગુણો એક કુદરતી વારસા તરીકે તેમના સાહસીક તથા સખીપુત્ર મરહુમ શેઠ બેરામજી જીજીભાઇને મલેલા હતા, અને તે પછી કીંવા તેમની જોડેજોડ શેઠ બેરામજીના પુત્ર શેઠ નાનાભાઇ બેરામજીમાં પણુ તે સદગુનો પુરેપુરા ઉતરેલા હતા. તેનો ખ્યાલ, હેઠળ પ્રગટ કીધેલા તેમની જીંદગીના હેવાલથી વાંચનારાઓને આવશે. એ હેવાલનો જો સાર આપણે ખેચીએ તો તે એજ છે કે, મરહુમ શેઠ નાનાભાઇ પોતાના જમાનામાં, પોતાની જાહેર કારકીરદીના હીગામમાં મુંબઇ શેહર તથા ઇલાકામા, અકસર કરી પારસી કોમ, તથા વેપારી, વેહવારી અને રાજદવારી આલમ વચે એક પહેલા નંબરના સાહસીક પુરૂષ થઇ ગયા છે. સાહસીક જોડે તેઓ એક સખીદસ્ત નર પણુ હતા, અને જોકે તેમની પોતાની જાહેર સખાવત તેમના બાવા તથા દાદાના જેટલી ઘણુા મોટા વીસ્તારની નોધાઇ નથી, તોપણુ તેમની ખાનગી સખાવત, દયાદાન, ધન ઉપરાંત તન મન તથા લાગવગની મદદો બેશુમાર હતી. તેમની દોલત જેટલી મોટી હતી તેટલેજ તેમનો લાગવગ પણુ બહોલો હતો, અને તે પ્રજા ઉપરાંત સરકાર દરબારમાં મોટી હદ સુધી પહોચેલો હતો, જેના પ્રતાપે તેઓ સેંકડો બલકે હજારો હાજતમંદોનું, ખાસ કરી પોતાના હમદીનોનું કલ્યાણ કરી ગયા છે, જેમકે તેઓએ ઘણાઓને ચાકરી ધંધે લગાડયા હતાં, ઘણાકોને સજાના ભોગ થતા બચાવ્યા હતા; ઘણાઓને આફતોથી ઉગાર્યા હતાં; ઘણાઓને કોર્ટ દરબારે લડી ખુહાર થતા, પોતાની સલાહ તથા લવાદી વડે બચાવ્યા હતા, સાહસીકપણા તથા સખાવત ઉપરાત તેમની બુધી બહુ વીલક્ષણ તથા હીમત, ઉલટ ને જોમ અજીબ હતાં, અને તેથી ધારેલું કીવાં હાથ ધરેલું કામ, હમેશા પાર પાડવામાં તેઓ ફતેહમદ નીવડતા હતા. તેમનો સખુન સરવેમાં પોશાતો હતો, અને તેમની ભીત્રાઇ તથા આગેવાનીમાં મોટા મોટાઓ માન સમજતા હતા. તેઓ જારે મોજી, લેહરી તથા સખી હતા, અને તેમની પરોણાગત રોજીંદી, મોટા દમામની

તથા બહોલા વીસતારની હતી. કુદીબંધ ખાતાંઓ, કંપનીઓ, મીલો વગેરે સાથ તેમને સંબંધ હતો, એવાં ખાતાં કોઇજ હશે કે, જેના તેઓ મેમ્બર થયા ન હોય તેવાં કેટલાકોના તો તેઓ સ્થાપક, ડીરેકટર, તથા પ્રમુખ હતા. તે વેલાની મુંબઇની લગભગ દરેક જાહેર હીલચાલો તેમની આગેવાનીથી થતી; કહોકે મુંબઇમાં કોઇપણ એક જાહેર હીલચાલ બરપા કરવાને નાનાભાઈ બેરામજીનું નામજ બસ હતું, અને હર કોઇ જાહેર કામની ફતેહનો આધાર મુખ્યત્વે તેમની શામેલગીરી યા આગેવાની પર રહેતો હતો. સરકાર દરબાર તથા અંગ્રેજ ઓધેદારોમાં તેમનાં માન, મીત્રાઇ તથા વગ ઇર્ષા કરવા જોગ હતાં; અને તેથી તેઓ એવા મોટા લોકોમાં પોતાના વગલાગથી લોક હીતનાં કાર્યો બજાવતા, મુફલેસોનું* ભલું કરતા, તથા પોતાના કોમીઓને લાભ નીપજાવી આપતા હતા. કેટલાક દાખલામાં તો વાજબીપણાં માટે ઓધેદારો સાથ બાથ ભીડવાના તેમના દાખલા પણ જાહેર થયલા છે. ટુંકમાં, શેઠ નાનાભાઇ એક ખરેખરા કોમના હીતવાળા શેઠયા થઇ ગયા છે. જાહેર સમાજો તથા મંડળોમાં તેઓ હંમેશા કામ બજાવનારા હતા. દલગીરીની વાત એજ છે કે, તેમની એ અતી ઝલકતી કારકીર્દી તથા જાહોજલાલી તેમની જીંદગીના છેડા સુધી બરકરાર રહેવા પામી નહી. તેમની પાછલી જીંદગી જો કે માન સાથે તોપણ જાહેર ચલવલની વીખ્યાતી રહીતજ પસાર થઇ. જો તેમની સદરહુ પ્રકારની કારકીર્દી તેમની જીંદગીના અંતસુધી ચાલુ રહેત તો, તેઓ પોતાનાં શહેર તથા કોમને હજી બહુ મોટા તથા સંગીન લાભો અર્પણ કરવા જોડે પોતાનું નામ વધારે યાદગાર તથા અમર કરી જાત; પણ કુદરતના ભેદ ઓરજ હોય છે. માણસ ધારે છે શુ અને ખોદા કરે છે શુ! જેમ રાજ તથા પ્રજાની ચઢતી સદા અચલ રહી શકતી નથી, તેમ કેટલીકવાર અને કેટલાક દાખલામાં મનુષ્ય વ્યકતીને પણ કુદરતના એ અચુક તથા ભેદી નીયમને આધીન થવુ પડે છે. શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇનું જાહેર જીંદગીથી ઝલકતી કારકીરદી વચે રીટાયર થવું એ તેમનાં શેહર તથા કોમને એક મોટી ખોટ સમાન હતું. તે પછી તેઓ જો કે જાહેર હીલ-ચાલોથી સદતર અલગ રહયા હતા, તોપણ તેમની ખાનગી સખાવત, મદદ, તથા પરોણાગત તો ચાલુજ હતી, આપણે મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇનાં પવીત્ર રૂહને બેહસ્તની રાહત ચાહવા જોડે, તેમની ફુલદરૂપ જીંદગીના નીચલા હેવાલથી મલતા ધડા લઇને સંતોષ પામીશુ:

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇની જાહેર કારકીરદી તથા એવણની જીંદગીનું વૃતાંત.

શેઠ બેરામજીનો જનમ તથા એવણનું કુટુંબ.

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇ ૭૩ વરસની બુઝરગ વયે રોજ ૨૯ મો માહા ૫ મો સને ૧૨૮૩ યજદેજરદી, યાને તા૦ ૭ મી ફેબરૂવારી ૧૯૧૪ ને વાર સનેઉને દીને મુંબઇ ખાતેનાં એવણના તારદેવ કેસતલવાલા રહેવાના બંગલામાં બેહેસતનશીન થયા હતા. એવણનો જન્મ રોજ ૧૬ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૧૧ યઝદેજરદી, તા૦ ૧૩ મી નવેમ્બર સને ૧૮૪૧ અને સંવત ૧૮૯૮, સાકે ૧૭૬૩ ના આસો વદ ૩૦ ને સનેઉને દીને થયો હતો.

શેઠ નાનાભાઇ અતરેના જાણીતા શેહેરી શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. ના એકપુરા બેટા થતા હતા. એવણના પીતાજી શેઠ બેરામજીને ત્યાં ૧૧ ફરઝંદોની વરધી થઇ હતી. શેઠ નાનાભાઇના માતાજી બાઇ માણેકબાઈ મરહુમ સખી શેઠયા શેઠ સોરાબશાહ દાદાભાઇ લામના બેટી થતાં હતાં.

શેઠ નાનાભાઇની શહાદી રોજ ૨૨ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૨૫ યઝદેજરદી, તા૦ ૧૪ મી મે સને ૧૮૫૬ ને વાર બુધને દીવસે જાણીતા શેહરી શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇની બેટી બાઈ સાહેબ હીરાંબાઇ જોડે થઈ હતી. એ બાઇ સાહેબ પણ પોતાનાં ખાનદાંનની તાસીર પ્રમાણે ઘણાં ખબરદાર અને સખાવત કરનાર હતાં. એ મરહુમનાં પુણ અરથે તારદેવ ખાતે ધરમનું એક દવાખાનું સ્થાપવામાં આવેલું છે.

મરહુમ શેઠ નાનાભાઇને ત્યાં બે બેટાઓની વરધી થયલી હતી, જે મધેના નાના બેટા દાદાભાઇ ૫ વરસની નાધલી વયે ગુજરી ગયા હતા. વડા બેટા શેઠ રૂશતમજીનો જનમ રોજ ૪ થો શરેવર માહા ૭ મો મેહેર શેહેનશાહી સને ૧૨૩૩ યજદેજરદી, તા૦ ૨૫ મી મારચ શને ૧૮૬૪ અને સવંત ૧૯૨૦ ના ફાગન વદ ૨ ને વાર શુકરને દીને થયો હતો. અતરેના જાણીતા શેહેરી શેઠ બહમનજી દીનશાહ પીટીટ શેઠ નાનાભાઇના જમાઇ થાય છે. બીજા બે જમાઈઓમાં ડાકટર નાનાભાઇ અરદેશર ફરામજી મુસ તથા શેઠ ફરામરોજ હોરમસજી એ. આલબલેસ છે.

૧૮૯૦ના સાલમાં શેઠ નાનાભાઇએ પોતાના પીતા આનરેબલ શેઠ બહેરામજી જીજીભાઇના મરણ બાદ પોતાના પીતાના કીધેલા ત્રસટની રૂએ "બહેરામજી જીજીભાઇ" નામ એખતયાર કીધું હતુ.

શેઠ નાનાભાઈના પીતા શેઠ બેરામજીની કારકીરદી.

શેઠ નાનાભાઇના પીતા મરહુમ શેઠ બેહેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. જેવણ તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૯૦ ને દીને અત્રે ૬૮ વરસની વયે ગુજરી ગયા હતા. તેવણે પ્રથમ ૧૮૪૧ ના સાલમાં પોતાના બાપની પેહેડીમાં ભાઇઓની સાથે જોડાઈ જીજીભાઇ દાદાભાઈના છોકરાઓની કંપનીને નામે વેપાર ચલાવ્યો હતો અને ૧૨ વરસ પછી તે પેહેડી બંધ થતા પોતાને હીસાબે વેપાર તથા આડતનું કામ તેમજ યુરોપીયન પેહેડીઓમાં દલાલનું કામ કરવા માંડયું હતું. એવણ ૪ વરસ સુધી મુંબઇની ધારા બાંધનારી સભાના કાઉનસીલર હતા. શેઠ બેહેરામજી એક દીનયુસત જરથોસ્તી હતા અને એવણે લોકોના ફાયદા માટે ઘણી મોટી સખાવતો કીધી હતી. એવણે પુના અને અમદાવાદમાં મેડીકલ સ્કુલો, થાણામાં હાઇસ્કુલ, ભીંવડીમાં પ્રાથમીક કેળવણીની સ્કુલ, મેહેમુદાબાદમાં દવાખાનું વગેરે સરવોપયોગી કામો કીધાં હતાં. એવણના નબીરા શેઠ રૂસતમજીએ એવણને નામની માથેરાનની ઑસપીટલનો ઉમેરો શેઠ બેહેરામજીના ધરમખાતામાંથી કરયો છે. શેઠ બેહરામજીએ રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડો સ્થાપયાં હતાં તેમજ એવણના મરણની થોડાજ દીવસ આગમજ એવણે મુમ્બઇ મધે પારસીઓના છોકરાને માટે એક મોટી સ્કુલ ઉઘાડવાને રૂપીઆ સાડાત્રણ લાખ એલાહેદા કહાડયા હતા, જે તેમની વરસીને દીને ઉઘાડવામાં આવી હતી. એમાં પાછલથી વેપારી કાલેજ જોડવામાં આવી છે અને જેના પ્રતાપથી હજારો ગરીબ જરથોસતી છોકરાઓ વેપારી કેળવણીના મીઠાં ફળ ચાખી કામ ધંધે લાગે છે. શેઠ બેરામજીએ પોતાના વગવસીલાથી સેંકડો જણાઓને નોકરી

ધંધે લગાડયા હતા. સને ૧૮૬૪-૬૫ ના સેર સત્તાના વખતમાં એવણે પોતાની કીમતી સહલા લોકોને આપી તેઓને ખુવાર થતા બચાવ્યા હતા.

શેઠ બેરામજીનો મોભો અને માન એટલા બધા હતા કે મોટા મોટા અમલદારો, શેઠયા, ગવરનરો વટીક એવણુ શેઠની મુલાકાતે આવતા હતા. તા૦ ૫ મી એપ્રીલ ૧૮૭૧ ના દીવસે મુંબઇના તે વખતના ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડે પોતાના રસાલા સાથે તેવોની મોલાકાત વાંદરા ખાતે દરીયે કીનારેના એવણુના મસહુર બંગલામાં લીધી હતી, જ્યાં નામદાર ગવરનરે તેવો સાથે રાતે ખાણું પણ લીધું હતું. એજ નામદાર ગવરનરના માનમાં શેઠ બેહરામજીએ ૧૮૭૨ ના માર્ચ માસમાં પોતાના નબીરા શેઠ રૂસતમજીનાં લગનને ટાંકણે એક બોલનો મેળાવડો કરી તેમાં નામદાર ગવરનર સર સીમોર ફીટઝરાલ્ડને અને મુંબઇના ઘણાખરા યુરોપ્યન બાનુઓ તથા ગ્રહસ્થોને નોતરયા હતા, તેમજ એ ટાકણે ઘણા દાહાડા વેર બીજી ઘણી પુશકલ ખાણી-પીણીની મીજલશો કીધી હતી.

શેઠ બેરામજી જીજીભાઇએ સ્થાપેલું પોતાની દોલતનું ટ્રસ્ત.

તા૦ ૫ મી મારચ ૧૮૭૨ ને દીને મરહુમ શેઠ નાનાભાઇના દીકરા શેઠ રૂસતમજીનાં લગનની નવજોતની મીજલસમાં તેમના પીતા આ૦ શેઠ બેરામજી જીજીભાઇ તરફથી શેઠ નવરોજજી કરદુનજીએ એક અંગ્રુમન પત્ર વાંચી સંભળાવ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે તેવણે તા૦ ૧૪ મી ફેબ્રરવારીને દીને પોતાની પુંજીમાંથી એક પાકકું ટ્રસ્ટ ડીડ કરી તેની ઉપજ તેમની પહેડી દર પેહડી વડા દીકરાને મળતી જાય એવો બંદોબસ્ત કરયો હતો. એ ઉપરાંત તે સાતે એક ધરમ ફંડ પણ સ્થાપ્યું હતુ. એ ટ્રસ્ત ડીડના ટ્રસ્ટીઓ તરીકે શેઠ બેરામજી જીજીભાઇ પોતે તથા બીજા સાહેબો જોડે મરહુમ શેઠ નાનાભાઇ બેહરામજી પણ નેમાયા હતા. એ ટ્રસ્ટ મધે પોતાની ૪ લાખની નોટો, ૧૦૦ જી. આઈ. પી. રેલ્વેના શેરો તથા એકવીસ લાખ રૂપ્યાની કીમતની ૨૨ મીલકતો આપી હતી અને જેમી વારેસને એ ટ્રસ્ત પ્રમાણે ઉપલી સરવે એસટેટની ઉપજ મળે તેણે પોતાનાં નામની સાથે અટક તરીકે અથવા એખલું "બેહેરામજી જીજીભાઈ" નામ રાખવાની ફરમાસ કીધી હતી.

શેઠ નાનાભાઇની શરૂઆતની કારકીર્દી

શેઠ નાનાભાઇએ કોટ મધેની મી૦ બોસવેલની તથા પાછળથી મી૦ હીનટનની સ્કુલોમાં કેળવણી લીધી હતી. એ પછી શરૂઆતમાં એમણે પોતાના માનવંત પીતાના હાથ તળે ધંધો રોજગાર કરવા માંડયો હતો. સને ૧૮૬૫ માં શેઠ નાનાભાઇ વેપારી તરીકે બહાર પડયા હતા અને એવણુ મેશરસ જ્યોરજ એસ. કીંગની કંપનીમાં જોડાયા, જે પેઢી લીવરપુલવાલા મેશરસ કીંગ બ્રધર્સની સાથ આડત ધરાવતી હતી. સને ૧૮૭૩ માં આ પેઢી બંધ થઇ, પણ મેનચેસટરવાલા મેશરસ જેમસ બરટન સનસની આડત શેઠ નાનાભાઇના હાથમાં ૧૮૮૩ સુધી રહી હતી. બાહોશ અંગ્રેજ વેપારીઓ સાથે સમાગમમાં આવવાથી એવણુને વેપારને લગતું ઘણું સારૂં ગ્નાન મલ્યું હતું.

શેઠ નાનાભાઇએ કરેલી સખાવત.

શેઠ નાનાભાઇએ તા૦ ૧ લી એપ્રીલ ૧૮૬૯ ને દીને એવણુના માતાજી બાઈ માણેકબાઇ બેરામજી જીજીભાઇના ઉઠમણામાં ભરેલા રૂ. ૧૦૦૦ મુંબઇની પારસી પંચાયતને આપ્યા હતા. વળી એ સખી શેઠીયા તરફથી સને ૧૮૬૨માં સ્ટુડંટસ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટીના ફંડમાં,

મરહુમ શેઠ બમનજી હોરમજી વાડયાની યાદગારીના ફંડમાં, સને ૧૮૬૯ માં નામદાર ગવરનરની કાઉનસીલના અધીકારી ઓનરેબલ મી૦ બી. એચ. એ. એલીસને આપવામાં આવેલા માનપત્ર તથા યાદગારીનાં ફંડમા (એ ફંડની કમીટીમાં એવણને એક અધીકારી નેમ્યા હતા); સને ૧૮૭૦ ની તા૦ ૩૧ મી જાનેવારીએ નામદાર મરહુમ મહારાણી વીકટોરીયાના બીજા પુત્ર શાહજાદા આલફ્રેડ ડયુક ઓફ એડીનબરો દુનીયાની સફરે ફરતા ફરતા મુંબઇ પધારયા હતા, તેમને લાયક આદર-માન આપી તેમની યાદગારી અત્રે કાયમ રાખવા માટે અત્રેના દેશીઓએ ઉગાડેલા ફંડમાં તેમજ ૧૮૭૫ માં નામદાર મહારાણીના પાટવી કુંવર મુંબઇમાં આવેલા તેમને માન આપવા ઉઘાડેલાં ફંડમાં, તા૦ ૩ જી જુલાઇ ૧૮૬૯ ને દીને પ્રોફેસર દાદાભાઇ નવરોજીને આપણા મુલક માટેની કીંમતી બીનસવારથી સેવાના બદલામાં એવણને આપેલા માનપત્ર માટે ઉઘાડેલા ફંડમાં (એ ફંડની કમીટીમાં એવણને એક અધીકારી નેમ્યા હતા); સને ૧૮૭૨માં શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ ફંડમાં તથા ૧૮૭૫ માં અમદાવાદની રેલનાં ફંડમાં અને એવા બીજા ઘણાંક દુકાળ, સંકટ અને યાદગારી વગેરેના ફંડોમાં તેમજ જાહેર ધરમખાતાંઓમાં હમેશા નાણાની સારી રકમ ભરવામાં આવતી હતી. એવણે સેંકડો ગરીબ કુટુંબોની દુવા સખાવતની મદદ કરીને મેલવી હતી.

શેઠ નાનાભાઇની ઉદારતા હાતમ દીલની હતી, અને કોઇ પણ ગરીબ હાજતમંદ આદમી એમની આગળથી ખાલી હાથે જતો નહીં હતો. દરેક વરગનાં મોટાં યા ગરીબની પરોણાગત કરવામાં એવણના પીતા એકકા હતા. તેવોનેજ પગલે એવો ચાલતા હતા શેઠ બેરામજી વરસની જુદી જુદી મોસમોમાં પુને, માથેરાન, ખંડાલા વગેરે મથકોએ લાંબો વખત રેહવા જતા હતા ત્યારે પોતાની સાથે ઘણાંક દોસ્તોને લઇ તેવોની આગતાસ્વાગતા કરતા હતા. તેમજ કોઇ મીત્ર કે ઓલખીતાને હવા ફેરફાર કરવાની જરૂર છે એમ એવણને માલમ પડતુ તો તેને ખાસ ઇજન કરી પોતાની સાથે લઇ જતા, એટલુંજ નહી પણ તેની માવજત પાછલ પોતેજાતે દેખરેખ રાખતા. એવીજ રીતે શેઠ નાનાભાઇ પણ પોતાના દોસ્તોને બહારગામમાં પોતાના મકાનોમાં પરોણાગતનો લાભ આપતા હતા. તે વખતે હાલની માફક એ મથકોએ પારસી હોટલો હતાં નહી. શેઠ નાનાભાઇ ખંડાળે માથેરાન વગેરે ઠેકાણે જતા હતા ત્યારે અવારનવાર ત્યાંની સ્કુલના છોકરાંઓને પારટી આપી રમતગમતથી એ બુલકાંઓને શાદ કરવામાં મોજ માનતા હતા.

મરહુમ શેઠ નાનાભાઇએ પોતાના ચાલતા વખતમાં વડોદરા રેલવેના આગલા એજંટો મી૦ કરી અને મી૦ મેથ્યુ તથા ટ્રાફિક મેનેજર મરહુંમ મી૦ જે. આર. ડકસબરીની સાથે તેમજ સરકારી વઇદક ખાતાના મોટાં ઈંગ્રેજ અમલદારો તેમજ બીજાં ખાતાંઓના અમલદારો તથા વેપારીઓ સાથે પોતાને ઘણું સારૂં હોવાથી તેમનીપર ભલામણપત્રો આપીને રેલવેમાં, સરકારી આફીસોમાં, વેપારી પેહડીઓમાં, સરકારનાં વઇદક અને અબકારી અને બીજાં ખાતાંઓમાં સેંકડો ગરીબ હમદીનોને નોકરીએ લગાડવામાં સેહજ પણ કચાસ રાખી હતી નહી અને બીજી અનેક રીતે તનમનધનથી તેઓની સેવા બજાવી હતી.

નામદાર સરકાર તરફથી મલેલું માન.

શેઠ નાનાભાઇને તા૦ ૨૯ મી અકટોબર ૧૮૬૮ ને દીને મુંબઈની નામદાર સરકારે જે. પી. યાને સુલેહના અમલદાર અને તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૭૨ ને દીને મુંબઇ યુનીવરસીટીના ફેલો તરીકે નેમી માન આપ્યું હતું.

શેઠ નાનાભાઇ જાહેર લેવીમાં હમેશ સામેલ થતા હતા. ૧૮૭૨ માં મુંબઇના નામદાર ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડે અત્રેની ટાઉન હોલ મધે ભરેલી લેવીમાં તેમની મુલાકાતે બીજા પારસી ગ્રહસથો ભેગા એવણ પણ હાજર હતા. ૧૮૭૨ માં ગવરનર સર ફીલીપ વોડહાઉસે તથા વાઈસરાય લોરડ નોરથબ્રુકે ભરેલી લેવીઓમાં શેઠ નાનાભાઇ સામેલ હતા. ૧૮૭૫ માં પ્રીનસ ઓફ વેલસની અને ૧૮૭૯ માં ગવરનર સર રીચરડ ટેમપલની લેવીમાં તેવણે હાજરી આપી હતી. એજ માફક તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૬૮ ને દીને રાત્રે અત્રેના નામદાર ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડે પરેલ સરકારી મેહેલમાં એક 'રીસેપશન' ભરયું હતું, તે વેળા પણ શેઠ નાનાભાઇ હાજર હતા, તા૦ ૧૧ મી મારચ ૧૮૭૦ ને દીને સાંજે નામદાર શાહજાદા આલફ્રેડ ડયુક ઓફ એડીનબરો બોરીબંદર સટેશનપરથી ઉતરયો હતો અને પરેલ સરકારી મેહેલમાં ઉતારો લીધો હતો. આ વેળા રાત્રે તે નામદારની મુલાકાતે આવનારાઓનું રીશેપશન ભરવામાં આવયું હતું, જે વેળા શેઠ નાનાભાઇએ પણ હાજરી આપી હતી. હીંદના વાઇસરાય લોરડ નોરથબ્રુક ૧૮૭૨ નાં સાલમાં મુંબઇ ખાતે દરબાર ભરવાને આવયા હતા તેમને આદરમાન આપવાને નેમાયલી રીસેપશન કમીટીમાં મરહુમ શેઠ નાનાભાઇની નેમણુંક થઇ હતી. તે દરબારમાં એવનને નોતરું થયું હતું.

નામદાર સરકારે સરકારી સેવીંગઝ બેંકના એક ડાયરેકટર તરીકે તા૦ ૩૦ મી અકટોબર ૧૮૭૩ ને દીને શેઠ નાનાભાઇની નેમણુંક કરી હતી, અને યુનીવરસીટીની બોરડ ઓવ એકાઉનટસના મેમબર તરીકે પણ કેટલાંક વરસો સુધી એ શેઠે કામ કરયું હતું. ૧૮૮૪ ના જુન માસમાં સીવીલીયન મી૦ ડબલયુ. બી. મયુલકના પ્રમુખપણા હેઠળ નેમાયલાં ફેકટરી કમીશનના મેમબર તરીકે શેઠ નાનાભાઇને નેમવામાં આવયા હતા. તેવણ હીંદની રોયલ જયોગ્રાફીકલ સોસાયટીના તથા સાસુન મીકેનીક ઇનસટીટયુટના લાઇફ મેમબર હતા. યુરોપમાં ભરવામાં આવેલાં અનેક પ્રદરશનોને લગતી સથાનીક કમીટીના મેમબર તરીકે નામદાર સરકારે શેઠ નાનાભાઇની નેમણુંક વખતો વખત કરી હતી. ઓસ્ટ્રેલીયાના મેલબોરન ખાતે સને ૧૮૮૦ માં ભરાયલાં પ્રદરશનમાં આ ઇલાકાની સરવ પેદાયશો ઘટતી રીતે રજુ કરવા માટે નામદાર સરકારે ૧૮૭૯ ના ડીસેમબરમાં જે કમીટી નેમી હતી, તેમાં શેઠ નાનાભાઇ બી હતા. વળી ૧૮૮૮ ના પ્રદરશન વખતે શેઠ નાનાભાઇએ કરેલી કીંમતી મદદની પીછાણમાં હીંદી સરકારે એક ખાસ રેઝોલ્યુશન મારફત તેવણનો આભાર માનયો હતો.

શેઠ નાનાભાઇની જાહેર સેવાઓ.

મુબઇનાં મ્યુનીસીપલ ખાતાંનો વહીવટ જે આગળ સુલેહના અમલદારોની બેંચ હસ્તક હતો ત્યારે પણ શેઠ બેરામજી તથા શેઠ નાનાભાઇ તેના કારભારમાં સારો ભાગ લેતા આવ્યા હતા અને ૧૮૭૩ માં જ્યારે તે વહીવટ પ્રજાના પ્રતીનીધીઓના હાથમાં આવ્યો અને મયુનીસીપલ કારપોરેશન હસતીમાં આવી તે દીનથી મરહુમ શેઠ બેરામજી તથા શેઠ નાનાભાઇ કર ભરનારાઓ તરફથી કોરપોરેટર તરીકે ચુંટી કહડાતા આવ્યા હતા. કોરપોરેશનની "ટાઉન કાઉનસીલ" જેનું નામ ફેરવી પાછલથી "સ્ટાંનડીંગ કમીટી" રાખ્યું છે તેના પણ શેઠ નાનાભાઇ મેમબર નેમાતા આવ્યા હતા. ૧૮૮૯ ના સાલના જાનેવારી માસમાં તેમને મ્યુનીસીપલ કોરપોરેશનના સભાસદ તરીકે પાછા છેલ્લી વાર કર ભરનારાઓએ ચુંટી કહાડયા હતા. એ રીતે શેઠ નાનાભાઇ ૧૭ વરસવેર કોરપોરેશનમાં અને ૧૪

વરસ વેર ટાઉન કાઉનસીલના સભાસદ નેમાયા કર્યા હતા. એવણ હમેશા મયુનીસીપલ સવાલોની તકરારોમાં આગેવાન ભાગ લેતા હતા, અને એ મંડળમાં એવો વગવસીલો ધરાવતા હતા કે કારપોરેશનના કાઉનસીલર કે સ્ટાંડીંગ કમીટીનાં સભાસદ થવાના કે મુળ મંડળના પ્રમુખપદના ઉમેદવારો પોતાની ફતેહ માટે શેઠ નાનાભાઇના વગવસીલા તથા મદદ ઉપર મોટો આધાર રાખતા હતા.

શેઠ નાનાભાઇએ પોતાના ચાલતા વખતમાં પોતે જાહેર જીંદગી ગુજારવામાં ઘણો આગેવાન ભાગ લીધો હતો. તેમજ કોઇ પણ જાહેર હીલચાલ એવણની સામેલગીરી વગર તે વખત થઇ શકતી નહી. સવદેશ ઉદયોગોની ખીલવણીમાં શેઠ જીજીભાઇ ખાનદાને ઘણો સારો ભાગ લીધો હતો. ગઇ સદીના પાંચમાં દાએકામાં શેઠ જીજીભાઈ દાદાભાઇએ ધી વેસટરન ઇન્ડયા બેંક અને બીજાં ખાતાં સ્થાપવામાં આગેવાની કીધી હતી. તેજ મુજબ શેઠ નાનાભાઇએ ઘણીક સવદેશી પેઢીઓ સ્થાપવામાં પોતાના પીતાને મદદ કીધી હતી, યા તેમની સ્થાપનામાં આગેવાન ભાગ લીધો હતો, અને તે લગભગ સઘળી ફતેહમંદ વહીવટ માટે જાણીતી હતી. બોમ્બે ફાયર ઇનસ્યુરંસ કુંપની જે મુંબઇમાં આગના વીમાની પેહેલવહેલી સવદેશી કંપની હતી તે મરહુમ શેઠ બેહરામજી જીજીભાઇ તથા મી૦ જે. એ. ફોરબસે ઉભી કીધી હતી અને એજ બે સાહસીક મીત્રાએ મુંબઇમાં પેહેલવેહેલી આઇસ બનાવવાની કંપની તેમજ અમદાવાદ, પુના અને કરાંચીમાં આઇસ કંપનીઓની સ્થાપના કરી હતી. તેના ડાયરેકટર તરીકે શેઠ નાનાભાઇએ તેને ખીલવી હતી. તેજ મુજબ પ્રીન્સ ઓફ વેલસ ફાયર ઇનસ્યુરનસ કંપની એજ બાપબેટાથી સ્થાપાઇ હતી. એ ઉપરાંત ગ્રેટ ઇસટરન સ. અને વી. કંપની, ન્યુ બીરાર કંપની, ઓરીએંટલ ગવરમેન્ટ સકીયુરીતી લાઇફ ઇનસ્યુરંસ કંપની, એલાયનસ સ. અને વી. કં., રોપન મેન્યુફેકચરીંગ કંપની, ન્યુ એપોલો પ્રેસ, રીપન ગોલડ માઇનીંગ કં., ક્રીપર લેનડ રેકલેમેશન કં., કયસરે હીંદ ગોલડ માઇનીંગ કં., એંગલો ઇંડીયન સપીનીગ અને મેન્યુ. કં., વાઇનાદ ગોલડ માઇનીંગ, નેપીયર હોટેલ કંપની. ગોરડન મીલ્સ, થેકર એડ કં., લોરડ રે મીલ્સ, સીટી ઓફ બોંબે મીલ્સ, દખણ આઇસ કં., બોમ્બે તેલીફોન કં., કેસ બજાર લીમીટેડ; વગેરેની ખુદ સ્થાપનામાં અથવા તેવોના ડાયરેકટરોની બોરડમાં શેઠ નાનાભાઇની આગેવાન સામેલગીરી હતી. ચેમબર ઓફ કોમરસ, મીલ ઓનરસ એસોસીએશન, જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળી, ગાયન ઉતેજક મંડળી અને ફ્રેરટ ઇમપરૂવમેટ લાયબરેરીના તેમજ બીજી ઘણીક જાહેર મંડળીના એક મેમબર તરીકે મરહુમ શેઠ નાનાભાઇને નેમવામાં આવ્યા હતા.

સને ૧૮૭૧ માં સર કાવસજી જાહાંગીર રેડીમની સી. એસ. આઇ. એ કરેલી લખો રૂપ્યાની સખાવતની હેસાનમાં એવણની યાદગારી રાખવા નેમાયલી કમીટીના, સને ૧૮૭૨ માં મુંબઇના નામદાર ગવરનર સર સેમોર ફીડઝરાલ્ડ પોતાને વતન જવાથી તેવણને વીદાયગીરીનું માન આપી તેમની યાદગારી રાખવા નેમાયલી કમીટીનાં, અને સને ૧૮૭૬ માં ખાનદેશમાં ચાલેલા દુકાળ માટેનાં ફંડની કમીટીમાં એક મેમબર તરીકે મરહુમ શેઠ નાનાભાઇની નેમણુંક કરવામાં આવી હતી. એ ઉપરાંત એવણે સંખ્યાબંધ યાદગારીઓની તથા પ્રજાકીય સભાઓ બોલાવવાની આગેવાની લીધી હતી અને યાદગારીનાં તથા રેલ, દુકાળ વગેરે એવાં બીજાં ઘણા ફંડો સ્થાપવામાં આગેવાની કીધી હતી.

મુંબઇ ગેઝેટના માલેક તથા તે પછી પોલીસના વડા મેજીસ્ત્રેટ મી૦ જોન કોનન ૧૮૭૪ ના સાલમાં વેલાત સીધારયા ત્યારે તેમની યાદગારી જાળવવા માટે મલેલી સભાનું પ્રમુખસ્થાન શેઠ

નાનાભાઇને આપવામાં આવ્યું હતું અને તેના ફંડમાં એવણે સારી રકમ ભરી હતી. ૧૮૭૬ ના સાલમાં શેઠ પેસતનજી ન. કેરાંવાળાએ ગીરગામના રસ્તા ઉપર સ્વીમીંગ બાથ કહાડયો હતો તેને શેઠ નાનાભાઇએ ઉતેજન આપી તેના અખાડામાં પ્રમુખસ્થાને બીરાજી લોકોને તરવાના નાદર હુનર વીશે ઘણુક બોધો દીધા હતા. થીઓસોફીકલ સોસાયટીના પ્રમુખ કરનલ ઓલકોટે જરથોસ્તી ધરમની બુઝોરગી વીશે તા૦ ૧૪ મી મારચ ૧૮૮૨ ને દીને ટાઉન હોલમાં એક ભાશણ કીધું હતું, તે મધે સરનશીનની ખુરસી શેઠ નાનાભાઈ બેહેરામજીને આપવામાં આવી હતી.

મુંબઇની ત્યુડરની કંપનીએ આઇસની મોનોપોલી હાથ કરવાથી ગરમીની મોસમમાં ઘણીક વાર મુંબઇમાં આઇસ મુદલ મલતું નહી હોવાથી શેઠ બેહેરામજી તથા શેઠ નાનાભાઇની આગેવાની હેઠળ મુંબઇને સસતું, ચાલુ તથા જથામાં આઇસ પુરૂં પાડવાનું પેહેલ વેહેલું કારખાનું ઉઘાડવામાં આવ્યું હતું.

સરકાર અને રઇયત વચે એખલાસ વધારવાનું માન પણ શેઠ નાનાભાઇનેજ આપી શકાશે. અફઘાન લડાઇએથી પાછા ફરેલા દેશી સીપાહોને એપોલો બંદર નજદીકનાં બાગમાં જ્યાફત આપવાની ગોઠવણ એ શેઠયાની આગેવાની હેઠળ ઘણાં મોટા પાયા ઉપર થઇ હતી. તેજ માફક મીસરની લડાઇએથી પાછાં ફરેલાં લશકરનાં માનમાં પણ એક 'ફેટ' કરવામાં આવ્યો હતો. તેની આગેવાની પણ શેઠ નાનાભાઇએ લીધી હતી. તેની ગોઠવણ કરવાને જસ્ટીસ સર બેલીના પ્રમુખપણાં હેઠળ મજગામના 'બેહેરામજી હોલ'માં એક સભા મળી હતી, તે પ્રસંગે શેઠ નાનાભાઇએ શરૂઆતનું ભાશણ કરયું હતું, તેને એટલી બધી અગત્યતા આપવામાં આવી હતી કે તેવણનું આખું ભાશણ તાર મારફત કલકતાના તેના ખબરપત્રીએ લંડન "ટાઇમસ" ઉપર મોકલાવ્યું હતું, જે બીજે દીને લનડનના આગેવાન છાપામાં વીગતે પ્રગટ થયું હતું. લંડનના "ગ્રેફીક" પત્રમાં શેઠ નાનાભાઇનો ફોટોગ્રાફ છપાયો હતો જે અપુરવ માન ગણાય.

ઇજીપટ ખાતે લડાઈ માટે ગયલી હીંદી ફોજે તે તરફ બહાદુરીથી લડી ફતેહ મેળવી તેની મુબારકબાદીમાં તે ફોજને જાહેર ઉધરાટથી એક જીયાફત આપવાને તા૦ ૧૧ મી અકટોબર ૧૮૮૨ ને દીને બેહરામજી હોલમાં એક સભા મળી હતી. એને લગતી ગોઠવણ કરવાને નેમાયલી કમીટીમાં મી૦ એચ. ડબલ્યુ. ટેનંટ સાથે શેઠ નાનાભાઇને જોડયા સેક્રેટરી નેમવામાં આવયા હતા. પાછાં ફરેલાં લશકરના ૧૫૦૦ દેશી અને ૩૦૦ ઇંગ્રેજ સીપાહોને આપવામાં આવેલા ખાણા વખતે હાજર થયલાઓમાં દેશી તરીકે શેઠ નાનાભાઇ એખલા હતા.

શેઠ નાનાભાઇ દરેક વરગમાં માનીતા હતા તેમજ મિધયમ તથા ગરીબ વરગ સાથ વગર તફાવતે વરતતા. એ ગુણ તેવણે પોતાની જીંદગીના છેડા સુધી જાળવી રાખયો હતો. તેવણે આપેલી એક ચોકસ પારટી વખતે ચોકસ ખાતાંના એક મોટા યુરોપીઅન અને એક નાના દેશી અમલદાર સાથે સાથે થઇ ગયા. તે વીશે પેલા મોટા યુરોપીયન અમલદારે આડકત્રો ઇશારો કરયો, જે પેલા દેશી અહસથને કઢંગી સથીતીમાં મેલનારો હતો. તરતજ શેઠ નાનાભાઇએ પોતાના તે દેશી મીત્ર તરફથી લડત ચલાવી, અને તેવણને આડકતરૂં પણ અપમાન થાય તે સાંખવાને ના પાડી. પેલા યુરોપીયને તરતજ દલગીરી બતાવી અને પોતાના ગોઠયા મેજબાનને કાંઇ માઠું લાગ્યું હોય તો તે માટે ખેદ બતાવયો.

બેકારોને રોજીએ લગાડવામાં આ મરહુમ શેઠયાએ પોતાની કારકીરદી દરમયાન જેટલું કરયું હતું તેટલું બીજા થોડાઓએજ બજાવયું હશે. એ એમના ઓહોળા વગવસીલાનું પરીણામ હતું. ફોજદારી કે કાયદાની કે તેવી બીજી મુશકેલીમાં આવી પડેલાને તેમાંથી છોડવવા એવણને વારે ઘડીએ અરજ થતી, તે માટે ગમે તેવી તકલીફ એવણને પડે તેની દરકાર નહી કરતા

તેઓનું કામ પોતાની બનતી કોશેશો કરીને ખુશીથી કરી આપતા હતા. ગુજરાત તરફના એક હીંદુ ધર્મગુરૂને થએલી જેલની સજામાંથી તેનો છુટકારો કરાવવા શેઠ નાનાભાઇએ ઠેઠ પુનેવેર જઇ ગવરનર સર જેમ્સ ફુરગ્યુસનને તથા બીજા અમલદારોને મળી વગ લગાડયો હતો.

સને ૧૮૭૪ માં થયલા મોટા હુલડ વખતે મુંબઇના એક જાણીતા પારસી કુટુંબનો જવાન કાયદાના સપાટામાં સજડ આવી ગયો હતો એ માટે તેની ધરપકડ થયાની અની પર વાત આવી હતી તે જોઇ તે જવાનને બચાવવા માટે તેના લાગતાવળગતાઓએ શેઠ નાનાભાઇને અરજ કરવાથી એઓ શેઠે રાતોરાત પોતાનો વગવસીલો લગાડી તે પારસી જવાનને બચાવી લીધો હતો.

આ હુલડ વખતે ઘણાક પારસીઓને શેઠ વાહાડયાજીના આતશ બેહરામ આગળ તોફાન તથા મારામારી કરી મોહત નીપજાવવાના ગંભીર વાંક માટે પકડીને સેસન કમીટ કરવામાં આવ્યા હતા. વખતે તેઓના જામીન થવા સારૂ શેઠ નાનાભાઇ હીમતથી બહાર પડયા હતા. તેમજ તેઓને પોતાનો બચાવ કરવા માટે નાણાની તથા બીજી ઘણી કીમતી મદદ શેઠ નાનાભાઇએ તથા એવણના પીતા શેઠ બેરામજીએ છેવટ સુધી કીધી હતી.

સંખ્યાબંધ દાખલાઓમાં માલમ પડશે કે પોલીસે ઘસડાતા નાના મોટા ફોજદારી કેસોને અટકાવી તેનો ઘરમેલે ચુકાદો લાવી મુસકેલીમાં આવી પડેલાઓને બચાવી તેવો તરફ હમેશા એવણ પોતાનો દયાળુ દીલસુરદો દેખાડતા હતા. શેઠ બેરામજી તેમજ શેઠ નાનાભાઇ માંગતા લેણાના, ભાગ લાગના તેમજ કુટુંબી મીલકતોને લગતા અને ઘર સંસારને લગતા એવા સેંકડો કેસોમાં વચ્ચે પડી પોતે લવાદી લઇ તેવા કેસોનો ઘરમેલે મનમાનતી સમજુતીથી અને કાએદાની કોરટની ખરચાલુ મદદ વગર નીવેડો લાવી આપતા હતા. એમ કરવાથી બંને તરફના પક્ષકારોને હજારો રૂપીઆના ખરચમાંથી તેમજ છેવટ સુધી કોરટ દરબારે લડવાથી ઉપજતા કચવાટ, કડવાસ નામોશી અને મેહેનતમાંથી બચાવી હેસાનમંદ કરયાં હતાં.

શેઠ નાનાભાઇ ઉપર લકવાએ ૧૮૮૭ અને ૧૮૯૪ વચે બે વાર ગલબો કરયો હતો; પણ તે સીવાય તેવણ તનદરોસત હતા. મરણને આગલે દીને તેવણ ફરવા જઇ આવયા હતા. બીજી રાતે ૧૨ કલાકે ત્રીજી વાર લકવાએ ગલબો કરયો, અને એક ઘડીમાં તેવણે પોતાનો પ્રાણ છોડયો. તેવણની પાયદસતે તેમજ ઉઠમણાની ક્રીયા વખતે ઠઠમાર મીજલસ મળી હતી અને મરહુમની નાંઇયતે તેવણના બેટા બેટીઓએ તથા ચાહનારાઓએ રૂપ્યા તેત્રીસ હજારની સખાવત કરી છે. તેનો મુખ્ય ભાગ રૂ. ૧૭૦૦૦ બેહેરામજી જીજીભાઇ પારસી ચેરીટેબલ સકુલના છોકરાઓ સારૂં તેવણને નામનું ભોજન ફંડ સથાપવાની તેવણના બેટા શેઠ રૂસ્તમજીની સખાવત તથા યોજના સતુતીપાત્ર છે, કેમકે શેઠ બેહેરામજી જીજીભાઇ તથા શેઠ નાનાભાઇ મહેમાનદારીના ખાં હતા, અને રોજ સંખ્યાબંધ દોસાતેને જમાડવામાં મોટી મોજ સમજતા હતા. તેજ સદગુણ ગરીબ પારસીઓના છોકરાઓને જમાડવાનું આ ફંડ અમર કરશે.

શેઠ નાનાભાઇને ફોટોગ્રાફોનો સંગ્રહ કરવાનો જબરો શોખ હતો, અને આખાં હીંદના બલકે દુનયાના પ્રખયાત આસામીઓ ઉપરાંત પોતાના મીત્રો, સગાં સનેહીઓની તસવીરોથી 'તારદેવ કાસલ'ને તેમજ પુનામાંના "જીજીભાઇ કાસલ" ને તેઓએ ગોયા "પીકચર મ્યુઝીયમ"માં ફેરવી નાંખ્યા હતા.

મરહુમ શેઠ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇના ઉઠમણામાં તેવણની નાંઇયતે ભરાયલા રૂ ૩૨૯૫૦ ની વીગત.

મરહુમ શેઠ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ રોજ ૨૯ મો મીનો મારેશપંદ માહ ૫ મો અમરદાદ અમસાસપંદ શેહેનશાહી સને ૧૨૮૩ યજદેજરદી તા૦ ૭ મી ફેબરવારી સને ૧૯૧૪

ને વાર શનેકને દીને બેહેસતનશીન થયાં તેવણુના પુનને સાંરૂ તારદેવ ખાતેના એવણુના મકાન "તારદેવ કેશતલ"માં મરહુમના સાંજે થયલાં ઉઠમણા વખતે મરનારનાં ખેશીઓએ રૂ. ૩૨૨૫૦ ભરયા તેની વીગત :—

મરનારનાં દીકરા શેઠ રૂસતમજી બેહેરામજી જીજીભાઇ તથા કુટુંબ તરફથી રૂ. ૧૭,૭૦૦ નીચે મુજબ :— રૂપીયા.

મરનારનાં દીકરા શેઠ રૂસતમજી બેરાંમજી જીજીભાઇ તથા ધણીઆણી બાઇ આવાબાઇ... ૭૦૦૦

મરનારનાં નબીરા શેઠ બેહરામજી રૂસતમજી બેહેરામજી જીજીભાઇ તથા ધણીઆણી બાઇ જરબાઇ તથા એઓનાં દીકરાઓ નાનાભાઇ તથા જાંહગીરજી મળી ૨૫૦૦

મરનારનાં નબીરા શેઠ જીજીભાઇ રૂસતમજી બેહેરામજી જીજીભાઇ તથા ધણીઆણી બાઇ ખરશેદબાઇ તથા એઓનાં દીકરા જમશેદજી મળી ૧૫૦૦

મરનારના નબીરા શેઠ દાદાભાઇ રૂસતમજી બેહેરામજી જીજીભાઇ... ... ... ૫૦૦૦

મરનારના નબીરા શેઠ મેરવાનજી રૂસતમજી બેહેરામજી જીજીભાઇ ૪૦૦

મરનારના નબીરા શેઠ ખરશેદજી રૂસતમજી બેહેરામજી જીજીભાઇ ૪૦૦

મરનારની નબીરી બાઇ વીરબાઇજી રૂસતમજી બેરામજી જીજીભાઈ ૩૦૦

મરનારની નબીરી બાઇ હીરાંબાઇ રૂસતમજી બેરામજી જીજીભાઇ... ... ... ૩૦૦

મરનારની નબીરી બાઇ સુનાબાઇ તથા ધણી શેઠ રૂસતમજી જમશેદજી ખરશેદજી જમશેદજી તથા દીકરા શેઠ માણેકજી ૩૦૦

ઉપલા રૂ. ૧૭,૭૦૦ શેઠ બેહેરામજી જીજીભાઈ પારસી ચેરીટેબલ ઇનસટીટયુશનનાં ફંડમાં એવી સરતે ભરયા છે કે એનું "નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ ભોજન ફંડ" એ નામનું જુદુ ખાતું પાડી મુદલ હમેશ અનામત રાખી તેનાં વ્યાજમાથી સકુલનાં સરવથી ગરીબમાં ગરીબ છોકરાઓના લાભ માટે ભોજન ફંડ સથાપવું.

મરનારનાં દીકરી બાઇ ગુલબાઇ બમનજી પીટીટ તથા જમાઇ શેઠ બમનજી દીનશાહજી પીટીટ તરફથી ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ આસપીટલમાં મરહુમ શેઠ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇને નામનું એક બીછાનું સથાપવા માટે ... ૫૦૦૦

મરનારનાં દીકરી બાઈ ગુલબાઇના દીકરા શેઠ જાગીરજી બમનજી પીટીટ તથા ધણીઆણી બાઇ જાઇજી અને દીકરો બાઇ હીરાંબાઇ તથા દીકરાઓ બેહેરામજી તથા દીનશાજી તરફથી ધી બમનજી દીનશાજી પીટીટ પારસી જનરલ ઓસપીટલના ફંડમાં. ૧૦૦૦

મરનારનાં દીકરી બાઇ ગુલબાઇના દીકરા શેઠ ધનજીબાઇ બમનજી પીટીટ તથા ધણીઆણી બાઇ હમાબાઇ તરફથી ૫૦૦

એ રૂપીઆ કયાં ફડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારનાં દીકરી બાઇ ગુલબાઇના દીકરા શેઠ ફીરોજશાહ બમનજી પીટીટ તરફથી ... ૧૦૦૦

એ રૂપીઆ કયાં ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારનાં દીકરી બાઈ ગુલબાઇની દીકરી બાઈ દીનબાઇ તરફથી ૨૫૦

એ રૂપીઆ કયા ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારનાં દીકરી બાઇ ગુલબાઈનાં દીકરી બાઇ માણેકબાઇ તરફથી ૧૦૦

એ રૂપીઆ કયાં ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારના દીકરી બાઈ માણેકબાઇ ફરામજી તથા જમાઇ શેઠ ફરામજી હોરમસજી આલબલેસ તરફથી "નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ ભોજન ફંડ" માં ... ૫૦૦૦

મરનારનાં દીકરી બાઈ જીજુબાઇ તથા જમાઇ શેઠ નાનાભાઇ અરદેસર મુસ, તથા છોકરાંઓ સોરાબજી, ફરામરોજ, પેસ્તનજી, અરદેસર, અને હીરાંબાઇ તરફથી ... ૫૦૦

એ રૂપીઆ કયા ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારના વેવાઈ શેઠ હોરમસજી એદલજી આલબલેશ તથા ધણીઆણી બાઇ મેહેરબાઇ હોરમસજી આલબલેશ તરફથી ધી બમનજી દીનશાજી પીટીટ પારસી જનરલ ઓસપીટલનાં ફંડમાં ૨૦૦

શેઠ પેસ્તનજી નશરવાનજી વાડીઆ તરફથી "નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ ભોજન ફંડ"માં ૫૦૦

ડાકટર ધનજીશાહ હીરજીભાઇ પટેલ તરફથી "નાનાભાઇ બેરામજી જીજીભાઇ ભોજન ફંડ"માં ૫૦૦

૩૨૨૫૦

પાછલી રાતનાં ઉઠમણામાં ભરાયલા :

મરનારની દીકરી બાઇ ગુલબાઇ તે શેઠ બમનજી દીનશાજી પીટીટના ધણીઆણીએ ૭૦૦

એ રૂપીઆ કયા ધરમખાતાંમાં આપવા તે હવે પછી નકી થશે.

કુલ્લે રૂ૦......૩૨,૯૫૦

શેઠ નાનાભાઇના મરણ માટે કોરપોરેશને પસાર કરેલો દલગીરીનો ઠરાવ.

મુંબઇની મયુનીસીપલ કારપોરેશનની એક સભા તા૦ ૯મી મારચ ૧૯૧૪ ને દીને પાછલા પોહોરના ૩ કલાકે કોરપોરેશન હોલમાં મી૦ એ. એમ. ટોડનાં પ્રમુખપણા હેઠળ મળી હતી જે વખતે આ૦ સર ફીરોઝશાહ એમ. મેહેતાએ દરખાસત કરી કે મી૦ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ જેઓએ એક જાહેર શેહેરી તરીકે સઘળી શેહેરી બાબદોમાં આગળ પડતો ભાગ લઇ ૧૭ વરસ સુધી કોરપોરેશનમાં અને ૧૪ વરસ સુધી ટાઉન કાઉનસીલમાં પ્રજાની ઉપયોગી સેવા બજાવી હતી તેમના ગઈ તા૦ ૭ મી ફેબરવારીએ નીપજેલાં મરણની ખબર આ સભાએ દલગીરી સાથે સાંભળી છે. આ ઠરાવની એક નકલ મરનારના કુટુંબપર તેમની ઉપર આવી પડેલા દુઃખ માટે કોરપોરેશનની દીલસોજી સાથે મોકલી આપવી.

સર ફીરોઝશાહ મેહેતા દરખાસતના સંબંધમાં બોલ્યા કે મરનાર ૧૭ વરસ સુધી આ કોરપોરેશન અને ૧૪ વરસ સુધી સટેનડીંગ કમીટીના સભાસદ હતા. એજ દેખાડે છે કે તેઓ લાંબા વખત સુધી આ કોરપોરેશન સાથે જોડાયલા હતા. તે વેળાનું મયુનીસીપલ કામકાજ સુધારવા માટે યુરોપીયન અને હીંદીઓ સાથે મળીને કામ કરતા હતા. આ કોરપોરેશન તે માટે એ બંને કોમના બુધીશાળી પુરૂશોના પ્રયતનોને આભારી છે. મરહુમ તે વેળાના યુરોપીયનો સાથે મળીને કામ કરવા માટે જાણીતા થયલા છે. તબીબી અને લશકરી ખાતાંવાળા અમલદારો પણ તે વખતે દેશીઓ સાથે ભેળાતા હતા. મી૦ બેરામજી જીજીભાઇ જેવણ તે વખતે મી૦ નાનાભાઇ બેરામજીને નામે ઓળખાતા હતા તેઓ તથા મી૦ વીશવનાથ નારાયણ મંડળીક, મી૦ નારાયણ વાસુદેવ અને મી૦ રઘુનાથ નારાયણ ખોટે સાથે અમો મળીને આ શેહેરનાં ભલાં માટે કામ કરતા હતા. મી૦ બેરામજી જીજીભાઇ મારા એક મીત્ર હતા. તેઓ જાહેર જીંદગીમાંથી કેટલોક વખત થયો રીટાયર થયલા હતા અને તેમના મરણથી મને ખરેખર ખેદ ઉપજયો છે. તેમના મરણથી મને અંગત ખોટ ગઇ છે પરંતુ તે સાથે શેહેરને પણ મોટી ખોટ ગઇ છે, કારણકે તેવણે શેહેરની ઉપયોગી સેવા બજાવી હતી. એ પછી શેઠ દીનશાહ વાછાએ જણાવ્યું કે મી૦ નાનાભાઇ બેરામજી જે કામ હાથ લેતા તેમાં તેમને ફતેહ મળતી અને તેઓ 'કીંગ મેકર' તરીકે ઓળખાતા હતા, કારણ કે શેહેરમાં તેમજ કોરપોરેશનમાં તેમનો ડંકો વાગતો હતો.

શેઠ બેરામજી નશરવાનજી સીરવઈ, જે. પી.

ઉમર વરસ ૯૦.



જનમ—રોજ ૨૫ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૧૯૩ યઝદેજરદી,
તારીખ ૨૪ મી જુન સને ૧૮૨૪ ઈસ્વી,
સંવત ૧૮૮૦ ના જેઠ વદ ૧૨ ને વાર ગુરૂ

મરણ—રોજ ૧૭ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૮૩ યઝદેજરદી,
તારીખ ૨૬ મી મે સને ૧૯૧૪ ઈસ્વી,
સંવત ૧૯૭૦ ના જેઠ સુદ ૧ ને વાર ભોમ.

મરહુમ શેઠ બેરામજી નશરવાનજી શીરવઇનું દુઃખદાયક મરણ.

તેમની ઉપયોગી જીંદગી અને નાની મોટી સખાવતો.

પારસી ગુજસ્તે સાલે જે કેટલાક નામીચા તથા કોમહીતકારી પારસી જરથોસ્તીઓના ભોગ લઇ કોમને વીલાપમાં નાખી છે, તેઓમાં મરહુમ શેઠ બેહરામજી નશરવાનજી શીરવાઈનું મરણ એક આગેવાન જગા રોકે છે. તે કારણે, તથા તેમની ઉપયોગી અને ધડો લેવા જોગ જીંદગીના સબબે, તેમની મુબારક શબી સાથે, તેમની જીંદગીનો વિગતે હેવાલ આ ઝોરાસ્ત્રીઅન કેલેંડરમાં જાલવી રાખવાની અમે જરૂર સમજીએ છીએ. મરહુમ શેઠ બેરામજી શીરવઇ જોકે, હાલના વખતમાં થોડાજ વિર્લાઓ પહોંચી શકે એવી, નેવું વરસની પાકી વયે બેહસ્ત-નશીન થયા છે, તોપણ તેમનું મરણ સામાન્ય રીતે આપણાં મુંબઇ શહેર તથા ઇલાકાને, અને ખાસ કરી પારસી કોમને, એક મોટી ખોટજ છે. તેમની જીંદગી જેટલી સાહસીક તેટલીજ, બલકે તે કરતાં વિશેષ સખાવતી છે; અને તેમની સખાવત મોટે ભાગે જોકે પોતાની કોમની બેહતરી માટે થઇ છે, તોપણ તે બહુ મોટી, માનભરેલી, અને હજારો રૂપ્યાની હદે પહોંચેલી છે; અને તે સખાવતોનુ મંડાણ તેમની જવાની તથા કારકીરદીની શરૂઆત સાથેજ થયું હતું. તેઓ જોકે આપણા મુંબઇ શહેરના એક માનવંત, માતબર તથા આગેવાન શહેરી હતા, તોપણ તેમનું મૂળ વતન, "ધરમ ટેકરી" ગણાતો પેલો નવસારી કસ્બો છે, કે જે કસ્બો કુદીબંધ સાહસીક, સખી, સદગુણી, ધર્મીદાતા પારસી નરરત્નોને જન્મ આપવાની મગરૂરી ધરાવે છે, અને તે તેની મગરૂરીમાં શેઠ બેરામજી શીરવાઇએ એક મોટો ઉમેરો કરી આપ્યો છે. તેઓ એક શક્તીવાળા તથા મોભાદાર પીતાના પુત્ર હતા; છતાં પાછળથી તેઓ જે પહેલા વર્ગનાં માન ભરતબા તથા માતબરીએ પહોંચ્યા તે તો તેમના પોતાના આપબળનુંજ પરિણામ હતું. પોતાના પીતા તરફથી તેઓ દોલત દરજ્જાના કરતાં જે એક ખાસ વારસો પામ્યા હતા, તે તનદરોસ્તી, કદાવરી તથા લાંબી જીંદગીનો હતો. એટલે, તેમના પીતાશ્રી નવાણું વરસની—કહો કે આખી એક સદીની—અસાધારણ તથા તનદરોસ્ત જીંદગી ભોગવવાને ભાયગશાલી થયા હતા, કે જેટલી લાંબી જીંદગી આ જમાનામાં એક નવાઇજ ગણાય છે; જ્યારે ખુદ શેઠ બેહરામજી શીરવઇ નેવું વરસની એટલે લગભગ પોતાના પીતાની બરાબરની જીંદગી ભોગવી ગયા છે, જે અલબત્તે તેમની માતબરી સાથે તેમના મીતાહારપણાનું પણ પરીણામ હોવું જોઇયે. તેમનો ખાસ ધંધો રોજગાર કંત્રાકત તથા કાર્ટીંગ એજન્સીનો હતો, જે મુખ્યત્વે બોમ્બે બરોડા એન્ડ સેંત્રલ ઇન્ડીયા રેલવેના સંબંધમાંજ હતો, અને તે કેટલો બહોલા પાયાપર, પ્રમાણિકપણે તથા માનવંત રીતે ચલાવ્યો હશે તેનો ખ્યાલ એટલાથીજ આવશે કે, તેના પ્રતાપે તેઓ શ્રીમંત થયા તે ઉપરાંત તે કંપની તરફથી તેની તમામ રેલવે લાઇનો ઉપર હમેશ ફર્સ્ટ ક્લાસમાં મફત મુસાફરી કરવા માટેની ચાંદીની તખ્તીવાલી પાસ મેલવવાને ભાયગશાલી થયા હતા.

મરહુમ શેઠ બેરામજીની જીંદગીની ખરી મોટાઇ તો તેમની સખાવત, દયાદાન તથા ધરમ ધ્યાનમાં સમાયલી છે. એવણે પોતાની દોલતનો સદ ઉપયોગ સખાવત, દયાદાન તથા ધરમધ્યાનમાં કરી તે વડે મનુષ્ય જાતીની સેવા બજાવી તેમનાં જીગરના આશીષ મેલવીયા છે. મરહુમ શેઠ બેરામજી સખી વર્ગના મનુષ્યોમાંના એક ધર્મીદાતા થઈ ગયા છે. હેઠલ આપેલી

તેમની જીંદગીના હેવાલમાં તેમની સખાવતોની જે વિગત હારેકટાર આપી છે તે ઉપરથી જોઇ શકાશે કે, તેમની સખાવત મોટી, હજારો રૂપ્યાની, ઓહોળા વિસ્તારમાં ફેલાયલી, તથા માણસ જાતના સંકટો ટાલવા જોડે તેમનામાં કેળવણી, નીતિભકતી તથા ધરમધ્યાન વધારનારી હતી, અને તેથી ખરેજ હજારો નાચાર બેચારોની હાજત ટલી તેમને થોડી ઘણી રાહત મલેલી હોવી જોઇયે. અત્રે તેમની જે સખાવતો નોધાઇ છે તે તો જાહેર છે; પણ તે ઉપરાંત ગરીબોને લગન કરવા, નવજોત કરવા, મરણ ક્રીયાનો ખરચ કરવા માટે આપેલી તેમની ખાનગી સેંકડો રૂપ્યાની સખાવતો પણ ઘણી કહેવાય છે, જેની પિછાન તો જેમને તેનો લાભ મલ્યો હોય તેઓજ કરી શકે. તેમની સખાવત મોટે ભાગે, તથા મોટી રકમોમાં, પારસી જરથોસ્તીઓના લાભની થયલી જણાય છે; પણ તે છતાં સામાન્ય તથા સાર્વજનીક સખાવતો કરવામાં તેઓ પછાત પડયા ન હતા. દાખલા તરીકે રેલ, આગ, દુકાલ વગેરેની કુદરતી આફતોમાં ફસી પડેલાં કમનસીબ લોકોને મદદ કરવાનાં ફંડો તથા ખાતાંઓ વગેરેમાં મનમાનતી રકમો ભરવામાં તેઓ કદી પછાત પડતા ન હતા. તેમ કેટલાંક સાર્વજનીક કેળવણી ખાતાંઓ પણ તેમની સખાવતનો લાભ મેલવી શક્યાં છે. દાખલા તરીકે, નવસારીની હાઇસ્કુલની નાદર ઇમારત તેમનીજ સખાવતનું ફલ છે. ઇમારત ઉપરાંત એ ઉપયોગી કેલવણી ખાતાંને તેઓએ બીજી પ્રકારે પણ મોટી મદદ કરી પોતાના હંમેશના આભારમાં મેલ્યું છે. એ ઉપરાંત બીજાં કેટલાંક સાર્વજનીક ફંડો, ખાતાંઓ તથા લીસ્ટો પણ તેમની મદદનો ફાલો પામેલાં છે. એ મરહુમ શેઠ જેટલા સખાવતે બહાદુર, તેટલાજ ધર્મચુસ્ત હતા. પોતાના પાકીઝેહ જરથોસ્તી ધર્મનાં ક્રિયા ભણતરોપર તેઓ જાન ફેશાન, અને કોમી પુરાતન રેવાજો પ્રત્યે ફીદા હતા, અને તેથી ધર્મશાળા ઉપરાંત અગીઆરીઓ સ્થાપવા વગેરે દીનદારીનાં અનેક સ્થલો, તેમના નિભાવની પકકી ગોઠવણો સાથે, તેઓ બરપા કરી ગયા છે. ઉદવાડા સ્ટેશનથી ઉદવાડા ગામ સુધીની સડક જોકે તેમનાં ધર્માભિમાન તથા કોમ હીતથી જન્મ પામેલી હતી, તોપણ તેનો લાભ સર્વ જાત ન્યાતના હજારો બલકે લખો લોકોને મળ્યો હતો. અલબતે તેમની સખાવતનો "સિંહનો હીસ્સો" તેમનાં વહાલાં તથા ધર્મી વતન નવસારીને મલ્યો છે, જયાં સદરહુ હાઇસ્કુલ બીલડીંગ ઉપરાંત, "સીરવઇ પાર્ક" "સીરવઇ હૉલ" વગેરે અનેક યાદગાર કામો તેમની મદદના પ્રતાપે બરપા થયાં છે. સાર્વજનીક કરતાં વધારે તેમનાં સખાવતી કામો ત્યાં તેમના ધરમ તથા કોમના ફાયદાનાં થયાં છે, જેમાં એક યાદગાર કામ આ થયું છે કે, તેઓએ સને ૧૮૬૬ નાં વરસમાં, એટલે આજથી આશરે પાંચ દાહેકાની વાતપર નવસારીના પાકીજેહ કેબલા આતશ બેહરામ માટે રૂ. ૧૦૦૦૦ ની મોટી રકમનું ચાંદીનું અફરગાન્યું અર્પણ કીધું હતું. આ સખાવત તેમની કદાચ પેહલ વહેલી હશે, અને એ મહાન સખાવત સાથેજ તેમની સખાવતી કારકીર્દી શરૂ થયલી જણાય છે.

નવસારી પ્રત્યેની એ મરહુમ શેઠની મોટી સેવાઓ તથા સખાવતોથી ચકીત થઇ વડોદરાના નામદાર મહારાજા શ્રી ગાયકવાડ સયાજીરાવે થોડુંજ થયું પોતાના જનમોતસવના માંગલીક દીવસે તેમને "દાતાર મંડલ"નું ઘણું મોટું માન કિંવા ખેતાબનો સોનેરી ચાંદ અર્પણ કીધો હતો, જે બનાવ તેમની કારકીરદીનાં તાજમાં એક કીર્તિનાં પીછ સમાન છે. નવસારી મધે એક ભવ્ય મેલાવડામાં એ ચાંદ તેમને અર્પણ કરતાં, મહારાજા સયાજીરાવ તરફથી તેમની પ્રશંસામાં કેહવામાં આવેલા નીચલા શબ્દો અત્રે નોંધી લેવા જોગ છે:—

"બીજા ગ્રહસ્થ જેઓને આજે માન મળનાર છે તેઓ ૯૦ વરસની વયના વરૂધ સખી મ્રજુદ અને નવસારીના પારસી સદગ્રહસ્થ શેઠ બેહરામજી નશરવાનજી સીરવઇ છે. તેઓએ પોતાની

લાંબી જીંદગીભર જાહેર પ્રજાના હીત માટે કર્તવ્ય કરયું છે અને જાહેર ઉપયોગી કામો અને બીજી સંસ્થાઓને પઇસાની મોટી સખાવતો આપી મદદ કરી છે, જેમાં મુખ્ય નીચે મુજબ છે:— (૧) નવસારી હાઇ સ્કુલનું મકાન બાંધવામાં મદદ રૂ. ૨૦૦૦૦ (૨) નવસારીમાં સીરવઈ બાગની યોજનામાં રૂ. ૬૫૦૦ (૩) નવસારી હાઇસ્કુલના મકાનના વીસ્તાર માટે રૂ. ૧૦૦૦૦ (૪) નવી હાઇસ્કુલના વીદ્યાર્થીઓને વાર્ષીક મીઠાઇ વહેંચવાના ફંડમાં રૂ. ૧૫૦૦ (૫) સીતાબાઇ ટાવર નવસારીમાં મોટું ઘડીયાલ મુકવા રૂ. ૮૦૦. એ ઉપ્રાંત પારસી કોમનાં ભલા માટે જુદી જુદી રીતે રૂપ્યા બે લાખ ઉપ્રાંત સખાવત કરી છે. પ્રથમ તેઓએ જે જાહેર સેવાઓ કરી છે તેના બદલામાં બી. બી. સી. આઇ. રેલ્વેમાં મુસાફરી કરવાને પેહલા વર્ગની પાસ તેમને મળેલી છે. વળી તેઓ મુંબઇના જે. પી. છે. તેઓને આજે 'દાતાર મંડલ'ના સુવર્ણ પદકનું જે માન મળે છે તેને સર્વથા યોગ્ય છે."

ગાયકવાડ સરકાર તરફથી મરહુમ શેઠ બેરામજી શીરવઇને આ રાજકય માન, ચાંદથી મલ્યું હતું તેમ નામદાર અંગ્રેજ સરકાર તરફથી બી તેમને સારૂ માન મલ્યું હતું. મરહુમ શેઠ બેરામજીની પીછાન નામદાર સરકાર તરફથી તેઓને મુંબઇના સુલેહના અમલદાર તથા કારપોરેશનના મેમ્બર નેમીને કરવામાં આવી હતી. વળી બીજી ઘણીક જાહેર કમીટીઓના મેમ્બર હોવાનું માનબી તેઓ ભોગવી ગયાછે. પારસીઓને લગતાં તો ઘણા ખાતાંઓની કમીટીના મેમ્બર ઉપરાંત કેટલાંક ખાતાંના પ્રમુખ પણ તેઓ નેમાયા હતા. ટુંકમાં, મરહુમ શેઠ બેરામજી શીરવઇની જીંદગી કીર્તીવંત તથા તેમની કારકીરદી નકલ કરવાજોગ અને તેમની સખાવતો ઉપકારને લાયક છે. પારસી કોમમાં તેઓ એક શેઠયા સમાન ગણાતા, અને તેમની શેઠાઇ નામનીજ નહી પણ કોમ ઉપયોગી હતી. તેમનાં મરણમાં પારસી કોમે એક મદદગાર શેઠયો, અને મુંબઇ શેહરે એક દીલસોજ શેહરી, તથા નવસારી કસ્બાએ એક માયાલુ મુરબ્બી ખોહયો છે. આપણે તેમનાં પાક રવાનને બેહસ્તનો બદલો ઇચ્છીશું, અને તેમની સખાવતો વગેરેનાં નીચલાં કાર્યો હેસાન સાથ યાદ કરતા રહીશું.

મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇની જીંદગીનો જાણવાજોગ હેવાલ તથા એવણે કરેલી સખાવતની વીગત.

મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવઇનો જન્મ નવસારી ખાતે રોજ ૨૫ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૧૯૩ યજદેજરદી, યાને તા૰ ૨૪ મી જુન ૧૮૨૪ ને દીવસે થયો હતો. એઓ સાહેબ ૯૦ વરસની બુઝરગ વયે રોજ ૧૭ મો માહા ૯ મો સને ૧૨૮૩ યઝદેજરદીને દીને બેહેસ્તનશીન થયા હતા.

મરહુમ શેઠ બેરામજીના પીતા બેહેસ્તનશીન શેઠ નશરવાનજી સીરવાઇ એવણ કરતાં પણ વધારે મોટી જીંદગી ભોગવવા સામર્થવાન થયા હતા અને તેઓ સને ૧૮૭૩ ની આખેરીએ સો વરસના બુઝરગ થવા પછી મરણ પામયા હતા. મરહુમ શેઠ નસરવાનજીનો જનમ સને ૧૭૭૪ માં થયો હતો એટલે આ બંને બાપબેટા સાથે મળી સને ૧૭૭૪ થી ૧૯૧૪ સુધી ૧૪૦ વરસની જીંદગી ગુજારવા પામયા હતા. પારસી કોમમાં એ બંને બાપબેટા આ પ્રમાણે છેક આટલી લાંબી ઉમર ભોગવવા પામયા એ બનાવ ખરેજ એક રેકરડ સમાન લેખી શકાશે અને આવા દાખલાઓ ઘણાં જવલેજ બનવા પામે છે તેનું કારણ એ છે કે હાલની ઓલાદના જમાના

સુધી પારસી કોમના બાળ લગનનો રેવાજ હસતી ધરાવતો હતો. બાળ લગનના પરીણામમાં બંને બાપ અને બેટા આટલી લાંબી ઉમર ભોગવવા પામે એ ઘણુંજ મુશકેલ છે, કારણકે જ્યારે એક શખસ પંદર યા સોલ વરસની ઉમરે પીતા થવા પામે છે તયારે બાપ અને દીકરાની જીંદગીની આખેરી વયવહાર રીતે જોતાં લાંબો ખાંચો પડયા વગર સાથેજ આને છે. જ્યારે મરહુમ શેઠ બેરામજી સીરવાઇના પીતાની વય ૫૦ વરસની હતી તયારે તેઓનો જનમ થયો હતો.

૧૯૦૭ ના સાલમાં સુરતના મરહુમ દાવર એદલજી મોદીની જીંદગી અને તેઓના પીતાની જીંદગી સાથે મળી ૧૩૭ ઉપર થવા ગઇ હતી જેવો બનાવ આગળ તે વેળા ઘણો અસાધારણ લેખવામાં આવતો હતો પણ મરહુમ શેઠ સીરવાઇનો દાખલો ઉપલા દાખલાને બાજુએ બેસાડે એવો છે, કારણકે એ બંને બાપબેટાએ અસાધારણ લાંબી જીંદગી સાથે સાથે ગુજારી છે અને એ રેકરડને ભવીશમાં કદાચજ તોડવામાં આવે એમ છે.

શેઠ બેરામજીએ કરેલો વેપાર.

શેઠ બેરામજીએ સને ૧૮૬૦ થી લેંડીંગ એંડ ફોરવરડીંગ કોનટ્રેકટર તથા કારટીંગ એજંટનો ધંધો કરવા માંડયો હતો. એવણ ૧૮૬૪ ના સાલથી કારટીંગ કંત્રાકટર તરીકે વડોદરા રેલવે સાથ સંબંધ ધરાવતા હોવાથી એવણને વડોદરા રેલવે કંપની તરફથી ૧૯૦૬ ના મે માસમાં કંપનીની લાઇન ઉપર હમેશ મફત મુસાફરી કરવા માટે યાદીની પાસ ભેટ મળી હતી. તેમજ એવણે પોતાની ચાલાકીથી કારટીંગ એજનસીનું જે કામ બજાવ્યુ હતું તે માટે રેલવે સતાવાળાઓ તરફથી ઘણી સરસ સરતીફીકેટો આપવામાં આવી છે. વડોદરા રેલવેમાં વરસો સુધી કારટીંગ એજંટનું કામ કરવા ઉપરાંત જી. આઇ. પી. રેલવેમાં તથા બોમબે ગેસ કંપનીમાંબી કેટલાક વરસો સુધી એ કામ એવણે ઘણી બાહોશીથી બજાવ્યું હતું.

શેઠ બેરામજીએ કરેલી સખાવતો.

આપણી રાજકર્તી કોમનાં ચાલુ ૧૯૧૪ નાં નવાં સાલને દીને તેની ખુશાલીમાં બાહેર પડેલાં માન ચાંદનાં ગેઝેટ મધે આખાં મુંબઇ શેહર તથા પારસી કોમમાંથી એકજ ગ્રહસ્થને "સર નાઇટ" જેવા નામીચા ખેતાબનાં ઉંચા માનની નવાજેશ નામદાર બ્રીટીશ સરકાર તરફથી કરવામાં આવી છે. એ ભાગ્યશાલી નર તે, મુંબઇ શેહરના એક જાણીતા આગેવાન શેહરી અને વખણાયલા બાહોશ તબીબ તથા પારસી ટોલાના એક માનીતા માનવંત મેમ્બર ડાકટર તેમુલજી ભીખાજી નરીમાન છે, કે જેમની મુબારક સબી તથા ઝલકતી કારકીરદી, એજ યાદગાર બનાવનાં કારણે અમારાં આ કેલેન્ડરમાં, જેમ આગલા સાલોમાં સર નાઇત તથા બારોનેટના માનવંત ખેતાબો મેલવવાને ભાગ્યશાલી થયલા ગ્રહસ્થોના જન્મ વૃતાંત તેમની સબી સાથે આપ્યાં હતા, તેમ આપવાને અમે અમારી ફરજ વિચારી છે.

સર નાઇટનો ખેતાબ મહત્વનો તથા માનવંત છે અને ઇસ્વી સને ૧૮૪૨ ના સાલથી તે આજ દીન સુધી એ સર નાઇટના ખેતાબના ઉચ્ચાં માનની નવાજેસ પારસી કોમમાંથી ૯ સખી ગ્રહસ્થો ઉપર થઈ હતી, જ્યારે બીજા ૩ વધુ માનવંત ગ્રહસ્થો સર નાઇત બેરોનેટના બાદશાહી ખેતાબો મેલવવાને ભાગ્યશાળી થયા હતા. આ વરસે ડા૦ તેમુલજીને સર નાઇતના મલેલા ખેતાબથી એકનો ઉમેરો થઇ ૧૦ સર નાઇટો તથા ૩ સર નાઇટ બેરોનેટ થયલા છે, જે બીના નાની સરખી પારસી કોમ માટે ખુશાલી તથા મગરૂરી ઉપજાવનારી લેખાઇ શકાશે.

સર નાઇટનો ઉચો ખેતાબ મેલવવાને નસીબવંત નિવડવા માટે પ્રથમ અમે ડા૦ તેમુલજીને પોતાને, પારસી કોમને, મુંબઇ શેહરને, તથા નામદાર શેહનશાહ જ્યોર્જ પાંચમાને મુબારકબાદી આપીએ છીએ અને દુવા ગુજારીએ છીએ કે, એ પાદશાહી માન સુખવાલી લાંબી જીંદગી સાથે ભોગવવાને તથા એથી ચઢતાં માન પાન મેલવવાને ડા૦ તેમુલજી ભાગ્યશાલી થાય. નામદાર સરકાર જે લાયક પ્રજાકીય અગ્રેસરોની અમુલ્ય સેવાઓની સંભાલથી પીછાન કરે છે તે તેને ઘણું સ્તુતીપાત્ર છે.

એ માન મેલવવા માટે ડા૦ સર તેમુલજી ખરેખરાલાયક છે, જે એવણની આપેલી કીર્તિવાન કારકીરદીથી વાંચનારાઓ જોઇ લેશે. ડા૦ સર તેમુલજી પોતાની નીતી, બુદ્ધિ, કેલવણી તથા સાહસથી આગલ વધેલા એક self-made man (આપબળે વધેલા માણુસ) છે, અને તેથી તેમનું જન્મ ચરીત્ર મનન તથા નકલ કરવા જોગ છે. તેઓ જોકે હાલ મુંબઇના વતની થઇ પડેલા છે, તોપણ તેમનુ અસલ વતન, "ધરમ ટેકરી" ગણાતું નવસારી છે. ત્યાંથી જોકે તેઓ નાધલી વયે મુંબઇ આવી વસ્યા અને માનમરતબે વધ્યા હતા, તોપણ તેમની ચઢતીનો પાયો યા પારણુ તો નવસારીજ છે. "પણોતે પુત પારણેથી જણાય" તેમ, તેઓની ચઢતીનાં ચિન્હો નવસારીમા તેમની નાધલી વય તથા સ્કુલ બોય તરીકેની કારકીરદીથીજ દ્રષ્ટીગોચર થયાં હતાં. ડા૦ સર તેમુલજી બચપણથી સાદા, જાતેજ ચંચળ, બુધ્ધીશાલી, મેહનતુ તથા ખડતલ

હતા. એવણ જેટલા મગજે મજબુત તેટલાજ શરીરે ચીવટ, હીમતવાન તથા બહાદુર હતા, અને તે વેળાની ત્યાંની દેશી રમતોમાં પોતાના બીજા ગોઠ્યાઓ ઉપર સરસાઇ ભોગવતા હતા. તે જમાનામાં નવસારીમાં તાલીમખાજી તથા કુસ્તીનો હુનર વખાણ સાથે પ્રચલીત હતો, અને ડાં૦ તેમુલજી પોતાના હરીફ કુસ્તીબાજો સાથ કુસ્તી ખેલતાં લગભગ હંમેશ ફતેહમંદ નીવડતા હતા.

ડાં૦ તેમુલજીના બાપદાદા મોબેદાનમોબેદ હતા. તેમનાં પીતાશ્રી મરહુમ એરવદ સાહેબ ભીખાજી મુંબઇમાં કાપડનો વેપાર કરતા હતા, તોપણ તેઓ નાવર મરતબ થયા હતા, અને ડાં૦ તેમુલજી પણ નાવર થયા હતા. તેમના બપાવા મરહુમ મોબેદ રતનજી નરીમાન, કુશળ મોબેદ હોઇ નવસારીમાં પાક ઇનામદારીથી મોબેદી પેશો કરતા હતા, અને તે પેશાની રૂએ તેમનાં કેટલાંક કુલો હતાં, જેમને ત્યાં થતાં આફરીંગાનોમાં જવાન તેમુલજી, "જોતી" સામે "આતરવક્ષી"ના ભાગ ભજવતા હતા. તેમની એ કારકીરદીમાં તથા એ "મોબેદીમાં" તેમના હમેશના સાથી અને જુના દોસ્ત, આપણા જાણીતા લેખક તથા કવી મી૦ ખરશેદજી બહમનજી ફરામરોજ હતા, જેઓ બને તે વેલા સફેદ પાઘડી રાખતા હતા.

સુભાગ્યે ડાં૦ તેમુલજીના પીતા મરહુમ એરવદ ભીખાજી બહુ દીર્ઘદ્રષ્ટીવાલા, કેળવણીને ચાહનારા તથા પોતાના બેટાઓને કેમ આગલ વધારવા તેની સમજ ધરાવનારા હતા. તેજ વેળા નવસારીમાં અંગ્રેજી શાળા તથા કેળવણીનો પાયો નખાયો હતો, જેનો લાભ પોતાના બેટાઓને આપવામાંજ નહી, પણ નવસારીમાં તેનો પાયો મજબુત કરવામાં તે મરહુમે આગેવાન ભાગ ભજવી કીમતી મદદો આપી હતી. પોતાના બેટાઓને કેળવણીમાં આગલ વધારવા માટે તેવણે તેઓને પાછલથી મુંબઇ બોલાવી લઇ પોતાની સાથે રાખ્યા, જ્યાં ડાં૦ તેમુલજી વધુ તથા ચઢતી કેલવણી લઇ ઘણા આગળ વધ્યા, અને આજના જેવી ઇર્ષા કરવા જોગ ચઢતી હાલતે પહોચી સેવટે સર નાઇટ થવાને શક્તીમાન થયા છે.

સર તેમુલજીના ભાઇ ડાકટર પેસ્તનજીબી આપણી યુનીવરસીટીમાંથી પાસ થપલા જાણીતા તબીબ છે. એવણ જંગબારના નામદાર સુલતાનને ત્યાં લાંબો વખત સુધી તબીબ તરીકે રહયા હતા. ડાં૦ પેસ્તનજીને જંગબારના સુલતાંન તરફથી "ઓરડર ઓફ ધી બ્રીલંયન્ટ સ્ટાર ઓફ જંજીબાર" અને "સઇડીયાના" નામના બે ઉંચા ખેતાબો એવણની લાંબી કીમતી નોકરીની સેવામાં એનાયત કરવામાં આવ્યા હતા. વળી સર તેમુલજીના એક બેટા ડાં૦ રતનશાહબી આપણા શેહેરમાં તબીબી ધધો પુર ફતેહમદીથી ચલાવે છે અને એઓ પોતાના પીતા સર તેમુલજીને પારસી સુવાવડખાનામાં કામકાજમાં બીનહાંસલે પોતાની કીમતી મદદ આપતા આવ્યા છે.

ડાં૦ તેમુલજીની એવી લાયકાતો ઉપરાંત તેઓ જાતે બહુ ભલા, ભોલા, ઉદાર મનોવૃતિના, નર છે, કે જે પોતાના ગુણો વડે, અલબતે, પોતાના કેલવણી તથા ઉંચી લાયકાતો સાથે તેઓ પોતાની આસપાસ એક અતી મોટું મીત્ર મંડળ ભેગું કરવાને શક્તીમાન થયા છે, અને તે મીત્ર મંડલમાં સ્વદેશી તથા હમકોમી શ્રીમતો, શેઠયાઓ, અકાબરો, ઓધેદારો તથા ગવરનરો પણ સમાઇ જાય છે, કે જેમનો વગ વસીલો ડાં૦ તેમુલજીની ચઢતીમાં ચક્રવૃધ્ધિ ઉમેરો કરનાર થઇ પડ્યો છે.

સર તેમુલજીની કારકીરદીમાં એક તુરા સમાન કામ, પારસી સુવાવડખાનાની સ્થાપનાનું છે, કે જેની સ્થાપના સાથે તેમની જાહેર કારકીરદીનો સૂર્ય ઉંચી નોબતે પુગો છે.

એવણનું નામ પારસી કોમમાં ઘરગતુ શબ્દ માફક થઇ પડયું છે. પારસી બાનુઓ માટે આખાં હીંદુસ્તાનમાં પેહેલવહેલાં એક નમુનેદાર સુવાવડખાનાની સ્થાપના કરી કોમની તેઓએ જે કીમતી સેવા બજાવી છે તે લાંબો વખત સુધી ભુલી જઇ શકાશે નહી. આશરે ત્રણ દાએકાથી આગમચના વખતમાં જ્યારે પારસીઓમાં સુવાવડખાનાં જેવું કોઇ ખાતુ હસ્તી ધરાવતું નહી હતું તે વેળાએ સુવાવડી પારસી બાનુઓને હવા ઉજાશનાં કશાં પણ સાધનો વગરની અંધીઆર ખડકીઓમાં બચ્ચાંઓનો જન્મ આપવો પડતો હોવાથી તથા તે પણ બીનકેળવાયલી અભણ દાઇઓને હાથે તેઓની સુવાવડ થતી હોવાથી કેવા કીમતી કાળજગરા જાનો બરબાદ જતા હતા તે બીનાથી ઘણા પારસીઓ અંજાણ હશે નહીં. એવા સંજોગો વચ્ચે સર તેમુલજીએ પારસીઓ વચ્ચે એક અપ-ટુ-ડેટ સુવાવડખાનાનો પાયો આખાં હીંદુસ્તાનમાં પહેલવહેલો નાંખી એવાં ખાતાંનો લાભ લેવાને માટે પારસી બાનુઓને કેળવવાનાં ઘણાં તારીફલાયક પગલાં ભર્યાં નહીં હતે તો આજે સુવાવડખાનાઓનો પારસી બાનુઓ તરફથી જે મોટી સંખ્યામાં લાભ લેવામાં આવે છે તેવો લાભ તેઓ ક્વચીતજ લેવાને લલચાતે એમ સેહજ પણ સહરાગત વીના કહી શકાશે. આ સુવાવડખાનું જે આવી સરસ પંક્તીએ પુગું છે તે સર તેમુલજીની ચાલુ ખંત અને રાત દીવસોની સખત જેહમત તેમજ જાહેર હીમતનું પરીણામ છે. તેમજ એ સુવાવડખાનાંનો કારોબાર જે સર તેમુલજી નરીમાન ફતેહમંદીથી ચલાવે છે તેમાં લેડી તેમુલજી તથા ડા૦ રતનશાહ તેમુલજી નરીમાન એ સુવાવડખાનાની સ્થાપનાથી વરસો થયાં પોતાની કીમતી મદદ તથા સલાહ આપતા આવ્યા છે જે ખરેખર સ્તુતીપાત્ર છે. આ સુવાવડખાનાની સ્થાપના પછી ઘણા વરસો સુધી એ સુવાવડખાનું સારી સ્થીતીએ પોંચી પગભર થયુ ત્યાં સુધી દરેક સુવાવડી બાઇની દવા વગેરે સર તેમુલજી પોતાની ગીરોના ખરચે પોતાના દવાખાનામાંથી મુફત પુરી પાડતા હતા. તેમજ સુવાવડખાનામાં એવણ જેટલાબી ઓપરેશન વગેરે કરતા આવ્યા છે તે માટે કશી ફી આજ દીન સુધી લીધી નથી. એઓની આવી કીમતી અમુલ્ય સેવાઓનું દામ ગણવામાં આવે તો પારસી ટોળા ઉપર હજારો રૂપ્યા નહીં પણ લખો રૂપ્યાની મોટી મદદ કીધેલી કહેવાય, જે માટે સર તેમુલજીને ખરેખર ધન્યવા- ઘટે છે.

આ સુવાવડખાનું હમેશા ચીકાર ભરાયલુંજ રહે છે અને એની સ્થાપના થયા પછી માતા તથા બાળકોનું મ ણ પ્રમાણ ઘણી ઓછી હદ ઉપર લાવવાને બની શકયું છે. તેમજ હીંદુસ્તાનના બીજા ઘણા શેહરોમાંથી પણ પારસી બાઇઓ સારી સખ્યામાં એ ખાતાંનો લાભ લેવા લાગી છે. સર તેમુલજીના આ સુવાવડખનાના પ્રતાપે આજે આપણા શેહરમાં બીજા પારસી સુવાવડખાનાં હસ્તીમાં આવ્યા છે, જેઓ પણ કોમની હાજતને પુગી વળનારાં પુરવાર થયાંછે. એ ઉપરાત નવસારી સરખા જુના વીચાર ધરાવનારા પારસી ભાઇઓથી વસાયલા કસ્બામાં પણ એવા એક ખાતાંની જરૂર પાછળની નાખી એક સુવાવડખાનું હસ્તીમાં લાવવામા આવ્યું છે અને તેનો સારો લાભ લેવામાં આવે છે. એવીજ રીતે બીજી કોમોએ પણ એવા ખાતાં પોતાની કોમની સ્ત્રીઓ માટે સ્થાપવાની શરૂઆત કરવા માંડી છે.

સર તેમુલજી એક જાહેર શેહરી તરીકે આજ વર્ષો થયાં ઘણાંક જાહેર ખાતાંઓ સાથે સંબંધ ધરાવતા આવ્યા છે. કોરપોરેશન અને યુનીવરસીટી સેનેટમાં લાંબો વખતથી બેઠક ધરાવતા આવ્યા છે. મુંબઇના માજી ગવર્નર લોર્ડ સીડનહેમના અમલમાં તેવણને મુંબઇ સરકારની ધારાસભામાં પારસી કોમના એક પ્રતીનીધી તરીક નામદાર સરકાર તરફથી નેમવામાં આવ્યા હતા. હીંદી બાનુઓ અને ખાસ કરી પરદેનશીન સ્ત્રીઓને તાત્કાલીક તબીબી મદદ

પુરી પાડનારાં કાઉન્ટેસ ઓફ્ ડફરીન ફંડના મુંબઇની શાખાના ઓનરરી ત્રેઝરરનો ઓધ્ધો તેઓ આજ કેટલાંક વર્ષ થયાં ધરાવતા આવ્યા છે અને એ ખાતાંમાં તેઓએ અત્યારસુધીમાં જે કીમતી સેવાઓ બજાવી છે તેની પીછાણુ મુંબઇના આગલા ગવર્નરોએ વખતો વખત કરી છે. સર તેમુલજીએ એ રીતે ઘણાક બીજા જાહેર ખાતાંઓની સેવા પાછલ પણુ પોતાનો કીમતી વખત ફાઝલ પાડવાની જોગવાઈ કીધી છે અને તેવણે પોતાના અંતઃકરણુના અવાજ મુજબ એક કસાયલા અનુભવી તબીબ તરીકે તેમજ એક ઉત્હાસી શેહરી તરીકે જાહેર પ્રજા તેમજ નામદાર સરકાર અને પારસી કોમની ઘણી ઉપયોગી સેવાઓ અત્યારસુધીમાં બજાવવાની જે ઉલટ એવણે દેખાડી છે તે એવણુને માટે ઘણું માન ભરયું છે. વળી મુંબઇનાં સ્વતંત્ર ખાનગી તબીબી ધંધાદારીઓના એક આગેવાન તુરા તરીકે નામદાર સરકારે એવણુની ઉચી પીછાણુ કરીને આપેલું આ મોટુ માન સ્વતંત્ર તબીબી ધંધાદારીઓમાં સંતોષ બરપા કરયા વગર રહેશે નહી

સર તેમુલજી પોતે ડાકટરી ધંધામાં કેટલા બધા કાબેલ છે તે એટલા ઉપરથી માલમ પડશે કે મોટા તબીબી યુરોપ્યન ડાકટરો એવણુની કાબેલ્યત વાસ્તે ઘણું ઉચું મત ધરાવે છે, તેથી કેટલાક યુરોપ્યન ડાકટરો વટીક પોતાની માદગીના વખતમાં સર તેમુલજીની સલાહ લઇ એવણુનીજ દવા કરતા હતા તેમજ એઓની બોહોલી ઘરાકામાં એક જાણુવાજોગ બીના એ છે જે યાહુદી જેવી ચપલ કોમબી એવણુની બાહોશી પર ફીદા થઇ છે. મુંબઇમાં વસ્તુ યાહુદી કુટુંબ એવું નહી હશે કે જેણે એવણુની સહલા તથા દવા કીધી નહીં હોય.

ડા૦ તેમુલજીનાં ભલાં દીલના દાખલામાં આ વાત જાણુવાજોગ છે કે, પોતે શ્રીમંતાઇમા આવ્યાં છતાં તેઓ પોતાના જુના મીત્રો તથા ખેશીઓને જેવાને તેવાં વહાલથી ચાહે છે, અને તેઓમાંનાં હાજતમંદોને ઘણી સારી છુપી મદદ કરતા આવ્યા છે. એવણુ પોતાની ચાલુ ધીકતી ઘરાકી છતાં સેંકડો ગરીબ કુટુબોને તથા નોકર ચાકરોને મુફત દવાદારૂ આપી તેઓને ઘરે સહલા આપવા જાયછે તો ફી બી લેતા નથી, તેમજ પોતાની નાનલી વયના ઘણાક દોસ્તો જોકે તેઓમાંના ઘણાકો હાલમાં સારી સ્થિતીએ પોચ્યાં છે તોબી કોઇ બી પાસ ફી હજી સુધી લેતા નથી, એટલુજ નહી પણુ પોતે અથોરનાન હોવાથી કોઇબી મોબેદ સાહેબો જેઓ આગીયારી યા આતશ બેહરામમાં એવણને જોવા બોલાવે છે તેઓ પાસેથી હજી સુધી ફી એવણુ લેતા નથી. સારાશ, ડા૦ સર તેમુલજીના ગુણો, કાર્યો બલકે આખી જીંદગી નકલ કરવા જોગ છે.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનનું જીવન ચરિત્ર અને એવણુની કારકીરદીનો જાણુવાજોગ હેવાલ.

સર તેમુલજીની સરૂઆતની કારકીર્દી.

ઓનરેબલ ડાકટર સર તેમુલજી ભીખાજી નરીમાનનો જનમ નવસારીમાં રોજ ૧૨ મો માહા ૧૨ મો યઝદેઝરદી સને ૧૨૧૭ ને દીને યાને તા૦ ૩ જી સપટેમબર ૧૮૪૮ ના સાલમાં થયો હતો. એવો સાહેબને હાલમાં ૬૬ વરસ પુરા થઇ ૬૭ મું ચાલે છે. સર તેમુલજી પોતાની પાંચ વરસની ઘણી નાહાની ઉમરે લેદી સુનાબાઇ જેવણુ એવણુના ફુઇના દીકરી થતા હતા અને નવસારીના દસતુર મેહરજીરાણુાના ખાનદાનમાના હતા તેવણુ સાથે લગનના ગાંઠથી જોડાયા હતાં.

ય. સને ૧૨૮૨ના સાલના અમરદાદ મહીનાના બહમન રોજે એવણનાં લગનને ૬૦ વરસ પુરાં થયાં છે. એવોને ત્યાં ૩ બેટા અને ૨ બેટીઓ મળી પાંચ ફરજંદોની વરધી થઇ હતી તેમાં હાલમાં બે દીકરાઓ છે જેઓમાંના એક ડા૦ રતનશાહ અતરે ફતેહમંદીથી તબીબી ધંધો કરેછે જ્યારે બીજા બેટા જાહાંગીરજી સુતરની દલાલી કરે છે અને મેસરસ ઇ. ડી. સાસુનની જાણીતી કંપનીમાં દલાલ બી છે. એવોની બે બેટીઓ અતરે સારે ઠેકાણે પરણેલી છે.

સ્કુલ તથા કોલેજને લગતી કારકીર્દીની વીગત.

ઇસ્વી સને ૧૮૫૬ના અકટોબર મહીનામાં નવસારી જરથોસ્તી મદરેસા પહેલી સથાપવામાં આવી જે હાલ સર કાવસજી જહાંગીર નવસારી હાઇ સ્કુલને નામે ઓળખાય છે. એ મદરેસા પહેલવેહેલી સથાપવામાં મરહુમ શેઠ ખરશેદજી નસરવાનજી કામા સાથે સર તેમુલજીના પીતા મરહુમ એરવદ ભીખાજી રતનજી નરીમાને ઘણો આગેવાની ભરયો ભાગ લીધો હતો, તેમજ એરવદ ભીખાજીએ એ સ્કુલના ફંદમાં પહેલવેહેલી નાણાંની સારી જેવી રકમ બી ભરાવી આપી હતી. જે દીવસે એ સ્કુલ પહેલવેહેલી ઉઘાડવામાં આવી હતી તેજ દીવસે, સર તેમુલજી એ સ્કુલમાં જોડાયા હતા. બે વરસ સુધી એવણ ગુજરાતી સીખ્યા પછી ૧૮૫૮ ના સાલમાં અંગ્રેજીનો અભ્યાસ શરૂ કીધો હતો, અને અંગ્રેજી ઉપરાંત તે વખતે એવણ જંદ અને પહેલવી ભાષાઓનોબી અભ્યાસ સાથે કરતા હતા. સર તેમુલજી પોતાની દશ કે અગીઆર વરસની નાધલી ઉમરે નાવર થયા હતા, અને એવણના બપાવા મરહુમ રતનજી જેવણ નવસારીમાં અથોરનાની પેસો ઇનામદારીથી કરવાને માટે ઘણા જાણીતા હતા, તેવણ સાથે આફરગાન અને સતુમ એટલી નાહની ઉમરે કરતા હતા. સને ૧૮૬૨ ના અકટોમ્બર મહીનામાં એવણે પોતાના કુટુંબ સાથે મુબઇ આવી વસવાટ કીધો હતો. એ પછી એવણ એલફીનસટન હાઇ સ્કુલમાં મરહુમ શેઠ હોરમસજી શાપુરજી ચોઠયા જેવણ તરતના તીચર નેમાયા હતા, તેવણના કલાસમાં દાખલ થઇ થોડીજ મુદતમાં શેઠ દાદાભાઇ પેસતનજી માસતરના વરગમા જોડાયા હતા. જયાથી એવણે સને ૧૮૬૫ નાં સાલમાં મેતરીક્યુલેશનની પરિક્ષા પેહલીજ વખતે પસાર કીધી હતી. સર તેમુલજીના બાવા જેવણ કેળવણીનો પ્રયાસ કરાવવા ઘણા ખંતી હતા, ને તે વખતે સફેદ પાઘડીવાળો કોઇ ડાકટર નહીં હોવાથી અને એવણ તે વખતે સફેદ પાઘડી પેહરતા હોવાથી એવણના બાવાની મરજી એવણને એક ડૉકટર કરવાની હતી તેથી અતરેની ગ્રાંટ મેદીકલ કૉલેજમા એવણને દાખલ કીધા હતા, જ્યા મુરડાં ચીરવાના ઓરડામાં મુરડાં ચીરેલાંનો દેખાવ ડા૦ તેમુલજીને પસંદ નહીં પડવાથી તે કૉલેજ છોડી એવણ ઍલફીનસટન કૉલેજમાં જોડાયાં. એલફીનસટન કોલેજમાં એવણ પોતાના એક વરસના અભ્યાસ દરમયાન એવણ કુસ્તી અને કસરતના બહુ શોખીન હોવાથી મોટો વખત કસરતશાળામાં ક્હાડતા હતા, અને બહુ મસ્તીખોર હોવાથી તે વખતના પ્રીનસીપાલ ચેટફીલ્ડે કૉલેજના બોરડ પર એવણને નામની નોટીસ મુકી કે મસતી તોફાન અને આળસાઇને વાસ્તે એવણની સ્કોલરશીપ છીનવી લેવામાં આવી છે. એથી ડાકટર તેમુલજીએ પોતાને અપમાન થયલું સમજી કોલેજ છોડીને પોતાના પીતાની કાપડની દુકાન જે તે વખતે માવજી ભીખાજીની કાપડની દુકાનને નામે ઘણી સારી ધીકતી હાલતમા હતી તે દુકાન પર કાપડયા તરીકે જોડાવાને એવણ તયાર થયા. એવણના પીતાને કેળવણીનો બહુ શોખ હોવાથી તરેહવાર બાહના ક્હાડી એવણને પાછા મેડીકલ કોલેજમાં જવા સમજાવતા હતા, અને આખરે એક નજીવાં કારણસર એવણે મેડીકલ કોલેજમાં જવાનું પસંદ કીધું, તે એ કે જો દુકાને બેસે તો બુટ સતોકીંગ

કહાડી નાખી જોડા પહેરીને બેસવાની બોલી એવણના પીતાએ કરવાથી એવણ પાછા મેડીકલ કોલેજમાં ૧૮૬૬ માં જોડાયા હતા. સર તેમુલજીના પીતા એરવદ ભીખાજીને કેળવણી માટે કેટલી બધી ખંત હતી તે વીષે જાણવું ઘણું અગતનું થઇ પડશે કે થોડાં વરસની વાતપર નવસારીમાં મરહુમ શેઠ દારાશાહ ચીચગર અને મરહુમ શેઠ ખરશેદજી રૂસતમજી કામા બૈરાંઓની મીજલસ એકઠી કરી ભાશાણો આપતા હતા, અને તે એક નવો સુધારો થયો હોએ એમ સમજવામાં આવતું હતું. પણ છેક ૧૮૬૦ ના સાલથી મરહુમ એરવદ સાહેબ ભીખાજી નરીમાન પોતે રૈસાલાઓ લખીને નવસારીમાં ભેગી મલતી નાવર નવજોતોની મીજલસ સનમુખ બૈરાંઓના મેળાવડાઓ કરી તરેહવાર સંસારી બાબદોપર ભાશાણો આપતા હતા, તેમજ નીબંધો વાંચતા હતા.

સને ૧૮૬૬ ના દીસેમબર મહીનામાં સર તેમુલજી અતરેની વઇદાને લગતી ગ્રાંટ મેડીકલ કોલેજમાં જોડાઇ પેહેલી એલ. એમ. ની પરીક્ષા સને ૧૮૭૦ માં પસાર કરી ફીઝીયોલોજીના કુશળ જ્ઞાન માટે તેમાં પેહલા આવવાથી કરનાક સ્કોલરશીપ મેળવી હતી. એ પછી એવણે એલ. એમ. ની સેવટની પરીક્ષા સને ૧૮૭૨ માં પસાર કરી મેડસીન તથા સરજરીમાં સરવેથી સરસ દેખાવ કરવા માટે સર જમશેદજી જીજીભાઇનું રૂ. ૨૫૦ નું ઇનામ મેળવયું હતું. મીડવીફરીના પ્રોફેસર ડા૦ વોર્ડના એવણ ઘણા માનીતા હતા, અને પોતાની નાની ઉમરથીજ આ વીશય માટે એવણને ભારી શોખ લાગ્યો હતો, જેને પરીણામે ડા૦ તેમુલજી આ ખાસ લાઇનમાં નામ કહાઢવાને અને પારસી સુવાવડખાનુ સ્થાપવાને શકતીવાન થયા હતા, કે જે આખા હીંદુસ્તાનમાં પેહેલવહેલુંજ સ્થાપવાનું માંન એમણે મેળવયું હતું.

સર તેમુલજી કસરતના બહુ શોખીન હોવાથી મેડીકલ કોલેજમા એવણે મોટા પાયા ઉપર એક કસરતશાલા ઉઘાડી હતી, અને સર દીનશાહ પીટીટ કસરતશાલાના માજી ઉસતાદ મરહુમ શેઠ નશરવાનજી કેરાંવાલાને મોટા પગારે રોકી કુસતીની તાલીમ લેતા હતા તેમજ તે વખતના પ્રીનસીપાલ સર ગાયર હંટર અને બીજા પ્રોફેસરોના મેળાવડાઓ કરી પોતાની કસરતથી ગમત આપતા હતા. એવણને ક્રીકેટનો બી ઘણો શોખ હોવાથી, ક્રીકેટની રમતને બી ઉત્તેજન આપતા હતા. એવણ જોકે મૅડીકલ કૉલેજમાં અભ્યાસ કરતા હતા તોબી એલફીનસટન કૉલેજના પોતાના દોસતો સાથે બહુ વીટલાએલા રહી ક્રીકેટની મૅચોમાં ઍલફીનસટન કૉલેજની ટીમ તરફથી મૅડીકલ કૉલેજની વીરૂધ રમતા હતા. મરહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીએ ક્રીકેટની રમતને ઉતેજન આપવા પેહલી ઇનામની સરત રમાડી હતી, તેમાં ડા૦ તેમુલજી પણ રમવા ઉતરીઆ હતા અને તે પછી અસંખ્યાબંધ ક્રીકેટ મૅચોમાં એવણ રમવા ઉતરી ક્રીકેટમાં ઘણો આગેવાની ભરયો ભાગ લેતા હતા.

સર તેમુલજી નાનપણથીજ બધી જાતની રમત ગમતમાં ઘણો સોખ રાખતા હોવાથી એવણ તરવામાંબી મોજ મેલવતા હતા. અગીઆર વરસની નાધલી ઉમરે નવસારીમાં સફેદ પાગડી સાથે જામા પીછોડી પેહરી ભનવા જતા હતા, તે વખતે રમત કરતાં ડુબી જતા સેજમાં બચી ગયા હતા. બીજી વખતે મુબઇમાં ચોપાટી સી ફેસ પર દોસ્તો સાથે નાહવા ઉતરયા હતા અને તરતાં બરાબર નહીં આવડવાથી હવાનો તકયો પેટે બાંધી દરીઆમાં ઝોકાવ્યું હતું. તકયો ખીસી જવાથી એવણ પાણીમાં અને તકયો ઉપર એવી ડુબતી હાલતમાં આવી પડયા હતા. સારા ભાગયે નજદીકમાં મરહુમ શેઠ દામોદર ગોરધનદાસ સુખડવાળા બી પોતે તરતા હતા તેવણે તરત એવણની મદદે આવી એવણને ડુબતા બચાવી બાહાર ખેંચી કહાડયા હતા.

ગ્રાંટ કૉલેજ મૅડીકલ સોસાયટીનાં સને ૧૮૮૩ નાં સાલમાં સર તેમુલજીને ઓનરરી સેક્રેટરી તરીકે નેમવામાં આવ્યા હતા અને એના કામકાજમાં કીમતી મદદ એવણે આપી ૧૮૯૧ સુધી પોતાનો ઓધો બહુ ચાલાકીથી બજાવ્યો હતો. એ દરમ્યાન એવણે પુશકલ નીબંધો તરેહવાર વઇદાની બાબદો પર વાંચ્યા હતા. તેમાં મુખ્ય કરી "મુબઇની તાવો, તેની ઉતપનતીનાં કારણો અને ઇલાજ, કૉલેરા, તેના કારણો અને ઇલાજ, હરસના દરદોનો વાહાડકાપ વગર ગામથી દવાઓથી થતો ઇલાજ અને સુવાવડની તરેહવાર બાબદોપર" વીવેચનો કરતા રહયા હતા.

સર તેમુલજીએ વઇદાંની કોલેજના પોતાના ઉસ્તાદો ઉપર પોતાની હુશીયારી માટે એટલો બધો છાપ બેસાડયો હતો કે તેઓ જોકે વરસો થયા વેલાત ગયા છે તોપણ તેઓમાંના દરેક જણ એવણને ઘણા માનથી ચાહી એવણ વીશે બહુ ઉચુ મત ધરાવે છે એટલુંજ નહી પણ તેઓ પછી આવનારા મેડીકલ કોલેજના પ્રોફેસરો અને પ્રીનસીપાલોનો સારો અભીપ્રાય અને માન ધરાવવાને એવણ ઘણા નસીબવંત નીવડયા છે, તે એટલે સુધી કે સુવાવડની બાબદોનો તેમજ બઇરાં અને બચાંઓના દરદો વીશેના એવણના પાકટ અનુભવનો લાભ મેડીકલ કોલેજના દરેક પ્રીનસીપાલ મોટાં માન સાથે લેતા આવ્યા છે. ૨૫ વરસ કરતાં વધુ મુદતથી મેડીકલ કોલેજમાં, ડાકટર ખરશેદજી ફરામજી બોરી અને દીનશાહ એદલજી વાચ્છાના ધણીઆણીને નામથી જે સ્કૉલરશીપ અને ઇનામની પરીક્ષા દર વરસ લેવામા આવે છે તેના એક પરીક્ષક તરીકે, જેટલાબી પ્રીનસીપાલો થઇ ગયા તે બધાઓએ આખા તબીબી વર્ગમાંથી એવણને પસંદ કરી હમણા સુધી માન આપતા આવ્યા છે.

જુદી જુદી પરીક્ષાના પરીક્ષક તથા યુનીવરસીટીમાં મલેલા ઓધાઓ.

સર તેમુલજીને મુબઇની યુનીવરસીટીના એક ફેલો તરીકે સને ૧૮૮૩ ના સાલમાં નેમવામાં આવ્યા હતા, અને મુબઇ યુનીવરસીતીના તબીબી ગ્રેજ્યુએટ મધે એવણ સઉથી પેહલાં સીનદીક અને દીન થયા હતા અને વરસો સુધી એ ઓધાઓપર ફરીફરીથી ચુંટી કહડાયા હતા. તે ઉપરાંત પ્રાંતીક સીનડીકેટમાં મેડસીનના સીનડીક તરીકે ચુટી કહડાયા હતા, અને ડીન તરીકે ચુંટી કઢાયા ત્યાંસુધી એવણ એ ઓધા ઉપર હતા. જોકે એવણ મુંબઇની યુનીવરસીટીના ફકત એક ગ્રેજ્યુએટ છે તોબી તેવણને આશરે દસ વરસ ઉપર લંડનની ઓબસ્ટેટ્રીકલ સોસાયટીના ફેલો તરીકે ચુટી કહડાવાનું અસાધારણ માન મળયું હતું.

સને ૧૯૦૭ માં એલ. એમ. ઍંડ એસ. ની ડીગ્રી કહાડી નાખી તેને બદલે ડીપલોમાં આપવાના સવાલ ઉપર વીચાર ચલાવવા માટે નેમાયલી કમીટીના એક સભાસદ તરીકે નામદાર સરકારે તેવણને નેમ્યા હતા.

સને ૧૯૦૮ ના સાલમાં ડા૦ નરીમાન મુંબઇ યુનીવરસીટીના પ્રતીનીધી તરીકે કોરપરેશનના એક મેમ્બર તરીકે ચુંટી કહડાયા હતા, અને એ પછી એ જગા માટે હમેશા એવણનેજ પાછા ચુંટી કાઢવામાં આવે છે.

સને ૧૮૮૪ ના સાલમાં મુબઇની યુનીવરસીટી તરફથી લેવામાં આવતી ફીઝીઓલોજી, બાયોલોજી, અને કમપેરેતીવ એનેટમીની બીકટ બાબદોમાં બી. એ., બી. એસ. સી., એમ. એ., એલ. એમ. એંડ એસ. અને એમ. ડી. ની પરીક્ષાઓ માટે પરીક્ષક તરીકે એકી વખતે સર તેમુલજીની નેમણુક કરવામાં આવી હતી, જે માન તદનજ અસાધારણ છે, અને આગળ કોઈ પણ વખત આવું મોટું માન કોઇ હીંદી પરીક્ષકને આપવામાં આવેલું જણાતું નથી. વળી

સને ૧૮૮૫ ના સાલમાં એજ વિષયોના પરીક્ષક તરીકે એવણુની પાછી નેમણુક કરવામાં આવી હતી. તે વખતથી અતયારસુધી તેવણુ એલ. એમ. એંડ એસ. તથા એમ. ડી. ની પરીક્ષાઓમાં મુંબઈ યુનીવરસીટીની સીનડીકેટમાં જે વરસોએ કામ કીધું હતુ તે સીવાયના બીજાં વરસોમાં, મીડવીફરી અને સ્ત્રી છોકરાંનાં દરદોના વીશયમાં પરીક્ષક તરીકે નેમાતા રહયા તેમાં કોઇ કદાચજ ખાંચા પડયા છે. સને ૧૮૯૧ ના સાલમાં એવણુને યુનીવરસીટીના તબીબી ફેકલતીના સીનડીક નેમવામાં આવ્યા હતા, અને આટલાં વરસ સુધી વગર વીરૂધતાએ ચુંટી કહડાવાનું માન ધરાવતા તેવણુ એકલાજ તબીબી ગ્રેજ્યુએટ છે. સને ૧૯૧૦ અને ૧૯૧૧ ના સાલોમાં એવણુ તબીબી ફેકલટીના ડીન નેમાયા હતા. બોમ્બે મેડીકલ યુનીયનના સને ૧૮૯૧ અને ૧૮૯૨ ના સાલોના એવણુ પ્રેસીડંન્ટ હતા, અને એ યુનીયનને હસ્તીમાં લાવવાનો એવણુનો આગેવાન ભાગ હતો. જ્યારે એ યુનીયન પુર બાહારમાં ચાલતું હતું તે વેળા એવણુ શરૂઆતથી વરસો સુધી તેની કારોબાર મંડલીના સભાસદ અને વાઇસ પ્રેસીડન્ટ નેમાતા હતા.

મુબઇની યુનીવરસીના ઇનામના રેસાલાઓના તબીબી બાબદોના એક પરિક્ષક તરીકે વરસો સુધી સર તેમુલજીને સીડનીકેટ તરફથી ચુંટી કાઢવામાં આવતા હતા અને એવણુના ગોથયા સનડીકો જેઓ બીજી કૅલેજના ઉસતાદો હોય છે તેઓ પર એવણુની કાબેલીયતનો એવો તો સરસ છાપ બેઠેલો છે કે તબીબી બાબદો ઉપરાંત બીજા બીકટ ઇગ્રેજી રેસાલાઓમાં પણુ અવારનવાર એવણુને પરિક્ષક તરીકે નેમી મોટું માન આપવામાં આવે છે.

વઇદાંની એમ. બી. ની ડીગ્રીની તકરારી બાબદોમાં એવણુ પેહલેથીજ આગેવાન ભાગ લેતા આવ્યા છે, અને વઇદાંની કોલેજમાં વીધ્યારથીઓને દાખલ કરવામાં આવે તે પેહલાં તેઓએ ચઢી પરીક્ષા પસાર કરેલી હોવી જોઇએ તેથી પારક્ષાનો અભ્યાસ ચહડતા વરગનો રાખવો જોઇએ એવો એવણુનો અભીપ્રાય હતો, અને હજી પણુ વધુ અભયાસ કીધા પછી વઇદાંની કોલેજમાં દાખલ કરવાથી બહુ વધતા લાભો મળેછે એમ એવણુ માને છે. હમણાં જ્યારે મેડીકલ કોલજમાંથી પસાર થયલા ચેલાઓને શીક્ષક અને પ્રોફેસરની જગાને માટે નેમવા સારૂં વીરૂધતા બતાવવામાં આવે છે ત્યારે મરહુમ ડાકટર સખારામ અરજુનના મરણુથી ખાલી પડેલી બૉટનીની ચૅર પર સર તેમુલજીની નેમણુક કરવા ડાકટર બલૉક જેવણુ પાછલથી સર બલૉક થયા હતા, તેવણે નક્કી કીધું હતું, પણુ ડાકટર તેમુલજી પોતે તે વખતે એ કામ માથે લેવાને તેયાર નહીં હતા એવું ધારી એવણે નાકબુલ કીધું હતું.

જુદી જુદી કમીટીના સભાસદ થવાનું મલેલું માન.

સને ૧૯૦૯ના ડીસેમ્બર માસમાં મુંબઈની નામદાર સરકારે મુબઇની પારસી કોમના પ્રતીનીધી તરીકે સર તેમુલજીની મુબઈ ઇલાકાની ધારાસભામાં યાને નામદાર ગવરનરની લેજીસલેટીવ કાઉનસીલમાં નેમણુક કરી મોટું માન આપ્યું હતું, અને નવી સુધરેલી કાઉનસીલમાં આખા હીંદુસ્તાનમાંથી એક ડાકટર તરીકે આ મોટું માન મેલવવાને એવણુજ પેહલ વેહલા ભાગ્યશાલી થયા હતા.

મુંબઇની નામદાર ગવરનરની લેજીસલેટીવ કાઉનસીલના યુનીવરસીતી તરફના એક મેમબર તરીકે ૧૯૦૩ ની ચુંટણીમાં સર તેમુલજી બાહાર પડયા હતા, અને જો હીંદુઓએ ૮૭ માંથી ફકત એજ વોટ આપીને નાત જાતનો સવાલ નહીં કીધો હતે તો એવણુ જરૂર ફત્તેહમંદ થતે એમ દરેક વક્કી હતી.

સને ૧૯૧૦ના સાલમાં નામદાર સરકારે એવણુની પ્રાંતીક સલાહકારી કમીટીના સભાસદ તરીકે નેમણુક કીધી હતી, અને સને ૧૯૧૧ ના સાલના જુન માસમાં નામદાર સરકારે છાપા

જોગી બહાર પાડવામાં આવતી યાદીઓમાં આવતી તબીબી અને સુખશાંતીને લગતી બાબદોના તરજુમા તપાસનારી કાયમની કમીટીના સભાસદ તરીકે એવણુની નેમણુક કીધી હતી.

મુંબઇનો મેદીકલ રેજીસ્તરેશન એક્ત પસાર કરાવવામાં સર તેમુલજીએ ઘણો આગેવાની ભરેલો ભાગ લીધો હતો અને એવણુને નામદાર સરકારે ૧૯૧૩ના સાલમાં મુંબઇની મેડીકલ કાઉનસીલના સભાસદ તરીકે નેમ્યા હતા, અને એ મંડળે મેડીકલ કાઉનસીલની કારોબારી કમીટીના સભાસદ તરીકે એવણુને ચુંટી કહાડયા હતા. સને ૧૯૦૯માં એવણુની મુબઇની મેડીકલ કોનગ્રેસના વાઇસ પ્રેસીડંટ તરીકે નેમણુક કરવામાં આવી હતી. પેહેલી કલકત્તા મેડીકલ કોનગ્રેસના એવણુ મુબઇ તરફના સેક્રેતરી પણુ હતા.

મુંબઇની કોલેજ ઓફ ફીઝીશીયન્સ એંડ સરજ્યનસનાં ડા૦ તેમુલજી એક સ્થાપક છે, અને એ કોલેજના એવણુ પેહલા ચુંટી કહડાયલા વાઇસ–પ્રેસીડંટ હતા અને એજ ઓદ્ધાપર એવણુને હમણા સુધી ફરી ફરીથી ચુંટી કહાડયા છે.

જુની મેડીકલ અને ફીઝીકલ સોસાયટી સનમુખ સર તેમુલજીએ કેટલાક નીબંધો વાંચ્યા હતા, અને મુંબઇની મેડીકલ એંડ ફીઝીકલ સોસાયટીને નવેસરથી રચવામાં આવી તયારથી તેવણુ તેની મેનેજીંગ કમીટીના સભાસદ છે જોકે તેની સ્થાપના ઇંડીયન મેડીકલ સરવીસ તરફથી ઓફીશીયલ બંધારણુ સાથે કરવામાં આવી હતી, તે છતાં તેવણુ તરફ એટલાં બધાં વખાણુ અને પીછાણુની લાગણીથી જોવામાં આવે છે કે તેવણુ છેલ્લાં પાંચ વરસ થયાં તેના વાઇસ–પ્રેસીડંટનું અસાધારણુ માન ભોગવે છે, અને તેની બધી સભાઓમાં પ્રમુખપદ લેતા રહ્યા છે. આવું માન મેળવનાર તેવણુ એકલાજ હીંદી ધંધાદારી તબીબ છે.

નામદાર સરકારે સર તેમુલજીને નરસીંગ કમીટીનાં સને ૧૯૦૫ ના સાલથી સભાસદ નેમ્યા છે, કે જે કમીટીએ મુબઈ ઇલાકા માટે નરસો પુરી પાડવાના સવાલ ઉપર વીચાર ચલાવ્યો હતો. વળી નામદાર સરકાર તરફથી સને ૧૯૦૨ નાં સાલથી તેવણુની થાણુાની દીવાનશાળાના અને એન. જે. વાડયા અંદેરી ચેરીટેબલ ડીસપેનસરીના એક વીઝીટર તરીકે પણુ નેમણુક કરવામાં આવી હતી.

સને ૧૯૧૧ના સાલના જુન માસમાં સર તેમુલજીને કામા અને આલબ્લેસ હોસપીટલોના સલાહકારક ઓબસ્તેત્રીક ફીઝીશીયન તરીકે નેમાવાનું અસાધારણુ માન મળયું હતું, અને તે પછી દર વરસે એવણુની એ ઓધાપર ફરી ફરીને નેમણુંક કરવામાં આવી છે.

ધોબીતલાવપરના મેદાનમાંની સર દીનશાહ માણેકજી પીટીટ જીમનેશીઅમના ચેલાઓની ઇનામની હરીફાઇની પરીક્ષા લેવાને એક વખત ડાકટર હેચ સાથે અને બીજી વખત શેઠ ત્રીભોવનદાસ વરજીવનદાસ સાથે સર તેમુલજીએ પરિક્ષક તરીકેનું કામ કીધું હતું તેમજ વરસો થયાં એ કસરત શાલાના ઓનરરી ફીઝીશીઅન તરીકે એવણુ પોતાની કીમતી સહલા આપતા રહયાછે.

જરથોસ્તીઓના મરણનાં અરસપરસ લાભનાં ફંડનાં શરૂઆતમાં એક ઓનરરી ડાકટર તરીકે સર તેમુલજીએ કામ કરવા પછી વરસો સુધી તેનાં ડાકટર તરીકે સારી મદદ આપતા હતા.

મરહુમ શેઠ નવરોજી ફરદુનજીને ઇસ્વી સને ૧૮૮૪ ના સાલમાં મલેલા સી. આઇ. ઇ. ના ખેતાબ વેળાએ એવણુને જાહેર જીયાફત આપવામાં આવી હતી તે વખતે ડાકટર તેમુલજીએ એક સેક્રેટરી તરીકે ઘણો આગેવાની ભરયો બાગ લીધો હતો.

સર તેમુલજી ઘણીક જાહેર મંડલીઓમા સભાસદ તથા ત્રસ્ટી હોવાનું માન ધરાવે છે, તેમાં ગરીબ જરથોશતીઓનાં રહેઠાણુની કારોબાર મંડળીના સભાસદ અને ત્રસટી, ધી જમશેદજી નશરવાનજી પીટીટ ઑરફનેજની કારોબાર મંડલીના મેમ્બર અને ત્રસ્ટી નસરવાંનજી માણેકજી પીટીટ ચેરીતી ફંડનાં ત્રસ્ટી તથા સર કાવસજી જહાંગીર નવસારી હાઈ સ્કુલની કારોબાર મંડળીના સભાસદ અને ત્રસટી અને હાલમાં એના સરનસીન થયા છે. વળી મરહુમ શેઠ નસરવાનજી જાંહાંગીરજી વાહડીઆનાં ચેરીતી ફંદના ત્રસ્તી તેમજ મરહુમ બાઇ પીરોજબા નસરવાંનજી વાહડીઆનાં ચેરીતી ફંદના ત્રસ્તી તરીકે આજ વરસો થયા બહુ ઉપયોગી અને ભારે જેહમતનું કામ કરતા આવયા છે. એવાં એવાં બીજાં ઘણાંક પારસી તેમજ પચરંગી પરજાત-વાલાઓના ફાયદા માટે સ્થાપેલાં ખાતાંઓમાં પોતાની કીમતી સહલા તથા મદદ આપતા રહયા છે.

શેઠ નશરવાનજી જા. વાહડયાના ચેરીતી ફંડનાં એક ત્રસ્તી તરીકે સર તેમુલજી એ ફંડ-માંથી હજારો રૂપીયા મુંબઇના જુંદા જુદાં કેળવની ખાતાઓને તેમજ હાસપીતાલો અને દવાખાનાને આપતા રહયા છે. અદેરીમાં એક દવાખાનાની ઘણી જરૂર જણાયાથી મરહુમ શેઠ નશરવાજી જાહાંગીરજી વાહાદીયાને નામે એવણુના વીધવા બાઇ પીરોજબાઇ નશરવાંનજી વાહદીયાએ સર તેહમુલજીની આગેવાની હેઠલ એક દવાખાનું બંધાવી આપયું છે; તેમજ ત્યાના ગાય ઘોરોને ગરમીના વખતમાં પાણી નહી મલવાથી વીહારન તલાવથી અંદેરી સુધી નલ નખાવી અંદેરી ખાતે પીવાનું પાણી મેલવી આપવાને સર તેમુલજીએ ઘણો આગેવાની ભરયો ભાગ બજાવયો છે. અદેરી ખાતેની માલકમ બાગને નામની નજદીક પોણાં બે લાખ વાર જેટલી જગા જે મરહુમ શેઠ નશરવાંનજી જાંહાંગીરજી વાહદીઆની માલેકીની હતી અને જેનાં સર તેમુલજી એક ત્રસ્તી હતા. એ જગા હમેશ માટે પતે મરહુમ શેઠ નવરોજજી માણેકજી વાહાડયાના ચેરીટી ફંડના ત્રસ્ટી સાહેબોને આપાવવા સારૂ મુંબઇની હાઇકોરટની મન્જુરીયાત મેલવી એ કામ ઘણાં વરસે એવણે પાર પાડયું છે. એ જગામાં પારસીઓને માટે ચેલીઓ અને ઇમારતો બાંધી થોડાં વરસમાં એક નવું પરૂં વસાવામાં આવવાની વકી છે. એ કામમાં સર તેમુલજીને એવણુના જોડયા ત્રસ્તી શેઠ દીનશાહ સોરાબજી મોદી દીલોજાનથી મદદ આપતા આવ્યા છે.

લેડી નોરથકોટે માનેલો ખાસ આભાર.

કાઉનટેસ ઓફ ડફરીન ફંડની મુંબઇની શાખાના સર તેમુલજી કેટલાંક વરસ થયાં ઓન-રરી ખજાનચીનો ઓધો ભોગવે છે. આ ફંડના સબંધમાં તેવણુની કીમતી સેવાઓને માટે નામદાર લેડી નોર્થકોટ વારનવાર એવણુનો ઉપકાર માનતા રહયા હતા અને નામદાર લેડી નોર્થકોટ યુરપ જવા માટે ઉપડયાં તે વેળા ડાં૦ નરીમાનની સેવાની મોટી પીછાણુ કરનારૂં પત્ર લખયું જેનો ટુંક સાર નીચે મુજબ છે:—

"વ્હાલા ડાં૦ નરીમાન્—હીંદ છોડવા આગમચ ડફરીન ફંડના કામ માટે સવા ત્રણુ વરસ સુધી તમે જે મદદ મોટી ઉદારતાથી ચાલુ આપી છે તે માટે તમારો પાછો ઉપકાર માનવા માટે હીંદ છોડી જવા આગમચ થોડીક લીટીઓ તમો માટે મારે લખવીજ જોઇએ. તમારી આવી મદદ વગર એ કામ ફતેહમંદીથી પાર ઉતારવાનું અશક્ય થઇ પડતે. તમારો ઉપકાર માનવા માટે તમને મુંબઇમાં જાતે મલવાની હું ઉમેદ રાખું છું. પણુ વખતે મને તેવી તક નહી મળે એમ ધારી તમે જે બધી સલાહ અને મદદ મેહેરબાનીની રાહે મને આપી હતી તે માટે મારો આભાર દરશાવવા હું આ પત્ર લખું છું."

પારસી સુવાવડ ખાતાની સ્થાપના.

સને ૧૮૮૪ ના આગસ્ટ મહીનામાં, સુવાવડની વેળા પારસી સ્ત્રીઓ તાવથી ઘણી પીડાય છે તેમનો ઇલાજ કરવા માટે એક જાહેર ભાશણ ફરામજી કાવસજી ઇનસટીટયુટમાં સર તેમુલજીએ આપયું હતું, જે વખતની જોસભરી ચકચાર જગજાહેર છે. એજ બાબદપર એ વખત એવણે નીબંધ વાંચીને ગ્રાંટ કોલેજ મેડીકલ સોસાયટીમાં એવણ તકરાર કરવા લાવ્યા હતા. ત્યાં પહેલી વખતે જે મતફેર હતો, તે માટે બીજી વખતેં એવણે ડાકટરોની ખાતરી કરી આપી હતી. એ પછી એવણે પોતાના દોસતો અને ઘરાકોને સમજાવી અને નાણાની મદદ મેળવી એક નાહના પાયા પર અખતરા તરીકે પારસી બાનુઓ માટે એક સુવાવડખાનું સને ૧૮૮૭ ના સાલમાં મરીનલાઇનના સ્ટેશનની સામે ઉઘાડવામાં આવ્યું હતું. આજે તે કીલ્લા સમાન ઉભું રહી પારસી કોમની કેટલી બધી હાજતો તાલી એ ખાતાનો લાભ લેનારી બાઇ-ઓમાં કેટલા બધા ફાયદા કીધા છે, તે હમણા કોમમાં વખાણતું રહી લોકપ્રીય થઇ પડવાથી સાબેત થાય છે. મરીનલાઇના સ્ટેશન સામે, ૭ વરસ સુધી ચાલુ રાખી તે પછી સને ૧૮૯૫ ના સાલમાં કોટના મેદાનખાનામાં લગભગ એક લાખ રૂપ્યાના ખરચે બાદશાહી મકાન ઉગરાનાંથી બાંધી તેમાં સર તેમુલજીની ભારે કોશેશથી મોટા પાયાપર નમુનેદાર સુવાવડખાનું ચાલુ કરવામાં આવ્યું છે. એ પછી સને ૧૮૯૮ ના સાલમાં શેઠ નશરવાનજી જાહાંગીરજી વાહાડયાની યાદગીરીમાં એવણના ધણીયાણી બાઈ પીરોજબાઇની રૂ ૩૦૦૦૦ ની સખાવતમાંથી એ ઇમારતના પુરવ તરફનો આખો ભાગ હેઠેથી તે બીજા માળ સુધી બાંધવામાં આવ્યો છે.

સર તેમુલજીની અને એવણના મોહરદાર લેડી સુનાબાઇની સુવાવડખાના તરફની રાત દીવસની અતી જહેમતભરી અને કીમતી સેવાઓની પીછાણમા મરહુમ શેઠ નશરવાનજી જહાંગીરજી વાહાડયાએ ઉભા કીધેલાં યાદગારીના ફંડમાં પારસીઓમા સર જમશેદજી જીજીભાઇ, સર દીનશાહ મા. પીટીટ, અને દરેક જાણીતાં આગેવાન ખાનદાને, તેમજ વચલે વાઘેના અને ગરીબ કુટુંમબોએ નાણાની નાહલી મોટી રકમો ભરી પોતાની હેશાનની લાગણી જાહેર કીધી હતી. આ ફંડમાં ભરાયલા નાણામાથી સર તેમુલજીનું સંગેમરમરનું બાહવલું સુવાવડખાનામાં ખુલ્લું મુકવાની ક્રીયા સર જમશેદજી જીજીભાઇ ચોઠા બેરોનેટે ૧૮૯૯ ના સાલમાં કરી હતી, તેમજ એવણના મોહરદાર લેડી સુનાબાઇની આખી સાઇઝની ઑઇલ પેનટીંગ મોટી સખી એ ખાતામાં મુકવામાં આવી છે.

ડા૦ તેમુલજીની મેસોનીક સેવાઓ.

સર તેમુલજી સને ૧૮૭૮ માં ફ્રીમેસન થયા હતા અને ૧૮૯૧ તથા ૧૮૯૨ માં એ વરસ સુધી પશચીમ હીંદની લોડજ રાઇઝીંગ સ્ટારના વરશીપફુલ માસ્તર નેમાયા હતા, અને પાંચ વરસ ઉપર ગ્રાંડ લોજના સબસ્ટીટયુટ ગ્રાંડ માસ્તર તરીકે ચુંટી કહડાયા હતા. સને ૧૯૧૨ અને ૧૯૧૩ સુધી એવણ ગ્રાંડ લોજના ડેપયુટ ગ્રાંડ માસ્તર હતા, અને સને ૧૯૧૨ માં જસ્ટીસ બીમનને ગ્રાંડ માસ્તર તરીકે ઇન્સ્ટોલ કરવાનું અસાધારણ માન એવણને મલ્યું હતું. તેમજ લોજ ઇમપીરીયલ બ્રધરહુડના રાઇટ વરશીપફુલ માસ્તર તરીકે એવણને સને ૧૯૧૨ માં ચુંટી કહાડવામાં આવ્યા હતા. સને ૧૯૧૩ માં મુબઇના નામદાર ગવર્નરને રાઇટ વરશીપફુલ માસ્તર તરીકે ઇનસ્તોલ કરવાનું અસાધારણ માન બીજી વખતે બી એવણને મળયું હતું, અને એ માન ભોગવવાને એવણ પેહલાજ દેશી છે.

મરકી વેલાની કોમની સેવાઓ.

સર તેમુલજીએ મુબઇમાં મરકી પેહેલવેહેલી ફાટી નીકળતાં મુંબઇના રહીશોની ઘણી કીમતી સેવાઓ બજાવી હતી, અને મરકીવાળાં મકાનોની મુલાકાત લેવામાં દરરોજ કેટલાક કલાકો ગાળયા હતા, તેમજ મહુગા તથા દાદર ખાતેની મરકીની છાવણીઓમાં પોતાનો કીમતી વખત રોકી હાજરીજ આપી હતી એટલુંજ નહી પણ પોતાની ગીરોથી એ છાવણીઓમાંના બધાં આસામીઓને દવા પુરી પોંડી હતી. એવણે આપેલી આ મદદ માટે મુંબઇની પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ એવણનો ઉપકાર માની તે વીષેની નોંધ પારસી પંચાયતનાં દફતરોમાં લીધી છે. મરકીના આફતભરીયા પેહલાં વરસમાં જે વેળા દાક્તરો વટીક ગભરાતમાં પડયા હતા તે વખતે એવણ પોતાનાં કોટનાં ઘરમાં રાત દાહડો રહેતા હતા અને પારસી સુવાવડખાનાંની ખાસ સંભાલ લેતા હતા, અને એક વખત એવો હતો કે આખા કોટમાં દાકતર સર તેમુલજી સીવાય બીજો કોઇ બી દાકતર રાતના મલી શકતો નહી હતો તેમજ રાત્રે રહેતો પણ નહી હતો. તે વખતે વડી સરકારે મરકીનું કારણ શોધી કહાડવા એક કમીટી નેમી હતી તેનાં એક સભાસદ નેમાવાનું એવણને માન મલ્યું હતું.

યુરોપની મુસાફરી.

સને ૧૮૯૯ ના સાલમાં સર તેમુલજી યુરપની મુસાફરીએ ગયા હતા અને યુરપની જુદી જુદી સુવાવડની હોસ્પીટલોની મુલાકાત લઇ તથા તયાં અભયાસ કરીને એવણે પોતાનાં ગ્નાનમાં ઘણો મોટો વધારો કીધો હતો. એવો સાહેબ મુંબઇ આવી પોતાના હસતકના સુવાવડખાનામાં પોતાને મલેલા અનુભવ મુજબ સુવાવડી બાઇઓને લાભ થાય તેવા ઘણા સુધારા વધારા કરી એ ખાતાંને આજના જમાના મુજબ ઘણી સારી પંકતીએ મેલ્યું હતું.

નામદાર સરકાર તરફથી મલેલું માનપાન.

સને ૧૮૮૩ ના સાલમાં નામદાર સરકારે એવણને જસ્ટીસ ઓફ ધી પીસ યાને સુહલેના અમલદાર અને મુબઇ યુનીવરસીટીનાં ફેલો નેમયા હતા.

સને ૧૯૦૩ ની તા૦ ૧ લી જાનેવારીએ દીલહી ખાતે નામદાર શેહેનશાહ એડવર્ડ સાતમાની ભરવામાં આવેલી રાજયાભીષેકની દરબારમાં મુંબઇ ઇલાકામાંથી બોલાવવામાં આવેલા થોડાક માનવંત પ્રતીનીધીઓમાંના સર તેમુલજી પણ એક હતા.

હિંદમાં જાહેર સેવા બજાવવા માટે ૧૯૦૯ ના સાલના જુન માસમાં નામદાર શેહેનશાહ સાતમા એડવરદની વરસ ગાંઠને દીને સર તેમુલજીને કયસરે હીંદનો પેહલા વરગનો સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો, જે નામદાર વાઇસરાય લોરડ મીનતોએ મુંબઇની સેહલગાહ વખતે એવણને હાથોહાથ આપ્યો હતો. તે પ્રસગે યુરોપીયન અને હીંદી તબીબો તરફથી એવણના માનમાં ખાણાંના મેલાવડાઓ કરવામાં આવ્યાં હતાં.

સને ૧૯૧૦ ના જુન મહીનામાં મુબઇના નામદાર ગવરનર સર જ્યૉરજ કલાર્કે સર તેમુલજીને પાંચ દહાડા સુધી ગણેશખીંડના પોતાના મેહલમાં પહરોણા તરીકે રાખી માન આપ્યું હતું. તેમજ ૧૯૧૨ નાં સાલમાં બી મહાબલેસવર સરકારી મેહલમાં એવણને પાંચ દાહડા નોતરીને માન આપ્યું હતું.

સને ૧૯૧૨ ના સાલમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાને હીંદનો શેહેનશાહ જાહેર કરવા

તા૦ ૧૨ મી દીસેમબર સને ૧૯૧૧ ને દીવસે દીહલી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમાં સામેલ થવાને માટે સર તેમુલજીને તથા એવણના મોહરદાર લેડી સુનાબાઇને મુંબઇના નામદાર ગવરનર લોરડ સીડનહેમે પોતાની કેમપમાં પોતાના ખાસ પરોણાઓ તરીકે બોલાવીને અસાધારણ મોટું માન આપ્યું હતું.

સને ૧૯૧૪ ના સાલમાં નવા વરસની ખુશાળીમાં ડા૦ તેમુલજીને સર નાઇટનો નામીચો ખેતાબ આપી એવણને મોટું માન આપ્યું હતું.

ડા૦ તેમુલજી ભીખાજી નરીમાનને એનાયત કરવામાં આવેલી સર નાઇટના ખેતાબની સનદ.

નામદાર ગવરનર લોર્ડ વીલીંગડન તરફથી એક લેવીનો અતી દબદબાભર્યો મેળાવડો પુણા ખાતે તા૦ ૨૦ મી જુન ૧૯૧૪ ને દીવસે ભરવામાં આવ્યો હતો. લેવીનાં કામકાજની ક્રીયા બરોબર પાંચ કલાકે શરૂ થઇ હતી, અને નામદાર ગવરનર પોતાના ખાનગી સેક્રેટરી અને એડીકેંપ સહીત "સ્ટેટ દરાઇવ" માં આવયા હતા. શરૂઆતમાં હાજર રહેલાઓને "પ્રીઝેન્ટ" કરવાની ક્રીયા પુરી થવા બાદ નામદાર ગવરનરે જાણીતા શેહેરીઓને નામદાર શેહેનશાહ તરફથી મળેલા ઉચા ખેતાબોને લગતી સનદો એનાયત કરવાની ક્રીયા કરી હતી. પારસીઓમાં ડાકટર તેમુલજી ભીખાજી નરીમાનને નામદાર ગવરનરે હસતે ચહેરે શેકહેંડ કરી નાઇટહુડને લગતાં લેટરસ પેટંટ હવાલે કરયા હતાં.

ડાકટર સર તેમુલજી ભીખાજી નરીમાનના માનમાં માનપાનના તથા ખાણીપીણીના થયલા જાહેર મેળાવડાઓના હેવાલો.

રાજકર્તા કોમના ગયાં નવાં વરસની ખુશહાલીમાં નામદાર શાહેનશાહ તરફથી મુંબઇના જાણીતા તબીબ સર તેહમુલજી ભીખાજી નરીમાન ઉપર "નાઇટહુડ"ના ખેતાબની નવાઝેશ કરવામાં આવી તે માટે મુંબઇ શેહેરની પચરંગી પ્રજા તરફથી તા૦ ૪ થી એપ્રીલે તેમને અભીવદન દેવા અને એક માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો તે વેળા દરેક કોમના આગેવાનો તરફથી જે ઉલટમંદ ભાગ લેવામાં આવ્યો હતો તે સર તેમુલજીએ આ શેહેર તેમજ વૈદક ધંધાની ખીલવણી માટે ચલાવેલી લડતની પીછાન પ્રજા તરફથી કેવી કરવામાં આવે છે તેનો એક અર્થસુચક પુરાવો પુરો પાડે છે. ડા૦ તેમુલજીને સર નાઇટનો ખેતાબ મલ્યા પછી લગભગ ત્રણ ચાર માસ દરમ્યાન એવણને સખ્યાબંધ મીત્રો તથા વખાણનારાઓ અને ભાઇબંધ ધંધાદારીઓ તરફથી તેમજ છેક વેલાત વેરથી મુબઇના આગલા ગવરનરો તથા યુરોપ્યન મોટા ડાકટરો વગેરે તરફથીબી મોબારકબાદી આપનારા સખ્યાબંધ કાગળો, તારો મોકલવામાં આવ્યા હતા. સર તેમુલજીના માનમાં મુબઇમા થયલા જાહેર મોટા મેલાવડાઓનો લંબાણ હેવાલ હેઠળ આપવામાં આવ્યો છે.

સર તેમુલજી નરીમાનને કોરપોરેશનની મુબારકબાદી.

મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની સભા તા૦ ૧૨ મી જાનેવારી ૧૯૧૪ ને દીવસે બપોરના ત્રણ વાગે મ્યુનીસીપલ હોલ મધે મી૦ ટોડના પ્રમુખપણા હેઠળ મળી હતી. સભાનું કામકાજ પુર

થવા પછી પ્રમુખે જણાવ્યું કે આજની કોરપોરેશન હું મુલતવી રાખું તે અગાઉ આપણી કોરપોરેશનના મેમ્બર ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને નામદાર સરકારે નાઇટહુડની બક્ષેશ કરી જે ઉંચાં માનની નવાજેશ કરી છે, તે માટે હું તેવણને આ કોરપોરેશન તરફથી મુબારકબાદી આપુંછું.

સર તેમુલજી ભીખાજી નરીમાનને મુંબઈના શેહેરીઓએ આપેલાં જાહેર માન માટે મલેલી સભા.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને સરકારે આપેલા નાઇટહુડના ઉચા ખેતાબ માટે ખુશાલીની લાગણી પ્રદરશીત કરવા તથા તેઓને જાહેરમાં માન આપવાના સંબંધમાં પગલા ભરવા સંબધમાં વીચાર ચલાવવાને મુંબઇની જુદી જુદી કોમોના આગેવાનોની એક શરૂઆતની સભા તા૦ ૧૬ મી ફેબરવારીએ નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટના પ્રમુખપણા હેઠલ સાંજે સાડા પાંચ વાગતે એસ્પલેનેડ રોડ ઉપર આવેલી સર કરીમભાઈ ઇબરાહીમની ઓફીસમાં મળી હતી. એ વેળા ઘણા જાણીતા શેહેરીઓ સારી સંખ્યામા હાજર થયા હતા

પ્રમુખે ભાષણ કરતાં જણાવ્યું કે આપણા જાણીતા તબીબ અને શહેરી સર તેમુલજી નરીમાનને નામદાર શહેનશાહની સરકારે નાઇટહુડના જે ઉચા માનથી નવાજ્યા છે, તેઓ પ્રતયેનાં આપણાં માન અને ચાહની લાગણી પ્રદરશીત કરવાને લાયક પગલાં ભરવાને તેઓનાં અસંખય મીત્રો અને વખાણનારાઓએ ખાહેશ દેખાડેલી હોવાથી તે વીષે વીચાર ચલાવવા આપણે ભેગા મલયા છીએ. સર તેમુલજી મુંબઇના એક જાણીતા શહેરી છે અને તેઓએ આપણા શહેરની ઉપયોગી સેવા બજાવી છે. તેઓની આ સેવાઓના સબંધમાં આપણે જે કાંઇ પગલાં લઇએ તે સંગીન પ્રકારના હોવાં જોઇએ.

સર સાસુન જે૦ ડેવીડે એ પછી દરખાસ્ત કરી કે સર તેમુલજી ઉપર નામદાર સરકારે નાઇટહુડના ઉચા ખેતાબની નવાજેસ કરી છે તે માટે તેઓના માનમા એક ઇવનીંગ એનટરટેનમેંટ તથા માનપત્ર આપવાનો મેળાવડો નામદાર જજ સર દીનશાહ દાવરના પેડર રોડ ઉપરના ગુલશન બગલામા કરવો. ઉપલી દરખાસ્તને સર કાવસજી જેહાંગીરે ટેકો આપતાં તે એકમતે પસાર થઇ હતી.

મી૦ કાવસજી જેહાંગીરે દરખાસ્ત કરી કે આ કામ માટે નાણાં ઉઘરાવવા નીચલાં ગ્રહસ્થોની એક મેનેજીંગ કમીટી નેમવી:—સર જમશેદજી જીજીભાઇ, સર સાસુન જે૦ ડેવીડ, સર ફાઝલભાઇ કરીમભાઇ, ડા૦ સ્ટેનલી રીડ, મી૦ નરોતમ મોરારજી ગોકળદાસ, મી૦ આર૦ ડી૦ વાડયા, મી૦ કાવસજી જેહાગીર રેડીમની, મી૦ રહેમતુલા કરીમભાઇ અને મી૦ જેહાગીર ડોશાભાઈ ફરામજી. સેક્રેતરીઓ—મી૦ નરોતમ મોરારજી, મી૦ આર૦ ડી૦ વાડયા, મી૦ કાવસજી જેહાગીર રેડીમની અને મી૦ રહમતુલા કરીમભાઇ. ખજાનચી-મી૦ રહેમતુલા કરીમભાઇ. ઉપલી દરખાસ્ત એકમતે પસાર થઇ હતી.

સર સાસુન જે૦ ડેવીડની દરખાસ્ત ઉપરથી ફંદમાં વધુમાં વધુ રૂ. ૫૦ અને ઓછામાં ઓછા રૂ. ૧૦ ભરવાનો ઠરાવ થયો હતો. જેથી સઘળી કોમના મલી લગભગ રૂપ્યા ચાર હજાર ભરાયા હતા. છેવટે પ્રમુખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઈ હતી.

આ ફંડમાં ભરાયલાં નાણામાંથી સર તેમુલજીને લગભગ રૂપ્યા પાંનસો સુધીનું કાસકેટ આપી એનટરટેનમેન્ટનો ખરચ જતા બાકી વધેલા રૂપ્યા ૪૦૦ લેડી વેલીંગડન સ્કીમવાલા સુવાવડી બાઇઓને મદદ કરવાના ફંડમાં આપ્યા હતા.

સર તેમુલજી ભીખાજી નરીમાનનાં માનમાં મુંબઇના શેહેરીઓ તરફથી થયલો એનટરટેનમેન્ટનો દબદબાભર્યો મેળાવડો અને એવણુને એનાયત કરેલું માનપત્ર.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનના માનમાં તા૦ ૪ થી એપ્રીલે મુંબઇના જાણીતા શેહેરીઓની આગેવાની હેઠળ નામદાર જડજ સર દીનશાહ દાવરના પેદર રોડના ગુલશન બંગલામાં પબ્લીક એનટરટેનમેંટનો મેલાવડો કરી એવણુને માનપત્ર આપ્યું હતું. આ મેળાવડાને ફતેહમંદ ઉતારવા જરે કે જહેમતની કોઇ રીતે કચાશ રાખી હતી નહી અને બંગલાને ઘણી અચ્છી રીતે આરાસ્તે કરવામા આવ્યો હતો.

મેળાવડાનો વખત રાત્રે સાડા નવ વાગતાનો ઠરાવવામાં આવ્યો હતો અને પરોણાંઓને કમીટીના પ્રમુખ સર જમશેદજી જીજીભાઇ તથા આવકાર દેનારી કમીટીના બીજા સભાસદો આવકાર આપતા હતા આ દબદબાભર્યા મેળાવડામાં એખલા પારસી કોમનાજ આગેવાનો હતા નહીં, પણ હીંદુ, મોહમેદન, ખ્રીસ્તી, યાહુદી વીગેરે પચરંગી કોમોના પ્રતીનીધીઓની એક મોટી સંખ્યા હાજર રહેલી જોવામાં આવતી હતી અને તે આ સઘળી કોમોમાં સર તેમુલજીની લોકપ્રીયતાની અચ્છી ગવાહી પુરી પાડતી હતી.

સર તેમુલજી તથા લેડી નરીમાન બરાબર પોણાદશ વાગતે આવી પુગ્યાં હતાં, જેઓને સર જમશેદજી જીજીભાઇ, તથા કમીટીના બીજા સભાસદોએ આવકાર આપ્યો હતો અને તેઓ કેટલોક વખત સુધી હાજર રહેલાં પરોણાઓ સાથે ખુશ ગોફતેગોમાં રોકાયાં હતાં.

સર જમશેદજી જીજીભાઇએ વાંચેલું માનપત્ર.

મેળાવડાનું કામ શરૂ કરતાં આવકાર દેનારી કમીટીના પ્રમુખ સર જમશેદજી જીજીભાઇએ નીચલું માનપત્ર અંગ્રેજીમાં વાંચી સંભળાવ્યું હતું:—

To

Dr. Sir Temuljee Bhicajee Nariman, Kt.

Sir,

SPEAKING on behalf of your innumerable friends in Bombay, and also for that large class who, though not enjoying personal acquaintance with you, know of your distinguished public services, it is our privilege this evening to offer you our congratulations on having been selected by His Majesty the King-Emperor for the distinguished honour of Knighthood The chorus of approval which greeted this announcement so clearly established the high esteem in which you are held by your fellow-citizens of all classes and communities as a physician, a citizen, and a man, that it is almost supererogatory for us to add to it, yet we cannot allow this opportunity to pass without placing this appreciation on more formal record

FROM your college days, your career as a physician has shed lustre on the Indian medical profession. The promise held out when, on graduating at the Grant Medical College, forty years ago, you were awarded the Sir Jamsetji Jijibhai prize for the greatest proficiency in Medicine and Surgery has been richly fulfilled in your busy life Hundreds of grateful patients testify to your professional skill, and the readiness of Government, of your colleagues and of the Bombay University to utilise it in promoting the higher study of medicine and surgery evidence the opinion entertained of your capacity by the leaders of the profession The influence of this work is seen in the steadily increasing standard of professional attainment achieved by the Indian practitioner; but you have a nobler monument, and one more visibly enduring, in the Parsi Lying-in-Hospital. After a long and weary struggle against indifference and actual hostility, the advantages which the Parsis secured through your instrumentality are being slowly imitated by other communities, but the early initiative which you gave to the cause of scientific midwifery has been of incalculable advantage to your own people, and incidentally to the city in whose fortunes they have so large a part.

THESE great activities would have absorbed the energies of a less determined personality But amid this multiplicity of professional engagements you have had made the time to serve with distinction on the Bombay Municipal Corporation and on the Bombay Legislative Council This is not the occasion to catalogue the charitable organisations which you have assisted, for there is no medical, or semi-medical work which has not benefited from your advice or your active service, to single out one, we may mention your Treasurership of the Bombay Branch of the Countess of Dufferin's Fund which you have had the honor of holding ever since its inception in Bombay

THESE activities have given you the eminence as a citizen which His Majesty has endorsed by a signal mark of his approval, they do not explain the affection you have won from the large and varied circle of personal friends on whose behalf we speak to-night That affection is inspired by a remarkable combination of earnestness and desire for personal service. In all your busy life there has been only one goal—the desire to serve your fellow-men. Great professional success in your case has been accompanied by no tinge of jealousy but has been attained with the respect and esteem of your Professors and the cordial regard of your fellow practitioners. The honours which have fallen so liberally to you inspire no envy, but only joy at this recognition of one who is an ornament to his

profession, a loyal subject of His Majesty, a good citizen of no mean city, a staunch friend. It is because we hold these sentiments very strongly that we have invited you to be present this evening, that we may place on record our admiration and affection for you and for your work as an eminent citizen of Bombay. In conclusion we sincerely wish you and Lady Nariman a long and happy life to enjoy the honour conferred upon you, and we trust you will accept this address as a small souvenir of our esteem and regard.

JAMSETJEE JEEJEEBHAI,
Chairman,

NAROTUM MORARJI GOCULDAS,
COWASJI JEHANGIR,
RUSTOM D. N. WADIA,
RAHIMTOOLA CURRIMBHOY EBRAHIM,
Secretaries,

Sir Temuljee Nariman Entertainment Committee.

Bombay, 4th April 1914.

મુંબઇમાંના તમારા સંખયાબંધ મીત્રો તરફથી તેમજ જે મોટો વર્ગ જોકે તમો સાથે અંગત ઓળખ ધરાવતો નથી તે છતાં તમારી નામાંકીત જાહેર સેવાઓથી વાકેફ છે તેની તરફથી બોલતાં નામદાર શેહેનશાહે તમો ઉપર નાઇટહુડનાં કીમતી માનની નવાજેશ કીધી છે તે માટે આજ રાત્રે તમને મુબારકબાદી આપતાં અમને મોટી ખુશાલી ઉપજે છે. આ ખબર તરફ બધેબધથી જે પસંદગી દરસાવામાં આવી હતી તે ઉપરથી એક તબીબ, એક શહેરી અને એક ગ્રહસ્થ તરીકે બધા વરગો અને કોમોમાં તમો તરફનાં ઉંચા માનની સાબેતી એટલી તો ખુલ્લી રીતે પુરવાર થઇ છે કે તેમાં અમો તરફનો ઉમેરો કરવાનું વગર જરૂરનું થઈ પડશે, પણ તે છતાં આ કદરની નોંધ લેવાની આ તક અમો જવા દઇ શકતા નથી.

તમારા કોલેજના દીવસોથી તબીબ તરીકેની તમારી કારકીરદીએ હીદી તબીબી ધંધા ઉપર ઝળકાટ પાંથરયો છે. ચાલીશ વરસ ઉપર ગ્રાંટ મેડીકલ કોલેજમાંથી પસાર થતાં તમને મેડસીન અને સરજરીમાં સરવેથી ઉચું જ્ઞાન ધરાવા માટે સર જમશેદજી જીજીભાઈ પ્રાઇઝ મળયું હતું તે વખતે તમારા ઉંચાં ભવીષની વકી રહેતી હતી તે તમારી ઉપયોગી કારકીરદીમાં પાર પાડી છે. સેંકડો આભારી દરદીઓ તમારી ધંધાદારી કુશળતાની પીછાન કરેછે, અને સરકાર, તમારા ગોઠયાઓ અને મુંબઇની યુનીવરસીટી મેડીસન અને સરજરીના વધુ ઉંચા અભયાસની ખીલવણી માટે તમારી મદદ મેળવવાની જે તઇયારી બતાવે છે તે તબીબી મંડળના આગેવાનો તમારી કુશળતા માટે કેવો અભીપ્રાય ધરાવે છે તે બતાવી આપે છે. તમારાં આ કામની અસર હીંદી તબીબનું તબીબી જ્ઞાન જે વધુ ઉંચા સ્ટેનડરડે મકકમપણે પહોંચતું જાયછે તે ઉપરથી માલમ પડી આવે છે, પણ તે ઉપરાંત તમો પારસી સુવાવડખાનામાં એક વધુ ઉમદા અને લોકોની નજરમાં વધુ ખુલ્લી રીતે જળવાઇ રહે તેવી યાદગારી ધરાવો છો. બેપરવાહી અને શત્રુવત સામે લાંબી અને થાકવી નાખનારી લડત ચલાવયા પછી તમારાં કામને પરીણામે પારસીઓ જે લાભો મેળવવા પામયા છે

તેની નકલ બીજી કોમો ધીમે ધીમે કરે છે, પણ સાનયટીરીક સુવાવડનાં કામની તમે જે પેહેલી શરૂઆત કીધી હતી તે તમારી પોતાની કોમના આસામીઓને અને આડકત્રી રીતે શેહેરને કે જેનાં કામકાજમાં તમો આવો મોટો ભાગ લેવોછો તેને ભારે લાભકારક થઈ પડયું છે. (તાળીઓ)

સખાવતના ખાતાંઓની બવેજાલી સેવા.

તમારા કરતાં ઓછા ખંતીલા આસામી માટે આ મોટાં કામો બસ થઈ પડયાં હતે પણ તમારા તબીબી ધંધાની આ સંખ્યાબંધ રોકાણો ઉપરાંત તમે મુબઇની મયુનીસીપલ કોરપરેશન, અને મુંબઇની ધારાસભામાં ઝળકતી નોકરી બજાવવા માટે વખત ફાજલ પાડયો છે. જે સખાવતી ખાતાંઓને તમે મદદ કીધી છે તેની ટીપ આપવાનો આ વખત નથી. કારણકે એવું કોઇ પણ તબીબી કે અર્ધ તબીબી કામ નહી હશે કે જેને તમારી સેવાથી લાભ થયો નહી હશે. તેમાંનું એકજ કામ બતાવી આપવા માટે કાઉનટેસ ઓફ ડફરીન ફંડની મુબઇની શાખાના ખજાનચીના તમારા ઓધાનો દાખલો અમો આગળ કરીશું, કે જે ઓધો ધરાવવાનું તમને મુબઇમાં તે સથાપવામાં આવ્યું તયારથીજ માન છે. (તાળીઓ)

આ તમારાં કામોથી તમો નામાંકીત શેહરીઓની સંફમાં આવ્યા છો અને એ અભી-પ્રાય નામદાર શેહેનશાહે પોતાની પસંદગીનો ખાસ છાપ મારી સ્વીકારયો છે. પણ તમારા અંગત મીત્રોના જે મોટા અને તરેહવાર પ્રતીનીધીઓના બનેલા વીભાગ તરફથી આજ રાતે અમે બોલયે છીએ તેઓ તમો તરફ જે ચાહ ધરાવે છે તેનો આ તમારાં કામોથી ખુલાસો મળતો નથી. એ ચાહ અંગત સેવા બજાવવાની તમે જે ખત અને ખાહેશનું ધ્યાન ખેચનારૂં જોડાણ ધરાવો છો તેથી ઉસકેરાયલો છે. તમારી બધી ઉદયોગી કારકીર્દીમાં તમો એકજ નેમથી—તમારાં ભાઇબંધ આસામીઓની સેવા બજાવવાની નેમથી—કામ કરતા રહયા છો. તમારા દાખલામાં તબીબ તરીકેની મોટી ફતેહની સાથે અદેખાઇનો કાંઇપણ અંશ સમાયલો નથી; પણ એ ફતેહ તમે તમારા પ્રોફેસરોના માન અને વખાણ સાથે તથા તમારા ભાઇબંધ તબીબોનાં દીલોજાન ચાહ સાથે મેલવી છે. તમો ઉપર માનોની જે ઉદાર રીતે નવાજેશ થઈ છે તે ઇર્ષા ઉતપન કરતી નથી પણ જે આસામી પોતાના ધધાને સણગાર સમાન થઇ પડયા છે, નામદાર શેહેનશાહની વફાદાર રઇયત છે, એક શહેર, જે કોઇપણ રીતે નજીવા પ્રકારનું નથી તેના સારા શેહેરી છે અને એક ચુસ્ત મીત્ર છે તેની સેવાની કરવામાં આવેલી આ પીછાણથી ખુશાલી ઉપજી છે. અમો આ વીચારો ઘણા મજબુત રીતે ધરાવીએ છીએ તેથી આજ રાત્રે અત્રે આવવાનું તમને અમે આમંત્રણ કીધું છે, કે જેથી મુંબઇના નામાંકીત શેહેરી તરીકેનાં તમારાં કામ માટે અમો તમો માટે જે વખાણ અને ચાહ ધરાવીએ છીએ તેની નોધ અમો રેકર્ડ ઉપર લાવી શકયે. છેવટે તમો ઉપર જે માનની નવાજેશ ફરમાવવામાં આવી છે તે ભોગવવા માટે તમો અને લેડી નરીમાન લાંબી અને સુખી જીંદગી ગુજારો એવું અમો ખરાં દીલથી ઇચ્છીએ છીએ અને ઉમેદ રાખયે છીએ કે તમો તરફના અમારા વખાણ અને ચાહની એક નાની યાદ તરીકે તમો આ માનપત્ર સ્વીકારશો. (ખુશાલીના અવાજો).

અત્રે સર તેમુલજીને ઉપલું માનપત્ર એક સુંદર કાસકેટમાં મેલી પ્રમુખ સર જમશેદજી જીજીભાઇએ હાજર રહેલાઓની તાળીઓ અને હુરરેના પોકારો વચ્ચે એનાયત કર્યું હતું.

સર તેમુલજી નરીમાનનો જવાબ.

સર તેમુલજી નરીમાંને ઉપલા માનપત્રનો જવાબ વાળતાં નીચે પ્રમાણે જણાવ્યું હતું:—

Sir Jamsetji, Ladies and Gentlemen,—Words fail me to adequately express how deeply I feel the honour you Sir Jamsetjee and all those leading citizens of our city belonging to the different nationalities both Indian and European who have joined this movement, have done me by presenting me this address, and I thank you all most cordially for your kind appreciation of what little service I was able to do to my own community and to the city generally. The address reminds me of the several incidents in my life during the last forty-one years that is from the commencement of my professional career. I consider myself fortunate in receiving kind attention and encouragement at all the eventful periods of my life from the titular heads of the Sir Jamsetji family Coming from Navsari the birth place of 1st Sir Jamsetji Jeejeebhoy 52 years ago I graduated in Medicine in 1872, carrying the first prize best in medicine and surgery and bearing the honoured name of the founder of your family Sir Jamsetji Jeejeebhoy. I then started practice as you just said under the most favourable circumstances, and in the course of ten years I was fortunate in building up a large and respectable practice. Having had ample opportunities of observing the disastrous consequences of a time honoured, but most obnoxious custom then prevailing in the Parsee community of relegating every parturient woman to the ground floor of houses, dark and unventilated and amidst the most insanitary surroundings, and utterly regardless of her position or circumstances in life, whether rich or poor, young or old, healthy or sickly, and that too at the most critical period of her life, when she and her offspring most needed fresh air, good light and dry soil, in fact the very things enjoyed by the tenets of the Zoroastrian faith, I was shocked and struck by the calamitous consequences of this old standing custom and determined to carry on a crusade against it. With that object in view, I first delivered a public lecture at the Framji Cawasji Institute, thirty years ago "on the increased prevalence of Puerperal or child-birth fever in the Parsee community, its cause and prevention." That year 1884 was the year of my initiation as if it were in public life, and your uncle the third Sir Jamsetji Jeejeebhoy presided at that lecture. What bigoted opposition I met with not only from the illiterate and the orthodox members of my community, but from my own professional brethren, and what anxious days and sleepless nights I passed, having had no exeperience of the adverse and hostile criticisms of public life, I leave to my historian to describe if the history of this movement is ever written but which I earnestly hope will be written some day.

Your respected father the fourth Sir Jamsetji Jeejeebhoy honoured me by unveiling my marble statue in the Parsi Lying-in Hospital, about fifteen

years ago, and you, Sir, the fifth Sir Jamsetji Jeejeebhoy on the eve of my professional career, have stamped the seal of approval of my life work, by reading and presenting me this address on the occasion of the bestowal of the high honour of Knighthood on me by His Majesty the King Emperor. This day I consider the happiest day in my life and the memories of it and the beautiful casket enclosing the address shall be treasured by me and my descendants with gratitude and pleasure. These last three months have been full of deep appreciation, the most friendly feelings, and the kindest regards from all classes of His Majesty's subjects, European and Indian, but to-day's event I consider as the crowning glory of my life work. I have often complained of the disabilities under which the medical profession has suffered in India, but there is one redeeming feature of our noble profession and it is this, that when we are in the full tide of our professional career among the numerous grateful patients that we come across, we are fortunate in finding some good friends, true friends and very often life long friends and no better example can be found than that of my friend Sir Dinshaw Davar, a patient and friend for more than forty years, who so kindly offered and placed his palatial residence at the disposal of the committee for to-day's function and for which I tender him my grateful thanks. Now, Ladies and gentlemen, it is really very gratifying to me to find my humble efforts to alleviate the sufferings of the mothers of my community, and relieving them from the manifold evil to which they quietly submitted themselves for generations past as well as the little public services I may have rendered both to the public of this city and to the medical profession, so highly appreciated not only by my own community but by the sister communities as well and by the body of medical profession both Indian and European. Lord Harris in his speech when he opened the Parsee Lying-in Hospital twenty years ago wished and anticipated that its success would encourage imitations in other communities and that wish is now realised as similar institutions are now spreading over the principal cities and towns of our Presidency in addition to those found in our own city and which is a source of the greatest satisfaction and pleasure to me. I repeat what I then said that the greatest reward that I received for my humble efforts is the cordial blessings and good wishes of thousands of women and children who took advantage of the institution I founded, during the last twenty eight years. With gratitude I acknowledge the help of those leaders of my community who first came forward to support the cause I then advocated, and that of Lady Nariman whose undemonstrative, but laborious work tended considerably to the success of my propaganda. There were occasions, ladies and gentlemen, when I could not see eye to eye with some of my best friends on public and medical questions but I have all

along followed the dictates of my conscience and have not once wavered from the line of action which I thought was conducive to the best interest of my community and my country I conclude by offering my services for the rest of my life to the city in which I have passed more than fifty years of the best part of my life and by tendering on behalf of Lady Nariman and myself our warmest and most grateful thanks to all those kind friends who initiated and all those who joined this movement.

સર જમશેદજી, બાનુઓ અને ગ્રહસ્થો, જે માન તમે સર જમશેદજીએ અને બંને હીંદી તથા યુરોપીયનોની જુદી જુદી કોમોએ ને આગેવાન શેહેરીઓએ આ હીલચાલમાં જોડાઇ માનપત્ર આપી મને જે માન આપયું છે તે માટે મને કેવી ઉંડી લાગણી થાય છે તે દરશાવ-નારા મારી પાસે શબ્દો નથી અને મારી પોતાની કોમ અને સામાનય રીતે શેહેરની જે થોડી સેવા મેં બજાવી છે તે માટેની તમે બુજેલી માયાળુ કદર માટે હું તમો બધાનો દીલોજાન ઉપકાર માનું છું. આ માનપત્ર છેલાં એકતાલીશ વરસમાં એટલે કે મારા તબીબી ધંધાની શરૂઆતથી મારી જીંદગીમાં બનેલા કેટલાક બનાવોની યાદ આપે છે. મારી જીંદગીના અગતના તબકકાઓમાં સર જમશેદજી કુટુંબના સરનો ખેતાબ ધરાવનારા વડાઓએ મારી તરફ જે માયાળુ ધયાન અને ઉતેજન આપયા છે તે માટે હું પોતાને ભાગયશાળી ગણું છું. પેહેલા સર જમશેદજી જીજીભાઇની જનમભુમી નવસારીથી પર વરસ ઉપર આવીને મેં સને ૧૮૭૨ માં મેડસીનની પરીક્ષા પસાર કીધી અને મેડસીન અને સરજરી માટે ઉતમ ગણાતું પેહેલું ઇનામ, જે તમારાં કુટુંબનો પ યો નાખનાર સર જમશેદજી જીજીભાઇનું ના મ ધરાવે છે તે હું જીતી ગયો હતો. તે પછી મેં ધંધો શરૂ કીધો અને માન ભરેલો ધંધો ઉભો કરવામાં હું નસીબવંત નીવડયો હતો.

દરેક સુવાવડી સ્ત્રી, પછી તે પઇસાદાર કે ગરીબ હોય, જવાન કે બુઢી હોય, તનદરોસ્ત કે બીમાર હોય, તે બધાને અને તેણીની જીંદગીના સરવેથી કટોકટ વખતે તેણીને તથા તેણીના બાળકને તાજી હવા, સારી રોશની અને સુકી જમીનની અને ખરૂં જોતાં જરથોસ્તી ધર્મમાં જે ખુદ ચીજો ફરમાવવામાં આવેલી છે તેની ઘણી જરૂર હોય છે, મકાનને ભોંયતળીયે હવાની આવજા વગરની જગ્યાએ તથા અસુખાકારી સંજોગો વચે રાખવાની તે વેળા પારસી કોમમાં સરવેથી નુકસાન-કારક રેવાજ ચાલતો હતો તેનાં આફતકારક પરીણામો તપાસવાની મને બહોળી તકો મળી. આ રેવાજનાં ભયંકર પરીણામોથી મારી લાગણી ઘણી દુખાઇ હતી અને તે સામે લડાઇ ચલાવવાનો મેં ઠરાવ કીધો હતો. તે નેમ ધયાનમાં રાખીને ત્રીસ વરસ ઉપર મેં ફરામજી કાવસજી ઇનસ્ટી-ટયુટમાં "પારસી કોમમાં સુવાવડનો એટલે બચાંને જનમ આપતી વખતનો તાવ, તેના સબબો અને તેના અટકાવો" ઉપર મેં પહેલું જાહેર ભાષણ આપયું હતું. એ સને ૧૮૮૪નું વરસ જાણે જાહેર જીંદગીમાં દાખલ થવાનું મારૂં પેહેલું વરસ હતું અને તમારા કાકા ત્રીજા સર જમશેદજી જીજીભાઇ તે ભાષણમાં પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. કોમના અભણ અને જુના વીચાર-નાજ આસામીઓ તરફથી નહી પણ ધંધાદારી ભાઇઓ તરફથી તે સામે કેવી જનુની લડત ચલાવવામાં આવી હતી અને જાહેર જીંદગીમાં કરવામાં આવતા વીરૂધતા અને સટરૂવટ ભરેલા ટીકાઓનો મને કાંઇ અનુભવ નહી હોવાથી મેં કેવા ચીંતાતુર દીવસો અને ઉજાગરાની રાતો પસાર કાધેલી હોવી જોઇએ તેનું વરણન આપવાનું, જો આ હીલચાલની તવારીખ કદીપણ લખાય અને હું ખરાં દીલથી ઇચ્છું છું કે તે કોઇ દીવસે લખવામાં આવશે તો, મારા તવારીખનવેશ ઉપર હું તે કામ છોડું છું.

હજારો બાનુઓ તથા બાળકોના મેળવેલા દીલોજાન આશીષ.

તમારા માનવંત પીતા ચોથા સર જમશેદજી જીજીભાઇએ આશરે પંદર વરસ ઉપર પારસી સુવાવડખાનામાં મારૂં સંગેમરમરનું પુતળું ખુલ્લું મેલવાનું મને માન આપયુ હતું અને તમો સાહેબ પાંચમા સર જમશેદજી જીજીભાઇએ મારી તબીબી કારકીર્દીના છેવટના ભાગમાં નામદાર શેહેનશાહ તરફથી બખશવામાં આવેલાં નાઇટહુડના ઉચા માનના અવસરે આ માનપત્ર વાચી તથા મને એનાયત કરી મારી જીંદગીના કામ તરફ પસંદગીનો છાપ માર્યો છે. આ દીવસ મારી જીંદગીમાં હું સર્વેથી સુખી ધણું છું અને તેની યાદગારી તરીકે આ માનપત્ર જે સુદર દાબડામાં મુકવામાં આવયું છે તે આભાર અને ખુશાળીની લાગણી સાથે હું તથા મારા વારસો જાળવી રાખીશું. છેલા ત્રણ મહીના નામદાર શેહનશાહની યુરોપીઅન તેમજ હીંદી રઇયતના બધા વરગો તરફથી ભારે કદર, સરવેની મીત્રાચારી ભરેલી લાગણી અને માયાળુ કાળજી ભરેલા પસાર થયા છે, પણ આજના બનાવને હું મારી જીંદગીનાં કામના સરવેથી કીરતીવંત તબકકા તરીકે ગણું છું.

અમારા ઉમદા ધંધામાં સંખયાબંધ આભારી દરદીઓના સમાગમમાં અમે આવયે છીએ તેઓમાં અમારી ધંધાદારી કારકીરદીના અમો પુર બહારમાં હોઇએ છીએ તયારે અમો કેટલાક બલા મીત્રો, ખરા મીત્રો અને વારે ઘડી આખી જીંદગી સુધીના મીત્રો મેળવવાને અમે નસીમ-વંત નીવડયે છીયે. તેને લગતો મારા મીત્ર સર દીનશાહ દાવર કરતાં કોઈ વધુ સારો દાખલો હું રજુ કરી શકુ નહી, કે જેવણુ ચાલીસ વરસથી વધુ થયાં મારી તબીબી મદદ મેળવનાર અને મીત્ર છે અને જેવણે કમીતીને પોતાનું આ મેહેલ જેવું મકાન આપયું છે તે માટે હું આભારી દીલે તેવણનો ઉપકાર માનું છું.

મારી કોમની માતાઓનું સંકટ ઓછું કરવાની અને જમાનાઓ થયાં જે સંખ્યાબંધ દુખો તેઓ મુગે મોઢે ખમતી આવી છે તેમાં ઉગાલો કરવાની મારી નાકેશ કોશેશો તેમજ જે થોડીક જાહેર સેવાઓ, આ શેહેરની જાહેર પ્રજા અને તબીબી મંડળને કીધી હોય તેની આવી ઉચી કદર મારી પોતાની કોમના આસામીઓ તરફથીજ નહી પણ ભાઇબંધ કોમો તરફથી તેમજ બંને હીંદી અને યુરોપીયન તબીબી મંડળ તરફથી બુજવામાં આવે છે તે જોઇ મને ખચીત મોટો સંતોપ ઉપજયો છે. પારસી સુવાવડખાનું વીશ વરસ ઉપર ખુલ્લુ મેલતી વેળા લોર્ડ હેરીસે ઉમેદ બતાવી હતી કે એ ખાતાંની ફતેહથી તેની નકલ કરવાનું બીજી કોમોને ઉતેજન મળશે. તે નામદારની આ ખાહેશ પાર પડી છે, કારણ કે આપણાં શેહેરમાં તેમજ ઇલાકાનાં મુખ્ય નાનાં અને મોટાં શેહરોમાં એવાં ખાતાંઓ ફેલાતાં જાય છે જે જોઇ મને મોટો સંતોષ અને ખુશાલી ઉપજી છે. મારી નમ્ર કોશેશો માટે મેં જે સર્વેથી મોટો બદલો મેળવ્યો છે તે એ કે છેલ્લાં ૨૮ વરસની ઉપર જે ખાતાંની સ્થાપના કરી હતી તે ખાતાંમાંથી બાહાર પડેલાં હજારો બાનુઓ તથા બાળકોનાં દીલોજાન આશીશ અને શુભ ઇચ્છાઓ હું ભોગવું છું. મેં માંથે ઉપાડી લીધેલાં કામમાં મદદ કરવા કોમના જે આગેવાનો પહેલવહેલાં બહાર પડયા હતા તથા લેડી નરીમાન કે જેઓએ બાહારની કશી પણ ધાંધલ યા ધરપચ વગર મારાં અતી જેહમત ભર્યાં કામને પાર ઉતારવામાં મને જે મદદ કરી હતી તે કીંમતી મદદની યાદ આજે પણ હું બારે અહેસાનની લાગણી સાથે કરૂં છું. જાહેર તેમજ તબીબી મોટા સવાલોમાં હું કેટલાક જાની મીત્રો સાથે એકમત થઈ શકયો નથી પણ હું ખાત્રી આપું છું કે આવા સવાલોમાં હું હમેશ મારાં અંતકરણપુવક વરતી કામ લેતો,

આવ્યો છું અને મને લાગ્યું છે કે અમુક રાજનીતીએ કામ લેવાથીજ મારી કોમ તથા મારા દેશનું હીત વધતામાં વધતું જાળવી શકાશે તેમાં હું તેવી રીતે કામ લેવાથી સહેજ પણ પછાત પડયો નથી. આ શેહર કે જેમાં મેં મારી જીંદગીનો મોટો ભાગ એટલે કે લગભગ પચાસ વરસ ઉપર ગાલ્યાં છે—તે શહેરને મારી બાકીની જીંદગી દરમ્યાન પણ સેવા અરપણ કરીશ એમ હું તમોને ખાત્રી આપું છું અને જેઓએ મેળાવડાને પાર પાડવામાં ભાગ લીધો છે તેઓનો હું મારા તરફથી તેમજ લેડી નરીમાન તરફથી ખરાં અંતકરણથી ઉપકાર માનું છું (ચાલુ ખુશાલીના પોકારો.)

એ પછી સર તેમુલજી તથા લેડી નરીમાનને એક મગમગતો હાર અને ગજરો સર જમશેદજીએ ખુશાલીના પોકારો વચ્ચે એનાયત કરયો હતો અને સર તેમુલજી માટે ખુશાલીના ત્રણ પોકારો થયા હતા જે હાજર રહેલાઓએ ઘણી ઉતસાહથી ઉપાડી લીધાં હતાં. મેળાવડામાં ભાગ લેનારાં પરોણાંઓએ સર તેમુલજી ઉપર મુબારકબાદીનો વરસાદ વરસાવ્યો હતો જેનો તેઓ વળતો ઉપકાર માની જવાબ વાળતા હતા. એ પછી પરોણાંઓ ઉચા રીફરેશમેંટને ઇનસાફ આપી મોડી રાત્રે વીખેરાયાં હતાં.

સર તેમુલજી ભીખાજી નરીમાનનાં માનમાં પુરાણી એલફીનસ્ટન કલબે કરેલો ખાણાનો મેલાવડો.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનનાં માનમા એક ખાણાંનો મેળાવડો અત્રેની પુરાણી એલફીન્સટન કલબે ગોવાલ્યા તળાવ ઉપરના પોતાના કુશાદે બંગલામાં તા૦ ૧૪ મી ફેબરવારીએ રાત્રે કર્યો હતો. એ વેળા પ્રમુખસ્થાને એ કલબના એક જુના સભાસદ શેઠ મેહરવાનજી મનચેરજી કામા બીરાજ્યા હતા. ખાણાં ઉપર કલબના સભાસદો ઉપરાંત મુંબઇના કેટલાક જાણીતા શહેરીઓને પણ નોતરવામાં આવ્યા હતા અને એક મોટી સંખ્યાએ સામેલગીરી આપી હતી. સર તેમુલજી કલબનાં મકાનમાં આવી પુગતાં તેઓને પ્રમુખ તથા કલબના બીજા સભાસદોએ આવકાર આપ્યા પછી કેટલોક વખત ખુશ ગોફતેગોમાં ગુજારયા બાદ સર્વે ખાણાંને ઇનસાફ આપવા બેઠા હતા.

ખાણાં ઉપર પ્રમુખે પહેલવહેલાં નામદાર શહેનશાહની સલામતી લેવાડી હતી, જે સર્વેએ ઉભા થઇ ઉત્સાહ સાથે લીધી હતી.

પ્રમુખ શેઠ મેહેરવાનજીએ સર તેમુલજીની લેવાડેલી સલામતી.

પ્રમુખે ડા૦ સર તેમુલજીની સલામતી લેવાડતાં જણાવ્યું કે હું ડા૦ સર તેમુલજી નરીમાન, કે જેવણનાં માનમાં આજે આપણે ભેગા મળ્યા છીએ તેવણની સલામતી લેવાડું છું. સર તેમુલજી એટલા તો સારી રીતે જણાયલા છે અને તમો એટલી તો સારી કદર તેમની બુજો છો કે આ સલામતી સ્વીકારવા માટે ઘણા શબ્દો બોલવાની મને જરૂર નથી. એવણને મેં પહેલવહેલા જોયા હતા ત્યારે એઓ કોટના એક ગીચ લત્તામાંથી ઝડપી પગલે ચાલતા હતા અને એવણ તબીબ તરીકે તરતનાજ બહાર પડેલા હતા—કે જે તબીબી ધંધાને એઓ શણગાર સમાન છે. તે વેળા તેઓને પાલખીમાં બેસી જતા મેં જોયા હતા કે જે પાલખી ચાર મજબુત બાંધાના હમાલો પોતાનાં

ખભાં ઉપર ઉંચકીને ચાલતા હતા. પોતાના દુઃખ ભોગવતાં દરદીઓ તરફનો તેઓનો ઉત્સાહ અને કાળજી, તેઓની જવાન વયની ખંત, તેઓની હીંમત, એ તેવણુની આગળ વધવાની ખાહેશનો જુસ્સો હતો. પણ મારા વીચાર મુજબ એ કહી શકાય કે તે પોતાને માટે કીરતી અને દોલત મેળવવાની પોતાની લાયકાત ઉપરનો વીશવાશ ખુલ્લી રીતે બતાવતું હતું.

તરતનાજ તબીબી ધંધામાં પડેલા તરીકે તેવણુને વધારે અનુભવી ડાકટરો કે જેઓ આપણા વચ્ચે કીરતી મેળવી ચુક્યા હતા તેઓ વચ્ચેથી માર્ગ લેવાનો હતો, પણ એઓનો ઉત્સાહ, ધીરજ, સાલેસાઇ, સારો ખવાસ અને એવણુને જોવાથીજ હીંમત આવે એવી હાજરી, તથા તે સાથે પોતાની લાયકાતનાં પરીણામે એઓએ બધાઓનાં દીલ જીતી લીધાં હતાં. એવણુ દુન્યામાં ઘણી ઝડપથી આગળ વધ્યા અને આપણી કોમનાં કેટલાંક સારાં જાણીતાં અને વગવાળાં કુટુંબોનાં વખાણુ અને ચાહ મેળવવા સામર્થવાન થયા.

પારસી સુવાવડખાનાની સેવા

એઓએ પોતાની જીંદગીનું સર્વથી મોટું કામ ઉપાડી લીધું કે જે એવણુનાં નામને તવારીખમાં યાદગાર બનાવશે. એ કામ તે પારસી સુવાવડખાતું છે જે લોકોમાં "ડાકટર તેમુલજીનાં સુવાવડખાના" તરીકે વધારે વીખયાતી પામેલું છે. તનદરોસ્તીને કેવા નુકશાનકારક અને અસુખાકારી સંજોગો વચ્ચે મકાનોનાં ભોંયતળીયેના અંધારા ખુણાંઓમાં પારસી સ્ત્રીઓની સુવાવડ તે વેળા કરવામાં આવતી હતી, તેઓને બીમારીઓથી કેવું ખમવું પડતું હતું અને તે જમાનાની અજ્ઞાન દાઇઓ તેઓની સારવાર કરતી હતી તેનો ઘણો થોડોજ ખ્યાલ આ જમાનાના મારા જવાન પારસી મીત્રોને આવશે. એવણુને ઉંડા જડ ઘાલી બેઠેલા વહેમો સામે લડત ચલાવવી પડી હતી અને પોતાના માર્ગમાં મુકવામાં આવેલી બધી મુશકેલીઓ વટાવવી પડી હતી. એવણે એક કાયમનું સુવાવડખાતું સ્થાપયું જે એવણુ પોતાના દીકરાની મદદ સાથે આજસુધી ફતેહમંદીથી ચલાવતા રહયા છે. વળી આપણે લેડી નરીમાનની કીમતી સેવા ભુલવી જોઇતી નથી, જેવણુ હોસ્પીટલનાં ઘરસંસારી કામકાજ ઉપર ધયાન આપે છે અને તયાં પોતાના ભરથાર તરફથી સ્થાપવામાં આવતાં સારાં કામને ટેકો આપે છે. સર તેમુલજીએ મુબઇમાં આપણી કોમની કીમતી સેવા બજાવી છે. એવણુને જોઇને આ મોટો સંતોષ ઉપજેલો હોવો જોઇએ કે એવુંજ ખાતુ અસલી વીચારવાળાઓનાં મુખય મથક નવસારીમાં સ્થાપવામાં આવયું છે અને તેનો છુટથી લાભ લેવામાં આવે છે.

બીજી સાખાઓમાં તેઓએ બજાવેલી સેવા.

મુબઇની કોરપરેશન અને યુનીવરસીટી તથા લેડી ડફરીન ફંડની સર તેમુલજીએ બજાવેલી સેવાઓ ઘણી જાણીતી છે. પોતાના ખરા વીચારો બહાર પાડવાની એવણુમાં હીમતછે અને પોતે જે ખરૂં વીચારે તે પોતાની ફરજ તરીકે માની એવણુ મજબુતાઇથી જાહેર કરે છે. સર તેમુલજી કાંઇ મોટા જનમેલા નહી હતા. એવણુને હું ઘણાં નશીબવંત ગણું છું, કે એવણુ એવા પીતા ધરાવતા હતા કે જેવણુ જોકે નવસારીના એક રહીશ હતા અને પોતાના જમાના કરતાં આગળ વધેલા વીચારો ધરાવતા હતા અને કેળવણીની કદર છુટથી બુજતા હતા. આપણા નામદાર શેહેનશાહે એઓને નાઇટ બનાવયા છે. આવા એક આસામી સર તેમુલજી છે કે જેઓને માન આપવા આજ રાત્રે આપણે ભેગા મલ્યા છીએ અને આપણે દુવા ચાહીશું કે આ માન તેઓ

તનદરોસ્તી અને સુખમાં પોતાનાં કુટુંબ વચ્ચે ભોગવે, અને જે ભલું કામ એવણ બજાવે છે તે બજાવવાનું એઓ ચાલુ રાખે. તમોને એઓની સલામતી નોશ કરવા જણાવું છું.

ઉપલી સલામતી સર્વએ ઉભા થઇ ખુશાલીના પોકારો વચ્ચે લીધી હતી.

સર તેમુલજી નરીમાનનો જવાબ.

સર તેમુલજી નરીમાને જણાવ્યું કે પ્રમુખ સાહેબે મારી સલામતી ઇચ્છતાં મારા માટે જે સારા સખુનો ઓચરયા છે તે માટે હું તેમનો, તથા તમો ગ્રહસ્થોનો ખરેખર દીલોજાનીભર્યો ઉપકાર માનું છું. આપણા પ્રમુખ મી૦ કામા, કે જેઓ મારા એક માનવંત મીત્ર થાય છે તેઓએ તમો સનમુખ મારી જીંદગીનો કાંઇક ચીતાર આપ્યો છે. આશરે ૫૦ થી વધું વરસની વાત ઉપર એલફીનસ્ટન ઇનસ્ટીટયુશનમાં હું તેમજ મી૦ કામા સાથે શીખતા હતા. તેઓ પોતાના પીતાના ઉમદા ગુણો મુજબ ચાલી એક વેપારી વર્ગ, કે જે એ શાળામાં તે વેળા ખોળવામા આવ્યો હતો તેમાં જોડાયા જ્યારે હું મારા પીતાની સલાહ મુજબ ચાલી તબીબી લાઇનમાં જોડાયો.

તબીબી ધંધો ખચીત ઉમદા છે ખરો પણ તે સઘળા ધંધાઓમાં ઘણો સ્વભોગ આપનારો તથા ઓછી કમાણી કરનારો ધંધો છે. તમો તમારી એ ધંધાદારી કારકીરદીના પુર બહારમાં હોવો ત્યારે તમોને રાત અને દીવસ સખત વહીતરૂં કરવું પડે છે. તમો તમારા દરદીઓના ભલાં માટે જે પણ કાંઇક કાળજી અને ઉતસાહ દેખાડો તેનો નતીજો તમોને એવો મલશે કે તમારી ખામીઓ સોધવા નીકળનારાઓ તમારા માટે ટીકા કરશે. આ ખોલાસો એટલા માટેજ કરું છું કે તમોને જ્યારે તમારા બેટાઓનાં ભવીષ્યની કારકીરદી માટે વીચાર કરવાનો હોય ત્યારે તમો આ ઉપર કાંઇક ગોર કરશો. નામદાર શેહેનશાહની સરકારે મારા ઉપર કરેલા જે ઉચા માનની નવાજેસ માટે હું નામદાર લોર્ડ વીલીંગડનની સરકારનો મોટો આભારી છું. નામદાર સરકારે આ માન મને આપી આડકત્રી રીતે તો આખા તબીબી ધંધાને માન આપ્યું છે. સુવાવડ ખાનાંની સ્થાપના કરી પારસી કોમની મેં જે કાંઇ સેવા બજાવી છે તે માટે મારા મીત્ર મી૦ કામાએ ઇસારો કરયો છે. મારી જીંદગીમાં જો કોઇ પણ ચીજે મને મોટી ખુશી હાંસલ કરી હોય તથા મને મોટામાં મોટો સંતોષ આપ્યો હોય તો તે મેં આ સુવાવડખાનાની સ્થાપના કરવા જે ચાલું રંજ ખેંચી હતી તે છે. મારી વધતી જતી વય છતાં તથા મારી અનેક પ્રકારની રોકાણો છતાં હું હજી એ ખાતાંની સેવા મારાથી બની શકતી રીતે બજાવ્યો જાઉં છું અને જોઇને મને ખુશી ઉપજે છે કે એ ખાતાંનો લાભ લેનારાઓ ખરાં દીલથી મને આશીષ દે છે.

આ ખાતાંએ કોમની ખરેજ ભારે સેવા બજાવી છે, તેથી સુવાવડી બાનુઓ તથા બાળકોનું મરણ પ્રમાણ ઘટયું છે. પારસીઓમા એવો નુકસાનકારક રીવાજ હતો કે તેણીની સુવાવડ વેળા એક અંધારા ઓરડામાં લઇ જઇ રાખવી, તેને પરીણામે હજારો સ્ત્રીઓને જે વેદના ખમવી પડતી હતી અને તેઓ જે અકસમાતોના ભોગ થઇ પડતી હતી તેનો આ સુવાવડખાનાનાં પરીણામમાં અંત આવ્યો છે. સ્ત્રીઓને આવા કટોકટના વખતે જ્યારે તાજી હવા અને બધી પ્રકારના સુખાકારી સંજોગોની જરૂર રહે છે ત્યારેજ તેઓને આવા ગલીચ સંજોગો વચ્ચે રાખવામાં આવતી હતી તેથી મેં જે લડત ચલાવી હતી તે આપણી કોમની જવાન અને સારી ઉમેદ આપનારી માતાઓ તરફની હતી કે જેઓની તનદરોસ્ત જીંદગી અને મજબુત શરીરનું બંધારણ આપણી ભવીશયની ઓલાદ માટે ભારે લાભકારક છે. મારા હાથ તળેનું સુવાવડખાનું હંમેશા ચીકાર ભરેલું રહે છે. શહેરના બધા ભાગોમાં સંખયાબંધ નાનાં સુવાવડખાનાઓ બધી કોમે

માટે હસ્તીમાં આવ્યાં છે તેથી જે જમાનામાં મેં ચળવળ કીધી હતી તે વાજબી હોવાની સાબેતી પુરી પાડે છે. (તાળીઓ).

લેડી નરીમાનની સેવા—લાખો રૂપ્યાનો કરેલો બચાવ.

હોસ્પીટલના સંબંધમાં લેડી નરીમાન અને મારા દીકરા ડાૅ૦ રતનશાહે જે સેવાઓ બજાવી છે તે વીષે આપણા પ્રમુખ સાહેબે જે માયાકુળ ઇશારો કરયો છે તે વીષે ઉપકાર માનવા વીના મારાથી રહેવાતું નથી. અમો બધાઓને મનશે તે એક Labour of love (પ્યારભરી મહેનત) હતી પણ મારે કબુલ કરવું જોઇયે કે અમારાં ખાતાંને જે ફતેહ અને લોકપ્રીયતા મળી છે તે મોટે ભાગે લેડી નરીમાનની ખંત અને ચાલુ મેહનતને આભારી છે. તેવણ ઓસપીટલને લગતાં દરેક કામકાજ ઉપર એક માતા જેવી સંભાળથી મંડતાં હતાં અને ઘણી સખતાઇથી કરકસર કરીને એ ખાતાંને તથા સામાનય રીતે આખી પારસી કોમને લખ્ખો રૂપિયા બચાવી આપ્યા છે. (તાળીઓ).

મારા વહાલા માનવંત પીતા ઘણા સુધરેલા વિચાર ધરાવનાર હતા અને તેઓ એક મોટા સંસાર સુધારક હતા. પંચાવનથી વધુ વરસ ઉપર તેઓ નવસારીમાં એ શેહરનાં બઇરાંઓના મેળાવડા સનમુખ સંસારી બાબતો ઉપર ભાષણો આપતા હતા. તેવણ નવસારીમાં અંગ્રેજી કેળવણી આપવાની પહેલ કરનાર હતા અને મરહુમ મી૦ ખરશેદજી નશરવાનજી કામાની મદદથી—તેવણ સર કાવશજી જેહાંગીર નવસારી જરથોસ્તી મદરેશા ખોલવાને સામર્થવાન થયા હતા. તેવણ એ શાળા માટે ફંડ ઉભું કરવા શારૂ મુંબઇમાં ઘેરઘેર ફરયા હતા, અને આખરે ફતેહમંદ નીવડયા અને આપણી આગળ એવો એક નેમુનેદાર દાખલો પડેલો છે કે જ્યાં સ્કુલમાં જવા લાયક ઉમરના લગભગ દરેક છોકરા અને છોકરી નવસારીની સ્કુલમાં હાજરી આપેછે.

આજ રાત્રે મારી માયાળુ પરોણાગત કરનાર એલફીનસ્ટન કલબના સભાસદ તરીકેજ મને પ્રથમ પારસી સુવાવડખાતું સ્થાપવાનો વિચાર સુજયો હતો. એલફીનસ્ટન કલબના ચાર નામાંકીત સભાસદો, મારા મરહુમ મીત્રો મેસર્સ સોરાબજી શાપુરજી બંગાળી, સોરાબજી ફરામજી પટેલ, નશરવાનજી જેહાંગીરજી વાહાડયા અને જમશેદજી નશરવાનજી તાતાની મદદને પરીણામે મારા સામે ઉભેલી પહેલી નાણા સંબંધી મુશકેલી વટાવવાને હું સામર્થવાન થયો અને એલફીનસ્ટન કલબનાં આજ રાતના ખાણાંને મારી આખી જીંદગી દરમ્યાન બજાવેલાં કામની કીરતીભરી ટોંચ તરીકે ગણું છું. (જોસભર તાળીઓ.) એ પછી શેઠ હોરમજી અરદેશર વાડીઆએ પરોણાઓની સલામતી લેવડાવી પ્રસંગને અનુસરતું ભાષણ કરવા બાદ મેળાવડો મોડી રાત્રે વીખેરાયો હતો.

સર તેમુલજી નરીમાનના માનમાં મુંબઇના તબીબો તરફથી ક્રીમેશન હોલમાં થયલો ખાણાનો દબદબાભરયો મેળાવડો.

ડાૅ૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને મુબારકબાદી આપવા માટે ખાણાનો એક દબદબાભરયો મેળાવડો તા૦ ૯મી મારચે ક્રીમેશન હોલમાં રાત્રે મુબઇના સઘળા તબીબ ધંધાદારીઓ તરફથી કરવામાં આવ્યો હતો. આ ખાણામાં જેમ ઇંડીયન મેડીકલ સરવીસના સઘળા આગેવાન સભાસદોએ શામેલગીરી આપી હતી તેમજ સ્વતંત્ર તબીબ ધંધાદારીઓના પણ

પ્રતીનીધીઓએ સારી સંખ્યામાં પોતાની હાજરી આપી હતી, જે મુંબઇના તબીબ મંડળમાં સર તેમુલજી નરીમાનની લોકપ્રીયતાની ગવાહી આપે છે.

ખાણા ઉપર પ્રમુખસ્થાને મુંબઇના સરજ્યન જન લ લાયનસ બીરાજ્યા હતા.

ખાણાની અધવચે રાખેતા મુજબ નામદાર શહેનશાહની સલામતી પ્રમુખે લેવાડી હતી જે સરવેએ ઉભા થઇ લીધી હતી.

પ્રમુખ સરજીયન-જનરલ લાયનસે લેવાડેલી સલામતી.

સરજીયન જનરલ લાયનસે સર તેમુલજીની સલામતી મોટા પોકારો વચ્ચે લેવાડતાં જણાવ્યું કે પ્રમુખસ્થાને ઇનડયન મેડીકલ સરવીસના ડીરેકટર જનરલ સર પારડી લ્યુકીસ બીરાજનાર હતા, પણ તેઓ આવી ન શકવાથી એ ફરજ મારે માથે આવી પડી છે.

સર તેમુલજીને તમો સઘળાઓ સારી રવેસે પીછાનો છો, અને તેઓ મારા પણ એક જુના મીત્ર થાય છે. તેઓએ તબીબી ધંધામાં પોતાની બાહોશીથી, આપબળથી ઘણી નામના મેળવી છે અને તેવા એક લાયકને સરકારે લાયક માન આપેલું જોઇ આપણને ઘણો સંતોષ ઉપજે છે. તેઓની અતયાર સુધીની કારકીરદી ખરેજ નોંધવા જોગ છે એ તેઓની બાહોશી અને આગળ વધવાની તેઓની શકતીનો ઘણો સરસ ખયાલ આપે છે. સને ૧૮૭૩ માં તેઓ ગ્રેડયુએટ થઇ મેડીસીન અને સરજરીમાં ઇનામો મેલવવા સામરથવાન થયા હતા. એમ. ડી. તથા બીજી પરીક્ષાઓ માટે તેવણને પરીક્ષક તરીકે ઉપરાસાપરી ઘણાં વરસો સુધી નેમવામાં આવ્યા કે જેવું માન કવચીતજ બીજાઓને મળે છે. મેડીકલ યુનયનના પ્રમુખ તરીકે પણ તેઓએ માન ભોગવ્યું છે તથા બોંબે મેડીકલ ફીઝીકલ સોસાયટીના ઉપ-પ્રમુખ તરીકેનો ઓધો તેઓએ ઘણી ચાલાકીથી બજાવ્યો હતો. મીડવીફ્રીમાં તેઓ એક એક્ષપરટ છે અને છેલ્લી પા સદી ઉપર થઇ તેઓએ એ શાખામાં પ્રોફેસર તરીકે ઘણી વીખયાતી મેળવી હતી. તેઓ આપણી યુનીવરસીટીમાં પણ એક ફેલો તરીકે ઘણું ઉપયોગી કામકાજ બજાવે છે અને ત્યાં ઉભા થતા જાહેર સવાલોમાં ઘણો ઉલટભરયો ભાગ લે છે. વળી સર તેમુલજીએ મરકીના વખતમાં બજાવેલી સેવા ખરેજ અમુલ્ય વખતની કહી શકાશે. સર તેમુલજી બીનદેહેસ્તે દરેક ઘેરેઘેર ફરી મુલાકાત લેતા હતા તથા દાદર અને મટુંગા ખાતે આવેલી છાવણીમાં વસ્તા લોકોને તેઓએ મફત દવાઓ પુરી પાડી હતી. નામદાર સરકારે તેમની આ સેવાઓ ધયાનમાં લઇ તેઓને પલેગ કમીટીમાં પણ રોકયા હતા. તે કમીટીમાં પણ તેઓનો અનુભવ અને સલાહ ઘણાંજ કીમતી થઈ પડયાં હતાં. કાઉનટેસ ઓફ ડફરીન ફંડની મુંબઇની શાખાના તેઓ ઓનરરી ત્રેઝરરનો ઓધો ભોગવે છે અને પોતાના તે ઓધાની રૂએ તેઓએ આ ઇલાકાની દુઃખી દરદી સ્ત્રીઓની ઘણી કીમતી સેવા બજાવી છે.

સર તેમુલજીએ ખાસ કરી પારસી સુવાવડખાનાની સ્થાપનાના સંબંધમાં જે હીસ્સો આપયો છે તે ઘણો લાંબો વખત સુધી ભુલી જઇ શકાશે નહી. આ ખાતું મુંબઇમાંજ નહી પણ આખા હીંદમાં એક નમુનેદાર ખાતું લેખી શકાશે. તેઓ નામદાર સરકાર તેમજ પ્રજાનો એક સરખો વીશ્વાસ જીતી શકયા છે. મ્યુનીસીપલ કોરપરેશનમાં તેઓ આજ કેટલાક વરસ થયાં બેઠક ધરાવે છે અને તયાં પણ તેઓ જાહેર સવાલોમાં ઘણો ઉલટભર્યો ભાગ લેતા આવયા છે. મુંબઇના માજી ગવરનર લોર્ડ સીડનહેમના વખતમાં તેઓને નામદાર ગવરનરની ધારાસભામાં

બીરાજવાનું માન મળયુ હતું અને તયાં પણ તેઓની સલાહ અને અનુભવ ઘણા કામના થઇ પડયાં હતાં.

મુંબઇની યુનીવરસીટીના ફેકલટી ઓફ મેડીસીનના ડીન તરીકે નો ઓધો તેઓ ઘણા વરસો થયા ધરાવતા આવયા હતા, તેમજ કાલેજ ઓફ ફીઝીશીયન અને સરજયનસ જે થોડુંક ઉપર આપણા શહેરમાં સ્થાપવામાં આવી છે તેના ઉપ-પ્રમુખનો ઓધો ધરાવે છે. નામદાર સરકારે આ સઘળા ઉપરાંત તેઓને હાલમાં સર્વથી ઉંચ પ્રકારનું માન તેઓને નાઇટહુડનો ખેતાબ બક્ષીને આપયું છે કે જે માન મુંબઇનું તબીબી મંડળ ખુદ પોતાને મલેલું ગણે છે. લગભગ અરધી સદી ઉપરની પોતાની કારકીરદી દરમયાન તેઓએ જે અતી થાકવી નાખનારૂં કામ બજાવયું છે તેની આ પ્રમાણે પીછાણ થયલી જોઇ આપણને ઘણો સંતોશ ઉપજે છે. તબીબ તરીકે તેઓએ ઘણું સખત કામ બજાવયું છે અને એક શહેરી તરીકે મુબઇમાં સઘળાઓનું માન મેલવીને તેઓ નસીબવંત નીવડયા છે. તેઓ હમેશાં પોતાને જે કાંઈ દરૂસ્ત લાગે તે મારગ હમેશ સીધી રીતે અખત્યાર કરતા આવ્યા છે. હું આજ રાતના આપણા પરોણા સર તેમુલજીની સલામતી નોશ કરવાને આગ્રહ કરૂં છું તથા તે સલામતીની સાથે લેડી તેમુલજી નરીમાનનું નામ હું જોડું છું.

ઉપલી સલામતી હાજર રહેલા સરવેએ પુર ઉતસાહ અને ઉમંગ સાથે ઉપાડી લીધી હતી. એ પછી સર તેમુલજી નરીમાનને હાર તોરા એનાયત કરવામાં આવયા હતા અને હાજર રહેલા સરવેનો ફલેશ લાઇટથી ફોટો લેવામાં આવયો હતો.

સર તેમુલજી નરીમાનનો જવાબ.

સર તેમુલજી નરીમાને સલામતીનો જવાબ વાલતાં જણાવ્યું કે આ ઇલાકાની તબીબી નોકરીના સરવથી વડા તથા મારા માનવંત મીત્ર સરજીઅન જનરલ લાયનસે પ્રમુખસ્થાને બીરાજી મને જે મોટું માન આપયુ છે તે માટે તેમનો ખરાં અંતઃકરણથી આભાર માનુંછું. વળી તેઓએ મારી સલામતી જે માયાકુળ રીતે તથા ઉચી સ્તુતી કરનારા શબ્દોમાં લેવાડી છે, તથા તમો મારા તબીબી બાઇબંધોએ જે ભારે ઉત્સાહથી આ સલામતી નોશ કરી છે તે માટે પણ હું તમારો મોટો ઉપકાર માનુંછું.

આજનો અવસર હીંદના તબીબી ધંધાની તબીબી તવારીખમાં એક ખરેજ અસાધારણ પ્રકારનો છે તથા સ્વતંત્ર તબીબી ધંધાના એક સભાસદને માન આપવાને થયલાં એક ખાણાંના મેળાવડામાં ઇંડીઅન મેડીકલ સરવીસના એક સરવથી મુખીએ સામેલગીરી આપવાનો તેમજ તેવા મેળાવડામાં પ્રમુખસ્થાને બીરાજવાનો બનાવ આ એક પેહલવહેલોજ લેખી શકાશે. ઈંડીઅન મેડીકલ સરવીસના ડીરેકટર જનરલ સર પારડી લ્યુકીસે આજના મેળાવડાનો દીવસ ફેરવવામાં આવે તો અત્રે હાજરી આપવાનીજ નહી પણ પ્રમુખસ્થાને બીરાજવાની પોતાની ખુશી જાહેર કરી હતી.

મારી આસપાસ મુંબઇમાં વસતા ઈંડીઅન મેડીકલ સરવીસના સઘળા સભાસદો—શું યુરોપીઅન કે હીંદીવાનોને તેમજ દરેક જુદીજુદી કોમો અને વરગના—હીંદુઓ, મહોમેદનો, પારસીઓ, ખ્રીસ્તીઓ તેમજ પારસી આગેવાન તબીબી ધંધાદારીઓની આવી એક અસાધારણ મોટી સંખ્યાને સરજીઅન જનરલ અને તેમના હાથ નીચેના અમલદારો સાથે ભેળાયલા જોતું છું, ત્યારે જે સર્વથી પહેલો ખ્યાલ મને મારાં મગજમાં ઉત્પન્ન થાય છે તે એ કે સ્વતંત્ર હીંદી તબીબ

ધંધાદારીઓ અને ઇંડીઅન મેડીકલ સરવીસના સભાસદો વચ્ચે એખલાસ અને અઇક્યતા નહીં હોવાની જે લાંબી લાંબી વાતો કરવામાં આવે છે તેમાં કેટલું પોકળ સમાયલું છે. ગ્રાંટ મેડીકલ કોલેજના સ્થાપક તથા તેના પહેલવહેલા પ્રીનસીપલ ડા૦ મોરહેડ ઈંડીઅન મેડીકલ સરવીસનાજ એક નામાંકીત સભાસદ હતા અને તે પછીના સઘળા પ્રીનસીપલો જેઓએ આપણા ઇલાકામાં તબીબી ધંધામાં નામના અને આગેવાની મેળવી હતી તેઓ પણ ઈંડીઅન મેડીકલ સરવીસનાજ સભાસદો હતા, અને તેઓની યાદ તેઓના પછી એ ઓહ્ધાઓ ઉપર આવનારા તેઓના જાએનશીનોની પણ આ એકસરખી ફરજ છે કે તેઓએ કોલેજના ઉગતા વીદ્યારથીઓને પોતાનાં બાળકો શરીકે લેખવા તથા તેઓના માબાપ તરીકે સંભાળ લઇ તેઓનાં હીતોની જાળવણી કરવી.

એકતાલીસ વરસની સેવાઓનો બદલો.

જ્યારે હું મારી આસપાસ તબીબી ધધાદારીઓનો આવો એક દબદબાભર્યો મેળાવડો જોવું છું, અને આજના મેળાવડામાં હાજર થવાની ખાહેશ રાખનારાઓ સંખ્યાબંધ જણાઓને જગ્યાની તંગાસને લીધે ના પાડવી પડી છે ત્યારે મને અંદરખાનેથી જે મોટો સંતોષ થાય છે તે એ કે એકતાલીસ વરસની તબીબી ધંધાદારી તરીકેની ભારે રંજ અને થાકવી નાખનારા કામ પછી હું મારા ભાઇબંધ તબીબી ધંધાદારીઓનો વીશવાસ અને ચાહ તેમજ તેઓની મહેરબાની ખેંચવાને પછાત પડયો નથી. હું જ્યારે પણ કોઇ સવાલ વીષે મારા વીચારો દરસાવતો ત્યારે આજ લગણ હુ હંમેશ મારા અંતકરણપુર્વક ચાલી તે વીચારો દરશાવતો આવ્યો હતો અને મને પોતાને તબીબી ધંધાનાં ભલાં માટે જે કાંઇ વાજબી માર્ગ લાગતો તે માર્ગ એખતયાર કરવાને હું અત્યારસુધીમાં કદીપણ પછાત પડયો નથી. તબીબી વીદ્યારથીઓને તેઓનાં ધંધા ઉપરાંત સામાનય કામ લાગે એવી ઉચા પ્રકારની કેળવણી આપવાને હું હંમેશ યુનીવરસીટીમાં તેમજ તેની બહાર મજબુત હીમાયત કરતો આવ્યો છું, અને મારી વધતી જતી વય તથા દુનયાદારીના પાકત અનુભવ સાથે જોઇ લીધું છે કે જો બીજા ધંધામાં પડેલા સભાસદો સાથે આપણા તબીબી ધંધાનો મોભો અને ટેક જાલવી રાખવો હોય તો આપણી શરૂઆતની કેલવણી વધારે ઉદાર પ્રકારની બનાવવી જોઇએ.

ઓમ્બે મેડીકલ રેજીસ્ત્રેશન એકટ, કે જે માટે આપણે મુબઇના માજી ગવરનર લોર્ડ સીડનહેમના આભારી છીએ તથા જે હું ધારૂંચ કે આપણા તબીબી ધંધાની તવારીખમાં એક નવોજ સફો ઉઘાડશે. મુબઇની યુનીવરસીટી સેકડો તબીબી ગ્રેડયુએટોને બહાર પાડે છે પણ તે તેઓના ઉપર કોઈપણ જાતનો કાબુ ધરાવતી નથી. આથી પરીણામ એ આવ્યું છે કે જોકે આપણો ધધો તબીબી બાહોશીમા ઘણો ઝડપથી આગલ વધતો જાય છે, પણ તે સાથે તબીબી ધંધાના નીયમો ઉપર કોઇપણ રીતે ધ્યાન આપવામાં આવતું નથી, અને તેથી તેઓ ઉપર કોઇપણ જાતનો નઇતીક કે કાયદેસરનો આંકોશ રહી શકતો નથી.

આપણે હાલમા કોલેજ ઓફ ફીઝીશીયનઝ એડ સરજીયનઝની સ્થાપના કરી છે અને ભવીષ્યમાં આપણા વીધ્યારથીઓની એક ઘણી મોટી સખ્યા આ મડળમાં શામેલ થશે. આગળ આપણા તરફ, પોસ્ટ ગ્રેડયુએટનાં શીક્ષણ જેવુ કશું હસ્તી ધરાવતું નહીં હતું, પણ હાલમાં તેના અભ્યાસ માટે આપણી પોતાની કોલેજમાં સઘળી સગવડો જોવામાં આવે છે. વળી એ સાથે સ્કુલ ઓફ ટ્રોપીકલ મેડીસીન, કે જેની આપણા શહેરમાં થોડુંકમાંજ સ્થાપના કરવામાં આવનાર છે તેથી એ અભ્યાસ કરવાના વીસ્તારમા ઓર વધારો થશે.

આપણા કેટલાક આગેવાન શહેરીઓ એક નવી મેડીકલ કોલેજ આપણા શહેરમાં ઉભી કરવાની તરફેણમાં છે, પણ તેઓની સાથે મળી આ કામ હાર પાડવાનું તથા તેને દરેક બનતી મદદ આપવાનું તમારા હાથમાં છે. ઇંડીઅન મેડીકલ સરવીસના ડીરેક્ટર જનરલ સર પારડી લ્યુકીસે આસરે પાંચ વરસની વાત ઉપર આજ હોલમાં મારા તબીબી મીત્રોએ આપેલાં ખાણાના મેળાવડા વેળાએ મેં આજ બાબત ઉપર કરેલી સુચનાને મોટો ટેકો આપયો હતો. તેઓએ એ વેળા પોતાની એવી ઉમેદ દરશાવી હતી કે હીંદના દરેક અગતયના મથકમાં પુરતી સામગ્રીઓ સાથની મેડીકલ સ્કુલો હસ્તીમાં લાવવી, કે જેવી સ્કુલો સરકારી મેડીકલ સ્કુલોની સાથે મળી કામ કરે તથા એવું દરેક ખાતું યુનીવરસીટી પરીક્ષામાં સર્વથી સરસ પરીણામ બહાર પાડવા કોશેષ કરે.

પારસી સુવાવડખાનું.

પારસી સુવાવડખાનાના સંબંધમાં આજથી પાંચ વરસ અગાઉ મને નામદાર શેહેનશાહ તરફથી કેસરે હીંદનો સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો–તેની ખુશાલીમાં તબીબોના મળેલા આવાજ એક મેળાવડા સનમુખ મેં જે વિચારો દરશાવયા હતા તે હું અત્રે ફરી ફરીને દરશાવીશ નહી. હું એટલુંજ જણાવીશ કે આ ખાતાએ એકલી મારી કોમનીજ નહી પણ સઘળી કોમોની આડકતરી રીતે કીમતી સેવા બજાવી છે. મેં તે વેળા વળી ફરીયાદ કરી હતી કે સરકાર તબીબી સેવાઓ બજાવનારની જેવી જોઇએ તેવી પીછાણ કરતી નથી અને ઉમેદ દરશાવી હતી કે તમો મારા જવાન મીત્રોમાંના કેટલાકો માનપાનને લાયક નીવડો. નામદાર સરકારે આ માન માટે મને પોતાને પસંદ કર્યો છે અને તે માટે આપણે સઘળા લોર્ડ વીલીંગડનની સરકારનો મોટો આભાર માનીશું. આગલી રાત્રે હું એલ્ફીનસ્ટન સોસાયટીના ખાણાંમા ગયો હતો જે વેળા મેં પુરાણાં એલફીનસ્ટોનીઅનોને પોતાના ભાષણમાં પોતાના આગલા પ્રોફેસરોને ઘણા માન અને ચાહથી યાદ કરતા સાંભળયા હતા. હું ઇચ્છુંચ કે આપણે પણ દર સાલ આવાજ પ્રકારનો મેળાવડો કરયે કે જ્યા આપણે આપણાં પ્રોફેસરોએ આપણા માટે શુ કરયું હતું તેની યાદ કરી શકયે. ડા૦ ગ્રે દબલીનથી મારા ઉપરના પોતાના છેલ્લા પત્રમાં જણાવે છે કે "જોકે આપણાં વચ્ચે પત્ર વયવહાર ચલાવાને વરસો થઇ ગયા છે છતાં તમારી યાદ મારા મગજમાં તાજી છે. નામદાર સરકારે તમોને માન આપી લાયકને લાયક માન આપયું છે. જો કે આ માન ઘણા વરસ અગાઉ મળવું જોઇતું હતું. તમો મારા એક બહુજ પુરાણા વીદયારથી હોવાથી તમોને માન મળેલું જોઇ મને સંતોષ ઉપજે છે." તેમજ ગ્રાંટ મેડીકલ કોલેજના એક રીટાયર્ડ પ્રીનસીપલે પણ મારા ઉપર ઘણો માયાકુળ પત્ર લખયો છે. આ પત્ર ડો૦ હેનરી કુક તરફનો છે કે જેઓના માટે મુંબઇના સઘળા તબીબો માન ધરાવે છે. તે ઉપરાંત યુરોપથી સંખ્યાબંદ કાગલો મને મળ્યાં છે જેમાં ઇનદીયન મેદીકલ સરવીસમાંથી રીતાયર થયલા દાકતરો હજુર કહેવા વાહલથી આપણને યાદ કરે છે તે બતાવી આપે છે.

તબીબોનો આવો એક દબદબાભરયો મેળાવડો ફરીને કદાચ નહી થાય તેથી અત્રે વીસ્તારીને બોલવાની મેં તક લીધી છે. હું સેવટમાં તમો સઘળાઓએ આજે મને જે મોટી જીયાફત આપી છે તે માટે તમારો ફરી આભાર માની મારી બેઠક લઇશ.

એ પછી ડૉ૦ સોરાબ નરીમાને પ્રમુખની સલામતી લેવાડીયા પછી પરોણાઓ રાત્રે મોડેથી વીખેરાયાં હતાં.

યઝદેજરદી સને ૧૨૮૩ નાં ઝોરાસ્ત્રીયન કેલેનડર ઉપર અપાયલાં વરતમાન પતરોનાં મત.

THE ZOROASTRIAN CALENDAR—We have the pleasure to acknowledge with thanks the receipt of a copy of this Calendar from the proprietors Messrs. Sorabji and Hormusji Jagosh sons of the late Mr. Muncherji Hoshanji Jagosh the originator of this Calendar We regret to record here the death of Mr Muncherji, the father of this Calender, who nourished it with a parental care since the last 43 years and brought it up to its present stage of perfection in its treatment of all the important matters relating to the Parsee community. We hope this most useful and important book of reference not only for the present but also for the future generations, will be continued in future every year. The book contains all the important informations and incidents of the past year relating to the Parsee community and gives in full details, an account of the magnificent donations made towards charity by the Parsees which amounts nearly to Rs. 13,00,000, a fact which shows that this community has upheld its prestige of proverbial munificence. The Calendar of the current year contains, in addition, the life of the late author with his portrait. Informations regarding the members of the community honored with titles, Postal and Telegraphic informations and many other general topics are treated as usual. The chief attractive feature in this year's Calendar is its treatment of the census of the Parsees of Bombay and of the Presidency in detail The price of this Calendar is very moderate viz Rupee one and a quarter, which is thus kept within reach of even middle class people and it is worth having one copy of the same for every day reference.

The Daily Telegraph & Deccan Herald,—20th October 1913.

ઝોરાસ્ત્રીયન કેલેડર —યઝદેજરદી ૧૨૮૩ ના સાલના ઝોરાસ્ત્રીયન કેલેંડરની એક નકલ અમને પુગાડવામા આવી છે લગભગ અરધી સદી થઇ આ કેલેડરને દર વરસ ટકોરાબધ બાહેર પાડનાર તેના કરતા મી૦ મનચેરજી હોશંગજી જાગોશ છેલા ત્રણ માસ થયા બેહેસતનશીન થયા છે, પણ તેમના બેટાઓએ આ કેલેડરનું તેમજ પોતાના પીતાને હસતકના વરતમાન પરેસનું કામ ચાલુ રાખયુ છે તે જોઈ સંતોશ ઉપજે છે બાહેર પડેલા નવા કેલેડરનો મોટો ભાગ મરહુમ મી૦ મનચેરજી જાગોશના હાથથીજ લખાયલો છે. પુરા થયલા યઝદેજરદી ૧૨૮૨ ના સાલમા થયલી પારસી સખાવતનો જુમલે આકડો એ કેલેડરમા રૂ ૧૩ લાખનો જણાવયો છે, જે દર વરસના રાબેતા મુજબ ઉદાર પારસી દીલગુરડાનો અચછો પુરાવો રજુ કરે છે પરચુટણ પારસી સખાવત, જુદા જુદા પારસી બાનુઓ અને ગ્રહસથોએ કરેલી સખાવત, ઉઠમણાઓમા થયલી સખાવત વગેરેનો તુલોતવીલ હેવાલ આપવા ઉપરાત ગયે વરસ બધાયલા ધરમના નવા મકાનો, જરથોસતીઓને મળેલા ખેતાબ તથા ઓધા, પારસી જવાનોએ પસાર કરેલી પરીક્ષા અને મેળવેલી સકોલરશીપ, ગયા વરસમા બનેલા જાણવાજોગ પારસી બનાવો વગેરેની સંપુરણ વીગતો કેલેડરમા આપી છે જરથોસતી ઓધેદારોની તેમજ જરથોસતીઓએ બંધાવેલા દોખમા, ધરમશાળા, દરેમેહેરો વગેરેની ટીપ દર વરસના રાબેતા મુજબ આપવા ઉપરાત નવી બાબદો તરીકે ખગોળ વીદયાની જાણવાજોગ વીગતો, પારસી વસતીને લગતા અગતયના આકડા અને બીજી ઘણીક બાબદો આ નવાં કેલેંડરમા સમાવી છે આ ઝોરાસ્ત્રીયન કેલેડરની એક નકલ દરેક પારસી કુટુંબમા રહેવી જોઈયે.

જામે જમશેદ—તા૦ ૨૭ મી સપટેમબર ૧૯૧૩

ઝોરાસ્ત્રીયન કેલેંડર —આ પુરાણા અને અતી ઉપયોગી કેલેડરના યઝદેજરદી ૧૨૮૩ ના સાલના અંકની એક નકલ અમને પુગાડવામા આવી છે. આ કેલેંડરના માલેક મી૦ મનચેરજી હોશંગજી જાગોશના બેહેસતનશીન થવાથી જો કે કેલેડરને ઘણું ખમવું પડશે છતા બાહોશ પીતાના હાથ હેઠળ કેળવાયલા સપુતોએ પેતાના પોતાનુ કામ ચાલુ રાખી મરહુમના રૂહને ખુશનુદ કરયું છે, અને આપણે આશા રાખીશું કે કેલેનડરના બાબમા જે નામના મરહુમે મેળવી છે તે લાયક બેટાઓ હમેશ સુધી જાળવી રાખવાની કોશેશ કરશે. બાહેર પડેલા નવા કેલેંડરનો મોટો ભાગ મરહુમ મી૦ મનચેરજી જાગોશના હાથથીજ લખાયલો છે, એટલે આ સાલનું કામ તો કદાચ નવા માલેકોને સેહલુ લાગું હોય પણ

આવતે સાલ તેઓને સ્વતંત્ર હાથે લખાયલો અંક મેળવવાની આપણે ખચીતજ રાહ જોઈશું. પુરાં થયલા ૧૨૮૨ ના સાલમા થયલી પારસી સખાવતનો જુમલે આકડો રૂ ૧૩ લાખનો નોધાયો છે, જે ઉદાર અને સખી પારસીઓની બોલબાલા રજુ કરે છે. . . . રાબેતાની બાબદો ઉપરાત નવી બાબદો તરીકે ખગોળ વીદ્યાની જાણવાજોગ વીગતો, પારસી વસતીને લગતા અગતયના આકડા અને બીજી ઘણીક ઉપયોગી બાબદો સમાવવામા આવી છે, અને કેલેંડરના ઉપયોગી-પણામા વધારો કરવાની માલેકોની કોશેશ ખચીત વખાણને પાત્ર છે. આ કેલેનડરની આપણા પછીનો જમાનો ખચીતજ ખરી કદર પીછાનશે એમા શક નથી આ કેલેડરની એક નકલ દરેક પારસી કુટુંબમા ભવીષયની ઓલાદના ઉપયોગ માટે જળવાઈ રહેવી જોઈએ એવું અમારૂં મત છે

અખબારે સોદાગર—તા૦ ૧૮ મી અકટોબર ૧૯૧૩

પહોચ—"પારસી પંચાગના બનાવનાર મી૦ શોરાબજી તથા હોરમજી જાગોશ તરફથી એ પંચાગની એક નકલ મલી છે તની પહોચ ઉપકાર સાથે કબુલ કરીએ છીયે પંચાગની સાથે તેમના મરહુમ પીતાની સબી તથા વૃતાત આપયા છે તે ઘટતુંજ છે મરહુમે કોમની અછી સેવા બજાવી હતી આખું પુસ્તક મુંબઈના લગનની ટીપ સીવાય, તેમના પીતાના વખતના જેવુ જ છે, તેમાં ગયા વરશના બનાવોનો ઉમેરો છે એમાથી જણાય છે કે, ગયા વરશમા એ કોમમા ૭૪ દખમા, ૮ આતસબેરામ, ૧૪૯ અગીયારીઓ, ૮૧ ધરમશાળા, ૨૯ લાઇબરેરી, ૧૦૧ ઇસ્પીટાલ તથા ડીસપેનસરીઓ, ૩ બારોનેટ, ૭ નાઈટ, ૧ નવાબ, ૭ સોનાના ચાદવાળા, ૧૧ રૂપાના ચાદવાળા, ૬૧ ખા૦ બા૦, ૧૫૭ બેરીસ્ટર છે. તેમા આખા વરસનુ પચાગ પણ આપ્યુ છે. એની કીમત રૂ૦ ૧ રાખી છે

સુરત અખબાર—તા૦ ૩ જી નવેમબર સને ૧૯૧૩.

ઝોરાસ્ત્રીયન કેલેડર યાને યઝદેજરદી ૧૨૮૩ના વરષનુ પારસી પંચાગ તેના પ્રવરતાવનારાઓ તરફથી મલયુ છે. એ પંચાગ દર વરષે મી૦ મંચેરજી હોશંગજી જાગોશ તરફથી બહાર પડતુ હતુ પણ તેમના ગત થવા પછી તેમના બેટા ઓએ બહાર પાડયું છે, કે જેનો મોટો ભાગ મરહુમ મી૦ મંચેરજીના હાથેજ લખાયલો છે પચાગમા ગયા વરષનો તેખાબ, મરહુમ શેઠ મંચેરજી હોશંગજી જાગોશનુ તેમની છબી સાથ જન્મ ચરીત્ર, ઝોરાસ્ત્રીયન કેલેડર, દેશાવરની દરેમહેરની વીગત, જરથોસ્તીઓએ બધાવેલી ધરમશાળાઓની ટીપ, જરથોસ્તીએ સ્થાપેલા પુસ્તકખાના, ધરમના દવાખાના અને ધરમના કેળવણી ખાતા, ખેતાબ અને ઓધા મેળવનારા જરથોસ્તીઓ, પારસી જુવાનોએ પસાર કરેલી પરીક્ષા અને મેળવેલી સ્કાલરશીપો, જરથોસ્તી બારીસ્ટરો, સોલીસીટરો અને વકીલોની ટીપ ઉપરાત ટપાલ ખાતાને લગતો જાણવાજોગ વીગતો, પંચાયતના ધરમ ખાતાની વીગતો, મુબઈ શહેરમાં થયલા મરણો અને જનમોના અને ૧૯૧૧ થી ૧૯૫૦ સુધીમા થનારા ચંદ તથા સુરય ગ્રહણોના દીવસોના ટોપા, મી૦ પાલણજી બેજનજી કોટવાલને હાથે લખાયલી ખગોળ વિદયાને લગતી જાણવાજોગ બાબતો, પારસી વસતી, પારસીઓએ લીધેલા કેળવણી તથા કયા કયા ધધા અને નોકરીમા જોડાયલા છે વીગેરે બાબતોનો સમાશ કરી એ કેલેંડરને રાબેતા મુજબ ઉપયાગી બનાવ્યુ છે અને હવે પછી પણ તે નવા પ્રવરતાવનારાઓ તરફથી ચાલુ રાખવામા આવનાર છે તેથી એ કેલેંડરનુ ઉપયોગીપણુ જોતા તેને દરેક ઉતેજન મળશે એમ ઇચ્છીશુ

ગુજરાત મિત્ર તથા ગુજરાત દરપણ—તા૦ ૯ મી નવેમબર સને ૧૯૧૩

ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પચાગ—યઝદેજરદી ૧૨૮૩ ના સાલનુ ઝોરાસ્ત્રીયન કેલેડર તેના પ્રગટ કરતા મેસરસ જાગોસ બ્રધરસ તરફથી અમોને તેના અતરેના એજન્ટ મી૦ એમ૦ જે૦ પારેખવાળા મારફત મળ્યુ છે, જેની પહોચ અમો માન ઉપકાર સહીત સ્વીકારીએ છીએ અને જરા જરા એ પચાગને લગતા અમારા અદના વીચારો જણાવીએ છીએ આ કેલેડર આશરે ૧૭૫ થી ૨૦૦ પાનાનુ છે અને તેમા ૧૮૮૨ના ગુજરતે સાલમા બનેલા છોટા બડા બનાવોની તવારીખ, દેશ દેશાવરો અને આખા હીંદના થયલી પારસી ફીરકા તરફની પરમારથીક સખાવતો, ઉઠમણાના ધરમખાતાઓમા ભરાયલી રકમો, પરમારથીક મકાનોની સખ્યા અને તેમા થયલો વધારો, સ્કુલો, ઓરફ્નેજો, ધરમના દવાખાનાઓ અને મેમની (માહીમની) નવી દરેહમેહેર અને લગન માટે ખાસ બધાવેલા હોલનો જાણવાજોગ એહવાલ આપવામા આવ્યા છે આખા હિંદુસ્થાનમા વસ્તા પારસી ભાઇઓ કે જેઓમા સર બેરોનેટથી ખા૦ સા૦ ના ખેતાબ કયા કયા ચાંદ લટકાવે છે તેઓના નામનુ લીસ્ટ, સરકારી અમલદારોના નામનુ લીસ્ટ, કેળવણી પાછળ થતા ખરચનો એકદર જુમલો, નવા જુના તબીબો, વેપારીઓ, તેઓના ચોકસ ઠેહેકાણો, વકીલો, સોલીસીટરો, બેરીસ્ટરો, જાણીતા આસામીઓના મરણની ટીપ અને મરહુમ શેઠ મંચેરજી હોસંગજી જાગોશ કે જેઓ આ ઝોરાસ્ત્રીયન કેલેડરના પિતા હતા તેઓનો ફોટો જાણવાજોગ જીવનચરિત્ર સાથ આપવામા આવ્યો છે આ વિષયો ઉપરાત આતશબેહેરામના પાક મકાનોની એકંદર સંખ્યા, તેને લગતી તવારીખ, દખમાઓની, ધરમશાળાઓની, જરથોસ્તી પુસ્તકાલયોની, જન્મ મરણની, પરણેલા, કુવારા, રંડાયલા, અશક્ત સ્ત્રી પુરૂષો અને બચ્ચાઓની પણ ગામવાર ટીપ આપવામા આવી છે મરહુમ શેઠ મંચેરજી હોસંગજી જાગોશનુ નામ પારસી ફીરકામાજ નહી પણ વરતમાન પત્રકારોના વરગમા દેશ અને કોમી સેવા બજાવવા માટે યાદગાર ઉભું રહ્યું છે તેમા તેઓના બેટા મેસરસ જાગોશ બ્રધરસોએ એ પચાગને ફીરકા અને જાહેરતા ઉપયોગ માટે ચાલુ રાખી પારસી ફીરકાની સેવામા ઉભા રેહેવાનું માન જીત્યું છે આ કેલેંડરમા ઘણી ઉપયોગી બાબતોનો સમાવેશ કરવામા આવ્યો છે તે જોતા આખા દેશના જરથોસ્તી ફીરકાને લગતી ચોકસ બાબતો મેળવવી એ કામ ઘણુ કઠણ છે આ બાબતો ઉપરાત જરથોસ્તી માહા, રોજ અને વારનુ ૧૨ માસનુ પચાગ છે ટુકમા તેના આશરે ૨૦૦ જેટલા પાનામા જે જે બાબતોનો સગ્રહ કરવામા આવ્યો છે તે તે બાબતો આખી જરથોસ્તી કોમની જાણ માટે બહુજ લાભની છે અને તેથી અમારી ખાસ ભલામણ છે કે દરેક શ્રીમત પારસી ગ્રહસ્થોએ પોતાના ઘરની ખાનગી

લાઈબરેરીઓ માટે તેને ખરીદી તેના માલેક મેસરસ જાગોશ બ્રધરસોને ઉતેજન આપવું જોઈએ. કેટલીક બાબતો એમાં એવી દાખલ કરવામા આવી છે કે જે જરથોસ્તી ભાઈબંધોને ઉન્નતીનો મારગ દેખાડવામા પણ ઉપયોગી થઇ પડે તેવી છે. આટલું બોલી અમો આ ઝોરાસ્ત્રીયન કાલેનડરના પ્રગટ કરનારાઓની ભવિષ્યની દરેક ફતેહ ઈચ્છીએ છીએ

સુરય પ્રકાશ—તારીખ ૧૫ મી નવેમબર સને ૧૯૧૩.

શેઠ જાગોશાનુ ઝોરાસ્ત્રીયન કેલેંડર ૧૨૮૩ નુ—પારસીઓની મહિતી માટેના કીમતી ખજાનાનું આ વારશીક પુસ્તક અમને વેળાસર મલેલું છતા, અનિવારય કારણોને લીધે તેની નોધ લેવાની ઢીલ થઇ, તે માટે અમો દીલગીર છીએ. એ કેલેંડરના પીતા મરહુમ શેઠ મનચેરજી હોરાંગજી જાગોસ ગુજર પામ્યા છતા, તેમનું આ બાળક જે હવે તો લગભગ અરધી સદીની વયનુ થવાને ભાગ્યશાળી બન્યુ છે, તેને જીવતું જાગતુ રહેલું જોઈ અમે હરખના પામીએ છીએ, અને તેના નવા માલેકો, જેઓ અલબતે એ મરહુમના પુતરોજ છે, તેમને તેમના આ પહેલા સાહસ માટે મુબારકબાદી આપીએ છીએ. એ કેલેંડર માટે શુ કહેવુ ? એજ કે તે દર સાલની પેઠે ગુજસ્તે સાલના તમામ પારસી બનાવો તથા પારસી કોમને "રેફરસ" માટે જોઈતી સઘળી ખબરોથી ચીકાર છે, અને તેના મરહુમ માલેકની ગેરહાજરીની કાંઈ પણ અપુરણતા અમને માલમ પડતી નથી એ તેના લાબી તથા સુખી જીંદગીની એક ધરખમ સાબેતી છે. આ નવા કેલેંડરમાં જે એક ચીજ આપણું લક્ષ પહેલુ ખેચે છે તે, મરહુમ જાગોશાનુ જન્મ ચરિત્ર તથા છબી છે, જે બંને ઉમદા છે. છબી મરહુમની જવાન વયની અને ખુશનુમા છે, અને જન્મ ચરિત્ર મરહુમની જહેલકતા કારકીરદી પ્રત્યે આપનું બહુ માન ખેંચ છે. જે નામીચો નર સંખ્યાબંધ પારસી નર રત્નોના ચરિતરો આ કેલેંડરની હારમાળાઓમા આપી ગયો, તેનું પોતાનું જન્મ ચરિત્ર તેમા નહિ છપાય, તેમ તો બનેજ નહિ આ કેલેંડર "પારસીઓની આરસી" છે તે પારસીઓની મોટી સેવા ચાલુ બજાવતુ રહે છે, તો તવા એક સાહસના પુરતી કદરશનાસી કરી તેના કરતાને ઉતેજન તથા આશરો આપવાની પારસી કોમની પણ એક અનિવાય ફરજ છે.

સ્વતંત્ર—તા૦ ૩૦ મી નવેંમબર સને ૧૯૧૩.

ઝોરાસ્ત્રીયન કેલેન્ડર—મરહુમ શેઠ મનચેરજી હોરાંગજી જાગોશાના આ વારષીક પોથાનો ચાલુ સાલ ૧૨૮૩ યઝદેજરદીનો અંક તે મરહુમના પુતરો તરફથી સીરેસ્તા મુજબ અમને ભેટ મળ્યો છે. અનિવારય કારણે તેની પહોચ અત્યાર સુધી અમે લઈ શકયા નહિ, તે માટે દલગીર છીએ શેઠ મનચેરજીના મરણ જોડે રખે આ તેમની કીરતિવંત યાદગારીનો સ્થંભ પણ બંધ પડે, એવી જે ચીંતા હતી તે આથી ખોટી પડી છે વધુ ખુશીની વાત આ છે કે, એ કેલેન્ડરમા કીમ્મતમાં ન્યુનતા જણાતી નથી, જે માટે તેના નવા પ્રવરતકોને અમે ધન્યવાદ દઈએ છીએ અને તેમની ફતેહ ઇચ્છીએ છીએ. આ કેલેંડરનુ ખાસ ખેચાણ એ છે કે, તેમા ખુદ મરહુમ શેઠ મનચેરજી જાગોશાનુ જન્મ-ચરિત્ર, તેમના સુંદર ફોટોગ્રાફ સાથે છાપેલુ છે, જે એ સાહસિક છાપખાનાવાળાની ઝલકતી કારકીરદીપર ઘણુ નવુ અજવાળું પાડે છે તારીખવાર ઇ૦ ના કોઠા, તથા ગુજસ્તે સાલનો તુલેતવીલ ઈન્તખાબ ઉપરાત પારસીઓને લગતી તેમજ સામાન્ય વહેવાર સંબંધી તમામ જાણવા જોગ ખબરો ખીચોખીચ રીતે આ કેલેંડરમા સમાવવામા આવી છે, અને તેના એક દર બસોથી વધુ સફા થયા છે. પારસીઓની ચાલુ સ્થિતિ જાણવા માટે, રેફરન્સો જોવા માટે, તેમજ ભવિષ્યમા પારસી તવારીખ લખાય તે માટે જોઈતા સમાચાર ખોરાક તરીકે, આ કેલેંડર બહુ કીમતી છે, અને એવા એક ઉપયોગી પુસ્તકને ઉત્તેજન આપવાની સરવ પારસી જરથોસ્તીઓની ખાસ ફરજ છે

નવસારી પત્રીકા—તા૦ ૧ લી ફેબરવારી ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાગ—યજદેજરદી ૧૨૮૩ ના સાલનું—દર સાલના રાબેતા મુજબ તેના કરતા તરફથી આ કીમતી પુસ્તક અમને ભેટ મોકલવામા આવ્યુ છે જે માટ તેમનો ઉપકાર માન્યે છીએ. આપણી દલગીરી એટલીજ છે કે "પારસી પંચાગ"ના પીતા અને સ્થાપક, જેવણ હાલની પારસી તવારીખ જળવાયલી રાખવાને આજ કેટલું યથું ભારે શ્રમ લઈ રહયા હતા તેવણની જાતી દેખરેખ હેઠલ નીકળવા પામયુ નથી, સબબ કે બેહેસ્ત—બેહેરેહ મનચેરજી હોરાંગજી જાગોશા તા૦ ૨૮ મી જુન ૧૯૧૩ ને દીને આ ફાની જહાનમાથી રહેલત પામ્યા છે. ખરો પારસી સ્પીરીટ, જરથોશતી ધરમ તરફની સાચ્ચી ફીદાગીરી, સાદી જીંદગી, પારસી કોમ માટે પોતાના બચ્ચાં મુઆફીક ચાહ અને મગરૂરી—એ સદગુણો મરહુમ ભાઈ જાગોશામા સ્પષ્ટ દીસ્તા હતા આ વખતના પંચાગમા મરહુમ મી૦ જાગોશાનું ટુંક પણ અસર કારક જન્મ ચરીત્ર આપણું ખાસ ધ્યાન ખેંચે છે, આખા સાલની પારસી સખાવતની નોંધ લેવા ઉપરાત કોમને લગતા બનાવોની નોંધનો સમાવેશ એક કીમતી ભેટ્યા તરીકે થઇ પડશે એમાં તો કશો શક નથી. પારસી સ્પીરીટને ટેકાવી રાખવા આવી તવારીખી કેતાબોની આપણને ઘણી જરૂર છે. આપણે સેવટે એટલુંજ ઇચ્છીશું કે મરહુમ મી૦ જાગોશાનો આ વારસો—"પારસી પંચાગ"—તેવણના બેટાઓ જાળવી તેને વધુ અને વધુ સંગીન અને દીપાવનારો બનાવે.

કેશો-ગરદ, અકટોબર, નવેમબર, ડીસેમબર ૧૯૧૩.

"ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાગ." ય. જ. ૧૨૮૩ ના વરશનું.—મુંબઈ વરતમાન પરેસ ૧૯૧૩. મરહુમ મી૦ મનચેરજી હોરાંગજી જાગોસને હાથ રચાયલું આ છેલ્લું પંચાગ છે, જે રાબેતા મુજબ પારસી કોમને અગત્યની ખબરોનો ભંડાર પુરો પાડે છે. તેમા શી શી બાબતો હોય છે તે દર વરસે તેની તપાસ લેતી વખતે જણાવવામા આવલુ હોવાથી વારેવાર તેને વીસ્તારવાની જરૂર નથી. આ અંકમા "ખગોળ વિદ્યાને લગતી જાણવાજોગ બાબદો" આપવાના

આવી છે; પણ વસ્તીની ગણત્રી બહુ અગત્યની છે, શું ગરીબ કે તાલેવંત, દરેક પારસી ઘરમાં આ ભોમીઓ અવશ્યનો હોવાથી તે નજર આગળ રહેવો જોઇયે આપણ આશા રાખીશું કે ભાઈઓ સોરાબજી અને હોરમસજી પોતાના પિતાએ જે શ્રમ લઈ આ પંચાગને ખીલવ્યુ છે તેને કાયમ રાખી ભવિષયમા તેનો ઉપયોગ વધારે બોહોળો થાય એવી રીતે આ અગત્યના કેલેંડરને ખીલવે. તેમના આ કામને આપણ સરવે ફતેહ ઇચ્છીશું !

ચેરાગ—નવેમ્બર ૧૯૧૩

મરહુમ મી० જાગોશ અને તેમનું કલેન્ડર.—સપ્ટેમબર માસ જરથોશ્તી કોમનો ધારમિક માસ છે. વરતમાનપતરો અને માસિકોના ખાસ ડબલ અંકો નિકળવાનો એ વળી રંગીલો મહીમા ગણાય છે ઝોરાસ્ત્રીયન કેલેન્ડર યાને પારસી પંચાગ અને સપ્ટેમબર માસ એ બન્ને એકેકથી જુદા નહી પાડી શકાય એવા તત્વો છે, કારણકે આજ આશરે ૪૨ વરષ થયાં તે જરથોશ્તી નવા સાલના ટાકણા ઉપર નિયમિત પ્રગટ થતું આવ્યુ છે એટલે તે આ અદના માસિક "જ્ઞાન વરધક" જેટલુ જુનું અને પુરાણુ છે શરેસ્તા મુજબ, ૧૨૮૩ ના સાલનુ પણ પંચાગ અમોને અભિપ્રાય અરથે મલ્યુંછે, પણ આ લોકપ્રિય કેલનડરની યાદ તેના કરતાના મૃત્યુ ઉપર અમને વીલાપ કરતા મેલછે શેઠ મનચેરજી હોશગજી જાગોશનું મરણ એક સાધારણ ગ્રહસ્થનું મરણ નથી એવણમા પારસી કોમે એક દીલસોઝ ખયરખ્વાહ તથા પારસી તવારીખે એક મેહેનતુ ચેલો અને શોધક ગુમાવ્યોછે મરહુમ મી० જાગોશના મનની મોહટાઇ વીષે અમને જે અનુભવ થયોછે તે એક હાથ ઉપર જેમ અમારા માસિકની ફાઈલોમા તેમ બીજા હાથ ઉપર એવણના પંચાગના વારષીક પોથાઓમા જળવાઇ રહેલોછે એવણના પંચાગનો રીવ્યુ લેતા જ્યારે પણ અમોએ અમારી નજરે વાજબી દીસતી સુચનાઓ એવણને કરી હતી તે દરેક એ ભલા ગ્રહસ્થે ઉપાડી લીધેલી જણાઈછ. એક 'ડીસન્ટ' જાડા કવરમા આ ઉપયોગી પંચાગ કાઢવાની અમારી આગળી ભલામણ અમોએ જયાર એકવાર ફરીથી નવમબર ૧૯૧૧ ના અમારા અંકમાં કાઈક જોશ સાથ રજુ કરી હતી ત્યારે અમને વળતા ઉત્તર આપતા તેવણે પોતાના છેલા પંચાગમા નોધ લીધીછે કે "આ માનવંત ભાઈબંધની સુચના ઉપર બનતો તકે ધ્યાન આપીશુ" એક ભલા વડીલના લાયક વારેસાની પોતાના વડીલ તરફની સહુથી પહેલી પવિત્ર ફરજ, તે વડીલે હાથ ધરેલા એક ભલા કારયનો રોહ વેહતા રાખવાની લેખાવી જોઇએ, અને અમો જોઈ નેહાયત ખુશી થયા છોએ કે મરહુમ મી० મનચેરજી જાગોશના અકાળ મરણથી ૪૨ વરસ થયા પ્રગટ થતા આવેલા તેમના માનિતા પુરાણા પંચાગને પ્રગટ થતુ બંધ થવા દેવામા આવ્યું નથી. મરણ તો સહુ કોઈ માટે નિરમાણ થયલુછે અને તે નિયમાનુસાર ભલા જાગોશ આપણને છોડી ગયાછે, પણ તેમના ભલા કામને મરવા દેવું જોઈતું નથી આ સાલનુ પંચાગ, આગળના સાલો મુજબ, પોતાનુ ઉપયોગીપણુ પુરવાર કરેછ આ વારશીક પુસ્તક એક luxury નહી પણ એક necessity of literary life જેવું થઈ પડયુ છે એવા થોડાજ પુસ્તકો હશે કે જેને આ પંચાગ જેવા ઉંચા અભિપ્રાયો મલતા હશે, અને આ પંચાગના વધતા જતા ઉપયોગીપણા તરફ જોતા તેમા તાજ્જુબી જેવુ નથી ભલા મી० જાગોશના મરણથી અમને આ પોથો પ્રગટ થતો બંધ પડે એવી અમને ફેહરત હતી.. ....પણ અમો ખુશી છીએ કે તેમ કરવાનો અમને જરૂર પડી નથી, અને મી० જાગોશના ભલા બેટાઓએ એ કામ ચાલુ રાખેલું જણાય છે પોતાના મુરબીનુ ભલુ કામ ચાલુ રાખવાનુ પુન્ય બેશક તેઓએ હાસલ કરયુ છ, અને તે માટે તેમને મુબારકબાદી ઘટેછ

જ્ઞાન વધક—નવેમબર ૧૯૧૩

